લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧૫મી ઑગસ્ટ, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

ભલાઈ અને બૂરાઈની આવરદા

મારો તો વિશ્વાસ છે કે સત્પુરુષોનાં કામની સાચી શરૂઆત તેમના મૃત્યુ પછી જ થાય છે. શેક્સપિયરનું કહેવું કે "મનુષ્યનાં સારાં કામ ઘણુંખરું તેની સાથે બળી જાય છે, અને ખોટાં કામ પાછળ રહી જાય છે," તે ઠીક નથી. બૂરાઈનું આયુષ્ય કોઈ દિવસ એટલું નથી હોતું. રામ જીવતા છે અને તેમના નામથી આપણે પવિત્ર થઈએ છીએ. રાવણ ચાલ્યો ગયો અને પોતાની બૂરાઈઓ પણ સાથે લેતો ગયો. કોઈ દુષ્ટ મનુષ્ય પણ રાવણનું નામસ્મરણ નથી કરતો. રામના સમયમાં કોણ જાણે રામ કેવા હતા. કવિએ એટલું તો બતાવી દીધું છે કે તેના યુગમાં રામ પર પણ આક્ષેપો થયા કરતા હતા. પણ આજે તો રામની બધી અપૂર્ણતા રામના શરીર સાથે જ ભસ્મ થઈ ગઈ, અને તેમને અવતારી ગણી આપણે બધા પૂજા કરીએ છીએ, અને રામનું રાજ્ય આજે જેટલું

વ્યાપક છે. તેટલું જ્યારે રામ શરીરધારી હતા ત્યારે કદાપિ ન હતું. આ વાત હું કોઈ ખાસ તત્ત્વજ્ઞાનની નથી લખતો કે ન આપણે શાંતિ રાખવા માટે. પણ હું એ દઢતા સાથે કહેવા ઇચ્છું છું કે જેને આપણે સંતપુરુષ માનતા હોઈએ તેમના મૃત્યુથી જરા પણ દુઃખ ન માનવું જોઈએ. અને એટલો દઢ વિશ્વાસ રાખવો જોઈએ કે સંતપુરુષના કામનો સાચો આરંભ અથવા કહો કે સાચું પરિણામ તેમના મૃત્યુ પછી જ આવે છે. આપણા યુગમાં તેમનાં જે મોટાં મોટાં કામ મનાય છે તે ભવિષ્યમાં આવનાર પરિણામ સાથે સરખાવતાં યત્કિંચિત જ છે. હા, આપણી એટલી ફરજ છે ખરી કે આપણે આપણા જ યુગમાં જેને સત્પુરુષ માનતા હોઈએ તેમની બધી સાધુતાનું આપણે યથાશક્તિ અનુકરણ કરીએ.

('હરિજનબંધુ'માંથી) ગાંધીજી

આચરણની અસર

આ દુનિયાની જંજાળથી આપણે ઘણી વાર કંટાળી જઈએ છીએ, ત્યારે કોઈ સાધુસંતના ચરણ પાસે બેસવાનું આપણને મન થાય છે. આપણામાં અને આવા સાચા સાધુસંતોમાં એક મોટો ફરક એ હોય છે કે આપણે આપણી જાતને તપાસતા નથી, જોતા નથી, જ્યારે બીજાના દોષને, બીજાની ભૂલને તરત જ જોઈએ છીએ. સાધુસંતો પોતાની જાતને બરાબર તપાસે છે, પોતાની રજ જેટલી ભૂલને કે ખામીને પહાડ જેટલી મોટી ગણે છે અને દિનરાત પોતાને સુધારવા મથે છે. તેથી જ આવા સાધુસંતોનાં વચનમાં આપણને તેજ દેખાય છે અને એમનામાં વિશ્વાસ પણ પેદા થાય છે.

આપણે પોતે ઘેર ચા પીતા હોઈએ અને નાનો બાળક જો ચા માગે તો આપણે એને ના પાડીએ છીએ. પણ બાળક તો હઠ લઈને બેસે એટલે આપણને થાય કે થોડી ચા આપીએ તો શો વાંધો? એ તો એવો જક્કી છે કે આપણું માનતો જ નથી! પણ ક્યાંથી માને? આપણે જ ચા પીતા હોઈએ તો પછી એ શા માટે ન પીએ?

આવું જ ઘણી બાબતમાં થાય છે. આવે વખતે આપણે આપણી જાતને જ ભૂલી જઈએ છીએ; બીજાનો જ વિચાર કરીએ છીએ. જો આપણે આપણી જાતને જોતાં શીખીએ તો બીજાને કંઈ કહેતાં પહેલાં ખૂબ વિચાર કરીને જ આપણે બોલી શકીએ. અને એ રીતે જ આપણું કામ સરળતાથી થઈ શકે અને આપણા કહેવાની બીજા પર અસર પણ પડે.

એક વાર જ્ઞાનેશ્વર મહારાજ પાસે એક માતા પોતાના આઠનવ વરસના છોકરાને લઈને આવી. માતા કહે, 'મહારાજ, મારો છોકરો ગોળ બહુ ખાય છે, એને હું કેટલુંયે કહું છું પણ મારું જરાયે માનતો નથી. હું તો કહી કહીને થાકી. તમે એને ગોળ ન ખાવાનું કહો તો એ જરૂર છોડી દેશે.'

જ્ઞાનેશ્વર મહારાજ ધીમેથી બોલ્યા, 'બાઈ, તું એક અઠવાડિયા પછી એને લઈને આવજે. પછી એને મારે જે કંઈ કહેવાનું હશે તે હું કહીશ.'

સાત દિવસ પછી તે બાઈ છોકરાને લઈને જ્ઞાનેશ્વર મહારાજ પાસે આવી.

જ્ઞાનેશ્વરે બહુ જ મધુર અવાજે પેલા છોકરાને પાસે બોલાવી કહ્યું, 'બાળ, હવેથી

ગોળ ન ખાતો. બા કહે એમ કરજે.'

છોકરાએ તો હકારમાં માથું હલાવ્યું.

પણ એની બાને વિચાર આવ્યો કે જ્ઞાનેશ્વર મહારાજને જો આટલું જ કહેવાનું હતું, તો પછી મને એક અઠવાડિયા પછી શા માટે બોલાવી? તે જ વખતે છોકરાને આટલું કહી દીધું હોત તો શું થાત? તે તો મૂંઝાઈ ગઈ. તેણે પોતાની શંકાનું નિવારણ કરવા જ્ઞાનેશ્વર મહારાજને એનું કારણ પૂછ્યું.

જ્ઞાનેશ્વર બોલ્યા: 'બાઈ, જ્યારે તું પહેલી વાર મારી પાસે આવી, ત્યારે હું પોતે જ રોજ ગોળ ખાતો હતો. હું પોતે જ ગોળ ખાતો હોઉં એ સ્થિતિમાં આ નાના બાળકને જો હું ગોળ ન ખા એમ કહું તો જરૂર મારા વચનની અસર એના પર ન જ પડે. માટે મારે પહેલાં ગોળ છોડી દેવો જોઈએ. તો જ હું એને પણ ગોળ ન ખાવાનું કહી શકું. તેથી મને થયું કે લાવને હું જ પહેલાં ગોળ છોડી દઉં અને જોઉં તો ખરો મારાથી ગોળ વિના રહેવાય છે કે નહીં? એક અઠવાડિયાથી મેં ગોળ ખાધો નથી અને હવે ખાઈશ પણ નહીં. એના વિના મને ચાલશે એટલી ખાતરી મને થઈ છે. તેથી હવે બીજાને પણ ગોળ ન ખાવાની શિખામણ હું આપી શકું ખરો.'

આ સાંભળીને માતાની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. જ્ઞાનેશ્વર મહારાજને ભાવથી પગે પડી, પાલવ વડે આંસુ લૂછતી લૂછતી, છોકરાને તેડીને તે ઘેર ગઈ.

મુકુલભાઈ

ખલાસી અને તેનો મિત્ર

મરણથી કોણ નથી બીતું? પણ મરણ કોને છોડવાનું છે? છતાં આપણે તેનાથી બીએં છીએ, એ જાણીતી વાત છે. અને મરવાને માટે કશું જોઈતું નથી. રોગ વગેરેથી અનેક લોક મરે છે. હીંડતાં ચાલતાં માણસ ગબડી જાય છે. અકસ્માત તો છે જ. પણ મરણની બીક એવી વસ્તુ છે કે, તે હસવા જેવા ખ્યાલો મનમાં ઊભા કરે છે.

એક ખલાસી હતો. તેનો બાપ એક દહાડો દરિયામાં તોફાન થયું ને તેમાં સપડાઈ પડ્યો ને ડૂબી ગયો.

તેનો એક ગૃહસ્થ મિત્ર એને મળવા ગયો. તેણે કહ્યું, તારા પિતા દરિયામાં ડૂબી ગયા એ બહુ ખોટું થયું. તારા દાદા કેવી રીતે મરી ગયેલા?

ખલાસી — તે પણ દરિયામાં જ મરી ગયેલા.

મિત્ર — અને તેમના બાપ?

ખલાસી — એ પણ એમ જ.

મિત્ર — અરે! છતાં હજી તું દરિયામાં જ ગયા કરે છે? તારે દરિયામાં ન જવું જોઈએ.

ખલાસીને આ સાંભળી નવાઈ લાગી. ખલાસીનો ધંધો કરવો ને દરિયામાં ન જવું એ કેમ બને? કદાચ હસવું ને લોટ ફાકવો બને, પણ આ તો કોઈ રીતે બને નહીં. પણ મિત્ર તો એની સલાહ આપ્યે જ રહ્યો.

ખલાસીએ હવે નવી વાત શરૂ કરી. તે કહે — તારી વાત ઠીક છે. પણ હું, તારા પિતા ગુજરી ગયા તે ક્યાં આગળ?

મિત્ર — મારે ઘેર જ; પથારીમાં સૂતા સૂતા.

ખલાસી — એમ! અને તેમના પિતા — તારા દાદા?

મિત્ર—એ પણ અમારા ઘરમાં જ, પોતાની પથારીમાં.

ખલાસી—અને એમના પિતા?

મિત્ર—વાહ, એમાં તું શું પૂછે છે? એ પણ એમ જ.

ખલાસી—અરરર! આ તો ભયંકર કહેવાય. તું હવે પથારી પર સૂતો નહીં!

'એમ તો કેવી રીતે બને!'—એમ કહેવાની પણ મિત્રને જરૂર ન રહી; તેણે સમજી જઈને વાત બદલી લીધી.

૨૪–૭–'૫૦ મગનભાઈ દેસાઈ

બેકારીનો કોયડો

ભારત સરકારે થોડા વખત પર દેશના ઉદ્યોગો અને આયાત-નિકાસની નીતિ અંગે વિચાર કરવા એક સમિતિ નીમી હતી. તે સમિતિનો અહેવાલ ગયા માસમાં બહાર પડયો છે. તેના પ્રમુખે તે વિષે વિવેચન કરતાં જણાવ્યું છે કે:

'હિંદની વસ્તીમાંથી ૭૦ ટકા લોકોનો ખેતી ઉપર આધાર છે અને ખેતીના ધંધામાં વર્ષમાં ફક્ત ત્રણથી ચાર માસ કામ મળે છે. જ્યાં કૂવા, નહેર કે તળાવમાંથી પાણી પાવાની સગવડ હોય ત્યાં કદાચ છથી આઠ માસ સુધી કામ મળે. પણ આવી પાણીની સગવડ દેશની ખેડાણ જમીન-માંથી માંડ પાંચમા ભાગની (૧૮ ટકા) જમીનમાં છે.

'આપણે એ સમજવું જોઈએ કે, દેશમાં જે મોટા ઉદ્યોગો સ્થપાયા છે તેમાં ફક્ત આશરે ત્રીસ લાખ મજૂરો રોકાયેલા છે.

'આપણી બેકારીનો આ મહાન પ્રશ્ન છે. લોકોને કામ કેવી રીતે આપવું અને અર્ધ–બેકારી જેવી સ્થિતિ કેવી રીતે ટાળવી?'

આ રીતે બધાય સમજે છે કે હિંદના ખેડૂતોને નવરાશના વખતમાં ઘેરબેઠાં કરી શકે તેવું કામ આપવું જોઈએ. પણ આજના યંત્રના જમાનામાં ઘણાની નજર યંત્રોથી ચાલતા ઉદ્યોગો તરફ દોડે છે. પણ તેથી બેકારી ઘટવાને બદલે વધે છે અને ખેડૂતોની નવરાશનો પ્રશ્ન ઊકલતો નથી. માટે યંત્રોની પાછળ દોડયા વગર ખેતી અને ઢોરનું ઉત્પન્ન વધારવું તથા ઘેર બેઠાં નવરાશના વખતમાં થઈ શકે તેવા અને ગામડાંના લોકો કરી શકે તેવા ઉદ્યોગો ચલાવવા વધારવા એ જ આપણે માટે ઉત્તમ ઉપાય છે. એ ગાંધીજીએ બતાવેલો માર્ગ સરકારની સમિતિઓ અને પ્રજા હાથમાં લે તો આપણી બેકારીનો કે અર્ધ–બેકારીનો ઇલાજ થઈ શકે. બાકી મોટાં કારખાનાં ઊભાં કરવાથી સંપત્તિમાં કદાચ થોડો વધારો થાય પણ લાખો ગામડાં અને કરોડો ખેડૂતોની અર્ધ–બેકારીનો નિકાલ શી રીતે આવે?

ગાંધીજીની આ વસ્તુ આપણા કરતાં કેટલાક પશ્ચિમના અર્થશાસ્ત્રીઓ વધારે સારી રીતે સમજે છે. થોડા વખત પર ઇંગ્લન્ડના સુવિખ્યાત લેખકે (કોલ) જણાવ્યું હતું કે,

‘ગાંધીજીની અસર સંપૂર્ણ-પણે લાભકારી હતી એવું મને ચોક્કસ લાગે છે. એમની પદ્ધતિ આર્થિક દૃષ્ટિએ પણ સંગીન હતી અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ પણ સંગીન હતી. એમાં લોકોની ગરીબાઈનો સફળ સામનો કરવાનો તેમ જ હિંદની રહેણી-નું મૂળભૂત કાઠું જાળવવાનો બન્નેનો ઉપાય રહેલો હતો.’

આ રીતે આપણે ગાંધીજીએ બતાવેલા માર્ગોનું રહસ્ય સમજતા ક્યારે થઈશું?

વિઠ્ઠલદાસ કોઠારી

પંદરમી ઑગસ્ટ

પંદરમી ઑગસ્ટનો દિન સુખદ અને દુઃખદ સ્મૃતિઓનો દિવસ છે. એ દિવસે સ્વરાજની લાંબા કાળથી સેવેલી અભિલાષાની સિદ્ધિના સંતોષનો આનંદ હતો. એ દિવસે દેશના અને બે પ્રાંતના ભાગલા પડયા એનું દુઃખ હતું. દેશના મોટા ભાગમાં જ્યારે એક બાજુ આનંદ અને ઉત્સવ હતા; ત્યારે બીજી બાજુ દેશના બીજા અમુક ભાગમાં આનંદ-ઉત્સવ ઊજવનારાને ખ્યાલ નહોતો એવી ભયંકર કતલનું મંડાણ થયું હતું. આમ ઉત્સવ અને શોકના વાતાવરણમાં અખિલ હિંદમાં સ્વતંત્રતાનો જન્મ થયો હતો. અણુજંતુના જીવતા દેહના ભાગલાની પેઠે હિંદની પ્રજાના બે અલગ સ્વતંત્ર ભાગલા પાડવામાં આવ્યા. પરંતુ એ રાજનીતિ અશુદ્ધ સાધનોથી મેલી થયેલી હતી, તેનાં પરિણામો બંને ભાગલાના લોકો છેલ્લાં ત્રણ વરસથી વેઠી રહ્યા છે. અને હજુ આવતાં વરસોમાં એમના ભાવિમાં શી શી આફત પડી છે એની કોઈને ખબર નથી. પરંતુ અંધારી ઘોર રાતે હજુ દસ જ વાગ્યા હોય અને ખરી રાત તો હજુ વધતી હોય તોયે આપણને ખાતરી છે કે પરોઢ ફાટશે અને આહ્લાદક પ્રભાત ઊગશે. એ કેટલું વહેલું ઊગશે એનો આધાર આપણામાં જેટલી વહેલી આત્મશુદ્ધિ થાય તેના પર છે.

મહાદેવ દેસાઈ

પંદરમી ઑગસ્ટ બાપુના ભક્ત અને પ્યારા મહાદેવ દેસાઈની સ્મૃતિ પણ તાજી કરે છે. હિંદની સ્વતંત્રતાની છેલ્લી લડતમાં તેમનો પહેલો બલિ અપાયો. તેમનો જન્મ ૧૮૯૨ના જાનેવારીની ૧લી તારીખે થયો હતો; પચીસ વરસની ઉંમરે ૩૧મી ઑગસ્ટ, ૧૯૧૭ના રોજ બાપુએ પોતે તેમને "પ્રેમ, આશ્ચર્ય અને આનંદમાં ગરક" કરનારાં વચનો વડે પોતાની પાસે રહેવા આમંત્રણ આપ્યું.

મહાદેવભાઈએ એટલા જ ઊંચા ભક્તિભાવથી આમંત્રણ સ્વીકાર્યું અને ગુરુની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું. તેમના ટૂંકા જીવનનાં

બાકીનાં પચીસ વરસો તેમણે બાપુની સેવા કીધી અને જેની કોઈ બરાબરી ન કરી શકે એવી રીતે બાપુની તેમના વિષેની અપેક્ષા પૂરી કરી. પોતાના ગુરુની સેવા કરતાં-કરતાં એવા સંજોગોમાં તેમનું અવસાન થયું કે તેમના અગ્નિસંસ્કાર પણ બાપુને પોતાને જ કરવા પડયા. એમનું જીવન અને મરણ બન્ને ધન્ય હતાં.

કિશોરલાલ મશરૂવાળા

('હરિજનબંધુ'માંથી)

ત્યાગનો મહિમા

દેશબંધુ ચિત્તરંજન દાસ એ આપણી આઝાદીની લડતના એક મહાન લડવૈયા હતા. ગાંધીજીના પરિચયમાં આવ્યા તે પહેલાં તે કલકત્તામાં વકીલાત કરતા અને હજારો રૂપિયા કમાતા હતા. પણ દેશની સેવા કરવા માટે એ બધી કમાણી જતી કરી. અને ગરીબોની સેવામાં લાગી ગયા. તેમનો ઘરનો ખરચ બહુ મોટો હતો એટલે વકીલાત બંધ કર્યા પછી તેમને કેટલુંક દેવું કરવું પડયું હતું. એ દેવું ઉઘરાવવાને માટે શાહુકાર એક દિવસ તેમને ત્યાં આવ્યો અને પૈસાની માગણી કરી. દેશબંધુ પાસે તો કંઈ હતું નહીં એટલે તરત કયાંથી આપે? કોઈ મિત્ર પાસેથી લઈને પૈસા ભરપાઈ કરી દેવાની આશાએ તેમણે એક દિવસનો વાયદો કર્યો. પેલા શાહુકારે તો મોં ચઢાવ્યું અને ઓરડામાં બેસી રહ્યો.

તે જ સમયે એક તાલુકદારે ઓરડામાં પ્રવેશ કર્યો. એ તાલુકદારનો એક મોટો કેસ ચાલતો હતો. આગળ અનેક વાર મોટા ગંભીર કેસોમાં એ દેશબંધુને જ વકીલ તરીકે રોકતા. તેથી આ વખતે પણ તેમને જ રોકવા માટે એ આવ્યા હતા. તેમણે પોતાના કેસની વિગતો દેશબંધુને કહી અને એક લાખ રૂપિયા લઈને એ કેસ હાથ પર લેવાની વિનંતિ કરી. પણ હવે તો દેશસેવા માટે તેમણે વકીલાત છોડી દીધી હતી. એટલે કેસ લેવાની ના પાડી. તાલુકદારે વિચાર્યું કે એક લાખ રૂપિયા ઓછા પડયા હશે તેથી વકીલસાહેબે કેસ લેવાની ના પાડી હશે. થોડી વાર શાંત રહ્યા પછી ફરીથી તેમણે કહ્યું 'બે લાખ રૂપિયા લો પણ મારો કેસ તમે જ લડો

એવું હું ઇચ્છું છું.' દેશબંધુએ હસીને ના પાડી. 'બે લાખને પણ હું શું કરું? મારા દેશબાંધવોના સેવાકાર્યમાંથી હવે મને ક્યાં વખત મળે છે!' તાલુકદારને દેશબંધુની વકીલ તરીકેની શક્તિનો એટલો ઊંચો ખ્યાલ હતો કે જો તેઓ એક વાર કેસ હાથ પર લે તો વિજયી નીવડે જ. છેવટે તેમણે આગ્રહભરી વિનંતી કરી કે 'વકીલ સાહેબ, બે લાખ ઓછા પડયા તો તમને કેટલા જોઈએ છે? બોલો, તમે માંગો એટલા રૂપિયા હું આપવા તૈયાર છું. પણ મારો કેસ તમે જ લડો.' દેશબંધુએ માથું હલાવી ના પાડી. આખરે નિરાશ થઈ તાલુકદાર રજા લઈને બહાર જવા ઊભા થયા. તેમની પાછળ પાછળ દેશબંધુ દરવાજા સુધી તેમને વિદાય આપવા માટે ગયા.

પેલો શાહુકાર આ બધી વાતો બેઠો બેઠો સાંભળતો હતો. દેશબંધુના ત્યાગથી તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતે કેવા મહાપુરુષના ઘરે ઉઘરાણી કરવા આવ્યો છે તેનો તેને ખ્યાલ આવ્યો. જેણે વાત વાતમાં બે લાખ રૂપિયાને ઠોકરે માર્યા તેને ત્યાં હું પાંચ હજારની ઉઘરાણી કરવા આવ્યો! પોતાની જાતને તેણે પ્રશ્ન કર્યો. પોતાની આ અધીરાઈ, લોભ અને લઘુતા માટે તેને ભારે દુઃખ થયું. દેશબંધુ તાલુકદારને વળાવી ઓરડામાં આવ્યા કે તરત જ તે ઊભો થઈ ગયો અને રડી પડયો. દેશબંધુને હાથ જોડી તે બોલ્યો, 'દેવતા! રહેવા દો મારા રૂપિયા. તમારી મહત્તાને મેં પિછાની ન હતી. મારા અવિનય માટે મને ક્ષમા કરો.'

એટલું બોલી પેલો શાહુકાર આંસુ લૂછીને ચાલતો થયો.

ખરે, આથી જ પ્રજા દાસબાબુને દેશબંધુને નામે ઓળખે છે.

લલ્લુભાઈ મકનજી

બદલો લેવામાં સારો બદલો નથી!

બુદ્ધ ભગવાનના કેટલાક મુખ્ય શિષ્યોમાં સારિપુત્ત પણ એક હતા.

એક વખત નગરમાં કેટલાક લોકો ભેગા થઈ સારિપુત્તનાં ગુણગાન કરતા હતા. 'આર્ય સારિપુત્ત એવા ક્ષમાશીલ છે કે, તેમને કોઈ ગાળ ભાંડે કે માર મારે, તોપણ તેમને ગુસ્સો ચડે નહીં!'

આ વાત એક બ્રાહ્મણે સાંભળી. તેણે પૂછ્યું : 'કોની વાત કરો છો!'

'અમારા આર્ય સારિપુત્તની.' તેઓએ જવાબ આપ્યો.

બ્રાહ્મણે કહ્યું : 'એ તે વાત છે?'

કોઈ ચીડવનાર ન મળે ત્યાં સુધી બધા શાંત રહે છે! બધા હાથ જોડીને પ્રશંસા કર્યા કરે, તો સારિપુત્ત શું, કોઈને પણ ગુસ્સો ન ચડે! પણ હું તમને બતાવીશ કે તમારા આર્ય સારિપુત્ત ગુસ્સે થાય છે કે નહીં!

એટલામાં આર્ય સારિપુત્ત નગરમાં ભિક્ષા માટે આવ્યા. પેલા બ્રાહ્મણે તેમને જોયા કે તરત તેણે તેમની પાછળ જઈ, તેમના બરડામાં જોરથી ધબ્બો માર્યો.

સારિપુત્ત માત્ર એટલું જ બોલ્યા, 'એ શું!' પછી, પાછા વળીને જોયા વિના જ તે શાંતિથી આગળ ચાલ્યા.

પરંતુ એમની એ શાંતિના દર્શનથી પેલા બ્રાહ્મણને આખે શરીરે પસ્તાવો ઘેરાઈ વળ્યો.

'ઓહો! આર્ય કેવા ગુણના ભંડાર છે!' એવું બોલી, તે તરત તેમને પગે પડ્યો, અને ક્ષમા માગવા લાગ્યો.

સારિપુત્તે પૂછ્યું: 'આ શું, ભાઈ?'

બ્રાહ્મણે કહ્યું: ભગવન્! મેં પરીક્ષા કરવા ખાતર આપને ભારે પ્રહાર કર્યો. મારી એ મોટી ભૂલ થઈ.'

સારિપુત્તે કહ્યું: 'કંઈ નહીં, ભાઈ.'

બ્રાહ્મણે કહ્યું: 'આપ ભિક્ષા માટે નીકળ્યા છો; તો મારે ત્યાં જ પધારો.'

એમ કહી બ્રાહ્મણ સારિપુત્તના હાથમાંથી ભિક્ષાપાત્ર લઈ આગળ ચાલવા લાગ્યો. સારિપુત્ત પણ તેને ત્યાં ગયા.

બ્રાહ્મણે તેમને પ્રેમથી અને ભક્તિથી જમાડ્યા.

પરંતુ આ બધું જોનારા ગામલોકો ખૂબ ચિડાઈ ગયા હતા. 'એ બ્રાહ્મણે વિના કારણે અમારા સાધુમહારાજને ધબ્બો માર્યો; અમે એ બ્રાહ્મણની માઠી

વલે કરીશું,' એમ બોલતા બોલતા તેઓ લાકડીઓ, પથરા વગેરે હાથમાં લઈ ત્યાં આવી પહોંચ્યા.

સારિપુત્ત જમીને બહાર નીકળ્યા ત્યારે પેલો બ્રાહ્મણ તેમની સાથે જ તેમનું પાત્ર ઊંચકી આગળ ચાલ્યો. પેલાઓએ તરત તેને ઘેરી લીધો અને તેને મારવાની તૈયારી કરવા લાગ્યા.

સારિપુત્તે તેમને પૂછ્યું: 'ઉપાસકો! આ શું?'

પેલાઓએ જવાબ આપ્યો: 'ભગવન્! એ બ્રાહ્મણે આપને પ્રહાર કર્યો, હવે અમે તેનું ફળ તેને ચખાડીશું!'

સારિપુત્તે તેમને પૂછ્યું: 'એણે ધપ્પો કોને માર્યો હતો? તમને કે મને?'

પેલાઓએ કહ્યું: 'આપને, ભગવન્!'

સારિપુત્તે કહ્યું: 'તો પછી એણે તો તે બદલે મારી માફી માગી લીધી છે. હવે તમારે શું છે? માટે ચાલ્યા જાઓ!'

સારિપુત્ત ત્યાર પછી પેલા બ્રાહ્મણને પાછો વાળી, બુદ્ધ ભગવાનને ઉતારે પાછા ગયા.

બુદ્ધ ભગવાનના બીજા ભિક્ષુઓએ આ વાત જાણી. તેઓ આ સાંભળી ખૂબ અકળાયા. તેઓ કહેવા લાગ્યા: 'આ સારિપુત્તને એક બ્રાહ્મણે વિનાકારણ પ્રહાર કર્યો; છતાં સારિપુત્ત તેને ઘરે જઈ જમી આવ્યા! સારિપુત્ત જેવાને મારનારો એ બ્રાહ્મણ હવે બીજા સામાન્ય ભિક્ષુને શાનો છોડશે? એ તો હવે આપણા બધાનાં ઠાડાં ભાંગી નાખશે. વળી સારિપુત્તે તેને ઉપાસકોને હાથે શિક્ષા પણ થવા દીધી નહીં.'

બુદ્ધ ભગવાને ભિક્ષુઓની આ ચર્ચા જાણી. તેમણે તેમને બોલાવીને કહ્યું:

'સંતપુરુષને કોઈએ પ્રહાર ન કરવો જોઈએ; પરંતુ કોઈ પ્રહાર કરે, તોપણ સંતપુરુષે તેના ઉપર કોપ ન કરવો જોઈએ. સંતપુરુષને મારનારને તો ધિક્કાર છે જ; પરંતુ પોતાને મારનાર ઉપર ગુસ્સે થનાર સંતને તો વિશેષ ધિક્કાર છે!'

'પોતાના મનમાં ગુસ્સો આવે, ત્યારે તેને દબાવનાર સંતને તેથી ઓછો લાભ થતો નથી. જેમ જેમ સામાના ઉપર બદલો લેવાની વેરબુદ્ધિ દૂર થતી જાય છે, તેમ તેમ તેનું દુઃખ દૂર થતું જાય છે.''

ગોપાળદાસ પટેલ

સકરૂખાંનો કૂવો

(ગયા અંકથી ચાલુ)

મેં સકરૂખાંને પૂછ્યું કે, "આ કૂવો બાંધવાની તમારા મનમાં કલ્પના કેવી રીતે આવી?" જવાબમાં કહ્યું, "જ્યારે હું નાનો હતો ત્યારે બકરી ચરાવવા જતો હતો. ત્યાં તાપમાં તરસ બહુ લાગતી ત્યારે પાણી માટે તડપતો. જ્યારે પાણી પીતો ત્યારે એટલું પીતો કે પેટ ફાટું ફાટું થઈ જતું. તે વખતે મને લાગ્યું કે કૂવો બનાવવો એ સહુથી મોટામાં મોટું પુણ્યકામ છે. હું જો પૈસા કમાઈ શકીશ તો જરૂર કૂવો બનાવીશ. પણ તે વખતે તો તે એક કલ્પના જ હતી, કારણ કે હું બાળક હતો. ત્યાર પછી હું બહાર ગયો, ઘણી દુનિયા જોઈ. જોયું કે હિંદુઓ તરફથી પરબો બંધાય છે, ધર્મશાળાઓ બંધાય છે. શું મુસલમાનોનું પણ એ કર્તવ્ય નથી? શું અમે પણ આવી ધાર્મિક અને સાર્વજનિક લાભની વસ્તુ ન બનાવી શકીએ? વિચારોમાં હું સીકર આવ્યો. એ જ વખતમાં એક ઘટના બની. મારી પાડોશમાં કુંભાર, ચારણ, દારોગા, સ્વામી વગેરે ગરીબ અને અછૂત જેવા મનાતા લોકો રહેતા હતા. તેમને પાણીનું ઘણું દુઃખ હતું. એક વખત કૂવામાંથી પાણી ભરતાં ઉચ્ચ ગણાતી હિંદુ જાતિએ તેમનું સારી રીતે અપમાન કર્યું. મને દુઃખ થયું. મેં કહ્યું, 'આ લોકોને પણ ભરી લેવા દો તો.' તે લોકો મારી પર ગરમ થઈ ગયા અને એક કહ્યું કે, 'મોટો શેઠ થઈ ગયો હોય તો એમને માટે એક કૂવો કેમ નથી બંધાવી આપતો?' મને આઘાત લાગ્યો અને ખુદાની બંદગી કરી કે, 'હે ખુદા! મને એટલું બળ આપ જેથી હું એક કૂવો બંધાવી શકું!' સંવત ૧૯૬૨માં હું મુંબઈ માટે નીકળી પડયો. રોજના સાડાત્રણ આનાને હિસાબે કડિયાના હાથ નીચે મેં મજૂરી કરવી શરૂ કરી. થોડા વખતમાં હું કડિયાનું કામ શીખી ગયો. દિવસે કડિયાનું કામ કરતો, ને રાત્રે પહેરો ભરતો. દિવસે મળતું તે ભેગું કરતો ને રાતની મજૂરીથી ગુજરાન ચલાવતો. આ બધી રકમ હું એક વિશ્વાસપાત્ર શેઠને ત્યાં જમા કરાવતો.

ગયો. કેટલીક ખટપટ ને મુશ્કેલીઓ પછી મને સીકર દરબારે કૂવા માટે ૩૬×૩૬નો ચોરસ જમીનનો ટુકડો આપ્યો. સંવત ૧૯૯૫માં હું સીકર આવી કૂવો ખોદવાના કામમાં લાગી ગયો. લોકોએ મારી ઠેકડી કરવા માંડી કે આવી જમીનમાં કૂવો ખોદવો આકાશમાંથી તારા પૃથ્વી પર લાવવા જેવું કામ છે, હું તેને પૂરો નહીં કરી શકું. પણ ખુદાએ મને મદદ કરી અને મારો સત્ય સંકલ્પ પૂરો કર્યો. જ્યારે કૂવો બંનીને તૈયાર થયો ત્યારે મારા જાતભાઈ કેટલાક મુસલમાનોએ હલકી ગણાતી હિંદુ કોમના ભાઈઓને પાણી ભરવા દેવા માટે વિરોધ કર્યો, અને એ દાવો રજૂ કર્યો કે મુસલમાન સંપત્તિ પર મુસલમાનનો જ અધિકાર હોઈ શકે. મેં તેનો વિરોધ કર્યો અને કહ્યું, 'મારો કૂવો ખુદાની દુનિયામાં બધાંને માટે સરખી રીતે ખુલ્લો રહેશે. અને આ જ ઉદ્દેશથી મેં તે બનાવ્યો છે. જેમને બીજાઓ સાથે પાણી ભરવાનું પસંદ હોય તે જ પાણી ભરે, જેમનો વિરોધ હોય તે અહીંથી પાણી ભરવાનું છોડી દઈ શકે છે.' જ્યારે આ મુસલમાનો વધારે ઝઘડા માટે તૈયાર થઈ ગયા ત્યારે મેં સીકર દરબાર પાસે ફરિયાદ કરી. દરબારે વચમાં પડી ફેંસલો આપ્યો કે ત્રણ તરફ હિંદુ લોકો પાણી ભરે અને એક તરફ મુસલમાન, કારણ કે વસ્તીના પ્રમાણમાં મુસલમાનોનાં ત્રણ જ ઘર હતાં, જ્યારે હિંદુઓનાં ૫૦-૬૦ લગભગ. હવે તો બધાય ત્યાં પ્રેમથી પાણી ભરે છે.'

તે કૂવા પર ન તો કોઈ સ્નાન કરી શકે છે, ન કપડાં ધોઈ શકે છે, કે ન તો ટાંકામાંથી પાણી લઈ શકે છે. કારણ કે તે પશુઓ માટે સુરક્ષિત છે. નીચેની ઓરડીઓમાં સ્નાન વગેરેની વ્યવસ્થા છે. સકરૂખાંએ બતાવ્યું કે એક વખત બીજા મુસલમાનોએ એમને એટલા સતાવ્યા કે તેથી દુઃખી થઈને પોતે પાણી ભરાવવાનું બંધ કરી દીધું. એક દિવસ એક તરસી ગાય આવી અને હવાડામાં પાણી ન મળવાથી પાસે પડેલા સકરૂખાંના ખાટલાને પોતાનાં શીંગડાંથી ઉલટાવી નાખ્યો. સકરૂખાં ચેત્યા અને ગાયની ભાષા સમજ્યા કે તે તરસી છે તેથી પોતાની સાથે તકરાર કરવા આવી છે. તે દિવસથી ફરી પાણી ભરાવવાનું કામ શરૂ કરી દીધું જેમાં

પછી કોઈ દિવસ ફરી ભૂલ નથી થવા દીધી.

તેમની એક અભિલાષા એ રહી છે કે તેમના મૃત્યુ બાદ આ હવાડો ભરાવવાનું કામ ચાલુ જ રહે. તે કહે છે કે જો રાજ્ય તરફથી થોડી જમીન વેચાતી પણ મળી જાય તો તે કોઈ માળીને આપી દે જે જમીનને સીંચે અને પોતાના મર્યા પછી હવાડો પણ ભરતો રહે. પોતાના છોકરા પર તેમને પૂરો વિશ્વાસ નથી કે તે આ કામ કરશે તેથી દુઃખ કરતા હતા. આંગળીથી ઇશારો કરી મને બતાવ્યું કે અમારું કબ્રસ્તાન તો પાસે જ છે ત્યાં એક દિવસ તો મારે જવું જ પડવાનું છે. ત્યાં સુધી આ શરીરથી મૂક પશુઓ અને ગરીબોની જેટલી સેવા બની શકે તેટલી કરતો રહીશ.

તેમનું આ સુંદર કામ જોઈ દરબાર અને બીજા પણ કેટલાક સારા લોકો ઘણા ખુશ થયા અને આ પુણ્યકાર્ય માટે કંઈ પૈસાની મદદ કરવા પ્રયત્ન કર્યો, પણ સકરૂખાં કંઈ પણ લેવા તૈયાર ન થયા. મેં સાંભળ્યું છે તે પ્રમાણે આ નમૂનાનો કૂવો આખા સીકરમાં તો શું પણ આગળ પાછળ મોટા મોટા જિલ્લાઓમાં પણ નથી. આવા રણપ્રદેશમાં આવો કૂવો બનાવવો એ કેટલું મોટું પરોપકારનું કામ છે તેની બીજા લોકોને કલ્પના આવવી પણ મુશ્કેલ છે.

આ બધું જોઈ, સાંભળી મારું હૃદય તેમના પ્રતિ શ્રદ્ધા અને આનંદથી ભરાઈ આવ્યું. જોકે હું આ શરીરથી તેમનો ચરણસ્પર્શ કરત તો તે ગભરાઈ જાત, પણ મનમાં જ તેમના ચરણોમાં મારું મસ્તક નમી પડયું. ઘણા લોકો માને છે કે ધર્મકાર્ય કરવાનું ગૌરવ તો હિંદુ જાતિને જ છે. મુસલમાનો માટે લોકોના દિલમાં ઘણી ઊલટી ભાવના બની ગઈ છે. આ પ્રમાણે પોતાના પરસેવાની કમાણી સાર્વજનિક હિત માટે વાપરનાર ને ત્યાર પછી પણ તેમાં જ તલ્લીન રહેનાર આજ સુધી કોઈ હિંદુ યા તો કોઈ અન્ય ધર્મીને મેં જોયા નથી. લેકો લાખો કમાય છે, કાળાં બજાર કરે છે, સટ્ટો ખેલે છે, તેમાંથી કંઈક દાન પુણ્ય પણ કરે છે, પણ સકરૂખાંની સાથે ઊભો રહી શકે એવો એક પણ માણસ મારી જાણમાં

નથી. માનવતા કોઈ જાતિ કે ધર્મનો ઇજારો નથી. ખુદાની બનાવેલી દુનિયામાં બધાંની સાથે એકસરખો પ્રેમ કરનાર મુસલમાનોમાં પણ કોણ જાણે કેટલાય સપૂતો હશે. આવા પરોપકારી, પુણ્યશાળી જીવોથી જ ધર્મની રક્ષા થાય છે. સકરૂખાંનું દિલ, શ્રમનિષ્ઠા, શુભસંકલ્પ માટે લગન, અને સર્વધર્મસમભાવની ભાવના બધા હિંદુ, મુસલમાનોને આપે એવી ઈશ્વર પ્રત્યે મારી પ્રાર્થના છે. અમારું ધનભાગ્ય છે કે ગોસેવાશ્રમનો પાયો તેમના હાથથી નંખાયો છે.

સીકર, ૨૭-૬-'૫૦ બળવંતસિંહ
('હરિજનબંધુ'માંથી) ગોસેવાશ્રમ, સીકર
(રાજસ્થાન)

પૂરું થતું પખવાડિયું

હિંદ અને નેપાળ વચ્ચે મિત્રાચારી અને સુલેહશાન્તિના કરારો થયા છે.

આસામના વડા પ્રધાન શ્રી ગોપીનાથ બારડોલાઈનું ગઈ છઠ્ઠી તારીખે હૃદય બંધ પડવાથી અવસાન થયું છે. અવસાન વખતે તેમની ઉંમર સાઠ વરસની હતી.

કોરિયાના મામલા અંગે ચર્ચા કર્યા પછી ભારતની પાર્લમેન્ટે પંડિત નેહરુની નીતિને મંજૂર રાખી છે.

ઉત્તર પ્રદેશની ધારાસભાના પ્રમુખ બાબુ પુરુષોત્તમદાસ ટંડને પોતાના એ હોદ્દાનું રાજીનામું આપ્યું છે.

ગ્વાલિયરમાં વિદ્યાર્થીઓની હડતાલને કારણે ભારે ઉશ્કેરણી ફેલાવા પામી હતી અને મામલો બેકાબૂ બનતા પોલીસને ગોળીબાર કરવો પડ્યો હતો બીજે દિવસે એને પરિણામે કોમી હુલ્લડ ફાટી નીકળ્યું હતું. આથી શહેરમાં લશ્કર બોલાવવાની જરૂર પડી હતી ગોળીબારને પરિણામે પાંચ માણસો મરાયા અને ૨૭ ઘાયલ થયા હતા.

મ૦

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૨

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૩
છમાસિક „ „ રૂા. ૨

અમદાવાદ, ૧લી સપ્ટેમ્બર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂા. ૫; શિ ૮

ભગવાન બધે છે

ભગવાન જોડામાં, સ્મૃત જાનવરના ચામડામાંયે સુખેથી રહે છે. મારે સારુ હમણાં તળિયાનું ચામડું આવ્યું છે. તેમાં ભગવાન બહુ રૂપાળા લાગે છે. ભગવાન કાંઈ ગ્રંથોમાં જ વસે છે એવું નથી. ભગવાનને ગોતવા સારુ અભિમન્યુના ચકરાવામાં ગોથાં નથી ખાવા પડતાં. એ છે કાખમાં, ને વિસ્મૃતિથી ગામ આખું ખૂંદી વળીએ છીએ, ને પછી જ્યારે યાદ આવે છે કે એ તો કાખમાં છુપાઈને બેઠો છે ત્યારે આપણી મૂર્ખાઈને રડીએ છીએ ને હસીએ છીએ.

ગાંધીજી

કોઈની મહેરબાની માગવી એટલે પોતાની સ્વતંત્રતા ગુમાવવી.

ગાંધીજી

મારા સામું નહીં, પણ ધર્મ સામે જો!

શ્રાવસ્તી નગરીમાં વક્કલિ નામનો બ્રાહ્મણ ગૃહસ્થ રહેતો હતો. એક દિવસ તે પોતાના ઘર આગળ ઊભો હતો. તેવામાં તેણે ભિક્ષા માટે નગરીમાં ફરતા બુદ્ધ ભગવાનને જોયા. તેમની તેજસ્વી અને સૌમ્ય મૂર્તિ જોતાં જ તે બ્રાહ્મણને રોમાંચ થઈ આવ્યાં. તે એકીટસે બુદ્ધની મનોહર મુખ-મુદ્રા સામું જોઇ રહ્યો.

બુદ્ધ ભિક્ષા માગતા માગતા દૂર ચાલ્યા ગયા. ત્યાર પછી પણ તે બ્રાહ્મણની આંખો આગળ બુદ્ધની મૂર્તિ જ રમી રહી. પછી બીજા વિષયો અને બીજાં મનુષ્યો તેની નજરે પડવા લાગ્યાં, ત્યારે તેને મનમાં થયું: "અહીં રહીને આવા બધા પદાર્થો અને આવાં બધાં મોં જોવામાં જ જિંદગી પૂરી કરવાને બદલે, હું તો ભિક્ષુ થવું પડે તો ભિક્ષુ થઈને પણ બુદ્ધનું મુખ હંમેશ જોવા મળે તેમ કરીશ!"

તરત જ તે ઘરબાર તજી બુદ્ધ પાસે ગયો અને તેમની પાસે દીક્ષા લીધી. એમ ભિક્ષુ બન્યા બાદ તે ભગવાનની પાસે જ રહેતો, અને તેમના મુખ સામું જોયા કરતો. ભિક્ષુ તરીકે તેણે જે શાસ્ત્રવાચન અને ધ્યાન વગેરે કરવાં જોઈએ, તે કશામાં તે જીવ ઘાલતો નહીં.

બુદ્ધ ભગવાને તેનું જ્ઞાન પરિપકવ થાય તેની રાહ જોઈ. પછી તેનું જ્ઞાન પરિપાક પામ્યું છે એમ જાણી તેમણે એક દિવસ તેને કહ્યું:

"વક્કલિ! આ ગંધાતા શરીર સામું જોઈ રહેવાથી શું વળવાનું છે? હે વક્કલિ, જે

માણુસ ધર્મ - સામે જુએ છે, તે મને જ જુએ છે.

"જે ભિક્ષુને બુદ્ધ કહેલા ઉપદેશમાં આનંદ છે, તે નિર્વાણુ-રૂપી શાંત પદ પામી શકશે."

ગોપાલદાસ પટેલ

સિંહનું બાળ !

બુદ્ધ ભગવાનના એક શિષ્ય વિષે એમ કહેવાતું કે, તેના શરીરનો એકે ભાગ કદી નિરર્થક હાલતો નથી. તે બેઠેલો હોય, ઊભેલો હોય કે સૂતો હોય, પણ તેના હાથપગનું હલનચલન કદી જરૂર વગરનું ન થતું. બગાસાં ખાવાં, ગમે તેમ મોં મરડવું વગેરે પણ તેનામાં કદી જોવામાં ન આવતું. જ્યારે જુઓ ત્યારે તે સ્વસ્થ, ટટાર અને ધીરગંભીર જ હોય.

બુદ્ધ ભગવાનના બીજા કેટલાક શિષ્યો જ્યારે ત્યારે, જરૂર વિના ગમે તેમ હાથપગ હલાવ્યા કરતા; મોં મરડયા કરતા કે બગાસાં ખાયા કરતા; તથા બેસતી કે સૂતી વખતે નીચા, ઊંચા, વાંકા—ગમે તેમ રહેતા.

બુદ્ધ ભગવાને એક વખત સૌને નીચેનો દાખલો કહી સંભળાવ્યો:

"સિંહોને જે દિવસે પૂરો શિકાર મળે છે, ત્યારે તેઓ તે ખાઈને એકાદ ગુફામાં જાય છે. અને ત્યાં સુંવાળી રેતી કે ધૂળ-વાળી જગાએ સૂઈ જાય છે. પછી સાતમે દિવસે તેઓ ઊઠે છે અને ઊઠીને પહેલી નજર પોતે જ્યાં સૂતેલા હતા તે જગા ઉપર કરે છે. જો તે જગાએ પોતાના કાન, પૂંછડી, આગલા પગ કે પાછલા પગ ઊંઘમાં હાલવાથી ધૂળ કે રેતી ખસી ગયેલી કે

વીખરાઈ ગયેલી દેખાય, તો તેઓ પોતાની જાતને કહે છે કે, 'આ કામ આપણી જાતિ કે કુળને યોગ્ય ન થયું!' આમ વિચારી તેઓ ફરી ત્યાં જ સૂઈ જાય છે અને સાત દિવસ ભૂખ્યા પડી રહે છે. સાત દિવસ બાદ ઊઠીને તેઓને જણાય કે, ઊંઘમાં આ વખતે જરા પણ ધૂળ ખસી નથી કે આમતેમ વીખરાઈ નથી, તો તેઓ કહે છે :- 'આ કામ આપણી નીતિ કે કુળને યોગ્ય થયું.' આમ વિચારી તેઓ ગુફાની બહાર આવે છે, આળસ મરડે છે, અને ત્રણ વખત સિંહ-ગર્જના કરે છે. ત્યાર બાદ તેઓ શિકારની શોધમાં ચાલ્યા જાય છે.

"મારો આ શિષ્ય પણ સિંહનું બાળ છે!"

ગોપાલદાસ પટેલ

સાચી સેવા

ડેન્માર્કમાં એક ટપાલીને ક્ષયથી પીડાતાં ગરીબ બાળકોને જોઈને દયા આવતી. તેને તેમને માટે કાંઈક રાહતકાર્ય કરવાની ઇચ્છા થઈ. નાતાલના દિવસોમાં મુબારકબાદીના સંદેશાના અનેક કાગળો વહેંચતાં તેને વિચાર આવ્યો, જો પ્રત્યેક માણસ આ જાતના રાહત કાર્ય માટે વધારાની ટિકિટ ચોડે તો કેટલું બધું નાણું ભેગું થાય? આ વિચાર તેણે પોતાના સાથી ટપાલીઓને જણાવ્યો. ટપાલી મંડળે સંમતિ આપી. સરકાર પાસે માગણી થતાં સરકારે મંજૂરી આપી. અને રાહતકાર્ય માટે નાણાંનો રેલો થયો. સાંભળવા પ્રમાણે આ દાખલાનું અનુકરણ યુરોપમાં બીજાં પણ એક બે સ્થળોએ થયું.

આપણા દેશમાં આવી કોઈ સારી રીતનું અનુકરણ થાય તો દેશને કેટલો બધો લાભ થાય?

પરીક્ષિતલાલ મજમુદાર

માણસાઈભર્યો વ્યવહાર

પૈસો એ બૂરી ચીજ છે. આપણી પાસે પૈસા હોય તો જ આપણે સુખી થઈ શકીએ, એમ માનવું એ સાચું નથી. આપણા આત્માને આપણે છેતરીએ નહીં અને આપણામાં જે કંઈ સારું છે એમાં રોજ રોજ કંઈક વધારો કરતા રહીએ એ જ સાચું સુખ છે. બીજાને છેતરીને કે જૂઠું બોલીને ધન ભેગું કર્યા કરવું એમાં ખરું સુખ રહેલું નથી. માણસનો સાચો સ્વભાવ જ એ છે કે એનાથી જરા પણ જૂઠાણું થઈ જાય તો એનો આત્મા ડંખે છે, અને એને ઊંડે ઊંડે એવું લાગે છે કે હું જે કરી રહ્યો છું એ સારું તો નથી જ.

પણ સાથે સાથે એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે માણસ સારી વસ્તુ કરતાં નઠારી વસ્તુ તરફ ઘણું કરીને ઢળતો રહે છે. માણસ જ્યારે પહેલી વાર ચોરી કરે છે ત્યારે એનો અંતરાત્મા એને સાદ પાડી ચોરી ન કરવા કહે છે. એથી માણસ અકળાઈ જાય છે, પણ આત્માના અવાજને ગણકારતો નથી. પછી એમ ધીમે ધીમે એ એટલો બધિર બની જાય છે કે પછી એને આત્માનો અવાજ જ સંભળાતો નથી, અને પછી એ ચોરી કરવામાં પાવરધો બની જાય છે. એવું જ બીજી બાબતોમાં પણ બને છે.

એ જ પ્રમાણે પૈસાની લાલચ આપણને લાગે, એટલે પછી આપણે બીજાનો વિચાર જ કરતા નથી અને આપણો લાભ શામાં રહેલો છે એ જ જોઈએ છીએ. આપણી પાસે જો ખોટો આનો હોય તો એ ખોટો આનો બીજાના હાથમાં

સરકાવી દેવા આપણે મથતા હોઈએ છીએ. પણ જો કોઈ બીજો માણસ આપણને ખોટા પૈસા આપે તો તરત જ તેનું એ તરફ ધ્યાન ખેંચીએ છીએ. એ જ પ્રમાણે આપણે ચાર આનાની ચીજ ખરીદીએ અને દુકાનદારને એક રૂપિયો આપીએ, અને જો દુકાનદાર ભૂલમાં બાર આનાને બદલે તેર આના પાછા આપે તો આપણે ખુશ થતા થતા તેર આના ખીસામાં મૂકી ચાલતા થઈએ છીએ. પરંતુ જો દુકાનદાર બાર આનાને બદલે અગિયાર આના આપે, તો તરત જ આપણે એની પાસે એક આનો માગીએ છીએ.

આમ આપણે માત્ર આપણા જ સ્વાર્થને જોઈએ છીએ, તેથી આજે દુકાનદાર ઘરાકને છેતરવા મથે છે અને ઘરાક દુકાનદારને છેતરવા મથે છે. આ રીતે એકબીજામાં વિશ્વાસ રહ્યો નથી અને તેથી પ્રામાણિકતા ક્યાંથી દેખાય? વેપારીઓ સ્વાર્થ સાધવા દેશની તેમ જ દુનિયાની પરિસ્થિતિ જોઈને પોતાના દેશબાંધવોને જ ચૂસવા પ્રયત્ન કરે છે અને એ રીતે પોતાના જ દેશને સત્ત્વહીન કરે છે. ઘરાક પણ વેપારીથી ભડકતો જ ફરે છે.

પણ હવે આપણે એવી છેતરપિંડીને તજવી જ રહી. વિશ્વાસ અને પ્રામાણિકતાને મહત્ત્વ આપવું જ રહ્યું. તો જ આપણે આપણો વ્યવહાર સારી રીતે ચલાવી શકીશું અને આપણી માણસાઈ બતાવી શકીશું. જ્યાં માણસાઈ હશે, જ્યાં પ્રેમ હશે, ત્યાં જ સાચો વ્યવહાર થતો જોઈ શકીશું.

અમેરિકાનું મુખ્ય શહેર ન્યૂયૉર્ક છે. એ શહેરમાં બનેલી

એક સાચી વાત છે. એક બાઈએ એક ઝવેરીની દુકાનેથી ખોટાં મોતીની માળા ખરીદી હતી. એક દિવસે એ માળા તૂટી ગઈ અને બધાં મોતી વેરાઈ ગયાં. તે બાઈએ બધાં મોતી ભેગાં કર્યાં, અને એને ફરીને બંધાવવા પેલા ઝવેરીને ત્યાં તે લઈ ગઈ. પેલા ઝવેરીએ માળાનાં મોતી ગણી જોયાં અને પેલી બાઈને કહ્યું: "આ માળામાં એક મોતી ઓછું છે. એથી એમાં એક મોતી ઉમેરવું પડશે અને પછી બાંધી આપીશ. એનું ખર્ચ ૩૦૦ પાઉંડ થશે."

પેલી બાઈ તો ચમકી જ ગઈ. તે બોલી: "૩૦૦ પાઉંડ! આ માળા મેં અહીંથી જ ખરીદી હતી. તેના મેં માત્ર ત્રણ પાઉંડ જ આપ્યા હતા. અને એક જ મોતીની આટલી બધી કિંમત શાની આપું?"

પેલા ઝવેરીએ કહ્યું: "બાઈ, તમારી વાત સાચી છે. પણ આ માળાનાં મોતી ખોટાં નથી, એ સાચાં મોતી છે. તમને એ માળા ભૂલથી અપાઈ ગઈ હતી. એ આપનાર નોકરને આવી ગફલત કરવા બદલ અમે નોકરી પરથી કાઢી મૂક્યો છે. આ માળાની મૂળ કિંમત તો દશ હજાર પાઉંડની છે. પણ અમે તમને તે ભૂલથી આપી દીધી છે તેથી હવે એ તમારી કહેવાય. અમારાથી એ પાછી ન મગાય."

આ સાંભળીને પેલી બાઈ બોલી: "અરે, એવું તે કંઈ થતું હશે? ખરી રીતે એ માળા મારી ન જ કહેવાય. ચાલો ત્યારે, મારી એક શરત કબૂલ કરો. હું તમને આ માળા પાછી આપી દઉં છું. પણ પેલા નોકરની ભૂલ માફ કરીને એને

પાછો નોકરીમાં રાખો."

પેલા ઝવેરીએ એનું કહ્યું માન્યું. તેણે પેલા ગરીબ માણસને પાછો નોકરીમાં રાખ્યો અને પેલી માયાળુ બાઈની ભલાઈ જોઈને એને હીરાનું એક લૉકેટ ભેટ મોકલ્યું.

મુકુલભાઈ.

એક બાળકને કારણે

થોડા વખત ઉપર, એક સવારે ઊઠીને છાપાં વાંચનારાં કેટલાંય અમેરિકનોનાં મોઢાં ઉપર ખુશી તરવરી ઊઠી હતી.

તે સવારે છાપાંમાં ખબર આવ્યા હતા કે માઇક રેક્ટર નામનો એક બાળક વૉશિંગ્ટન શહેરની એક ઇસ્પિતાલમાંથી નીકળીને ઘેર જવા જેટલો સાજો થઈ ગયો છે. . . . એ જ માઇક રેક્ટર જે સત્તર મહિના પહેલાં બળીને ભડથું થઈ ગયેલો, અને એ જ ઇસ્પિતાલ જ્યાં માઇકલનાં માબાપ કાળો કકળાટ કરતાં કરતાં એને લઈ આવ્યાં હતાં. સમાચાર વાંચનારા અમેરિકનોના અંતરમાં શાતા છવાઈ કે પ્રાર્થના, માનવીની લાગણી અને દાક્તરી વિજ્ઞાને ભેગાં મળીને પાંચ વરસના એક છોકરાને ભયાનક મોતમાંથી ઉગારી લીધો હતો.

૧૯૪૮ના નવેમ્બરમાં માઇકને (એ વખતે એ ચાર વરસનો હતો) અને તેના ગોઠિયાઓને થોડીક દીવાસળી જડી. રમતાં રમતાં દીવાસળી સળગી ઊઠી, માઇકનાં લૂગડાં સળગ્યાં અને ભડકો થયો. માઇકની માએ આવીને બળતાં લૂગડાં ઊતરડી નાખ્યાં, પણ ત્યાં સુધીમાં તો માઇકની ઘૂંટણથી બગલ સુધીની ચામડી કોલસો બની ગઈ હતી. પહોંચ્યા ઇસ્પિતાલે. તરત જ દવા, લેપ અને પાટાપીંડી શરૂ થઈ ગયાં. પણ દાક્તરોને આશા ઓછી હતી. આટલી બધી ચામડીની ખોળ ઊતરી ગયા પછી કોઈ માનવી જીવતું રહ્યું એમણે જાણ્યું નહોતું.

તેમ છતાં, ચમત્કારિક લાગે તેવા બનાવો પણ ક્યારેક બનતા હતા. દાઝેલાંની માવજતના નવા ઇલાજો વિજ્ઞાને શોધ્યા હતા. બાળકના શરીરમાં

પૂરવા નવું લોહી મળી રહે, એનાં હાડ-માંસને ઢાંકવા માનવીની ચામડી મળી રહે તો — તો કોને ખબર છે ?

દેશભરનાં અખબારોએ માઇકની વાત પહેલે પાને ચમકાવી: સેંકડો રેડિયો-ઘરોમાંથી સાદ સંભળાયો: જોઈએ છે : માનવીનું લોહી અને માનવીની ચામડી — મૃત્યુને આરે ઊભેલા એક બાળક કાજે. જોતજોતામાં મુલકને ખૂણેખૂણેથી જાતજાતનાં માનવીઓના જવાબ આવવા લાગ્યા. માઇકને જોઈએ તેના કરતાં ઘણું ઘણું વધારે લોહી કાઢી આપવાની તૈયારી અજાણ્યાં માનવીઓએ બતાવી. ચામડી ઉતારી દેવાની તૈયારી પણ માઇકનાં માબાપ, સગાંવહાલાં અને પડોશીઓથી માંડીને એ છોકરાનું નામ પણ જેમણે કદી સાંભળ્યું નહોતું એવાં લોકોએ બતાવી.

દાઝેલાં માનવીઓની માવજતમાં પાવરધાં બનેલાં દાક્તરો—નર્સો—ચાકરો માઇકની પીડા બને તેટલી ઓછી કરવા દિવસ અને રાત જોયા વિના ઇસ્પિતાલમાં ખડે પગે ઊભાં રહેવા લાગ્યાં. દરમિયાન નવી નવી દવાઓ ને વાઢકાપના નવા નવા ઇલાજો નવા લોહીના વહ્યા આવતા પ્રવાહ સાથે મળીને માઇકના શરીરમાં પેઠેલા અગ્નિના ઝેર સામે ટક્કર ઝીલી રહ્યાં હતાં અને અકસ્માતથી એના મગજને લાગેલા આંચકાની અસર હળવી બનાવી રહ્યાં હતાં. પછી, માઇકમાં કાંઈક ચેતન આવ્યું ત્યારે, નવી ચામડીનાં થીંગડાં મારવાની ક્રિયા ચાલી. આખર સુધી માઇકના મુખ ઉપરની રેખાઓ ઊજળી ને ઊજળી રહી હતી.

હવે માઇક સાજો થઈ ગયો છે ચામડીને થીંગડાં મારવામાં એનો એક સ્નાયુ જરા ટૂંકો થઈ ગયો છે તેથી એના પગમાં સહેજ લચક આવે છે. પરંતુ એટલી ખોડ પણ આગળ ઉપર નાનકડું ઑપરેશન કરીને દૂર કરી શકાશે એમ દાક્તરો કહે છે. માઇક જંગ જીતી ગયો છે.

('અમેરિકન જીવન'માંથી)

બીજાનો સહેજ પણ બોજો હળવો કરનાર માણસ નકામો નથી.

ગાંધીજી

પનચક્કી

હિમાલય પ્રદેશોનાં પહાડી ગામડાં-માં આટાની મિલો ન હોય. છતાં કોઈ હાથે ન દળે. દરેક ગામે એક અગર વધુ જળચક્કીઓ હોય. આ તરફ એને 'પનચક્કી' અથવા 'ઘરટ' કહે છે.

ગામની આસપાસ તોળાઈને ઊભેલા પહાડોના ઢોળાવોમાંથી આવતાં નદીનાળાં ઝરણાંઓનાં પાણીને વાળી લઈને આ પનચક્કીઓ મૂકેલી હોય છે. ખેતરોમાં પણ એ જ પ્રવાહો વાળીને તેની 'સીંચાઈ'થી લોકો વરસમાં બે પાક ઉગાડે છે.

પનચક્કીને સારુ ઉપરવાડેથી આવતા જળપ્રવાહને આઠેક ફૂટ જેટલી ઊંચાઈએથી લાકડાની નીક વાટે સીધો નીચે પાડે છે ને ત્યાં નીચે બળદ-ગાડીના ચાક જેવું એક લાકડાનું ચાક ઊભું ગોઠવેલું હોય છે. તેના આરા પર નીકનું પાણી જોસભેર પડે ને તે ફર્યાં કરે. સાથે જ ચાકને બાંધેલો સીધો લાકડી જેવો ખીલડો ફરે. ખીલડા પર ઉપલી બાજુએ ઘંટીનાં પડ ગોઠવ્યાં હોય ને તેનાથી થોડે ઊંચે અનાજ ભરવાનું ટોપલા ઘાટનું એક પાત્ર બાંધેલું હોય. તેમાંથી અનાજ ઘંટીમાં પડયાં કરે ને દળાયાં કરે.

ઘંટીની આસપાસ લાકડાનાં પાટિયાં ગોઠવી માળની ભોંય કરેલી હોય ને ઘાસથી એવી નાની ઝૂંપડી છાજી લીધી હોય.

હિમાલયનાં આ પહાડી ગામડાંનો પ્રદેશ દેશના પ્રમાણમાં ઘણો ઠંડો હોય છે. તાપ ખીણોમાં જ લાગે. ઠંડાં ગામડાંઓમાં અનાજ કે આટો સળતાં કે ખોરાં થતાં નથી. તેથી આ તરફ એવો રિવાજ હોય છે કે પાક લણાઈને અનાજ ઘરમાં આવે તેવું જ બધું પન-ચક્કી પર લઈ જઈ ગામ લોક વારા-ફરતી પોતપોતાનું સામટું દળી લે છે. પછી ચામડાની કે કંતાનની કોથળી-ઓમાં ભરી રાખે, કાં બાંબુની કોઠીઓમાં દાબી ઉપરથી લીંપી લે છે. પછી આટો નીચે કાણું રાખ્યું હોય તે વાટે વખતો-વખત ખપપૂરતો કાઢે ને મહિનાઓ સુધી ખાય.

દળવા પાછળ ઘરનું એકાદ છોકરું જેમ ઢોર ચારવા મોકલે તેમ આખો દિવસ પનચક્કી પર મોકલી આપે ને સાંજે ઘરનાં મોટાં માણસો જઈ બધો આટો સાંભરી લાવે.

સ્વામી આનંદ

બિચારો બળદ

[ગ્રામસંસ્કૃતિનો ઓલવાતો તણખો]

કૃષિપ્રધાન હિંદમાં જંગી યંત્ર-ઉદ્યોગોનાં રાક્ષસી કારખાનાં દ્વારા હિંદની પ્રજાને સમૃદ્ધ કરવાની વાતો થતી જ રહે છે. આ વાતો સાંભળીને રેંટિયા અને એના વિશાળ ગ્રામ-ઉદ્યોગોના કુટુંબીઓને શું થતું હશે!

પરંતુ રેંટિયા પર જ આ ભયંકર આફત આવી પડી છે એવું નથી. ગામડાના ખેડૂતના ઝૂંપડાની કોઢારમાં ઊભેલો મૂંગો બળદ પણ આજે વિમાસણમાં પડ્યો છે. ભેંસે આવીને આજ વર્ષો થયાં એની માતા ગાયના તો હાલહવાલ કરી નાખ્યા છે. વનસ્પતિ ઘી પણ એ ગાયમાતાના બાકી રહેલા જીવનને ખલાસ કરવા તાકીને બેઠેલા જંગી વનસ્પતિ ઘી-કારખાનામાં તૈયાર બેઠું જ છે. હવે ગાયમાતાના વંશનું અથવા એના સમગ્ર કુટુંબનું સત્યાનાશ વાળવા 'વધુ ઉત્પાદન'ના કાર્યક્રમમાં— ખેડૂતને સમૃદ્ધ કરવાના કાર્યક્રમમાં— ટ્રૅક્ટર અને રાસાયણિક ખાતરો તૈયાર થઈને બેઠાં છે. 'થોડી મહેનતમાં વધુ ઉત્પન્ન'ના મોહક લેબાસમાં યંત્ર હંમેશાં માનવજાત પાસે આવે છે. ટ્રૅક્ટર પણ એવા જ લેબાસમાં આજે ગામડાંના ખેડૂતોને લલચાવે છે. 'રાષ્ટ્રીય' સરકાર એ ટ્રૅક્ટરના પ્રચારને સરળ સુલભ કરવા પણ અનેક પ્રકારની મદદ આપવા ઝંખી રહી છે. કોઢારમાં ઊભેલો બિચારો બળદ શું વિચરતો હશે!

બળદની સંખ્યા ખેતીના પ્રમાણમાં ઓછી છે એ ભ્રામક દલીલ તો થાય જ છે, પરંતુ ગો-માતાને હડધૂત કરી એટલે જ બળદ ઘટતા ગયા એનો કંઈ વિચાર થાય છે! અને ટ્રૅક્ટર કંઈ ખૂટતા બળદોની જગ્યા જ લેવા આવે છે! એ મર્યાદા કોણ સાચવશે? દારૂ પણ એમ જ આવનો.

મધ્યમસર લો તો નુકસાનકારક નથી, એમ કહી તે પ્રજાજીવનમાં ઘૂસ્યો અને માનવજાતનું સત્યાનાશ વાળ્યું. હવે ટ્રેક્ટર ખૂટતા બળદની ખોટ પૂરવા આવે છે, પણ છે તેટલા બળદોને પણ તે ખુટાડી દેશે, એનું કંઈ કોઈને ભાન છે! ભેંસ આવી અને ગાયમાતાના ભાવ ઘટી ગયા. એટલે એ બિચારીને કતલખાનામાં જીવન સંકેલવું પડે છે. હવે ટ્રેક્ટર આવે છે એટલે ઓછું ઉત્પાદન કરનાર બળદ-ખેતીનો કોણ ભાવ પૂછે? યંત્રઘાણી, કોલુ, કૂવાનો પંપ બધાં તો બળદનું જીવન અને બળદનો ઉપયોગ ચૂંથી રહ્યાં છે. ખેતીમાં હજી બળદનું માન હતું, તેને પણ હવે ઘટાડી દેવા 'છુકછુક' કરતું યંત્રહળ ખેતરો ખૂંદવા આવી પહોંચ્યું છે. બિચારો બળદ, ગાડું તૂટવા માંડ્યું! કોશની જરૂર ન રહી, ઘાણીમાં એનું સ્થાન નહીં. ગાયમાતા એને જન્મ આપે તેના દૂધ-ઘીનો હવે કોણ ભાવ પૂછે? એટલે હવે તો ગોપૂજક હિંદની ધરતી પરથી બળદને ઊખડી જવું પડે એવી સ્થિતિ થઈ છે.

ઘાણી-કોશ-ગાડા-ગોપાલનના તૂટેલા ગ્રામઉદ્યોગોનું હવે નામનિશાન નહીં રહે!

એ બધામાં જ ખૂબ જ કામ આપીને પણ બળદ છાણ આપે છે ને તેમાંથી ખાતર થાય છે.

બળદ જતાં ગ્રામસ્વાવલંબનની એ વસ્તુઓ પણ મરી પરવારશે.

જીવતો બળદ તો આ બધું જ આપી માનવજાતનો, વિશેષે કરીને ગ્રામવાસી ખેડૂતનો સાચો ભેરુ હતો. મરીને પણ એ ગ્રામઉદ્યોગોને પોષણ આપતો. એના ચામડામાંથી જોડા, ચંપલ, કોશ-પખાલ થતાં. શીંગડાંમાંથી બટન-કાંસકી થતાં, ચરબીમાંથી સરેસ થતો, હાડકામાંથી ખાતર થતું.

એ બધું પણ બળદનો વંશ જતાં ખલાસ થશે. ટ્રેક્ટર, યંત્રઘાણી, કોલુ, પંપ, એ બધાં ગ્રામસંસ્કૃતિનાં પોષક છે કે બળદ? છતાં 'ભણેલા' અર્થશાસ્ત્રી બળદને નથી ઇચ્છતા!

હિંદની પાયમાલીની કેટલી કરુણ કથા!

દિલખુશ બ૦ દીવાનજી

ગાય પાસે કામ લેવાય?

ગાય પાસે કશું કામ લઈ શકાય કે નહીં, એ પ્રશ્ન પર લોકોની લાગણીઓ ઉશ્કેરાઈ છે એ જાણી નવાઈ નથી લાગી. પણ એ ઉશ્કેરાટ માટે કારણ નથી.

બીજાં પ્રાણીઓને છોડીને આપણા પૂર્વજોએ ગાયને જ માતાના પદનું ગૌરવ કેમ આપ્યું હશે તેનો વિચાર કરવો. એક જમાનો એવો હતો કે જ્યારે આપણા દેશમાંયે બીજા દેશોની જેમ ગાય-બળદનો વધ થતો. એ યજ્ઞમાં પણ હોમાતાં. વિચારી અને સહૃદયી લોકોને આમાં દેશની ભારે ખાનાખરાબી થતી લાગી. બુદ્ધ-મહાવીર જેવા અને તેમના શિષ્યોએ બળવાન આંદોલનો કર્યાં. વૈદિક ધર્મમાં પણ એ જ વિચારના વૈષ્ણવ વગેરે સંપ્રદાયો ઊભા થયા. તે સૌએ લોકો ગાય પ્રત્યે જુદી દૃષ્ટિએ જોતા થાય તે માટે ગાયના અનેક ઉપયોગો અને ગુણો બતાવ્યા, તથા જુદી જુદી રીતે તેનો મહિમા વર્ણવ્યો. હજાર બે હજાર કે તેથીયે ઘણાં વધુ વર્ષોના પ્રચારકાર્યથી તેઓ ફાવ્યા અને લોકો ગાય પ્રત્યે માતાના પૂજ્યભાવથી જોતા થયા. આ એક શુભ પરિણામ આવ્યું. પણ સાથે સાથે તેના વિવેક અને મર્યાદાનો વિચાર કરવાનું તે વખતે સૂઝ્યું નહીં. તેમ ન સૂઝ્યું કારણ કે તે વખતે તેવી જરૂર ઊભી થઈ નહોતી.

આપણી જનેતા પણ માતા છે, પૃથ્વી પણ માતા છે, ગાય પણ માતા છે. જનેતા નજીકમાં નજીકની અને સાચી માતા હોવા છતાં તેને આપણે બેસાડીને કેવળ પૂજા કરતા નથી કે તેની માત્ર સેવા જ કરતા નથી. આપણી જેવી સ્થિતિ હોય તે મુજબ તે કામ પણ આપે છે. આપણી પહેલાં ઊઠે છે, અને આપણા પછી સૂએ છે. આપણે માટે દળણાં દળે છે, પાણી ભરે છે, રાંધે છે. કપડાં ધુએ છે, આપણાં મળમૂત્ર સાફ કરી આપણને ઉછેર્યાં અને પ્રસંગ આવ્યે આપણાંયે બાળકોને તે રીતે ઉછેરે છે. આપણને ખવડાવીને ખાય છે, પિવડાવીને પીએ છે; પૂરતું ન હોય તો પોતે ભૂખી રહે છે. જનેતા પાસે આપણે આટલી મહેનત કરાવીએ છીએ. એટલું જ નહીં, કેટલાક પ્રાન્તોમાં

જ્યાં ગાયબળદને અભાવે માણસોને હળે જોડાવું પડે છે ત્યાં સ્ત્રીઓ બળદની જેમ જોડાઈને જમીન ખેડે છે એવી સ્થિતિ છે. અમદાવાદનાં બજારોમાં લારી ફેરવવાવાળાને જોયા હશે. તેમાં એક જોતરે ધણી અને બીજા જોતરે ધણિયાણી બળદની જેમ લારી ખેંચે છે. જીવન-નિર્વાહ કેટલી કઠણ વસ્તુ છે તેનો આ પરથી ખ્યાલ આવે છે. માણસ પાસે સાધન હોય તો શું કામ મા કે પત્ની પાસે આટલું સખત વૈતરું કોઈ પુત્ર કે પતિ કરાવે? પણ મહેનત કરીને ખાવું એ જ પરમ ધર્મ છે, એમ માની મા પણ મહેનત કરે, પત્નીયે કરે તેમાં આપણે કશું અજુગતું જોતા નથી.

બીજી માતા પૃથ્વી માતા. તેને તો મા કહેતાં છતાં પગથી અડીએ છીએ, અણિયાળા લોઢા વડે તેને ઉખેડીએ છીએ, આપણી ઇચ્છા મુજબ તેમાંથી ધનધાન્ય મેળવવા તેને આપણે કામે લગાડીએ છીએ. તેના શરીર પર બધી જાતની ગંદકી નાખીએ છીએ. છતાં, એને પૃથ્વી માતા કહી તેને માટે મનમાં એક પ્રકારનો આદર પણ રાખીએ છીએ. ટૂંકામાં, એને પણ અમથી નકામી રાખતા નથી, અને કેવળ તેની પૂજા જ કરતા નથી.

એ જ પ્રમાણે ગોમાતાનું સમજો. બળદની છત પુષ્કળ હોય તો ગાય અને બળદ પૈકી બળદ વધારે મજબૂત પ્રાણી હોવાથી, ગાય પાસે કામ લેવાનું નકામું જ કોઈને સૂઝે નહીં. પણ આજે આપણી પાસે આવી સ્થિતિ ઊભી થઈ છે. બળદની અછત છે; ખેડૂતને પોસાય નહીં એટલા મોંઘા છે, મોંઘે દામે પણ મળતા નથી. ગાય વિના બળદ થઈ પણ શકે નહીં; એટલે ગાયોનું પાલન વધવું જોઈએ. કેવળ દૂધ લઈને એને ખવાડવાનું ખરચ પાલવતું નથી માટે લોકો ભેંસો પાળતા થઈ ગયા છે. આથી ગાયો વધારવી હોય તો એને પળાવવી જોઈએ; પાળવા માટે પાલવવી જોઈએ. એ દૂધ સાથે એના ગજા પ્રમાણે કામ પણ આપે તો એને પાળવાનો એક માર્ગ નીકળે. કેટલાક પ્રાન્તોમાં ભેંસ તો ખેતીમાં જોડે છે જ; ઘોડી, સાંઢણી, ગધેડી, વગેરે નારી જાતિનાં પ્રાણીઓ છે, છતાં કામ લેવામાં આપણે તેમાં નર-માદાનો ફરક કરતા નથી. ઊલટું,

સવારી માટે ઘોડી, સાંઢણી વધારે પસંદ કરવામાં આવે છે. કારણ કે તે બચ્ચાં અને કામ બન્ને આપે છે. એ જ ન્યાયે પ્રજાએ ગાય પાસે કામ લીધે જ છૂટકો છે. કામ દયાથી લેવાં જોઈએ, એની શક્તિ જોઈને, ગજું જોઈને લેવાં જોઈએ, માની જેમ એના પર ભાવ પણ રાખવો જોઈએ. પણ જેમ મા પણ ઘરનાં કામ કરે છે, તેમ ગાય પણ કરે તેમાં કશું અજુગતું નથી.

ઉશ્કેરાઈને આનો વિચાર કરવાથી ન ચાલે. દયાનો અને ભાવનાનો બધો ખજાનો આપણી જ પાસે છે, અને રાજ્યકર્તાઓ તો નિષ્ઠુર માનવીઓ છે એમ ન સમજવું જોઈએ. ઢેબરભાઈ, સરદાર પટેલ વગેરે બધા ગોપૂજકો છે. ગાયનાં જ ઘી દૂધ ખાનારા છે. લોકો તો ગોમાતાનો મહિમા ગાય છે, પણ ખેતરમાં ઘૂસી આવે તો અધમૂઈ કરી નાખતાં ડરતા નથી. 'તને કાળો નાગ ડસે' એવા શાપ દેતાં અચકાતા નથી. આખો જન્મારો દૂધ અને વાછડાં દીધાં હોય, તોયે ઘડપણ આવ્યે પાંજરાપોળમાં નાખી આવતાં કે ઘરમાંથી હાંકી કાઢતાં દયા આવતી નથી. તેઓએ જો આ સૂચના પસંદ કરી છે, તો તેમણે ધર્મનો વિચાર કર્યા વિના ન કરી હોય એવી શ્રદ્ધા રાખવી જોઈએ, અને ઠંડા થઈને કારણ શોધવાં જોઈએ.

પ્રજા પાસે બે વાતો છે. એક તો ગોમાતા—ગોમાતા કહેવું, પણ ગોમાતાની વૃદ્ધિ અને પાલન કેમ થાય તેની કશી દરકાર ન કરવી, માત્ર વાર તહેવારે પૂજા કરવી અને બાકીના દિવસોમાં જોઈએ તો ભૂખે મરે, કતલ થાય, ઓલાદ બગડે, અને દેશ ગાય-બળદ વિનાનો થાય, સાથે ખેતી પણ તૂટે તે જોયા કરવું. અથવા તેને વધારેમાં વધારે ઉપયોગી પ્રાણી બનાવવી, તેની કિંમત વધારવાનો, સારી જાતવાન કરવાનો અને હૃષ્ટપુષ્ટ કરવાનો માર્ગ લેવો. ઉપયોગી પ્રાણી બનાવવામાં એની પાસે કામ લેવાની વાત પણ આવે. તેમ એ મરી જાય ત્યારે તેના શરીરનાં ચામડાં, હાડકાં વગેરે દ્રવ્યોનો યોગ્ય ઉપયોગ કરવાની વાત પણ આવે. અને હલકા સાંઢ ન દેખાડવાની વાત પણ આવે. એના ખોરાક વગેરેમાં ફેરફાર કરવાની વાત પણ આવે.

('હરિજનબંધુ'માંથી)

કિશોરલાલ મશરૂવાળા

પૂરું થતું પખવાડિયું

આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ રેડિયો પર ખોરાકની પરિસ્થિતિ અંગે રાષ્ટ્ર જોગું નિવેદન કરતાં જણાવ્યું હતું કે દેશમાં અનાજની સ્થિતિ ગંભીર છે ખરી પણ દુકાળનો જરાયે સંભવ નથી. તેમણે પ્રજાને ખાતરી આપી હતી કે નવી ફસલ સુધી પહોંચે એટલું અનાજ દેશમાં છે.

કાશ્મીરના મામલાનો હિંદ તથા પાકિસ્તાન વચ્ચે મસલત કરીને ઉકેલ લાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે નીમેલા મધ્યસ્થી સર ઓવન ડિકસને નિવેદન બહાર પાડીને જાહેર કર્યું છે કે કાશ્મીર પ્રશ્નનો શાન્તિભર્યો ઉકેલ લાવવાના તેમના પ્રયત્નો નિષ્ફળ નીવડયા છે. હવે તે અહીંથી ઊપડી ગયા છે અને પોતાની કામગીરીનો હેવાલ સંયુક્ત રાષ્ટ્રસંઘ સમક્ષ રજૂ કરશે.

આસામ અને તેની આસપાસના પ્રદેશોમાં જબરો ધરતીકંપ થયો છે અને એને લીધે ત્યાં આગળ જનમાલનું ભારે નુકસાન થવા પામ્યું છે. સંકટ-ગ્રસ્ત લોકોને મદદ પહોંચાડવાનું કામ સરકારે ઝડપથી ઉપાડી લીધું છે.

તા. ૨૯ ઑકટોબરે ગુજરાત પ્રાન્તિક સમિતિની બેઠક અમદાવાદ કૉંગ્રેસ હાઉસમાં રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખની ચૂંટણી માટે મળશે. આ પદ માટે શ્રી કૃપાલાની, શ્રી પુરુષોત્તમદાસ ટંડન અને શ્રી શંકરરાવ દેવ એ ત્રણ જણાએ પોતાની ઉમેદવારી નોંધાવી છે.

મ૦

વિષયસૂચિ · પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

રજિ૦ નં. બી ૫૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

અસ્પૃશ્યતા

હું માનું છું કે અસ્પૃશ્યતા જે આપણે આજે માનીએ છીએ તે હિંદુ ધર્મ ઉપર મોટું કલંક છે. શાસ્ત્રમાં કેવી અસ્પૃશ્યતા છે તે તપાસવા માટે તમારો સમય ન લઉં. શાસ્ત્રાર્થ કરવાની મારી શક્તિ નથી. હું તો જે સત્યસ્વરૂપે જાણું છું તે સરળતાથી, નમ્રતાથી હિંદુ સમાજ પાસે મૂકી દઉં, તેનો પોતે અમલ કરું, ને તેમ કરતાં મરી જવું પડે તો મરી જાઉં. અસ્પૃશ્યતાનો આપણા હૃદયમાં સંગ્રહ કરીશું તો હિંદુ ધર્મ મરી જશે ને આપણે પણ મરી જઈશું. ધર્મ તો મરતો નથી, પણ એનું પાલન કરનાર કોઈ ન રહે તો મનુષ્યની ભાષામાં કહી શકાય કે ધર્મ મરી ગયો. ઈશ્વર સર્વશક્તિમાન છે, એને કરવા હશે તો બીજા માણસો એ ધર્મનું પાલન કરનારા ગમે ત્યારે ઉત્પન્ન

કરશે, પણ અત્યારે તો એ ધર્મ મરી ગયો જ ગણાય. અને આપણે ધર્મ છોડી દીધો તો આપણે મરી ગયા જેવા જ છીએ.

ગાંધીજી

હરિજન દિન

અસ્પૃશ્યતાનિવારણ, એટલે આભડછેટનો નાશ કરવાનું કામ પ. ગાંધીજીને હૃદયે વસેલું હતું. તેઓ કહેતા કે અસ્પૃશ્યતા કાયમ રહે તો સ્વરાજ્ય પણ ન જોઈએ અને ન શોભે. આ રીતે અસ્પૃશ્યતાનો નાશ કરવાનો એટલે હરિજનોને અપનાવવાનો કાર્યક્રમ તેમણે આપણી હિંદી રાષ્ટ્રીય મહાસભા પાસે પણ સ્વીકારાવ્યો. આ રીતે આખા હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતાનો નાશ કરવાનું કામ પૂ. ગાંધીજી સદેહે હાજર ન હોવાથી વધારે મહત્ત્વનું બને છે. અને તેથી અસ્પૃશ્યતાનિવારણ દિન નિમિત્તે આપણા સમાજમાંથી અસ્પૃશ્યતા ગઈ છે એમ જણાવવા હરિજન બાળકોને અગર હરિજનોને માનભેર ઘેર નોતરવા જોઈએ. કોમી બોર્ડિંગોમાં હરિજન વિદ્યાર્થીઓને પણ નોતરવા જોઈએ. રમતગમતના મિશ્ર મેળાવડાઓ યોજવા જોઈએ. હિંદુ મંદિરોમાં તેમને દર્શનાર્થે લઈ જવા જોઈએ. અને હરિજનોનાં રહેઠાણની મુલાકાત લેવી જોઈએ.

આવતી તા. ૨૬મી સપ્ટેમ્બરનો દિવસ એ પૂના કરારનો દિવસ છે. તે દિવસે હરિજનો અને હિંદુઓ સંયુક્ત મતાધિકારથી જોડાયા. પ્રજાકીય સરકારે આવતી તા. ૧લી ઑક્ટોબરનો દિવસ હરિજન દિન તરીકે ઊજવવાનું ઠરાવ્યું છે. તે દિવસે સરકારી અમલદારો જાહેર

કાર્યક્રમો રચશે. પ્રજાએ પણ પ્રયત્નમાં સરકારના આ શુભ પ્રજાકીય પૂ. ગાંધીજીને યાદ કરી સાથ આપવો રહ્યો.

પરીક્ષિતલાલ

વેઠ અને ગુલામીની મનાઈ

[નાગરિકના મૂળહકોનો આગળનો હપ્તો]

નાગરિકને જાત-સલામતી માટે સરકાર તરફથી જ ભય હોય છે, એમ નથી. સમાજના બીજા નાગરિકો તરફનો પણ ભય રહે છે. જેમ કે તવંગર અને સત્તાધારી લોકો ગરીબ લોકનો ગેરલાભ ઉઠાવે. દુનિયામાં આવું બહુ થયું છે. જેમ કે, લોકોને પકડીને ગુલામ તરીકે વેચવામાં આવતા. ગુલામોનો વેપાર ચાલતો. માલેતુજાર લોક ગરીબોને વેઠે પકડતા. નાનાં છોકરાંને કંઈક આપ્યું ન આપ્યું, અને તેની પાસે આખો દહાડો વૈતરું લેવાય.

પારકાની મજૂરી કે જાત ઉપર હાથ નાખીને તેને ચૂસવાની આવી આવી રીતો દુનિયામાં ઘણી ચાલી છે. તે સામે નાગરિકને ભારતના બંધારણ તરફથી રક્ષણ આપવામાં આવ્યું છે, અને આવા શોષણ સામે થવા નાગરિકને કાનૂની હક અપાયો છે. બંધારણની કલમ ૨૩, ૨૪માં કહ્યું છે —

માણસનો વેપાર કરવો અથવા કોઈ પણ રૂપે વેઠ કરાવવી એની મનાઈ છે. (કોઈ રીતે) એનો ભંગ કરનાર ગુનેગાર ગણાશે ને તેને કાયદેસર સજા થશે.

ચૌદ વર્ષની ઉંમરથી નીચેના કોઈ પણ બાળકને કારખાનામાં કે ખાણમાં કામે રાખી નહીં શકાય; અથવા તો એવા કોઈ જોખમકારક કામમાં નહીં લેવાય.

૬–૯–'૫૦ મગનભાઈ દેસાઈ

દાનનો મહિમા

આપણા દેશમાં અસલના વખતમાં દાનનો મહિમા બહુ મોટો ગણાતો. તે વખતના સજ્જન લોકો બીજાને ખાતર પોતાની પાસે જે કંઈ હોય તેને આપવામાં જ જીવનનું સાર્થક્ય માનતા. જે કંઈ પોતે મેળવેલું હોય એનો ત્યાગ કરવાનો, દાનમાં આપી દેવાનો, સંકટમાં આવી પડેલા લોકોને રાહત આપવાનો ધર્મ સમજતા. બીજાના દુઃખે દુઃખી થવું, એમના દુઃખમાં સમભાગી થવું એમાં જ તેઓ ખરું સુખ સમજતા.

પણ આજકાલ એથી ઊલટું જ જણાય છે. ભલેને બીજાને રોટલાનો કટકોયે ખાવા ન મળે પણ પોતાને ખાતર તો અનાજનો સંઘરો લાંબો વખત સુધી ચાલે એટલો કરી રાખવાની દાનત આપણને છે. ભલેને કેટલાયે ગરીબ લોકો કપડાં વિના અર્ધનગ્ન દશામાં રખડતા હોય, પણ આપણે ત્યાં કપડાંની ગાંસડીઓ હોવી જ જોઈએ. ભલેને બીજા લોકો પેટ પૂરતું મળી શકે એટલા પૈસા મેળવવા માટે લોહીનું પાણી કરતા હોય, પણ આપણે ત્યાં તો તિજોરી ભરેલી રહે તો બસ. આમ આપણે આપણું જ જોતા રહીએ છીએ, પછી બીજાનું ભલે કંઈ પણ થાય.

વળી આપણે થોડું ઘણું બીજાને આપીએ છીએ તે પણ પોતાની મોટાઈ બતાવવા ખાતર જ. એક બાજુથી એરણની ચોરી કરતા હોઈએ અને બીજી બાજુથી સોયનું દાન કરતા હોઈએ. તેથી કદી કામ સરે ખરું? આપણે એટલું હંમેશાં યાદ રાખવું જોઈએ કે આપણે જેટલો ભોગ આપી શકીશું તેટલો જ બદલો આપણને પણ મળશે.

જેવું આપીશું તેવું પામીશું.

આવો વિચાર કરતાં મને બે ડોસીઓની વાત યાદ આવે છે. એક ગામમાં બે ડોસીઓ રહેતી હતી. બંનેનાં ઘર અડોઅડ જ હતાં.

તે ગામની બહાર સાધુઓનો એક આશ્રમ હતો ત્યાં આ બંને ડોસીઓ કામે જતી હતી.

પરંતુ આ બંને ડોસીઓના સ્વભાવમાં ખૂબ જ તફાવત હતો. એક ઉદાર હતી જ્યારે બીજી હતી કંજૂસ. ઉદાર ડોસી વખતોવખત ગરીબ લોકોને કંઈ ને કંઈ આપતી રહેતી, જ્યારે કંજૂસ ડોસી બધું જ ભેગું કર્યા કરતી.

એક દિવસે ગાજવીજ સાથે મૂસળધાર વરસાદ વરસવા લાગ્યો. આખો દિવસ પસાર થઈ ગયો, પણ વરસાદ કેમે કર્યો થોભે નહિ. રાતનો સમય હતો. કંજૂસ ડોસી વાળુ કરવા બેઠી હતી. તેવામાં બારણે ટકોરા પડયા. ટકોરા સાંભળી ડોસી તો ચમકી. તોફાનમાં ભૂલું પડેલું કોઈ આવ્યું હશે અને મારા ખાવામાંથી ભાગ પડાવશે એ બીકે એણે તો ઝટપટ જેટલું ખવાય એટલું ખાધું પછી વધેલું ઢાંકી દઈ, હાથ-મોં ધોઈ તે બારણું ઉઘાડવા ગઈ. જુએ છે તો બારણે એક સાધુ આવીને ઊભો છે.

સાધુ શાંત અવાજે બોલ્યો: 'માઈ, આ ભયંકર તોફાનમાં બિચારાં ગરીબ લોકો ઘરબાર વિનાનાં થઈ ગયાં છે. એ લોકો ટાઢે ધ્રૂજતાં આશ્રમમાં આશરો લેવા આવ્યાં છે. આજની રાત એ લોકોને આશરો આપવો રહ્યો. પણ અમારી પાસે પહેરવા ઓઢવાનું એ લોકોને આપી શકાય એટલું નથી. માટે તમે થોડું ઘણું આપશો તો ભગવાન તમારું ભલું કરશે.'

પેલી ડોસીનો જીવ ઊંચોનીચો થઈ ગયો. તે બોલી, 'મહારાજ, હું તો ગરીબ છું મારી પાસે આપવા જેવું કંઈ જ નથી. પૈસાવાળાને ત્યાં જાઓ તો ઘણું મળી રહેશે.'

સાધુ બોલ્યો, 'માઈ, એક રાત ખાતર એકાદ ધાબળો પણ આપી ન શકે? એ લોકો જશે એટલે પાછો આપી દઈશું.'

ડોસી તો અકળાઈ ગઈ. થોડાક દિવસ ઉપર જ એણે એક ગરમ ધાબળો વેચાતો લીધો હતો. પણ એ શી રીતે આપી શકાય? તોયે કમને તે અંદર ગઈ અને કંઈક આપી શકાય એવું શોધવા લાગી.

એક જૂનો ધાબળો એના હાથમાં આવ્યો પણ એને વિચાર આવ્યો: 'આ મને જેવડો જોઈએ એટલો જ છે. સાત વરસથી એને વાપરું છું, પણ હજી કામ આવે એવો છે. મારો આવો સારો ધાબળો બીજી કોઈ ડોસી જેમ તેમ ઓઢીને ફાડી નાખે તો? એ બધીઓને ખ્યાલ ક્યાંથી આવી શકે?. મારો તો ધાબળો જ ફાટે ને!'

થોડી વાર થંભીને પાછી એ વિચાર કરવા લાગી: 'ધારો કે મારો આ ધાબળો હું આપું. પણ એને ઓઢનાર કોણ જાણે કયા રોગે પીડાતું હશે. એના રોગના જંતુ પછી મારે ત્યાં આવે એના કરતાં ન આપું એ જ સારું.'

એમ વિચાર કરી એ ધાબળો બાજુએ મૂકી દીધો અને ખૂબ શોધ્યા પછી એક ચીંથરેહાલ ચાદર એના હાથમાં આવી. એને થયું, 'ભલે આ ચાદર જ આપું. એ પણ આઠ વરસ પહેલાં કેટલી સારી હતી!'

ડોસીએ ચાદર સાધુને આપી. સાધુ બોલ્યો, 'માઈ, આ ચાદર

સિવાય બીજું તારી પાસે કંઈ જ નથી? એ બિચારી ટાઢે થથરતી ડોસીઓ માટે ગરમ કંઈક હોય તો આપો ને?'

પણ ડોસીએ તો લાચારી બતાવી.

પછી સાધુ પેલી ઉદાર-ડોસીને ત્યાં ગયો. એ ડોસીએ તો પોતાનો નવો ધાબળો તેમ જ બીજાં બધાં કપડાં સાધુને આપ્યાં. ડોસીએ ઘરમાંથી લગભગ બધું જ સાધુને ચરણે ધરી દીધું.

સાધુ પ્રસન્ન થઈ ત્યાંથી આગળ ગયો.

થોડી વાર પછી એકાએક ભારે તોફાન થયું. વીજળીના ચમકારા થવા લાગ્યા. ત્યાં તો મોટા અવાજ સાથે વીજળી બંને ડોસીઓના ઘર પર તૂટી પડી. માંડમાંડ બંને ડોસીઓ જીવતી બહાર નીકળી આવી. બંનેનાં ઘર બળીને ખાખ થઈ ગયાં!

બંને ડોસીઓ નિરાધાર થઈ ગઈ. ત્યાં તો સાધુનો સાદ સંભળાયો: 'ચાલો, પેલા આશ્રમમાં તમને આશરો મળશે.'

બંને ડોસીઓ આશ્રમમાં ટાઢે થરથરતી ગઈ. ત્યાં બધી વસ્તુઓ એક ઓરડામાં પડેલી હતી. સાધુ બોલ્યો, "મૈયા, અહીં તમારું જે છે તે પાછું લઈ લો. તમે તે દાન કર્યું હતું એ તમને પાછું મળે છે."

પેલી કંજૂસ ડોસીના નસીબમાં એની ચીંથરેહાલ ચાદર પાછી મળી, જ્યારે પેલી ઉદાર ડોસીને તો બીજાને પણ આપી શકાય એટલું મળ્યું.

મુકુલભાઈ

માણસ પોતે જ પોતાનાં સુખ દુઃખનું કારણ છે, એવો મને અનુભવ થાય છે.

ગાંધીજી

માખી અને તાલિયો

[ઈસપની એક વાત]

નાની શી માખ કેટલી તોફાની છે, એ આપણે જાણીએ છીએ. આપણે ઉડાડ ઉડાડ કરીએ, પણ એ તો એવી નફ્ફટ છે કે તે આવી આવીને બેસવાની જ. આપણને આથી ખૂબ પજવણી થાય છે. પણ તેથી તેને શું?

એક માથે તાલવાળો માણસ હતો. ઊડતી ઊડતી એક માખ આવીને તેની તાલ ઉપર બેઠી અને ચટકો માર્યો. તાલિયાએ તરત માથા પર ટપલી મારી; પણ તે પહેલાં માખ ઊડી ગઈ! ટપલી બિચારાને પોતાને જ વાગી; અને તાલ પર તે ખરેખર ચોંટી ગઈ. હજી તેનો ચચરાટ મટ્યો પણ નહોતો, ત્યાં તો માખ પાછી આવીને તાલ પર બેઠી. માણસ વધારે છંછેડાયો, અને આ વેળા જરા જોરથી ટપલીનો ઝપાટો માર્યો. આ વખતે પણ માખી તો છટકી ગઈ; બિચારાને ટપલી ફરી બરોબર ચોંટી ગઈ!

આટલું બસ ન હોય તેમ, માખી આ ગમત જોઈ ને હસવા લાગી; 'તને કેવો બનાવ્યો!' એમ જાણે ન કહેતી હોય!

તાલિયો કહે, 'તું મૂર્ખ છે. તને ભાન નથી. જે ટપલીથી તને હસવું આવે છે, તે જો તને જ લાગતને, તો તારા તો પ્રાણ જ જાત! મને તો ઠીક છે, જરા લાગ્યું ન લાગ્યું; પરંતુ તું સંભાળજે. ગમત માનીને જો આવે ચાળે ચડીશ તો કોઈક વાર જીવ ખોઈ બેસીશ. બીજાને પજવણી કરીને તેનું ટીખળ કરવું એ ઠીક છે; પણ એ પજવણી પોતા ઉપર પાછી વળીને આવે તેનો ખ્યાલ રાખવાનું ભૂલવું નહીં.'

૬–૮–'૫૦ મગનભાઈ દેસાઈ

ઘરકામ

દરેક ઘેર સવારથી સાંજ સુધી થતું કામકાજ જો જુઓ, તો શું જોવા મળશે? નાનાં મોટાં અને ભાત ભાતનાં કામો ઘેરઘેર કરવાનાં હોય છે. પાણી ભરવું, ઢોર હોય તો તેનું વાસીદું વાળવું, તેને દાણોપાણી નીરવું, ઘરનો કચરોપૂંજો વાળવો, કપડાં ધોવાં, દળવું, ખાંડવું, રાંધવું, વાસણ માંજવાં, કાંતવું, સીવવું, મોરી પાયખાનું સાફ રાખવાં — વગેરે કેટલાં બધાં કામો કરવાનાં હોય છે? તે ન કરીએ તો આપણું ઘર ઘડીભર ન ચાલે. એ કર્યા વગર જીવન નભી ન શકે.

આ બધાં કામ કોણ કરે છે?

મોટે ભાગે દરેક ઘરનાં માણસો જ તે કરે છે. થોડાક પૈસાદાર લોકો તેને માટે નોકરો રાખે છે.

વળી ઘરમાં ઘણું કરીને સ્ત્રીઓ આ બધાં કામ કરે છે; પુરુષો ભાગ્યે જ તેમાં હોય છે.

આ બધાં કામ જાતમહેનતનાં છે. લોકોમાં તે હલકાં કામ મનાય છે. તેથી તે જાતે ન કરવાં પડે તો સારું, એમ સૌને લાગે છે. તે કરવા માટે નોકરો હોય તો તેમને નીચા માની તેમની જોડે તે પ્રમાણે વર્તવામાં આવે છે.

આપણા સમાજમાં આ એક બહુ ખોટો વિચાર પેસી ગયો છે. તેથી કરીને લોકો જાતમહેનતને હલકી ગણી કાઢે છે. આ એક ભારે ભૂલ છે. કોઈ પણ જરૂરનું કામ કરવામાં શરમ શી? તેને શું કામ હલકું ગણવું જોઈએ? આપણું કામ બધાં મળીને ન કરી લઈએ તો કોણ કરે?

અને એ કામ સ્ત્રીઓ કરે અને પુરુષો ન કરે, એવું શું

કામ મનાય? છોકરાઓ બેઠા રહે કે રમે કૂદે ને ભણે; અને છોકરીઓ જ ઘરકામ તો કરે, એવું શું કામ?

આ ખોટો ખ્યાલ સુધારવાને માટે ગાંધીજીએ જીવનભર મહેનત કરી હતી. તે કોઈને ઊંચો કે નીચો ગણતા નહિ. તેમને મન કોઈ કાણ હલકું નહોતું. અને આ વસ્તુ તેમણે પોતાના જીવનમાં પાળીને બતાવી છે.

તેમના પિતાશ્રી કબા ગાંધી રાજકોટના દીવાન હતા. ઘરમાં ાકરચાકર હમેશ રહેતા. ગાંધીજી હુ નાના હતા ત્યારે તેમના ારમાં રંભા નામે એક કામવાળી હતી. એ બાઈ ઉપર ગાંધીજી સગી માની જેમ વહાલ રાખતા અને માન આપતા.

મોટપણમાં તે બારિસ્ટર થઈ મુંબઈમાં વકીલાત કરતા હતા. તે વખતે તેમણે રસોઈ માટે મહારાજ રાખ્યો હતો. વિલાયત જઈ આવેલા એટલે તે અંગ્રેજી ઠાઠમાં રહેતા. છતાં મહારાજને તે નોકર તરીકે ન ગણતા. તેને રાંધવામાં મદદ કરતા: અરધું મહારાજ રાંધે, અરધું પોતે રાંધે; અને મહારાજને ચોખ્ખાઈ શીખવતા જાય. ઘરના એક માણસ તરીકે તે એને ગણતા.

મુંબઈથી તે દક્ષિણ આફ્રિકામાં બારિસ્ટરી કરવા ગયા હતા. ત્યાં તેમની કમાણી મોટી હતી અને ઘરખટલો ભારે હતો છતાં પાયખાનું સાફ કરવું, કપડાં ધોવાં, એવાં બધાં કામો ગાંધીજી અને કસ્તૂરબા હાથે કરતાં. ઘરમાં નોકરો અને મહેતાઓ રાખતા હતા. પણ તે સૌને ઘરનાં માણસો તરીકે તેઓ પોતાની સાથે રાખતાં અને તેમનું કામ પણ કેટલુંક પોતે કરતાં.

દક્ષિણ આફ્રિકાથી હિંદમાં

આવ્યા અને સત્યાગ્રહાશ્રમ સ્થાપ્યો. આશ્રમમાં બધાં કામો હાથે કરવાં, નોકર ન રાખવા, એવો નિયમ જ કર્યો હતો. આશ્રમમાં સ્ત્રી પુરુષો સૌ મળીને ઘરકામ કરતાં. જેને સેવા અર્થે જીવવું છે તેને વળી નોકર શું ને શેઠ શું?

પાયખાનું સાફ કરવું એને તો સમાજમાં હલકામાં હલકું કામ ગણી કાઢવામાં આવે છે. તે કામ કરનારને અસ્પૃશ્ય ગણી તરછોડાય છે. એટલે આ કામને ગાંધીજીએ ખૂબ મહત્ત્વ આપ્યું છે. એટલે સુધી કે પોતે ધંધે ભંગી છે એમ તે પોતાને માટે કહેતા.

ગાંધીજી પોતાના જીવનના છેલ્લા દિવસ સુધી રોજ અમુક તાર કાંતતા. તે શું કામ? કેમ કે તે આવાં નાનાં મોટાં જાત-મહેનતનાં કામો કરવાં તેને યજ્ઞ માનતા હતા. તે ન કરીએ તો આપણું ઘર ન ચાલી શકે.

નાનાં મોટાં, છોકરા છોકરી, સૌએ ઘરકામમાં બને તે કામ કરવું જોઈએ.

(મળેલું)

નજીકનો છતાં અજાણ્યો પ્રદેશ

એક વખત ઘરની બાજુમાં થઈને કાંઈ વાઘરી જેવો મજૂર માથે પોટલું મૂકી કંઈ વેચવા જતો હતો. તેને જોઈને છોકરાએ માને કહ્યું: 'આ કંઈક શાક વેચે છે. આપણે લેવું છે?' માએ તેને બોલાવ્યો અને પૂછ્યું: 'અલ્યા! લાવ જોઈએ. શું વેચે છે?' તેણે કહ્યું: 'થેગ.'

મા — બતાવ જોઈએ. કેવું છે!

મ૦ — લો, જુઓ.

મા — અલ્યા! આ તો જુવાર જેવા દાણા છે. જારનું રૅશનિંગ છે. ને તું આ ક્યાંથી લાવ્યો!

એવામાં છોકરાના પિતા આવ્યા. તેમણે દાણા જોઈને કહ્યું 'એ તો જાર નથી પણ થેગ છે. એ નામનું ઘાસ નળકાંઠાની ભૂમિમાં મોટા પ્રમાણમાં ઊગે છે. તેના છોડને મૂળ ઉપર મગફળીની માફક આ થેગના દાણા

બેસે છે. દાણા ઉપર કાળું પડ હોય છે. દાણાને શેકીને સાફ કરવામાં આવે ત્યારે તેમાંથી આ જાર જેવા દાણા નીકળે છે. આ દાણા જુવારના જેવા નથી પણ લંબગોળ છે અને કદમાં પણ જુવારના કરતાં મોટા છે. તે દૂધથી ભરપૂર હોય છે અને જારના પોંક જેવા મીઠા લાગે છે. કેટલાક લોકો તેને ઉપવાસના દિવસે ફરાળમાં વાપરે છે. આ લોકોનો તો એ રોજનો ખોરાક છે. અમદાવાદથી પશ્ચિમે લગભગ ત્રીસ માઈલ પર આ પ્રદેશ આવેલો છે છતાં આપણને તેની કંઈ ખબર નથી. કેમ કનુ, તારી ભૂગોળમાં આ પ્રદેશનું વર્ણન આવે છે કે નહિ?

કનુ—ના, બાપુ. અમારે અત્યારે એશિયા ખંડ ચાલે છે.

પિતા—હવે સરકારે શાળાઓમાં ઉદ્યોગ અને વર્ધાયોજના પ્રમાણે શિક્ષણ દાખલ કર્યું છે છતાં અમદાવાદની આજુબાજુની ભૂગોળ શીખવતા નથી?

કનુ—અમારા વર્ગમાં એ નથી શીખવતા. પણ તમે કહો કે આ વેચનારો ક્યાંથી આવે છે?

પિતા—આ લોકો નળકાંઠા વિભાગનાં બાર ગામોમાં વસે છે અને 'પઢાર' કહેવાય છે. તેઓ આદિવાસી જેવા છે અને તેમની વસ્તી આશરે ચાર હજાર જેટલી છે. તેઓ ખેતી અને મજૂરી કરે છે પણ તેમાંથી તેમને બહુ મળતું નથી એટલે વરસનો ઘણો ભાગ આવા દાણા જમીનમાંથી ખોદી કાઢીને તે ઉપર ગુજારો કરે છે. ખાતાં કરતાં કંઈ વધારો હોય તે આવી રીતે વેચી ખાય.

પુત્ર—એનું નામ નળકાંઠો શાથી પડયું હશે?

પિતા—એની દંતકથા એવી છે કે પ્રાચીન કાળમાં નળરાજા અહીં થઈને પસાર થયેલા ત્યારે તેમને ખૂબ તરસ લાગેલી અને અહીંના વિશાળ સરોવરમાંથી તેમને મીઠું સાકર જેવું પાણી પીવા મળેલું. ત્યાર પછી તેઓ અહીં થોડો વખત રહેલા પણ ખરા. તે ઉપરથી આ સરોવરનું નામ 'નળ સરોવર' પડયું એમ કહેવાય છે. અને એની આજુબાજુનો ૨૪ માઈલ પહોળો અને ૩૨ માઈલ લાંબો પ્રદેશ નળકાંઠાને નામે ઓળખાય છે.

પુત્ર—એ સરોવર હજુ છે?

પિતા—હા, છે. તે ઘણું લાંબું પહોળું છે. બાંધેલું નથી પણ તેનો પટ ૧૬ માઈલ લાંબો અને ૪ાા માઈલ પહોળો છે. એ પ્રદેશ નીચાણ પર આવેલો હોઈ ચોમાસામાં ચોમેરનું પાણી ત્યાં આવીને એકઠું થાય છે અને ઠેઠ વસંત ઋતુ સુધી ટકી રહે છે. તેનું પાણી નળરાજાના સમયમાં હશે તેવું મીઠું રહેતું નથી. ચોમાસું પૂરું થતાં સરોવરના છીછરા ભાગમાં પાણી કડૂચું થવા માંડે છે અને અમુક વખતે ખારું થઈ જાય છે. એ સરોવર-ના વિશાળ પટની આજુબાજુની ઝાડીમાં ભાતભાતનાં પંખીઓ ભેગાં થાય છે. એટલે તરાપા પર બેસીને સરોવરમાં ફરવાની મજા આવે છે.

પુત્ર—ત્યારે મને ત્યાં જોવા ક્યારે લઈ જશો.

પિતા—હવે તો ત્યાં સંતબાલજી મહારાજે તે લોકોમાં કામ કરવા માટે થાણાં નાખ્યાં છે એટલે તેમનો કંઈ કાર્યક્રમ હશે ત્યારે આપણે બધાં જઈશું.

પુત્ર—પણ આપણે વાતોએ ચઢ્યા ને આ બિચારો તો બેસી રહ્યો છે. એ વેચે છે તે આપણે લો.

પિતા—હા, જરૂર લો. તેનું નામઠામ અને ગામ પણ લખી રાખો જેથી આપણે એને ગામ પણ જઈશું.

પુત્ર—એ ઠેકાણે ક્યાં થઈને જવાય?

પિતા—એ પ્રદેશ મુખ્યત્વે સાણંદ, ધોળકા અને વિરમગામ એમ ત્રણ તાલુકા વચ્ચે વહેંચાયેલો છે. એટલે ધોળકાથી નજીક પડે અને વિરમગામ થઈને પણ જવાય. સંતબાલજી મહારાજના ગુંદી કે ભુરખીના આશ્રમ ઉપર થઈને પણ જવાય.

વિઠ્ઠલદાસ કોઠારી

જીવવું એટલે મોજ ઉડાવવી—ખાવું પીવું, કૂદવું—એમ નહીં, પણ ઈશ્વરની સ્તુતિ કરવી—એટલે કે માનવજાતની સાચી સેવા કરવી. ગાંધીજી

પ્રાણવાયુનું કાર્ય

દુનિયામાં ઘણા પદાર્થો પડયા છે. કેટલાક સળગી શકે તેવા હોય છે, કેટલાક સળગી શકતા નથી.

સળગી શકનારા પદાર્થોને હવા મળે તો તે સળગે છે. હવા નથી મળતી તો તે સળગી શકતા નથી.

સળગવા માટે હવામાં રહેલા પ્રાણવાયુની જરૂર પડે છે. પ્રાણવાયુને કેટલાક લોકો ઑક્સિજન કહે છે. હવામાં તેના પાંચમા ભાગ જેટલો ઑક્સિજન હોય છે.

કોઈ પણ પદાર્થ સળગે ત્યારે સળગાવવા ગરમી આપવી પડે છે. ત્યાર બાદ સળગવાની ક્રિયામાંથી ગરમી અને પ્રકાશ ઉત્પન્ન થાય છે. કોઈ કોઈ વખત સળગવામાંથી જ્યોત અગર બળતું નીકળે છે. સ્પિરિટ સળગે ત્યારે જ્યોત નીકળે છે પણ તે ઝાંખી દેખાય છે. તેમાં તેજ નથી હોતું પણ ગરમી ખૂબ હોય છે.

દિવેલના કોડિયામાં દિવેલ બળે ત્યારે જ્યોતમાં તેજ હોય છે અને ગરમી પણ હોય છે. સોની લોકો ઝારણ કરવા દિવેલના દીવે ભૂંગળી મૂકી ફૂંકે છે. ફૂંકવાથી દીવાને વધારે હવા મળે છે. તેથી તે વધારે ગરમી આપે છે અને એ ગરમીથી ઝારણ થઈ શકે છે. પણ જ્યારે સોની ફૂંકણીથી ફૂંકે છે ત્યારે દિવેલના દીવાની જ્યોત ઝાંખી થઈ જાય છે. તેમાંથી તેજ જતું રહે છે, અને ગરમી વધે છે. સ્પિરિટના દીવામાં પહેલેથી જ ગરમી હોય છે અને જ્યોત હોતી જ નથી.

કેટલીક ચીજો બહુ ધીમે બળે છે. ધીમા બળવામાં જ્યોત ઉત્પન્ન થતી નથી. ગરમી પણ થોડી થોડી જ નીકળ્યા કરે છે. ધીમા બળવામાં પ્રકાશ પણ આવતો નથી. સળગતા કોલસા લાલ પ્રકાશ આપે છે. તે પ્રકાશ અંધારામાં જોઈ શકાય છે. પરંતુ બહુ ધીમે બળનારી ચીજ તો વગર પ્રકાશે જ બળે છે. કોઈ બહુ ભીની ચીજ લાકડા ઉપર મૂકીએ તો લાકડું દાઝી જશે. તેમાંથી પ્રકાશ કે જ્યોત નહિ મળે. પણ લાકડું કાળું પડી ગયેલું દેખાશે.

સળગી શકે એવા પદાર્થોમાં મોટે ભાગે કાર્બન અગર કોલસાનું તત્ત્વ અને

હાઇડ્રોજન અગર જળવાયુનું તત્ત્વ હોય છે. તેથી એ પદાર્થ બળે ત્યારે કાર્બન તત્ત્વમાંથી કાર્બનનો ડાયોકસાઈડ અને જળવાયુનાં તત્ત્વમાંથી હાઇડ્રોજનનો ઑકસાઈડ થાય છે. હાઇડ્રોજનનો ઑકસાઈડ એટલે પાણી, અને કાર્બનનો ડાયોકસાઈડ એટલે કે સોડાની બાટલી ફોડીએ તેમાંથી નીકળે છે તે વાયુ.

ચુનાનું નીતર્યું પાણી ચોખ્ખા પાણી જેવું જ લાગે છે પણ તેમાં દાતણ બોળીને ઊંચું કરીએ તો તેને તે પાણીનું ટીપું વળગી રહે. સોડાની બાટલીમાંથી નીકળતા વાયુ ઉપર એ દાતણ રાખીએ તો પેલા ટીપાનો રંગ દૂધ જેવો સફેદ થઈ જશે. કાર્બનનો ડાયોકસાઈડ નીતર્યા ચૂનાના પાણીને દૂધ જેવું સફેદ બનાવે છે.

આપણે ખોરાક ખાઈએ છીએ. તે ખોરાક શરીરને ઘસારો પૂરો પાડે છે. વળી વધારામાં ખોરાકમાંથી ગ્લૂકોઝ નામની ખાંડ બની તે લોહીમાં ભળે છે. ફેફસાં મારફતે આપણે શ્વાસ લઈએ છીએ. શ્વાસમાં આપણે હવા લઈએ છીએ. એ હવામાં પાંચમા ભાગનો ઑક્સિજન હોય છે. તે લોહીમાં ભળી જાય છે. લોહીમાં ગ્લૂકોઝ અને ઑક્સિજન ભેગાં થાય છે. ત્યાં તે ગ્લૂકોઝ ઑક્સિજનની મદદથી બળે છે. આ બળવાનુ ખૂબ ધીમું ચાલે છે. તેથી તેમાંથી પ્રકાશ કે જ્યોત નીકળતાં નથી. પણ બળવામાં ગરમી ઉત્પન્ન થાય છે. એ ગરમીથી જ આપણું શરીર ગરમ રહે છે. મરી ગયેલા માણસનું શરીર ઠંડું પડી જાય છે. તેના શરીરમાં બળવાની ક્રિયા જ બંધ પડી ગઈ છે.

ગરમી એ શક્તિનો એક પ્રકાર છે. શરીરમાં થતા ધીમા દહનથી ગરમી સિવાયની બીજી શક્તિઓ પણ પેદા થાય છે. એ શક્તિના જોરે માણસ કામ કરે છે. એ શક્તિને જોરે જ ફેફસાં શ્વાસોશ્વાસ લઈ શકે છે અને હૃદય આખા શરીરમાં લોહી પહોંચાડે છે. ટૂંકામાં જીવવામાં વપરાતી તમામ શક્તિ શરીરમાં થતા ધીમા દહનને આભારી છે.

બંસીલાલ ગાંધી

સુધારો

તા. ૧લીના અંકના ૩૨મા પાન પર બીજા કોલમમાં ચોથી લીટીમાં 'ઑકટોબર'ને બદલે 'ઑગસ્ટ' વાંચવું.

પૂરું થતું પખવાડિયું

વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ આસામના ધરતીકંપને લીધે થયેલી ખુવારીની જાતતપાસ કરવાને તથા સંકટમાં સપડાયેલા લોકોના રાહત-કાર્યનું નિરીક્ષણ કરવાને આસામની મુલાકાત લીધી હતી.

અકાલી નેતા માસ્તર તારાસિંગની ગઈ તા. ૭મીએ અમૃતસરમાં તેમના નિવાસસ્થાનેથી વાંધાભર્યાં ભાષણો કરવા માટે ધરપકડ કરવામાં આવી છે.

કૉંગ્રેસના પ્રમુખપદ માટેના ત્રણ ઉમેદવારોમાંથી શ્રી પુરુષોત્તમદાસ ટંડનને સૌથી વધુ મત મળ્યાથી તેઓ ચૂંટાયેલા જાહેર થયા છે.

નાણાપ્રધાન શ્રી ચિંતામણ દેશમુખની ગેરહાજરી દરમ્યાન રાજાજી નાણાખાતું સંભાળશે.

ગઈ તા. ૯મીએ પૂર્વ પાકિસ્તાનમાં ચિત્તાગોંગ એક્સપ્રેસ પાટા પરથી ઊતરી પડવાથી ગંભીર રેલવે અકસ્માત થવા પામ્યો હતો. અકસ્માતમાં પચાસ માણસો માર્યા ગયા હતા અને બીજા ઘણા ઉતારુઓને ઈજા થવા પામી હતી.

વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ તા ૯મીએ રાત્રે ધરતીકંપ તેમ જ રેલની આફતમાં આવી પડેલા આસામની તેમની મુલાકાત અંગે રેડિયો પર પ્રવચન કરતાં સંકટગ્રસ્ત આસામને ઉદાર હાથે મદદ કરવાની ભારતની પ્રજાને અપીલ કરી હતી.

તાજેતરમાં અમદાવાદ શહેરની મુંબઈ ધારાસભાની ખાલી પડેલી એક સામાન્ય બેઠક માટે થયેલી પેટા ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવાર શ્રી હિંમતલાલ શુક્લ મોટી બહુમતીથી ચૂંટાયા છે. તેમની સામે ઊભા રહેલા ઉમેદવારની ડિપોઝીટ જપ્ત થઈ છે.

મ૦

વિષયસૂચિ		પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

રજિ૦ નં. બી ૫૮૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ છમાસિક " " રૂ. ૨ — અમદાવાદ, ૧લી ઑક્ટોબર, ૧૯૫૦ — વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂ ૫; શિ. ૮

અસ્પૃશ્યતા — ૨

હિંદુ વર્ણવ્યવસ્થાનો હું પક્ષ લઉં છું, હમેશાં લેતો આવ્યો છું; અને છતાંયે હિંદુઓમાં ઘર કરી બેઠેલી અસ્પૃશ્યપણાની ભાવનાને હું માનવજાતિની સામે ઘોરમાં ઘોર અપમાનરૂપે ઓળખાવું છું. એ ભાવનાના મૂળમાં સંયમ નહીં પણ ઊંચપણાની ઉદ્ધત ભાવના જ રહેલી છે. એ ભાવનાએ પોતાની કોઈ પણ જાતની યોગ્યતા નથી બતાવી આપી; ઊલટા જેઓ કોઈ પણ વાતમાં આપણાથી જુદા નથી અને જેઓ અનેક દિશાઓમાં સમાજની ભારે સેવા બજાવી રહ્યા છે, તેવા મનુષ્યજાતિના એક પ્રચંડ જનસમૂહને આપણે માણસમાંથી કાઢી નાખ્યાનું ઘોર પાપ કર્યું છે. આ પાપમાંથી હિંદુ ધર્મ જેટલો સત્વર ઊગરી નીકળે તેટલી તેની મોટપ અને પ્રતિષ્ઠા છે. આ હીન ભાવનાને ટકાવવાની તરફેણમાં એક પણ

જીવનનું ખમીર

આજકાલ આપણે જોઈએ છીએ કે આપણે ઓછામાં ઓછી મહેનત કરીને વધારેમાં વધારે મેળવવા ફાંફાં મારીએ છીએ. યુદ્ધથી ભારેમાં ભારે હાનિ થતી હોય તો તે એ છે કે માનવીનું નૈતિક ધોરણ કંઈક નીચે ઊતરતું જાય છે. અને માણસો જાદુઈ લાકડીની શોધમાં વલખાં મારતાં હોય છે. જેમ જાદુઈ લાકડી ફેરવતાં જાદુગર જે જોઈએ તે હાજર કરી દે છે, તેમ આપણને પણ થાય છે કે, આપણામાં પણ એવી શક્તિ આવી જાય કે આપણે પણ એક દિવસમાં, અરે આંખના એક પલકારામાં, મોટા બની જઈએ, પૈસાદાર થઈ જઈએ. મહેનતનું નામ દેતાં જ આપણને તાવ ચડે છે. બાઈબલમાં કહ્યું છે: 'તું તારો પસીનો ઉતારીને તારી રોટી કમાજે ને ખાજે.' એ આપણને પોથીમાંનાં રીંગણાં જેવું લાગે છે.

અને તેથી જ આજે નૈતિક ધોરણ નીચું ઊતરતું જાય છે. મહેનત વિના મફતનું પડાવી લેવાનું મન આપણને થાય છે. જ્યાં મહેનતને તજવામાં આવે ત્યાં નીતિ કયાંથી હોય? જે માણસને પારકાની મહેનતે મોજમજા ભોગવવી છે તેનામાં નીતિ શી રીતે સંભવે?

જાતમહેનત એ જ જીવનનું ખમીર છે. માણસમાં માણસાઈ જાતમહેનત વડે જ આવે છે. જાતમહેનત કરનાર ગરીબમાં ગરીબ માણસમાં જે ઉચ્ચ માણસાઈનું દર્શન થાય છે તે લાખોપતિમાં નથી થતું. શ્રી રવિશંકર મહારાજે એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે:

બનાસકાંઠામાં પાંચાસર નામે ગામ છે. ત્યાં એક બાઈ પોતાની દીકરી સાથે રહે છે. એ બાઈનો ધણી ગુજરી જતાં તેની કમાણીના છસોએક રૂપિયા હશે તે એ બાઈએ એક વેપારીને આપ્યા અને કહ્યું, "ભાઈ, આ પૈસા એમની પાછળ સારા કામમાં વાપરજો." વેપારીએ વિચાર કરીને પાસેના ગામમાં કૂવો કરાવ્યો. વળી એ બાઈએ ત્રીસેક વીઘાં જમીન વેચીને તેમાંથી પરબ બંધાવી.

હવે એ બાઈ લાકડાં કાપીને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. મહારાજે એ બાઈને પૂછ્યું, "બહેન, તેં આ બધું શા માટે કર્યું?" બાઈ કહે, "એ તો ઘણી મહેનત કરીને હજી ઘડપણેય નહોતું આવ્યું અને ચાલ્યા ગયા! એમની મહેનતનું હું શું કામ ખાઉં?"

તે વખતે દુકાળને લીધે એક દિવસ દુકાળ રાહતવાળા માણસો સવાશેર ગોળ દરેક મજૂરને મફત આપતા હતા. પેલી બાઈની છોકરીએ તે લેવા ના પાડી. તેનું કારણ પૂછતાં તે કહે, "બધું ધર્માદા કરી દીધા પછી ધર્માદાનું કેમ લેવાય?"

આ ઉદાહરણ આપણને વિચાર કરતા કરી મૂકે છે. આવું જીવનનું ખમીર આપણામાં છે ખરું?

મને અહીં હાતિમ તાઈનો એક પ્રસંગ યાદ આવે છે. એક વાર હાતિમ તાઈને કોઈકે પૂછ્યું, "તમારા કરતાં વધુ લાયક માણસ તમે દુનિયામાં જોયો કે સાંભળ્યો છે?"

આ સાંભળી હાતિમ તાઈ બોલ્યા: "હા. એક વખતે મેં લોકોને મોટી મિજબાની આપી હતી. ઘણા લોકો એમાં આવ્યા

હતા. તે દિવસે સંજોગવશાત્ હું એકલો જંગલ ભણી ગયો હતો. ત્યાં મેં એક કઠિયારાને માથા પર લાકડાંનો ભારો લઈને જતો જોયો. મેં એને કહ્યું, 'અરે ભાઈ, હાતિમ તાઈએ આજે બધાને મિજબાનીમાં નોતર્યા છે. તું શા માટે ત્યાં નથી ગયો?'

"પેલા કઠિયારાએ કહ્યું, 'જે પોતાનો પસીનો ઉતારીને પોતાની રોટી ખાય છે તેને વળી હાતિમને ત્યાં જવાની શી જરૂર?' બોલો, આ માણસ મારા કરતાં વધારે લાયક કહેવાય કે નહીં?"

સુકુલભાઈ

વરુ અને માણસની ખોપરી

[ઈસપની એક વાત]

એક વરુ જંગલમાંથી જતું હતું. રસ્તામાં તેણે માણસની ખોપરી પડેલી જોઈ. વરુને થયું, આ શું છે? તેણે તેને પોતાનો પંજો મારી જોયો. ખોપરી જરાક ગબડીને ઊભી રહી: તેણે વરુને કાંઈ કર્યું નહીં કે કહ્યું નહીં. વરુને થયું, "આ પણ વિચારવા જેવી વાત ગણાય. આ ખોપરી જ્યારે માણસ હશે ત્યારે એ કેવો રૂડો રૂપાળો ને મજેદાર હશે? કેવો ખાઈપીને મજા ઉડાવતો હશે? ત્યારે કોઈ એનું નામ દેત તો? પણ આજે એ આમ પડેલો છે—ખાલી હાડકાંનું ખોખું માત્ર. એનો કશો ખપ પણ નથી. તો પછી એ માણસનું શું રહ્યું? તેની મોજમજા ને માનપાણી ક્યાં ગયાં? હા, એણે કાંઇક ભલું કામ કર્યું હશે તો તેને જ લોક આજે યાદ કરતા હશે."

૨૦-૯-'૫૦ મગનભાઈ દેસાઈ

ઈશ્વરશ્રદ્ધા

હું કદાચ હવા ને પાણી વિના જીવી શકું પણ ઈશ્વર વિના ન જીવી શકું. તમે મારી આંખો ભલે ફોડી નાખો; એથી હું મરી નહીં જાઉં. તમે મારું નાક કાપી નાખો; પણ એથી હું મરી નહીં જાઉં. પણ તમે મારી ઈશ્વર વિષેની શ્રદ્ધા ઉડાવી દો તો મારા બાર વાગી જવાના.

ગાંધીજી

ન્યાય આપો

સાબરકાંઠા જિલ્લામાંથી એક ગામના હરિજનો જણાવે છે: "અમારા ગામે એક સાર્વજનિક કૂવો સરકારી ખર્ચે થતો હતો. આ કૂવામાંથી હરિજનો પાણી ભરશે એવું લાગવાથી કૂવાનું કામ જરા નરમ રહ્યું. પણ અમે તો હિંમત રાખી પાણી ભરવાનું શરૂ કર્યું. કેટલાકે વિરોધ કર્યો. તેમની સામે કેસ થયો. ગામે કૂવાનો બહિષ્કાર કર્યો છે છતાં અમે હિંમત રાખી પાણી ભરીએ છીએ."

આ બાબતમાં હરિજનોએ જે નૈતિક હિંમત બતાવી તેને માટે તેમને અભિનંદન ઘટે છે. પરંતુ હરિજનોને આ રીતે હક્કને માટે લડવું પડે તેને બદલે રાજી-ખુશીથી ગામના તમામ સાર્વજનિક કૂવાઓ તેમને માટે ખુલ્લા થાય એ કેટલી આનંદદાયક ઘટના છે? હરિજન વાસમાંથી આવતું કોઈ પશુ તળાવ કૂવાના જે હક્કો ભોગવી શકે તે મનુષ્ય ન ભોગવી શકે?

પરીક્ષિતલાલ મજમુદાર


1945

રેંટિયા બારસ

રેંટિયા બારસ એટલે ગાંધી-જયંતિ નહીં જ. રેંટિયા બારસને મારી જન્મતિથિની સાથે જોડવામાં આવી છે, એ ખરું. એનું કારણ દીવા જેવું સ્પષ્ટ છે. પૂર્વે રેંટિયાને સ્વતંત્રતાની જોડે કંઈ લેવાદેવા નહોતી. જે હતી, તે તેની પાછળ રહેલી ગુલામી હતી. સૂકો રોટલો મેળવવા સારું બહેનોને કાંતવાની વેઠ કરવી પડતી હતી.

મારી કલ્પનાશક્તિએ ૧૯૦૮-ની સાલમાં જોયું કે ભારત-વર્ષના કંગાળોને સ્વતંત્ર થવું હોય, તો રેંટિયા ને સૂતરને ગુલામીની નિશાની ગણવાને બદલે તેને સ્વતંત્રતાની, અન્નપૂર્ણાની નિશાની ગણતાં શીખવું જોઈશે. . . . રેંટિયાની સાથે ભાદરવા વદ બારસ જોડાઈ, તે પહેલાં . . . કોઈએ મારી જન્મતિથિ ઊજવ્યાનું મેં જાણ્યું ન હતું. હું દક્ષિણ આફ્રિકામાં લોકોમાં ઠીક ઓળખાયો હતો, છતાં ત્યાં મારી જન્મતિથિ કોઈ ઊજવતું, એવું મને સ્મરણ નથી. અહીં જ એની સાથે રેંટિયો જોડાયો ને રેંટિયા બારસની પ્રથા ચાલી. ને અંગ્રેજી તારીખ પણ તેને લગતી હોવી જોઈએ એટલે ભાદરવા વદ બારસ ને ઑક્ટોબર ૨ એમ બે રેંટિયા દિવસ થયા. ખરી ઉજવણી તો ત્યારે જ ગણાશે, જ્યારે ઘેર ઘેર સ્વતંત્રતા અને અહિંસાના પ્રતીક રૂપે રેંટિયો ગુંજન કરે. થોડી ગરીબ બહેનો, ભલે એક કરોડ બહેનો, બે પૈસા મેળવવા કાંતતી હોય, તેને સારુ ઉજવણી શી? એમાં મહાભારત કામ શું થયું? એવું તો જુલમગાર રાજમાં પણ થઈ શકે, મૂડીવાદમાં પણ એવું દશ્ય હોય જ. અબજપતિના વૈભવને

સહ્ય કરવા સારુ ગરીબોને દાન હોય જ. ભલે તે દાન કાંઈ મજૂરીનું રૂપ લે. ઉજવણી તો જ દીપે, જ્યારે ધનિક, ગરીબ બધા સમજે કે, ઈશ્વરે બધાને એક સરખા ગણાવા પેદા કર્યા છે, બધાને ઉચ્ચ સ્થાન ભોગવવા સારુ મજૂરી કરવાની છે—અને બધાંની સ્વતંત્રતાની રક્ષા દારૂગોળો નહીં કરે, સૂતરના ગોળા કરશે, હિંસા નહીં, પણ અહિંસા કરશે.

બહારનું વાતાવરણ જોઈએ, તો ઉપરની વાત હાસ્યજનક લાગે છે. ઊંડા ઊતરીને વિચારી જોતાં એ જ વાત ખરી છે, એ જ વાત અમર છે. . . . અત્યારે તો એ બતાવનારી શ્રદ્ધા રેંટિયા ભગતો બતાવી રહ્યા છે ને આપણે બધા એ જ રીતે રેંટિયા બારસ અને ઑક્ટોબર બીજીને સમજી અને ઊજવીએ.

(ગાંધીજીનાં લખાણોમાંથી સંકલિત)

કર્મયોગી માળી

ઔરંગઝેબની પત્નીની કબર ઔરંગાબાદમાં છે. કબરના બગીચામાં નામદેવ માળીનું કામ કરતો હતો. નામદેવ ઢેડ હતો. પરંતુ સૌજન્ય અને સત્ય કંઈ જ્ઞાતિના બંધનને ઓળખતાં નથી.

બગીચામાં ઘર હતું. એમાં મૌલવી સાહેબ રહેતા હતા. જ્યારે જ્યારે મૌલવી સાહેબ બગીચામાં નજર કરે ત્યારે નામદેવ હંમેશાં કામ કરતો હોય. ખરી ગયેલાં પાંદડાંનો કચરો નામદેવ દૂર કરીને એનું ખાતર બનાવે. તળાવમાંથી પાણી લાવી ઝાડને-છોડવાને નિયમિત રીતે પિવડાવે. છોડવાને ખીલતા હસતા જોઈ નામદેવ ખૂબ રાજી થતો.

નામદેવને સંતાન ન હતાં.

પરંતુ ઝાડો અને છોડવાને જ તે સંતાન તરીકે ઉછેરતો.

ઘણી વાર નામદેવ કોઈક છોડ આગળ બેઠો હોય, છોડને હાથથી પંપાળે—અને ખૂબ શાંત રહી પવનથી હાલતાં પાંદડાંનો ખખડાટ સાંભળે—જાણે છોડ એની સાથે વાત કરતા ન હોય! કોઈ છોડમાં જંતુ લાગે તો નામદેવ ઝટ તેને દૂર કરે—જંતુ-નાશક દવા છોડ પર ચોપડે—મા જેટલી કાળજી રાખી છોડનું આરોગ્ય જાળવે.

બગીચામાં રહીને ઝાડ-પાલામાં રહેલી ઔષધિની ઓળખ એણે કરી લીધી. કોઈક બાળકો માંદાં પડે તો નામદેવ વનસ્પતિ ઔષધિના ઉપચાર કરે. દૂર દૂરનાં માબાપ પોતાનાં બાળકોને નામદેવ પાસે લાવતાં. વનસ્પતિ ઔષધિથી નામદેવ તેમને સારાં કરે. વળી કોઈક વખત પડોશના ગામના લોકો નામદેવને પોતાના ગામનાં બાળકોની સારવાર કરવા બોલાવે. નામદેવ ખુશીથી ત્યાં જતો પરંતુ કદી પણ નામદેવ દવાના પૈસા લેતો નહિ.

નામદેવ સ્વચ્છતા ખૂબ જ રાખતો. એનું શરીર, એનું મન, એનો બગીચો, એની ઝૂંપડી બધું જ ખૂબ સ્વચ્છ રહે.

એક વખત વરસાદ ન આવ્યો. કૂવામાં પાણી સુકાવા લાગ્યાં. નામદેવના બગીચા પર આફત આવી પડી. બધા છોડો-ઝાડો સુકાવા લાગ્યાં. પરંતુ નામદેવના બગીચાનાં ઝાડો અને છોડવા તો ખીલતાં જ રહ્યાં.

આમ કેમ થયું? નામદેવ બહુ દૂરના કૂવામાંથી રોજ પાણીના ઘડા લઈ આવતો. રાત્રે પણ ત્યાં પહોંચી જાય, જેથી કૂવાના ઝરણાનું તાજું પાણી

મળે. નામદેવ આટલી બધી મહેનત કરે — વધારાની મહેનત કરે. બગીચાના માલિકે એની વધારાની મજૂરી માટે વધુ પૈસા આપવા માંડ્યા.

નામદેવે તે ન લીધા, બાળકની મુશ્કેલીમાં વધુ મહેનત લેનાર મા કંઈ વધુ પૈસા લે છે?

નામદેવનો કર્મયોગ ચાલ્યા કરતો હતો. પરંતુ કર્તવ્ય કરતાં કરતાં જ ભગવાને એને બોલાવી લીધો. એનો અંત કરુણ આવ્યો.

બગીચામાં મોટો મધપૂડો હતો. કોઈકે એના પર પથ્થર નાખ્યો. મધમાખી ખૂબ જ ખીજવાઈ અને જે આવે તેને કરડવા લાગી. બગીચાના બીજા મજૂરો તો નાસી ગયા. નામદેવ કર્તવ્યભૂમિ પર જ સ્થિર રહ્યો. પરંતુ મધમાખીઓ એના પર તૂટી પડી. નામદેવ તો બગીચાનું કામ કરતો હતો. નામદેવના શરીર પર ડંખો ઠેકઠેકાણે લાગ્યા. ડંખો ઝેરી નીવડ્યા.

નામદેવ માળી હતો — માળીનું કામ કરતો કરતો જ તે ભગવાન પાસે ચાલ્યો ગયો.

નામદેવનો કર્મયોગ ગીતાનો કર્મયોગ હતો. પરંતુ એ તો ઢેડ હતો! ઢેડને ગીતા કોણે શીખવી!*

સંપાદક
દિલખુશ બ૦ દીવાનજી

* 'હરિજન'ના તા. ૧૩-૭-'૪૭ના લેખને આધારે

પાણી નીચે જાય છે તેમ દુર્ગુણોનો સ્વભાવ નીચે લઈ જવાનો છે એટલે એ સહેલા છે; સદ્ગુણ ઊંચે લઈ જાય છે એટલે એ મુશ્કેલ લાગે છે. ગાંધીજી

ભણેલાં માટે પ્રૌઢશિક્ષણ

જેમણે અક્ષરજ્ઞાન લીધું નથી તેમને ભણાવવા પ્રૌઢશિક્ષણના વર્ગોની વ્યવસ્થા કેટલેક સ્થળે થયેલી છે.

જેમણે હાથપગ ચલાવવાનું જ્ઞાન લીધું નથી અને શાળામાં ફક્ત અક્ષર-જ્ઞાન કે ઇતર વિષયો પૂરતી તાલીમ લીધી છે અને કારકુનની નોકરી સિવાય બીજું કશું કરવાની જેમનામાં આવડત નથી અને તે જ કારણે જે બીજું કશું કરવા ઇચ્છતા નથી તેમને માટે પણ પ્રૌઢશિક્ષણના વર્ગોની જરૂર છે.

આવા વર્ગોમાં સુથારીકામ, દરજી-કામ, લુહારીકામ, સ્ટવ રીપૅર કરવા, તૂટેલી ડોલને તળિયાં નાખવાં, ચાળણા-ચાળણી બનાવવાં, ઓછી જગા રોકે એવી સાળ ઉપર કપડાં વણવાં, તાળાં રીપૅર કરવાં, વાસણને કલાઈ કરવી, રેવણ કરવું, તૂટેલાં વાસણો સાંધવાં, ચણતરકામ કરવું, કૂવા ખોદવા, ગાળવા, છત્રી રીપૅર કરવી ઇત્યાદિ અનેક જાતનાં નાનાંમોટાં કામ શીખવી શકાય.

અભણ પ્રૌઢોને જેટલી અક્ષર-જ્ઞાનની જરૂર છે તેથી પણ વધારે જરૂર ભણેલા અપંગ માટે ઉપરની કોઈ એક આવડતની છે. તે ભણેલા છે, તે સિવાય તેમની પાસે કશું નથી.

આવા વર્ગોને બને તેટલા લોકપ્રિય બનાવવા જોઈએ. તેમાં પ્રતિષ્ઠિત માણસો, વકીલો, ડૉક્ટરો, વેપારીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ વગેરેએ મોટા પ્રમાણમાં જોડાવું જોઈએ.

આમ થશે તો ભણેલાં અને અભણ વચ્ચેનું અંતર એકદમ ઓછું થઈ જશે. એ બંને વર્ગ એકબીજાની વધારે નજીક આવશે. અને ઊગતી પેઢીમાં હાથપગ ચલાવવાના કામ પ્રત્યેની સૂગ આવશે નહીં.

પ્રૌઢશિક્ષણના આવા વર્ગોની જરૂરિયાત ઘણા સમયથી ઊભી થયેલી જ છે.

આવા વર્ગોનું સંચાલન અભણ કારીગરો પણ કરી શકશે. એટલું જ નહીં પણ શિક્ષણ લેનારાની વિચારશક્તિ અને વાચનનો લાભ કારીગરોને પણ મળતો રહેશે. ટૂંકમાં અંગ્રેજી રાજ્યના અમલમાં ભણેલા અને વગર ભણેલા વચ્ચે જે ફાચર વાગેલી છે તે નીકળતી જશે અને સરવાળે તમામ વર્ગનું કલ્યાણ થશે.

ખુશાલદાસ ગાંધી

ધર્મની સ્વતંત્રતાનો મૂળ હક

[નાગરિક મૂળ હકોનો આગળનો હપતો]

અંગ્રેજીમાં એક કહેવત છે કે, માણસ અન્ન ખાઈને જ જીવતો નથી; તે ઉપરાંત પણ તેના જીવનની જરૂરિયાતો છે. સારી રીતે જીવવા માટે તેને ધર્મ, નીતિ, પ્રેમ, ભક્તિ વગેરે આધ્યાત્મિક બાબતોના ખોરાકની પણ જરૂર છે. એટલે જાતસલામતીનો હક બસ નથી. તેને પોતાના અંતરાત્માના જીવન વિષે પણ સલામતી હોવી જોઈએ. કારણ કે મનુષ્યસમાજના ઇતિહાસમાં માણસોએ માણસો ઉપર ધર્મને નામે, નીતિને નામે, પરમેશ્વરને નામે પણ જોરજુલમ ગુજાર્યો છે. જેમ કે, યુરોપમાં ખ્રિસ્તી સંપ્રદાયોએ માંહોમાંહે ખૂબ ખૂનરેજી કરી હતી. આદિ ખ્રિસ્તીઓ ઉપર ન ગુજારવાના જુલમો ગુજારવામાં આવેલા. પારસીઓ ધર્મને સાચવવા માટે ઈરાનથી હિંદ આવ્યા હતા. અમેરિકા જઈને વસનારા થોડાક યુરોપી લોકો પણ એ જ કારણે યુરોપથી ત્યાં નાસીને ગયા હતા.

બીજા દેશોની સરખામણીમાં આપણા દેશમાં આ બાબતમાં બહુ પહેલેથી ઉદારતાની નીતિ રહેલી છે. અહીં ધર્મને નામે યુદ્ધો થયાં નથી. ધર્મની બાબતમાં જોર કરીને વટલાવવું, એ આપણે ત્યાંની પરંપરામાં જ નથી.

પણ ધીમે ધીમે એમાં ફરક થતો ગયો છે. છેલ્લાં કેટલાંક સૈકાંથી નવી અસરો પડતી ગઈ છે; અને તેથી બંધારણમાં આ વિષે પણ સ્પષ્ટ જોગવાઈઓ કરવાની જરૂર પડી છે.

આ જોગવાઈઓમાં રહેલો ઉદાર ભાવ ન સમજવાથી કેટલાક લોક કહે છે, આવું રાજ્ય તો ધર્મરહિત રાજ્ય ગણાય અને તે તો બહુ ખરાબ. આ અણસમજ છે. રાજ્ય કોઈ એક અમુક ધર્મસંપ્રદાયને ન માને, પણ સૌ પ્રત્યે સમાનભાવ ને ઉદાર દૃષ્ટિ રાખે, એ જ એક ધાર્મિકતા છે. અને એ ગુણ દરેક રાજ્યનો હોવો જોઈએ. તો જ તે ધર્મપરાયણ રાજ્ય થઈ શકે; નહીં તો તે ધર્મઝનૂની બનવા પૂરો ભય રહે.

ભારતનું રાજ્યબંધારણ આ ભયમાંથી મુક્ત રહે છે. ધર્મ એ દરેક નાગરિકના અંતરાત્માનો વિષય છે. તેમાં તેને કશો અંતરાય ન હોય;

એ વાતમાં તે જાણે અને તેનો પ્રભુ જાણે. જ્યાં સુધી સમાજના કલ્યાણમાં આડે ન આવે ત્યાં સુધી માણસને તેના આંતર કે આધ્યાત્મિક જીવનમાં દખલ કરવાનો કોઈને શું કામ અધિકાર હોય? રાજ્ય કે સરકાર પાસે પણ તે ન હોઈ શકે. સરકારે પ્રજાના વિવિધ ધર્મો પ્રત્યે નિષ્પક્ષ રહી પોતાનો ઉદાર ધર્મ સાચવવો જોઈએ.

આ પ્રકારનો વિચાર કરીને બંધારણ સભાએ બંધારણના કાયદામાં કહ્યું છે કે—

૧. જાહેર વ્યવસ્થા, નીતિ અને આરોગ્ય કે સુખાકારીની તથા સમાજહિતની બીજી મર્યાદામાં રહીને, બધા માણસો પોતપોતાના અંતરાત્માની સ્વતંત્રતાના સરખા હકદાર છે, અને છૂટથી પોતપોતાના ધર્મનું પાલન અને તેનો પ્રચાર કરી શકશે.

૨. કોઈ કહે, હરિજનોને મંદિરોમાં જવા દેવા કે બીજી સાર્વજનિક હિંદુ સંસ્થાઓનો ઉપયોગ કરવા દેવો, એ તો અમારી ધર્મ–સ્વતંત્રતા પર તરાપ છે. આથી કરીને સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આ ખરેખર નથી. રાજ્ય આવા અન્યાયો દૂર કરવા કાયદા વગેરે કરી શકશે.

૩. સમાજહિતની મર્યાદામાં રહીને દરેક ધર્મીઓ પોતપોતાની સખાવતો, સંસ્થાઓ વગેરે રચી શકશે; તેને અંગે મિલકત રાખી તેનો વહીવટ તેઓ કરી શકશે.

૪. જેનાં નાણાં કોઈ અમુક ધર્મ અથવા પંથ કે સંપ્રદાયના નિર્વાહ કે ઉત્તેજનને માટે ખાસ વપરાય, એવા કોઈ કરવેરા ભરવાની ફરજ કોઈને પાડી શકાશે નહીં.

૫. રાજ્યને પૈસે ચાલતી શિક્ષણ-સંસ્થાઓમાં ધર્મનું શિક્ષણ આપવામાં નહીં આવે.

અને રાજ્યે માન્ય કરેલી કે તેની મદદથી ચાલતી કોઈ શાળામાં ધર્મનું શિક્ષણ જો અપાતું હોય, તો તેમાં હાજર રહેવાની ફરજ પાડી નહીં શકાય. બાળક નાનાં હોય તો તેના વાલીની રજા લેવી જોઈશે.

આપણા જેવા દેશમાં જ્યાં અનેક ધર્મોએ આવીને ઘર કર્યું છે, ત્યાં આવી ઉદારતા એ જ સાચો ધર્મ છે. અને એમ સમજી દરેક ધર્મીઓ ચાલે

એ જોવાની રાજ્યની ફરજ થાય છે. ઉપરની કલમો આ ફરજ બજાવવામાં મદદરૂપ છે, અને દરેક નાગરિકને ધર્મની ઘટતી બધી સ્વતંત્રતા આપે છે.

૨૦-૯-'૫૦ મગનભાઈ દેસાઈ

પૂરું થતું પખવાડિયું

ગઈ તા. ૨૫મીથી મુંબઈ રાજ્યની ધારાસભાની શરદ ઋતુની બેઠક પૂના ખાતે શરૂ થઈ છે.

ગઈ ૨૦ તથા ૨૧મી તારીખે નાશિક મુકામે રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૫૬મું અધિવેશન બાબુ પુરુષોત્તમદાસ ટંડનને પ્રમુખપદે મળ્યુ હતું. બાબુ પુરુષોત્તમદાસની પ્રમુખ તરીકેની ચૂંટણી પછી દેશભરમાં એવી ચિંતા ફેલાઈ હતી કે નાશિક અધિવેશનમાં કૉંગ્રેસમાં ભંગાણ પડશે. પણ એવું કશું બનવા પામ્યું નથી અને અધિવેશનનું કામકાજ બહુ જ સફળ રીતે પાર પડયું છે.

અધિવેશનમાં કુલ નવ ઠરાવો પસાર થયા હતા. તેમાંના સાત દેશની આંતરિકનીતિ, પરદેશનીતિ અને આર્થિક બાબતોને લગતા હતા.

એ ઠરાવોમાં કૉંગ્રેસે બિન-સાંપ્રદાયિક લોકશાહીમાં પોતાનો વિશ્વાસ ફરીથી વ્યક્ત કર્યો. આર્થિક કાર્યક્રમના ઠરાવમાં તેણે નિયોજન કમિશનની સ્થાપનાને આવકારી છે તથા સરકારની અંકુશોને અંગેની નીતિને બહાલી આપી છે. વળી સરકારની પાકિસ્તાન અંગેની નીતિને પણ કૉંગ્રેસે મંજૂર રાખી છે.

મ૦

વિષયસૂચિ પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

રજિ૰ નં. બી ૫૮૩૩;

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૫

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧૫મી ઑક્ટોબર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

અસ્પૃશ્યતા — ૩

આટલા કાળ કચડાયેલા આ અસ્પૃશ્ય વર્ગને તજવા કરતાં તો મારા ચૂરેચૂરા થઈ જાય તોપણ હું સંતોષ જ માનું. હિંદુઓ પણ જો પોતાના ઉદાત્ત ઉજ્જવળ ધર્મને આ અસ્પૃશ્ય ભાવનાના કલંકથી છોડવી ન લેતાં આમ ને આમ કલંકિત રાખશે તો તેઓ કદી પણ સ્વતંત્રતાને લાયક ગણાશે નહીં. અને હું હિંદુ ધર્મને મારા પ્રાણથી પણ અધિક વહાલી વસ્તુ ગણું છું. તેથી જ આ કલંકનો ભાર મને અસહ્ય થઈ પડયો છે. હિંદુ સમાજના એક પંચમાંશ હિસ્સાને આપણી જોડે સમાન ભાવે મળવા ભળવાનો અધિકાર આપવાનો ઇન્કાર કરીને ઈશ્વરનો ઇન્કાર કરવાનો શું હિંદુઓ આગ્રહ ધરશે?

૧૯૨૧ — ગાંધીજી

ધૂળમાંથી ધાન

આમાં લખેલી જાપાની કુટુંબની વાત બનાવટી નથી. ખાદી શિબિરના મારા સાથી ભાઈ શ્રી દુર્યોધનસિંગની પોતાની જોયેલી છે, અને તેમણે વર્ણવ્યા મુજબ જ લખી છે. સાધારણ રીતે આપણને તો 'ધાનમાંથી ધૂળ' બનાવવાની ટેવ પડી ગઈ છે, એટલે આ વાત જાણવી જરૂરી લાગે છે. અને ઇચ્છીએ તો આપણે સૌ એમાંથી પદાર્થપાઠ લઈ શકીએ એમ છીએ.

૧૯૩૯ની વાત છે. મારા સાથી શ્રી દુર્યોધનસિંગ પૂના જવા મુંબઈથી ગાડીમાં ચડયા. મુસાફરોથી ડબ્બો ધીરે ધીરે ભરાવા લાગ્યો. પોતાનાં બેત્રણ બાળકો સાથે એક જાપાની કુટુંબ પણ એ જ ડબ્બામાં દાખલ થયું.

ગાડી સ્ટેશને સ્ટેશને રોકાતી આરામથી પૂના તરફ જતી હતી. ગરમીને લીધે બધાને તરસ લાગી હતી. એક સ્ટેશને શેરડી વેચવાવાળો આવ્યો. શ્રી દુર્યોધનસિંગે તે લીધી. ડબ્બાના બીજા પ્રવાસીઓએ પણ લીધી. જાપાની બાળકોની શેરડી ખાવાની ઇચ્છા હતી તેથી તેમનાં માબાપે પણ તે ખરીદી.

ટેવ મુજબ આપણા લોકો તો દાંતેથી શેરડી છોલી, બટકાં કરી ચૂસીને કૂચા ફેંકવા લાગ્યા. જાપાની કુટુંબે એમ ન કર્યું. એ લોકોનું શિક્ષણ જ અનોખું હતું. એ દંપતીએ ચાકુથી સુંદર રીતે શેરડીને છોલીને તેનાં છોડાં સાચવી રાખ્યાં. છોલ્યા બાદ માપસર ને સુંદર રીતે શેરડીની ગંડેરી કાપી. ત્યાર બાદ તે છોડાં ને ગંડેરી પોતાનાં બાળકોને ચૂસવા આપ્યાં.

બાળકોએ તે ચૂસીને ફેંકી ન દેતાં સાચવી રાખ્યાં.

શ્રી દુર્યોધનસિંગ અને એ ડબ્બાના બીજા કેટલાક મુસાફરો આ બધું આશ્ચર્યથી જોઈ રહ્યા. શેરડી તો આપણે ઘણી વાર ચપ્પુથી છોલીએ છીએ ને ગંડેરી પણ કરીએ છીએ; છતાં છોડાં ને ગંડેરી બધી સરખી થાય એટલી ચીવટથી કરતા નથી. આ લોકોનું આટલી ચીવટથી કરવાનું કારણ શું હશે એ પ્રશ્ન ઘણાનાં મનમાં ઉદ્‌ભવ્યો ને તેથી ઉત્કંઠાથી જોઈ રહ્યા.

જાપાની દંપતીએ સૌથી પહેલાં આ ચૂસેલા કૂચાને ધોઈ નાખ્યા. ત્યાર બાદ શેરડીનાં છોડાં વડે સુંદર પંખો બનાવ્યો ને કૂચામાંથી ફૂલ જેવો આકાર કરી તેને દોરીથી બાંધી માળા બનાવી. પછી પેટીમાંથી રંગનો ડબ્બો ને પીંછી કાઢીને બંને ચીજોને તેમાં જાતજાતના રંગો ખૂબ આકર્ષક બનાવી.

છેવટે પૂના સ્ટેશન આવ્યું. બધા ગાડીમાંથી ટપોટપ ઊતરી ચાલ્યા ગયા. શ્રી. દુર્યોધનસિંગ જલદી ન ઊતર્યા. એમને તો જાપાની પરિવાર આ પંખા અને ફૂલનું શું કરે છે, તે જોવા ખાતર બને ત્યાં સુધી એમની સાથે રહેવાની ઇચ્છા હતી. જાપાની પરિવાર સાથે તે ઊતર્યા અને ઘોડાગાડી કરી એ લોકોની સાથે જવા લાગ્યા. બંને શહેરમાં પહોંચ્યાં. જાપાની કુટુંબ ગાડી રોકીને ઊતરી પડ્યું અને બનાવેલાં પંખો અને માળા વેચી કાંઈક પૈસા મેળવ્યા!

આમ જાપાની કુટુંબે શેરડી મફતમાં ખાધી, નકામી ચીજોમાં શ્રમ અને કળા નાખીને શૂન્યમાંથી સંપત્તિ સર્જી!

('હરિજનબંધુ'માંથી) કનુ ગાંધી

મળની ગંદકી શી રીતે અટકે?

હાલમાં 'વધુ અનાજ વાવો'નો પ્રચાર ચાલે છે. વધુ અનાજ ઉગાડવા માટે ખાતર એ મહત્ત્વની વસ્તુ હોઈ સરકાર તરફથી ખાતરના ખાડા કરાવવાનો અને મિશ્ર ખાતર કરાવવાનો પ્રયત્ન થાય છે તે બરોબર છે. તે બાબતમાં વિશેષ ધ્યાન મળનું ખાતર બનાવવા પાછળ આપવાની જરૂર છે. તેમ નહીં કરવાથી કીમતી ખાતર બગડે છે અને વિશેષમાં ગંદકી ફેલાય છે. આ બદી એટલી ગંભીર છે કે તે વિષે ખાસ ધ્યાન આપવાની જરૂર છે. આ બદી કોઈ એક જગ્યાની કે પ્રદેશની નથી પણ ગામેગામની છે. દરેક જગ્યાએ લોકો જ્યાં ત્યાં મળત્યાગ કરે છે. તે બદબો મારે છે. પણ મોટા ભાગના લોકોને તેનો વિચાર નથી કે સૂગ નથી. આ લાગણી ક્યારે બદલાશે અને ગંદકી ક્યારે દૂર થશે? ગ્રામપંચાયતોએ આ પ્રશ્ન ખાસ ઉપાડી લેવો જોઈએ. કોઈ ગ્રામપંચાયતવાળું ગામ એવું ન રહેવું જોઈએ, જ્યાં મળનો દુરુપયોગ થતો હોય કે ગંદકી ફેલાતી હોય. આ કામ લોકોના સમજપૂર્વકના સહકાર વગર ન થઈ શકે. ગ્રામપંચાયત ખાડા જાજરૂ કે કાચાં જાજરૂની વ્યવસ્થા કરે છતાં લોકો તેનો ઉપયોગ ન કરે તો પંચાયત શું કરે? માટે લોકોમાં ગંદકી પ્રત્યે સૂગ કેળવાય અને ખાતર તરીકે તેની કિંમત સમજાય એ જ મહત્ત્વનું છે. તે સમજણ નાનાં બાળકોથી શરૂ કરીને ઘેર ઘેર પહોંચાડવી જોઈએ. શાળાઓનું અને પ્રૌઢ વર્ગોનું એ ખાસ કામ છે. ગ્રામસુધારણાનું એ મહત્ત્વનું અંગ છે.

વિઠ્ઠલદાસ કોઠારી

ઝાડ ઉછેરવાની સહેલી રીત

ખેતી અને ખેડૂત બંને માટે ઝાડ ઘણાં જ ઉપયોગી છે. ઝાડ રોપવાં અને ઉછેરવાં એ દરેક ખેડૂતની પવિત્ર ફરજ ગણાય. પરંતુ અત્યારે તો ઊંધો પવન વાય છે. ઝાડ રોપાય છે અને ઉછેરાય છે તેના કરતાં કપાય છે વધારે.

નવાં ઝાડ રોપવાં અને ઉછેરવામાં કદાચ કોઈને મુશ્કેલી લાગે તો એટલું તો કરી જ શકે કે જે ઝાડ ઊગેલાં છે તેને સાચવે. એટલું કરશે તોપણ ઘણું ઉપયોગી કામ થશે.

સામાન્ય રીતે ખેતરની વાડોમાં અને શેઢા ઉપર ચોમાસામાં આવાં ઝાડ ઊગે છે. આ રીતે ઊગવામાં લીમડો એ મુખ્ય છે. ચોમાસું ચાલે અને બીજો લીલો ચારો મળે ત્યાં સુધી તો ઢોર એને ખાતાં નથી. પરંતુ લીલો ચારો મળતો બંધ થાય ત્યારે એનાં પાંદડાં ઢોર ખાઈ જાય છે. આવા નાના છોડો ફરતી જો સામાન્ય થોરની અથવા બોરડીનાં ઝરડાંની વાડ કરી લેવામાં આવે તો ત્રણ ચાર વરસમાં વગર મહેનતે, ખેતરના શેઢે શીતળ છાંયો આપતાં ઝાડ તૈયાર થઈ જાય. આ રીતે જો બધા ખેડૂતો પોતાના ખેતરના શેઢાનાં ઝાડોને વાડોલિયાં કરીને સાચવે તો ખાસ પ્રયત્ન વગર ઘણાં ઝાડ ઊછરી શકે.

કનુભાઈ ના૦ પટેલ

આંખે ન જુએ તે આંધળો નથી; ખરો આંધળો તો પોતાના દોષને ઢાંકનાર છે.

ગાંધીજી

પ્રેમમાં પડેલો સિંહ

એક સિંહ હતો. જંગલમાં એક કઠિયારો આવતો જતો હતો. તેની છોકરીને સિંહે જોઈ. એ તો તેના ઉપર મોહાઈ પડ્યો! અને એક દહાડો છોકરીના બાપ પાસે જઈને કહે, 'મને તારી દીકરી પરણાવ.'

કઠિયારો સામે સિંહ જોઈને ગભરાયો. અને એની વાત સાંભળીને તો એ વળી વધારે ગભરાયો. પોતાની દીકરી સિંહને પરણાવવા તે ખુશી નહોતો. તેનાથી ડરીને દીકરીને ઓછી ગરદન મરાય? એટલે હિંમત કરીને તેણે તો સિંહને કહ્યું, 'જુઓ વનરાજ, તમે કહો છો તે ખરું; પણ મારો વિચાર નથી. માફ કરજો.'

સિંહ તો એ જવાબ સાંભળી તાડૂક્યો. તે ગુસ્સે થઈ ગયો, અને કઠિયારાને કહેવા લાગ્યો, 'તું મને ના કહે છે? જાણે છે? હું સિંહ છું.'

કઠિયારો હવે તો ગભરાયો. તેણે કહ્યું, 'જુઓ સિંહરાજ, વાત એમ છે કે, મારી દીકરી સાદી સીધી છોકરી. તે તમારા વિકરાળ નખ અને બિહામણા દાંત જોઈને છળે છે. એને તમારી જોડે કેવી રીતે પરણાવું?'

સિંહ — ઓહો, એટલું જ છે ને? હું નખ ને દાંત કાઢી નંખાવું તો?

કઠિયારો — વાહ! તો પછી શો વાંધો હોય?'

સિંહ દોડ્યો. તેણે તો દાંત અને નખ કઢાવી નંખાવ્યા. કન્યાના પ્રેમને ખાતર એટલું ન કરે?

દાંત અને નખ વગરના થઈને સિંહભાઈ પાછા કઠિયારા

પાસે પહોંચ્યા, 'ચાલ, હવે તારી દીકરી મને પરણાવ.'

કઠિયારો તૈયાર જ ઊભો હતો. તેણે જોયું કે સિંહને નથી દાંત રહ્યા ને નથી નખ. પછી શું? હાથમાંની કુહાડી લઈ તે સિંહ ઉપર તડૂક્યો: 'આવ્યો છે મોટો પરણવા.'

સિંહ સમજી ગયો. જીવ લઈને તે કઠિયારાને બારણેથી ભાગ્યો.

પ્રેમથી અંધ થઈએ તો, સિંહ જેવાની પણ આવી લાચાર દશા થાય. એનાથી સાવધ રહેવું જોઈએ.

૯–૧૦–'૫૦ મગનભાઈ દેસાઈ

આપણે શું જોવું જોઈએ?

આપણે ઘણું કરીને બીજાના દોષ જોવામાં જ રાચીએ છીએ. જાણે આપણે ઘણા સારા હોઈએ, કદાપિ ભૂલ કરતા જ ન હોઈએ એમ આપણે આપણી જાત માટે માનીએ છીએ. તેથી બીજાના નાના દોષને બહુ મોટું રૂપ આપી તેને વખોડવા લાગી જઈએ છીએ. એટલા માટે જ બાઈબલમાં કહ્યું છે: 'તારા ભાઈની આંખમાં જે નાનું કણું છે એ તું કેમ જુએ છે, ને તારી પોતાની આંખમાં જે મોટું કૂલું છે એનો વિચાર કેમ નથી કરતો?'

માટે આપણે બીજાના દોષ જોવાને બદલે આપણા દોષ જોતાં શીખીએ તો જરૂર તેથી આપણને લાભ થાય અને આપણે આપણા જીવનને સુધારી શકીએ.

એક વાર એક ગુરુએ પોતાના શિષ્યને કહ્યું: "હે શિષ્ય, તું મારી સેવા કરી રહ્યો છે તેથી મને ઘણો જ સંતોષ થયો છે. ઘણાં વરસ તેં મારી સેવા કરી અને એમાં જરાયે કચાશ આવવા

દીધી નથી. આજે તને જે જોઈએ તે મારી પાસે માગ."

શિષ્ય કહે: "ગુરુજી, તમારી સેવા કરવાથી મારું જીવન સુધન્ય બની ગયું છે. તમારી સેવા એ જ મારે મન બધું છે. તમારા ઉચ્ચ ગુણો અને તપસ્વી જીવનની મારા મન પર ખૂબ ઊંડી અસર પડી છે. તમારા જેવું મારું જીવન શુદ્ધ બને એવો જ પ્રયત્ન હું કરું છું. પણ મારે એક ઇચ્છા છે, તેથી તમે આજે મારા પર પ્રસન્ન થયા છો તો તે પૂરી કરવા કૃપા કરો. મને એવી દૃષ્ટિ આપો કે હું માણસની અંદરનું બધું જ જોઈ શકું. આટલી મારા પર કૃપા કરો."

ગુરુજી તો અકળાઈ ગયા. તે કહે: "બેટા, આ તો તેં બહુ ભારે વસ્તુ માગી. આ દૃષ્ટિ મેળવવા માટે ઘોર તપ કરવું પડે. અને તપ વિના આવી દૃષ્ટિ મળે તો એનો દુરુપયોગ થવાનો સંભવ છે. માટે બીજું કંઈ માગ."

પણ શિષ્ય તો એકનો બે ન થયો. તેણે એ જ માગ્યું.

એટલે ગુરુજીએ પાસે પડેલી એક નાની લાકડી આપી કહ્યું: "લે આ લાકડી. તું જેની સામે એને ધરશે એ માણસમાં જે કંઈ સારું નરસું હશે તે બધુંય તને દેખાશે."

શિષ્ય તો રાજી રાજી થઈ ગયો.

થોડી વાર પછી ગુરુજી સમાધિમાં બેઠા. શિષ્યને થયું, 'લાવને આ લાકડી ગુરુજી સામે જ ધરું.' ત્યાં તો ગુરુજીની અંદર એક ખૂણામાં ક્રોધનો અંગારો જોયો. એક બાજુએ લોભની રજકણ જોઈ. બીજી બાજુએ થોડોક અહંકાર નજરે પડયો અને ઊંડે ઊંડે કામનો રાઈ જેટલો દાણો જોયો.

શિષ્ય વિચાર કરવા લાગ્યો: "જ્યારે ગુરુજીમાં જ હજી આવા દોષ ભરેલા છે, ત્યારે એમની પાસે રહીને મારો શો ઉદ્ધાર થવાનો હતો?" એમ વિચારી તે તો ગુરુને છોડીને ચાલ્યો ગયો.

જ્યારે ગુરુ જાગ્યા, ત્યારે એમણે શિષ્યને ન જોયો. હમણાં આવશે, પછી આવશે એમ તે તો એની રાહ જોવા લાગ્યા. પણ શિષ્ય દેખાયો જ નહીં. ગુરુ સમજી ગયા કે એ તો પેલી લાકડીનો જ પ્રતાપ છે. એટલે તે શિષ્યને ત્યાં જઈ પૂછવા લાગ્યા: "બેટા, કેમ તું મને જણાવ્યા વિના ઘેર ચાલ્યો ગયો? શું થયું એ તો મને કહે?"

શિષ્ય કહે: "ગુરુજી, હું તમને બરાબર ઓળખી ગયો છું. મારે હવે તમારું કામ નથી."

ગુરુએ પૂછ્યું: "પણ એવું મારામાં તેં શું જોયું એ તો મને બરાબર કહે?"

શિષ્યે બધી વાત કહી.

એટલે ગુરુએ કહ્યું: "અરે બેટા, તારી વાત તો સાચી છે. પણ જરા એ લાકડી તારી સામે ધરીને તું તને થોડી વાર જો; પછી તારે મને છોડીને જવું હોય તો ખુશીથી જજે."

શિષ્યે તે લાકડી પોતાની સામે ધરી; ત્યાં તો કામ, ક્રોધ, મોહ, મત્સર, લોભ, અહંકારના કીડા ખદબદી રહ્યા છે! બધે અંધકાર અંધકાર ફેલાઈ ગયો છે! અજ્ઞાનતાનો તો પાર નથી!

શિષ્ય તો આ જોઈ અકળાઈ ગયો અને ગુરુને ચરણે પડી માફી માગવા લાગ્યો.

ગુરુએ કહ્યું: "બેટા, માણસ-માત્ર આવા દોષ કરે જ છે અને એનામાં થોડા કે વધારે અવગુણ

રહેલા જ છે. પણ આપણે બીજાના અવગુણ કે દોષ જોઈને એનો તિરસ્કાર કરવો ન જોઈએ કે એની નિંદા ન કરવી જોઈએ. બીજાના ગુણ જ જોતાં શીખવું જોઈએ. તો જ આપણું ભલું થાય.”

મુકુલભાઈ

બેડી અભડાઈ

અમદાવાદ જિલ્લામાં એક ગામે એક હરિજનને ઘેર રાત્રે ચોરી થઈ. બીજે દિવસે ગામ લોકો ભેગા થયા, અને હરિજનોને ફરિયાદ કરવા જતા અટકાવી ગામ ચોકિયાતો નુકસાની બદલ કાંઈ દંડ હપ્તાથી આપે એમ ગોઠવ્યું. દરમ્યાન કોઈને સૂઝ્યું કે નજીકમાં કોઈ પીરની જગ્યા છે ત્યાં જઈ ચોર શોધી કાઢવો જોઈએ. તેથી જુદી જુદી કોમના ચાર માણસોને લઈ ગયા. તેમાં એક હરિજન પણ હતો. જેના પર શક હોય તેના પગની આસપાસ પતરાંની કોઈ ‘બેડી’ વીંટવાની, તે જો તૂટે તો માણસ નિર્દોષ ગણાય. પણ જો ન તૂટે તો માણસ દોષિત ગણાય. બેડી પહેરનારમાં બીજો નંબર હરિજનનો આવ્યો અને તે બેડી ન તૂટી એટલે હરિજનવાસ ચોર ગણાયો.

મેં હરિજનોને પૂછ્યું: “તમે આ રીતે બેડી પહેરવા શીદને ગયા?” ત્યારે તેમણે જવાબ આપ્યો: “હરિજનોને બેડી પહેરાવવાનો રિવાજ નથી, છતાં આ વખતે પહેરાવી. શી ખબર બેડી અભડાઈ અને તૂટી નહીં.”

આ અજ્ઞાન અને વહેમ કાઢવા માટે શિક્ષણ અને હિંમત એ જ એક ઉપાય છે.

પરીક્ષિતલાલ

માનસિક સ્વાસ્થ્ય

ઈશ્વર પર શ્રદ્ધા અને આશાથી ભરેલું હૃદય હોય તો આફતોની વચ્ચે પણ હિંમત અને સારાં કામોમાં મંડયા રહીને શાંતિ મળી શકે છે. નીચેનો પ્રસંગ માનસિક સ્વસ્થતાનો એક નમૂનો છે.

શ્રી લજ્જાવતીદેવી દિલ્હી છાત્રણીની એક પંજાબી બહેન છે. ગયે વરસે ગાંધી જયંતીને પ્રસંગે તેમણે પોતે અને પોતાના કાંતણમંડળે કાંતેલી સૂતરની આંટી ભેટ મોકલી હતી. આ વરસે તેઓ લખે છે:

"આ વરસે થોડા સિક્કા એકઠા કરીને તમારી જ મારફતે દાન તરીકે મોકલવા માગું છું. એવી આંટી તો હું પોતે જ કાંતી શકીશ, કેમ કે બીજી જે બહેનો ચરખા સંઘ કાંતણ મંડળમાં આવે છે તેઓ એ વાત હજી બરાબર સમજ્યાં નથી; છતાં તેઓ ઠીક ઠીક કાંતે છે. મેં ૪૫ આંટીએ રેંટિયો આપવાનો નિયમ કરેલો તે ચાલુ રાખ્યો છે. અત્યાર સુધીમાં દસ બહેનોએ આંટીનો હિસાબ ચૂકતે કર્યો છે. એ વસ્તુને સમજાવવાનો પ્રયત્ન પણ સાથે સાથે કરું છું. હું જોઉં છું કે હમણાં આપણે બીજાના દોષ કાઢવામાં જ આપણો વખત બગાડીએ છીએ. આ બહેનોને હું એ દોષમાંથી ઉગારી લેવા ઇચ્છું છું. પારકાના દોષ જોવામાં બિચારી આ બહેનોને કેવી રીતે શાંતિ મળશે, એની મને નવાઈ લાગે છે.

"મને અને મારા ભાઈઓને મારા પિતાજી તરફથી જુદી કેળવણી મળી છે. સ્વાતંત્ર્યના થોડા જ દિવસ પહેલાં, ત્રીજી ઑગસ્ટે, મારા એક તેત્રીસ વરસના ભાઈનું બીજાને બચાવતાં ખૂન થયું. એ વખતે મારા બીજા ત્રણ ભાઈ લુધિયાના પાસે ખન્નામાં અનેક મુસલમાન ભાઈઓને બચાવીને છાવણીઓમાં મોકલવાનું કામ કરતા હતા. એક બાજુ ભાઈના મૃત્યુનો આઘાત અને વિધવા ભાભી અને છ છોકરાંનું દુઃખ દિલમાં ભર્યું હતું, અને બીજી બાજુ મુસલમાન ભાઈઓનું રક્ષણ કરવાથી શાંતિ મળતી હતી. અત્યારે પણ મારા સૌથી મોટા ભાઈ સ્વતંત્ર રીતે સેવામાં

પડેલા છે. અમે તો એમાંથી જ શાંતિ અનુભવીએ છીએ.

"મારા પિતાએ એવી કેળવણી આપી છે કે હું હંમેશ આશાવાદી રહું છું. હું કદી નિરાશ થતી નથી. મારી બે દીકરીમાંથી એકનાં લગ્ન ચાર વર્ષ પહેલાં થયાં. બીજીનાં પાંચ છ મહિનામાં થઈ જશે. પછી હું વધારે સ્વતંત્ર થઈશ, અને ઈશ્વરની મરજી હશે તો હું વધારે સેવા કરી શકીશ. પહેલાં મારા જીવન-સાથીને મારા કામથી ઓછો સંતોષ હતો, પણ પૂ. બાપુજીની હત્યા પછી તેઓ પણ અનુકૂળ થતા જાય છે. હું તો આને ઈશ્વરની કૃપા જ માનું છું."

સૂતર-દાન પોતાના ઉત્પાદક શ્રમનું દાન છે; એક જ આંટીનું હોય, તોપણ તે પૂર્ણ દાન છે.

કિશોરલાલ મશરૂવાળા

('હરિજનબંધુ'માંથી)

શિક્ષણ અને સંસ્કૃતિનો મૂળહક

[નાગરિક મૂળહકોનો આગળનો હપતો]

માણસનો સ્વભાવ છે કે તે સમાજમાં રહે અને સમાજ તેને ઘડયા વગર ન રહે. સમાજ થાય એટલે રાજ્ય-વ્યવસ્થા કે રાજ્યતંત્ર ઊભું થાય. અને તેની હકૂમતમાં માણસ રહે. આમ રાજ્યતંત્રમાં આવેલો માણસ નાગરિક બને છે. કેવળ કુદરતી જીવનમાં જો માણસ રહી શકે, તો તેને 'નાગરિક' બનવાનું ન થાય. કુદરતની હકૂમતમાં રહેતાં બીજાં પ્રાણીઓ પેઠે તે પણ પ્રકૃતિ-સહજ જીવન ગુજારત. પણ તેવી રીતે રહેવાનું નસીબ માણસ માટે નથી. એ જ એની બીજાં પ્રાણીઓથી જુદાઈ છે.

નાગરિક બનવાની સાથે, બેચાર બાબતોની પોતાને સલામતી છે, એવી એને ખાતરી મેળવવાની ગરજ ઊભી થાય છે. રાજ્યતંત્રે એ એને આપવી જોઈએ. નાગરિકની જવાબદારી અને ફરજો ઉઠાવનાર દરેક માણસનો એ મેળવવાનો મૂળહક બને છે.

જેમાં દરેકને સલામતીની ખાતરી જોઈએ છે, તે નીચેની બાબતો માટે —

૧. વૈયક્તિક સ્વતંત્રતા.
૨. જાતની સલામતી.
૩. પોતાના ધર્મ અંગે સલામતી.
૪. શિક્ષણ અને સંસ્કૃતિ વિષે છૂટ.

૫. માલમિલકતની સલામતી.

૬. ન્યાય મળવાની ખાતરી.

આટલી બાબતોમાં નાગરિકને રાજ્યે નિર્ણય કરવો ઘટે. મૂળહકો રાજ્ય તરફથી આ વિષે અપાય છે. હિંદનું બંધારણ આ અંગે જે હક બક્ષે છે, તેમાંની પહેલી ત્રણ બાબતો અગાઉ જોઈ ગયા. હવે શિક્ષણ અને સંસ્કૃતિ વિષે જોઈએ. આ બે વસ્તુઓ, મહત્ત્વના દૃષ્ટિએ, ધર્મ જેટલી નહીં, તોપણ તેથી બીજે નંબરે જરૂર આવે છે.

એ બાબતમાં ભારતનું બંધારણ નાગરિકને નીચે પ્રમાણે ખાતરી આપે છે. (બંધારણની કલમ ૨૯,૩૦)

૧. ભારતમાં કે તેના કોઈ પણ ભાગમાં વસતા નાગરિકોના કોઈ પણ વિભાગને પોતાની ખાસ ભાષા, લિપિ કે સંસ્કૃતિ હોય, તેને સંભાળવાનો એને હક હશે.

૨. ધર્મ, જાતિ, નાતજાત, ભાષા, અથવા તો એમાંના કોઈ એકને જ કારણે, કોઈ પણ નાગરિકને, રાજ્ય ચલાવતી કે રાજ્ય પાસેથી મદદ મેળવતી કોઈ પણ શિક્ષણસંસ્થા દાખલ કરવાનું ના પાડી શકાશે નહીં.

૩. ધર્મ કે ભાષાને આધારે હોય તોપણ, બધી જ લઘુમતીઓને, પોતાને પસંદ હોય એવી શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો હક હશે.

૪. શિક્ષણસંસ્થાઓને મદદ આપવાની બાબતમાં, રાજ્ય કોઈ સંસ્થાને અંગે એવે કારણે ભેદભાવ નહીં કરી શકે કે, તે સંસ્થા ધર્મ કે ભાષાને આધારે રચાયેલી હોય તોપણ કોઈ લઘુમતી તે ચલાવે છે.

આ ઉપરથી દેખાય છે કે, દરેક કોમ કે ભાષાવાર સમૂહ પોતાની ભાષા અને જીવનપદ્ધતિ સંભાળી શકશે અને તે પ્રમાણે પોતાનાં બાળકોને ઉછેરવા માગે તો તેવા શિક્ષણની જોગવાઈ કરી શકશે. સરકાર પોતે એમાં વાંધો નહીં લે, અને અમુક તમુક ખાસ પક્ષપાત પણ નહીં ધરાવે.

પછી મોટો હક મિલકત અંગેનો છે. તે બાબત આવતે વખતે.

૭-૧૦-'૫૦ મગનભાઈ દેસાઈ

શુદ્ધ હૃદયમાંથી નીકળેલું વચન કદી નિષ્ફળ જતું નથી.

ગાંધીજી

ગાંધીજીનો માનવપ્રેમ

૧

૧૯૨૨માં બાપુ હિંદમાં પહેલી વાર જેલમાં ગયા. તે વખતે તેમને યરવડા જેલમાં રાખવામાં આવ્યા હતા. હિંદુ-મુસલમાન બંનેની ગાંધીજી પ્રત્યે અસાધારણ ભક્તિ છે એમ જાણી યરવડા જેલના સુપરિન્ટેન્ડન્ટે તેમનું કામ કરવાને માટે આફ્રિકાના એક હબસી કેદીને મૂક્યો. તે બિચારાને હિંદુસ્તાનની એકે ભાષા બરાબર આવડતી નહોતી. ઘણું ખરું કામ ઇશારાથી અને તેને જે દસવીસ શબ્દો આવડતા તેનાથી ચાલતું હતું. આવો માણસ ગાંધીભક્ત નહીં બની જાય, તેમના તરફ પક્ષપાત નહીં રાખે એવી એ ગોરા સુપરિન્ટેન્ડન્ટે અપેક્ષા રાખેલી! બિચારો સુપરિન્ટેન્ડન્ટ! એને ખબર નહોતી કે માનવ હૃદય સર્વત્ર સરખું હોય છે.

એક દિવસ એ કેદીને વીંછી કરડ્યો. બિચારો રડતો રડતો બાપુ પાસે આવીને બતાવવા લાગ્યો કે મને હાથે વીંછી કરડ્યો છે.

કોઈનું દુઃખ જોઈ બાપુનું હૃદય તરત પીગળી જાય છે. એક ક્ષણની પણ વાર ન લગાડતાં બાપુએ તેની ડંખવાળી જગ્યા પાણીથી સારી રીતે ધોઈ, કપડાથી લૂછી સૂકવી નાખી. પછી ડંખની જગ્યા ચૂસવા લાગ્યા. એટલા જોરથી ચૂસ્યું કે ઝેર ઓછું થઈ ગયું. પેલા બિચારાની વેદના ઓછી થઈ. પછી બાપુએ બીજા ઇલાજ કર્યા એટલે ઝેર તદ્દન ઊતરી ગયું.

તેણે બિચારાએ આખી જિંદગીમાં ક્યાંય આવો પ્રેમ અનુભવ્યો નહોતો. એ પ્રેમને વશ થઈ તેમનો દાસ બની ગયો. તેમના ઇશારા પ્રમાણે ચાલવા લાગ્યો અને તેમનાં બધાં કામ ભક્તિભાવથી કરવા લાગ્યો. એણે જોયું કે ગાંધીજીને કાંતવાનું ગમે છે એટલે તેણે પણ તકલી લીધી અને જોઈ જોઈને કાંતવા લાગ્યો. પછી તે રેંટિયો ચલાવવા લાગ્યો. આગળ જતાં તે પીંજવાની કળા પણ શીખી ગયો ને બાપુને માટે પૂણી બનાવવા લાગ્યો. સુપરિન્ટેન્ડન્ટે જોયું કે આ તો ધાર્યા કરતાં અવળું થયું, પણ હવે શું કરે!

૨

આ બીજી વાત ૧૯૩૦ની છે. ત્યારે બાપુ સાથે હું યરવડા જેલમાં હતો. બાપુની રસોઈ કરવા સુપરિન્ટેન્ડન્ટ મેજર માર્ટિને દત્તોબા નામના એક મહારાષ્ટ્રી કેદીને મૂક્યો હતો. દત્તોબાને કામ બહુ નહોતું રહેતું. બાપુનાં કપડાં ધુએ, બકરીનું દૂધ ગરમ કરે, એવાં નાનાં નાનાં કામ કરે. બિચારાના પગમાં કંઈક દરદ હતું એટલે બધું કામ લંગડાતો લંગડાતો કરતો.

એક દિવસ બાપુએ મેજર માર્ટિનને વાત કરી. તેણે કંઈક દવા આપી પણ દરદ ન મટ્યું. આમ લગભગ એક મહિનો વીત્યા પછી બાપુએ મેજર માર્ટિનને પૂછ્યું, 'આ માણસની હું દવા કરું તો તમને કાંઈ વાંધો છે?' 'બિલકુલ નહીં,' મેજરે જવાબ આપ્યો. બાપુ કહે, 'મારા ઉપચારમાં આહાર મુખ્ય છે. હું તેને મારા તરફથી ખાસ ખોરાક આપીશ.' માર્ટિને એ વાતની પણ હા પાડી.

બાપુએ ઉપચાર શરૂ કર્યો. સૌથી પહેલાં તેમણે તેને થોડા ઉપવાસ કરાવ્યા, એનિમા વગેરેથી એનું પેટ સાફ કરાવ્યું અને પછી થોડા દિવસ કેવળ શાકભાજી પર રાખ્યો. પછી તેના ખોરાકમાં વારંવાર ફેરફાર કરતા ગયા. લંગડાને સારો ફાયદો થયો. તેણે મને કહ્યું, 'કેટલાંય વરસોથી આ દરદથી હેરાન થતો હતો. હવે મારો પગ સારો થઈ ગયો. ચાલતાં જરાયે મુશ્કેલી પડતી નથી. મને પોતાને જ નવાઈ થાય છે કે હવે હું સૌની જેમ કેવી રીતે ચાલી શકતો હોઈશ'

બાપુ છૂટ્યા પછી એ પણ છૂટી ગયો ને તેણે મુંબઈ કોલાબા તરફ ચા કૉફીની હોટલ કાઢી. એક દિવસ તેણે ક્યાંકથી સાંભળ્યું કે બાપુ મુંબઈ આવ્યા છે એટલે તે બાપુનાં દર્શન કરવા આવ્યો. આવીને તેણે બાપુને સાષ્ટાંગ દંડવત્ કર્યાં. એની આંખોમાં કૃતજ્ઞતા ઊભરાતી હતી. બાપુએ મને કહ્યું, 'એને કહો કે આજે બહુ કામમાં છું. આવતી કાલે જરૂર મળવા આવે.' મેં દત્તોબાને સમજાવ્યું કે બાપુ તને મળવા માગે છે. આવતી કાલે જરૂર આવજે. તેણે કહ્યું જરૂર આવીશ. પણ એ અભાગિયો ન આવ્યો. બાપુના મનમાં એમ કે દુકાન ચલાવવા એને પાંચ પચાસ રૂપિયા આપીએ તો બિચારો રાજી થાય. તેણે મને પૂરેપૂરું ઠેકાણું

આપ્યું હોત તો હું તેને શોધી લાવત. પણ મુંબઈના માનવસાગરમાં હું એને ક્યાં શોધું? બીજા દિવસે તે ન આવ્યો તેથી દુ:ખી થઈ ને બાપુ કહેવા લાગ્યા, 'કાલે જ એને કંઈક આપી દીધું હોત તો સારું થાત. મજૂરી કરીને જીવનાર માણસ વારેઘડીએ આવવાનો વખત ક્યાંથી કાઢે!'

('બાપુની ઝાંખી'માંથી) કાકા કાલેલકર

પૂરું થતું પખવાડિયું

અખિલ હિંદ હિંદુ મહાસભાની કારોબારી સમિતિની મુરાદાબાદ ખાતે મળેલી બેઠકે હિંદની બિનહિંદુ લઘુમતી કોમોને માટે પોતાનાં દ્વાર ખુલ્લાં મૂકવાનો નિર્ણય કર્યો છે.

ભારતની પાર્લમેન્ટની આવતી બેઠક આવતા નવેમ્બર માસની ૧૪મી તારીખથી શરૂ થશે.

આવતી તા. ૩૧મી ઑક્ટોબરે સરદારશ્રી ૭૫ વરસ પૂરાં કરી ૭૬મા વરસમાં પ્રવેશ કરે તે સમયે તેમની જયંતી ગુજરાતના ગામેગામ અને શહેરેશહેરે ઊજવવાને અને એ પ્રસંગે તેમને થેલી અર્પણ કરવાનો ગુજરાત પ્રાંતિક સમિતિએ ઠરાવ કર્યો છે.

પાકિસ્તાન મધ્યસ્થ સરકારના કાયદા અને મજૂરખાતાના પ્રધાન શ્રી જોગેન્દ્રનાથ માંડળે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. પાકિસ્તાનની લઘુમતી વિરોધી નીતિના વિરોધ તરીકે તેમણે રાજીનામું આપ્યું છે.

જાણીતા પત્રકાર અને સૌરાષ્ટ્ર-ધારાસભાના સભ્ય શ્રી શામળદાસ ગાંધીને સૌરાષ્ટ્ર ધારાસભા પક્ષે તેમની ગેરશિસ્તને કારણે પક્ષમાંથી છૂટા કર્યા છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

રજિ॰ નં. બી ૫૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૯

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧લી નવેમ્બર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮



ગુજરાતનું ગૌરવ

સરદારનું સ્વરાજ્ય

આપણે એવું સ્વરાજ્ય ઇચ્છીએ છીએ કે જેમાં સૂકા [illegible] અભાવે સેંકડો માણસો મરતાં નહીં હોય; પરસેવો ઉતારી પકવેલું અનાજ ખેડૂતનાં છોકરાંનાં મોંમાંથી કાઢી પરદેશ ઘસડી જવામાં નહીં આવતું હોય; જેમાં પ્રજાને વસ્ત્રને સારુ પારકા દેશ ઉપર આધાર રાખવો પડતો નહીં હોય, જેમાં પ્રજાની ઇજ્જત સાચવવાનું કે લૂંટવાનું પરદેશીઓની મરજી ઉપર નહીં હોય; સ્વરાજ્યની ધારાસભાના પ્રમુખ પરદેશી 'વીગ' કે ઝભ્ભો નહીં પહેરતા હોય અને સ્વદેશી ટોપી (ગાંધી ટોપી) પહેરતાં નોકરી છોડવાનો ભય નહીં હોય. સ્વદેશી કાપડ જ પહેરવું એ પ્રજાનો સ્વાભાવિક ધર્મ ગણાતો હશે. આપણા સ્વરાજ્યમાં થોડા પરદેશીઓને સગવડ કરી આપવાની ખાતર રાજ્યકારભાર પરદેશી ભાષામાં ચાલતો નહીં હોય. આપણા વિચારનું અને શિક્ષણનું વાહન પરદેશી ભાષા નહીં હોય. આપણાં મહાવિદ્યાલયોના આચાર્યો પરદેશી નહીં હોય. રાજ્યનો કારભાર આભ અને ધરતી વચ્ચે પૃથ્વીની સપાટીથી સાત હજાર ફૂટ ઊંચેથી નહીં ચાલતો હોય. મહાન દેશભક્તોની સ્વતંત્રતા જોખમમાં હોય પણ દારૂડિયાઓની સ્વતંત્રતાનું રક્ષણ કરવા ખાસ કાળજી રાખવામાં આવે એવી સ્થિતિ સ્વરાજ્યમાં નહીં હોય. આપણે આંગણે પાકતી મહુડાં જેવી ખોરાકમાં વપરાતી ચીજ ઉપર અંકુશ મુકાતા હોય

અને સરકાર તે મહુડાંનો દારૂ બનાવી તેનો વેપાર કરતી હોય એટલું જ નહીં પણ લાખો રૂપિયાનો વિસ્કીનો દારૂ પરદેશથી છૂટથી આવતો હોય એવું આપણું સ્વરાજ્ય નહીં હોય. સ્વરાજ્યમાં દેશના રક્ષણને માટે દેશ ગીરો મૂકી દેવાળું કાઢવા વખત આવે એટલું લશ્કરી ખર્ચ નહીં હોય. સ્વરાજ્યમાં આપણું લશ્કર પેટિયું નહીં હોય. તેનો ઉપયોગ આપણને ગુલામ બનાવવામાં અને બીજી પ્રજાઓની સ્વતંત્રતાનો નાશ કરવામાં નહીં થતો હોય. મોટા અમલદારોના અને નાના નોકરોના પગારની વચ્ચે આભ-જમીન જેટલું અંતર નહીં હોય. ઇન્સાફ અતિશય મોંઘો અને લગભગ અશક્ય જેવો નહીં હોય. અને એ સહુથી વિશેષ તો એ છે કે આપણું સ્વરાજ્ય હશે ત્યારે આપણે આપણા પોતાના દેશમાં તેમ જ પરદેશમાં જ્યાં ને ત્યાં હડેહડે નહીં થતા હોઈએ.

('સરદાર વલ્લભભાઈનાં ભાષણો'માંથી)

સરદારજયંતી

આ મહિનાને અંતે સરદાર વલ્લભભાઈ પંચોતેર વર્ષ પૂરાં કરશે. મુંબઈ, ગુજરાત અને સૌરાષ્ટ્ર તે પ્રસંગને ઉત્સાહથી ઊજવવાના છે એમ સાંભળ્યું છે. એ સ્વાભાવિક છે અને યોગ્ય છે. પૂજ્ય બાપુજી પછી અને તેમની આગેવાની નીચે સરદારે જે રીતે મહાગુજરાતને ગોઠવ્યું છે, કેળવ્યું છે અને ચડાવ્યું છે તેનો જોટો ક્યાંય જડે એમ નથી. નામમાત્ર અપવાદોને બાદ કરીએ તો એક જૂથમાં રહી નિશ્ચિત કરેલાં કામોને સામૂહિક રીતે પાર પાડવાની અને

જ્યારે બીજે ઠેકાણે તીવ્ર હુંસાતુંસી ચાલતી હોય ત્યારે ગુજરાતમાં તો સર્વે એક જ પક્ષે ઊભા રહે એવી તાલીમ અને ભાવના એમણે નિર્માણ કરી છે. એમના વિરોધીઓ એમનાથી ડરે છે; ડરવા છતાં આદર ધરાવે છે; સાથીઓની વફાદારીનું તો પૂછવું જ શું? વિરોધીઓ તેમાં ભંગાણ પાડી શકાવતા નથી એ જાણીતું છે. એમના નિકટ અને ગાઢ પરિચયમાં પહોંચેલાઓને સરદાર કેવળ કોમળ હૃદયના નહીં પરંતુ, કદીક તો વધારેપડતા લાડ કરાવનારા પિતા જેવા થઈ ગયા છે.

ઉંમરે એમના શરીરને ક્ષીણ કરી નાખ્યું છે. સિંહની જેમ સવારથી સાંજ સુધી ઘરમાં કે બહાર આંટા જ માર્યા કરતા હોય, ન છૂટકે જ બેસતા હોય, એવા સરદારને હવે જોઈ શકાય એમ નથી. લોકોની મેદનીમાં ભળી જઈ કોઈની ખબર અંતર પૂછે, કોઈની જોડે વિનોદ કરે, છોકરાંઓને ચીડવે, રમાડે અને ગેલ કરાવે, એટલી શારીરિક શક્તિ રહી નથી, સમય પણ નથી, અને કદાચ, ગાંભીર્ય પણ આવી ગયું છે, અને નમ્રતા અને કોમળતા ખીલી ઊઠયાં છે. પણ એમની માનસિક શક્તિઓ હમેશના જેવી જ તેજ છે. એમની કુશાગ્ર બુદ્ધિ મુદ્દાના મૂળને તુરત જ પારખી લે છે અને વાદને છોડી વ્યવહાર્યતાને જ શોધે છે. રાજકીય વગેરે બાબતોમાં વિચારભેદ થાય, ત્યારે ભિન્ન વિચાર ધરાવનારને તેઓ આગ્રહી અને ડરવા લાયક વ્યક્તિ લાગે છે, કારણ કે એમની તીણી નજરમાંથી ઊંડા હેતુઓ છુપાવી શકાતા નથી, અને વ્યવહાર્યતાને છોડીને માત્ર હવાઈ વાતોમાં એમને રસ પડતો નથી.

સરદારની શક્તિઓ અને સેવાની દેશને અતીવ જરૂર છે. દીર્ઘ કાળ સુધી એ શક્તિઓ જળવાઓ અને એની સેવાનો લાભ પ્રજાને મળો.

૧૭-૧૦-'૫૦ કિશોરલાલ મશરૂવાળા

('હરિજનબંધુ'માંથી)

રાષ્ટ્રપતિનો સંદેશ

[ભારતના પ્રમુખ શ્રી રાજેન્દ્રબાબુએ બારડોલીના સ્વરાજ્ય આશ્રમમાં આપેલા સંદેશામાંથી નીચેનો ભાગ આપ્યો છે.]

આજે આપણા દેશની સત્તા આપણા હાથમાં આવી છે, અને તેનું ભાગ્ય ઘડવાનો ભાર આપણા પર આવ્યો છે. પણ પૂજ્ય બાપુજીને જે સ્વરાજ્ય જોઈતું હતું અને જે સ્વરાજ્યની તેઓ કલ્પના કરતા હતા તે સ્વરાજ્ય હજી આપણને મળ્યું નથી. જો એવું સ્વરાજ્ય મળ્યું હોત તો આપસઆપસનાં વેરઝેર શમી ગયાં હોત. કોઈ કોઈનું શોષણ કરતો ન હોત. અને આપણાં બધાં કામ સત્ય અને અહિંસાને આધારે ચાલતાં હોત. ગામડાંઓમાં લોકો સુખી હોત – બધે ગ્રામઉદ્યોગની ઉન્નતિ થતી હોત. બધાં બાળકોને પાયાની કેળવણી મેળવવાનું સહેલું થઈ ગયું હોત અને આપણા દેશમાં અનાજની તંગી ન રહેત. ઘી – દૂધના દરિયા ન હોત તોયે દેશમાં બધાંને થોડાં થોડાં ઘી – દૂધ તો જરૂર મળતાં હોય એવી સ્થિતિ તો જરૂર હોત. આપણા બધાના શરીર પર ખાદીનાં વસ્ત્રો હોત અને બધાં ઘરોમાં રેંટિયાનો નાદ ગુંજતો સાંભળવાનો મળત. કોઈ દેશનો આપણે દ્વેષ ન કરતા હોત અને કોઈ દેશ આપણો દ્વેષ ન કરત.

જે લોકો આજે રચનાત્મક કાર્યમાં પડેલા છે તેમણે આ બધું હોય એ દિવસની તૈયારી

કરવાની છે. ઈશ્વરની દયા જોઈએ — પૂજ્ય બાપુજીના આશીર્વાદ તો એમાં છે જ.

(હિંદીમાંથી) રાજેન્દ્રપ્રસાદ

પાળેલો કૂતરો અને વરુ

એક જણનો પાળેલો કૂતરો રખડતો રખડતો એક જંગલમાં જઈ ચડ્યો. ત્યાં એને એક વરુ મળ્યું. વરુને કેટલાય દિવસથી શિકાર મળ્યો નહોતો. તેથી તે બિચારું સુકલકડી નર્યાં હાડકાં જેવું થઈ ગયું હતું. કૂતરો તો પાળેલો હતો. તેને રોજ નિયમસર ટંકે ધણીને ત્યાં ખાવાનું મળતું. તેથી તે બરોબર તગડો તગતગતો હતો.

વરુને કૂતરાનું વાન જોઈ અદેખાઈ આવી. તેને થયું, 'આ કેવો નસીબદાર હશે? લાવ એને પૂછું, તે આવો તાજોમાજો કેવી રીતે થતો હશે?''

આમ વિચારી વરુએ કૂતરાને કહ્યું, 'કેમ કૂતરાભાઈ, જે જે. આ બાજુ ક્યાંથી?'

કૂતરો—સહેજ ફરતો ફરતો. ખાસ કાંઈ કામ મારે હોતું નથી. રાતે ધણીના ઘરની ચોકી કરવાની એ જ.

વરુ—વાહ, એ તો મજાનું. પણ ખાવાપીવાનું શું?

કૂતરો—રોજ એ તો ધણી આપે; આપણે એની ચિંતા નહીં.

વરુ—એ તો બહુ સારું. જુઓ, હું તો કેટલાય દહાડાથી ભૂખે મરું છું. મને તમારો શેઠ ખાવાનું આપે?

કૂતરો—શું કામ નહીં? તમે જો મારી જોડે ચોકી કરવામાં જોડાઓ તો તમનેય ખાવાનું મળે.

વરુ—જરૂર. તમારી દોસ્તી પણ મળે. બંને મળી લહેરથી કામ કરી શકીશું.

પણ કૂતરાભાઈ, આ તમે ગળે શું બાંધ્યું છે?

કૂતરો — એ તો મારો પટો છે. કેમ તમને ગમે છે?

વરુ — તે શું કામ રાખ્યો છે?

કૂતરો — એની જોડે સાંકળ બાંધીને ધણી મને દિવસે તેના ઘરમાં બાંધી રાખે છે. રાતે છોડે ત્યારે આમ ચોકી કરતા કરતા ફરવાનું; દિવસે મને ઘેર બાંધી રાખે.

વરુ — કૂતરાભાઈ, તો તો રામ રામ! મારે એ ન જોઈએ. 'મળે તો મીર, નહીં તો ફકીર' એવો મારો ઘાટ આજે છે તે જ મને તો ઠીક છે. મને બંધાવાનું તો મુદ્દલ ન રુચે. ભલે ભૂખે મરું કે સૂકું લૂખું હાડકું મળે તો કરડી ખાઈશ; પણ બંધનમાં મળતા મલીદા મને તો ન જ ખપે. ચાલો, આવજો. જય જય.

૨૫–૧૦–'૫૦ મગનભાઈ દેસાઈ

તરસ્યું કબૂતર

ઊંધું ઘાલીને પડતું નાખવા બાબતમાં કબૂતર જાણીતું મૂરખ પક્ષી છે. એક કબૂતરને ખૂબ તરસ લાગી હતી. આમ તેમ બધે જોઈ વળ્યું કે, ક્યાંય પાણી મળે છે? પણ તેને ક્યાંય દેખાયું નહીં. થાકીને તે એક જગાએ બેઠું. એવામાં એક હોટેલવાળાના પાટિયા પર પાણીનો પ્યાલો ચીતરેલો કબૂતરે જોયો. જોઈને તેને લાગ્યું, 'વાહ, આ રહ્યું પાણી.' અને લાગલું તે ઊડયું એ પાટિયાના પ્યાલા ભણી! ન જોયું કે પ્યાલો ખરો છે કે ખોટો. જોતાંની સાથે એવા જોરથી તે ઊડયું કે પાટિયા સાથે ખૂબ અફળાયું. અફળાવાથી તેની પાંખને ઈજા થઈ. તેથી તેનાથી ઊડી ન શકાયું. હોટેલવાળાએ તેને તરત પકડી લીધું અને પાંજરામાં પૂર્યું. પાંજરામાં રાખી તેની પાંખનો ઇલાજ કર્યો. આથી પાંખ તો

પાછી સાજી થઈ. પણ હવે ઊડવાનું રહ્યું નહીં. કેમ કે પોતાની ઉતાવળ અને અવિચારી ભૂલને લઈને તે સદાને માટે કેદી બની ગયું.

આપણા જ પગ ભાગે એવી ઉતાવળ શા કામની ?

૨૫-૧૦-'૫૦ મગનભાઈ દેસાઈ

નવજીવનનાં મકાનો

ઉદ્‌ઘાટનવિધિ

૧૯૧૯ની સાલમાં 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' પત્રો દ્વારા ગાંધીજીએ નવજીવન સંસ્થાનો આરંભ કર્યો હતો. એ પત્રો શરૂ કરવા પાછળ તેમનો એકમાત્ર ઉદ્દેશ લોકસેવાનો હતો અને તેથી તેમણે આ સંસ્થાને સેવાવૃક્ષ કહી છે. અનેક તડકીછાંયડીઓ અને ભરતીઓટમાંથી પસાર થઈને એકત્રીસ વરસ પછી આજે એ વૃક્ષ મોટું તરુવર બન્યું છે. સંસ્થાને કાર્યાલય માટે પોતાનું મકાન હોય અને તેમાં કામ કરતા સેવકો પણ તેની આસપાસ સંસ્થાનાં મકાનોમાં વસતા હોય એવી ગાંધીજીની ઇચ્છા હતી. આજે તેમની એ ઇચ્છા કેટલેક અંશે પાર પડી છે. સંસ્થા પોતાના કાર્યાલય માટે પોતાનું મકાન કરી શકી છે એટલું જ નહીં પણ ચાલીસ સેવકો રહી શકે એટલાં મકાનો પણ તે બાંધી શકી છે. આવતી ૩૧મી ઑક્ટોબરે સવારે આઠ વાગ્યે સરદારશ્રી વલ્લભભાઈ પટેલને શુભ હસ્તે એની ઉદ્‌ઘાટનવિધિ થશે. આ અમારે માટે ભારે આનંદ અને ધન્યતાનો પ્રસંગ છે. પરંતુ આ સંસ્થાના પ્રણેતા ગાંધીજી અને તેના વિકાસ અને ઘડતરમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવનાર મહાદેવભાઈ એ

પ્રસંગે સદ્દેહે હાજર નહીં હોય એ ખ્યાલથી અમારો એ આનંદ કંઈક વિષાદયુક્ત બને છે. તેમના આશીર્વાદ સંસ્થા પર ઊતરો એ જ પ્રાર્થના.

૨૬-૧૦-'૫૦ જીવણજી ડા૦ દેસાઈ
('હરિજનબંધુ'માંથી) વ્યવસ્થાપકટ્રસ્ટી

માલમિલકતનો હક

[નાગરિક મૂળ હકોનો આગળનો હપતો]

ગયા અંકમાં આપણે શિક્ષણ અને સંસ્કૃતિ વિષે દરેક નાગરિકને જે છૂટ મળવાની ખાતરી હોવી જોઈએ, તે વિષે બંધારણ શું કહે છે એ જોયું.

જાત, ધર્મ, સંસ્કૃતિ અને શિક્ષણ ઉપરાંત દરેક જણ મિલકત વિષે પણ સલામતી ચાહે છે. જાન જેટલું જ મહત્ત્વ માણસ પોતાની માલમિલકતને આપે છે, કેમ કે એ એનો દુનિયાદારીનો આધાર છે. તેથી તો જાનમાલનું રક્ષણ જે રાજ્યમાં ન મળે, તેને રાજ્ય પણ ન કહેવાય, એવી લોકસમજ પડી ગઈ છે.

બીજી તરફથી માલમિલકત પર બીક પણ એવી જ મોટી હોય છે. ચોર ડાકુ તે ઉઠાવી જાય, એ તો ઉઘાડી બીક. બીજો નાગરિક તે અન્યાયથી પચાવી પાડે કે હડપ કરી જાય, એ બીક. રાજ્યે આ બંને બાબતમાં વચ્ચે ઊભા રહીને ન્યાય તોળવો જોઈએ અને ચોર ડાકુને દાબવા જોઈએ.

પરંતુ રાજ્ય તરફથી પણ મિલકત ઉપર બીક રહે છે. રાજા તે લઈ લે, છીનવી લે; કર રૂપે તો લે છે એ બધા જાણે છે. આથી ભર્તૃહરિએ તો એમ કહ્યું છે કે, 'વિત્તે નૃપાલાત્ ભયમ્'–ધન અંગે ભય રાજા તરફનો રહે છે.

આજે તો માલદાર ને ધનવાન લોકોમાં એવો ભય છે કે, સમાજવાદ આવશે તો બધું છીનવી લેશે. ઉદ્યોગ-ધંધા ને તેમાં પડેલી મૂડી તથા જમીન-જાગીરો સરકાર-માલકીની થઈ જશે. આ બીકના માર્યા કેટલાય લોક ન કરવાનાં છાનાંછપનાં કરે છે.

આથી કરીને દરેક નાગરિકને બંધારણમાં મિલકત બાબતમાં તેને શા હક રહેશે, એની ચોખવટ કરી આપવામાં આવી છે. તેની કલમો હવે જોઈએ.

પહેલી વાત તેમાં એ કરી છે કે, કાયદાની સત્તા સિવાય કોઈની મિલકત છીનવી લઈ શકાશે નહીં.

રાજ્યને કોઈ મિલકત લેવાની જરૂર પડે, તો તે લેવા માટે જોગવાઈ કરતો કાયદો થવો જોઈએ. પણ તેમાં સાફ કહેવું જોઈએ કે, તે લેવા પેટે તેના ધણીને અમુક નિયમથી વળતર મળશે. વગર વળતરે કોઈની મિલકત રાજ્ય લઈ નહીં શકે.

પણ ઉપર કહેલી બાબતમાં કરવેરા કે દંડ લેવાય તે ન આવે. તેમ જ જાહેર સુખાકારી કે જાનમાલ પરના ભયને રોકવા માટે કાંઈ કરવું પડે, તો તેમાં વળતર આપવાનો સવાલ આડે નહીં આવી શકે.

એટલે, ભારત રાજ્યમાં કાયદેસર મિલકત ધરાવવાનો દરેકને હક છે. તે જો રાજ્યે કબજે લેવી જોઈએ, તો તેનું યોગ્ય વળતર આપવું જોઈશે. રાજ્ય કરવેરા કે દંડ લે તે આમાં ન આવે. અથવા તો રાજ્યની જાહેર સુખાકારી કે જાનમાલની રક્ષા માટે કાંઈ કરવું પડે તો તે પણ ન આવે.

૨૯–૧૦–'૫૦ મગનભાઈ દેસાઈ

ગાંધીજીના દાદા

ઓતાબાપા એ ઉત્તમચંદ ગાંધીનું ટૂંકું નામ. કહે છે કે ઓતાબાપા આજાનુબાહુ હતા. સીધા ઊભા રહે તો તેમની હથેળી ગોઠણ સુધી પહોંચતી. આ લક્ષણ મહાપરાક્રમી પુરુષોનું મનાય છે. તેમનું કપાળ પણ ઝગારા મારતું અને કાચોપોચો તેમની સાથે વાતો કરવા જાય તો થોથવાવા લાગે એવી તેમની આંખો હતી. ગાંધીઓએ હાટડી ચલાવેલી, રજવાડાની નાનીમોટી નોકરીઓ પણ કરેલી, પરંતુ પ્રધાનને પદે પહોંચવા જેટલો પુરુષાર્થ પહેલવહેલો ઓતાબાપાએ જ પ્રગટ કર્યો જણાય છે.

કુમારવયે ઓતાબાપા એમના કાકા દમન ગાંધી પાસે ધંધોરોજગાર મેળવવા કુતિયાણેથી પોરબંદર આવ્યા. રાજ્યમાં દમાકાકા દફતરી હોઈ તેમની લાગવગ સારી, એટલે થોડા પ્રયત્ને તેમણે ઓતાબાપાને મીઠી માંડવીનો ઇજારો અપાવી દીધો. મીઠી માંડવી એ સામુદ્રિક જકાત લેવાનું નાકું હતું. પોરબંદરનો દરિયાઈ વેપાર એ દિવસે પણ ઓછો ન હતો. રાજ્ય તરફથી વેપારી માલ પર અને ઉતારુઓના સામાન પર દાણ ઉઘરાવવું એ સાધારણ જવાબદારીનું કામ ન ગણાય. ઓતા-

બાપાને હજી મૂછનો દોરો માંડ ફૂટ્યો હતો. છતાં તેમણે એ કામ પૂરી હોશિયારીથી સંભાળી લીધું.' વળી પોતાની પ્રગતિ સાધવા, વખત મેળવી દમાકાકાની કચેરીમાં જઈ દફ્તરીનું કામ શીખવા લાગ્યા. એ કામનો પણ એટલો અનુભવ લઈ લીધો કે પછી તો કાકા આરામ કરે અને પોતે જ કાકાનું નાનુંમોટું કામ પતાવી દે. એક વાર એવું બન્યું કે રાણાસાહેબ વિક્રમાજિતે દમાકાકાને કામ પ્રસંગે બોલાવ્યા. તેઓ તો કચેરીમાં હાજર ન હતા. પણ ઓતાબાપા તેમની ગાદી પર બેઠા હતા. બીજું કોઈ હોત તો રાણાસાહેબનું તેડું આવતાં દોડીને મૂળ અધિકારીને બોલાવી લાવત. પણ ઓતાબાપા સાહસી હતા. દમાકાકાને બોલાવવા જવાને બદલે તેઓ પોતે જ રાણાની સન્મુખ જઈને ઊભા ને સલામ કરી નમ્રતાથી પૂછ્યું, 'મારા કાકા તો બહાર ગયા છે, પણ કામ હોય તો મને બતાવો. હુંયે આપનો સેવક જ છું. કામ પાર પાડવા બનતું કરીશ.' છોકરાની ચતુરાઈ, બોલવાની ઢબ અને હિંમત ઉપર રાણાસાહેબ મોહ્યા. અનુભવી અમલદારને કરવાનું કામ આ નવાસવા યુવકને સોંપ્યું અને તેણે પૂરી કુશળતાથી કરી આપ્યું. સોંપેલું કામ સરસ રીતે પાર પાડેલું જોઈ રાણાસાહેબની ઓતાબાપા પર શ્રદ્ધા જાગી. વળતે દિવસે ફરી રાણાસાહેબે ઓતાબાપાને દરબારગઢમાં બોલાવ્યા અને કહ્યું: 'ઓતા, એક કપરું કામ છે; છે તારી હિંમત?'

ઓતાબાપા: એવું તે શું છે કે જે આપને પ્રતાપે ન થાય?

રાણાસાહેબ: માધવપુરનો ઇજારદાર આડો થયો છે. આપણને નબળા જાણી લેખવતો નથી. ઉપરાઉપરી ભરણાં ખાલી જાય છે. તેને પાંસરો કરવો છે.

ઓતાબાપા: એમાં શું? હું જાઉં માધવપુર.

રાણાસાહેબ: પણ તું કેમ કરીશ એ તો કહે?

ઓતાબાપા: એ બધું જોયે ખબર પડે. આપના આશીર્વાદે ફત્તે જ થવાની. મારા વાંસા પર હાથ મૂકોને, એટલે બેડો પાર. મારે ક્યાં આપબળે કરવું છે? આપને નામે કરવું છે ને? એટલું કહી ઓતાબાપા રાણાસાહેબને પગે લાગ્યા. રાણાસાહેબે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો. બાપા તૈયાર થઈ માધવપુર તરફ રવાના થયા.

એ સમયે અંગ્રેજી અધિકારનો કાઠિયાવાડમાં પ્રવેશ જ થતો હતો. કાઠિયાવાડનાં અનેક રજવાડાં એક સમ્રાટના દોરમાં સાવ નહોતાં આવી

ચૂક્યાં. જૂનાગઢ અને જામનગર જેવાં જબરદસ્ત રાજ્યો પોરબંદર જેવાં નબળાં રાજ્યો ઉપર હુમલાઓ કરી તેને છિન્નભિન્ન કર્યે જતાં હતાં. પોરબંદર રાજ્યમાં ટક્કર ઝીલવાની શક્તિ રહી ન હતી. તેનો અમલ ઘટતો ઘટતો ગણ્યાંગાંઠ્યાં ગામડાંમાં જ પુરાઈ રહ્યો હતો. જૂનાગઢનાં કેટલાંક ગામોમાં ફક્ત ઉઘરાવી ખાવાને તેની પાસે છૂટક છૂટક પટ્ટીઓ રહી હતી, એટલું જ નહીં પણ માધવપુર જેવા ધીકતા બંદરમાં પણ દાણ ઉઘરાવી ખાવા પૂરતો જ હક પોરબંદર માંડ સાચવી રહ્યું હતું. જૂનાગઢની હૂંફે સામુદ્રિક જકાતનો ઈજારદાર એમાં પણ આંખ આડા કાન કર્યે જતો હતો. આ પરિસ્થિતિમાં રાણાસાહેબે ઓતાબાપાને માધવપુર મોકલ્યા. બાપાએ દીર્ઘદૃષ્ટિ વાપરી જૂનાગઢ રાજ્ય સાથે વિષ્ટિ આદરી અને છૂટક છૂટક ગામડાંમાં ઉઘરાવી ખાવાનો દીવાની હક છોડી દઈ માધવપુરથી પોરબંદર સુધીની દરિયાકાંઠાની સળંગ પટ્ટીમાં આવેલ બધાં ગામડાં અને જમીનના પૂર્ણ હક્કોનું પોરબંદર રાજ્ય માટે તખત ઠરાવી લીધું. તે વખતે તો એ આખો પ્રદેશ રેતાળ અને ખારી ઊસર જમીનવાળો હતો. પણ બાપાએ રાજ્યના દફતરમાં નોંધ કરેલી હજી પણ મળી આવે એમ છે કે 'ભાદર નદીનો બંધ બંધાય તો આ આખી જમીન સોનાનો પાક આપે.' અને થયું પણ તેમ જ. તે વખતે સિત્તેર એંશી રૂપિયાની ઊપજનાં ગણાતાં ગામડાં આજે પોણો પોણો લાખની ઊપજ આપે છે, અને એ જ સંધિને પ્રતાપે આજે પોરબંદર રાજ્ય પહેલા વર્ગનું રાજ્ય રહ્યું છે. દીવાની હક પણ જેને પૂરો ન હતો તેની પાસે સ્વતંત્ર સ્ટેટના પહેલા વર્ગના પૂરેપૂરા હકો છે.

માધવપુરની વિષ્ટિ આટલી સફળ રીતે ઓતાબાપા પાર ઉતારી આવ્યા એ જોઈ રાણાસાહેબે તે જ વખતે એમને દીવાનગીરીનો પોશાક આપ્યો. દીવાનગીરીની એ જવાબદારી જુવાનીમાં પગલાં માંડતા ઉત્તમચંદ ગાંધીએ છેવટ સુધી પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદુરીથી એકધારી રીતે સંભાળીને દીપાવી તથા પોતાના વંશજોને ઉદાત્તતાનો પાઠ ભણાવ્યો.

રાણાસહેબ ઝાઝું નહોતા જીવ્યા. એમના પછી કુંવર સગીર હતા એટલે બધી સત્તા રાણીના હાથમાં હતી. પણ આખો કારભાર ઓતાબાપા જ ચલાવતા. રાજ્ય અને પ્રજાના હિતમાં બાપાને ઘણી વાર રાણીની હા એ હા મેળવવી પાલવતી નહીં. ખુશામતમાં ન પડતાં

કળેબળે તેઓ પોતાને સાચું અને પ્રજાને કલ્યાણકારી લાગે તે જ કરતા.

આવા જ એક પ્રસંગમાં તેઓએ મોતને નોતર્યું હતું એ પ્રસંગ તો સુપ્રસિદ્ધ છે. ખીમો કોઠારી રાજ્યનો ખજાનચી અને ભંડારી હતો. કહે છે કે રાણીની દાસીઓને તે મોકળે હાથે ન આપતો તેથી દાસીઓ રાણીના કાન તેના સામે ભંભેર્યા કરતી. એક વાર કોઠારી પર કંઈક આકરો આક્ષેપ મુકાયો અને રાણીએ તેને બાંધી લાવવાનો હુકમ કર્યો. કોઠારી દોડીને બાપાને શરણે આવ્યો ને જીવતદાન માગ્યું. બાપાએ આપ્યું. રાણીએ બાપાને રૂબરૂમાં બોલાવી ખીમાને સોંપી દેવા ફરમાવ્યું. બાપાએ એમ ને એમ તેને સોંપવાની ના પાડી અને રાણીને રીતસર કેસ ચલાવવાની વિનંતી કરી. રાણીએ તે ન માન્યું અને બળાત્કારે કોઠારીને લઈ જવાની ધમકી આપી. બાપા મક્કમ રહ્યા. ચાર છ દિવસની વાટાઘાટને અંતે રાણીએ લશ્કરી ટુકડી બાપાના મકાન પર મોકલી અને પછી ઘર તોડવા તોપ મોકલી. પોરબંદરી પાકા પથરાનું મજબૂત બાંધણીનું ઘર અને કિલ્લા જેવો દરવાજો. દરવાજે બાપાના અંગરક્ષક આરબોની નાનકડી ટુકડી. આરબોએ બાપાને કહી દીધું કે અમારા બધાનાં માથાં વધેરાયા પછી જ આપને કોઈ હાથ અડાડી શકશે. બાપાએ બહારની રક્ષા તેમને સોંપી ઘરમાં બધી તૈયારી કરી. સત્યને ખાતર સંતોષપૂર્વક હોમાઈ જવાને ઉપસ્થાન માંડ્યું. ઘરની વચ્ચોવચ પોતે બેઠા. પડખે એ સમયે હાજર પાંચે દીકરા, મા અને આઠમા કોઠારીને બેસાડ્યા. બધાંને સત્ય ખાતર હસતે મોઢે બલિ થવાનો ઉપદેશ આપ્યો. બહારથી તોપના ગોળાએ ધડાધડ જાડી દીવાલમાં બાકોરાં પાડ્યાં. અંદર ઈશ્વરનું સ્મરણ અને સત્ય પર દૃઢ રહેવાની અભ્યર્થના ચાલી. ઈશ્વરને એ આખા વંશનું બલિદાન લેવું ઉચિત ન લાગ્યું. ઉત્તમચંદ બાપાને તો સ્વપ્નેય કલ્પના નહીં હોય કે, બળ વિનાના છતાં અણનમ રહેવાની, અને સત્ય ખાતર મરવું પડે તો મરવાની જે તૈયારી મેં કરી છે તેનો વિકાસ મારો પૌત્ર સાર્વજનિક સત્યાગ્રહના રૂપમાં કરશે અને તેમાંથી જગત્‌પરિવર્તન અને ધર્મા-ભ્યુદય થશે. પણ ઈશ્વરને તો તેની ખબર હશે જ. એટલે કાંઈ પણ ભૂંડું પરિણામ આવે તે પહેલાં પોરબંદરની ધમાલના ખબર રાજકોટ જઈ પહોંચ્યા. અને એજન્સીએ વચ્ચે પડીને રાણીને બળાત્કાર કરતી અટકાવી.

આ ખટપટ પછી બાપાએ પોરબંદર

છોડયું. ને કુતિયાણા આવી પોતાનું ઉત્તર જીવન શાંતિ અને ભક્તિમાં પસાર કર્યું. કુતિયાણા જૂનાગઢ તાબેનું એટલે પોરબંદર છોડી આવેલા બાહોશ મંત્રીને નવાબે નોતર્યો. બાપા જૂનાગઢ ગયા; પણ તેમણે નવાબને ડાબે હાથે સલામ કરી અને જમણો હાથ પોરબંદરને સમર્પણ કર્યાનું કહી પોતાની એકનિષ્ઠા પ્રગટ કરી. નવાબના આવા અપમાન માટે તે દિવસોમાં ભારે સજા થાય, પણ નવાબને એકનિષ્ઠા પ્રત્યે આદર ઊપજ્યો. ભરદરબારમાં નવાબે બાપાનાં વખાણ કર્યાં અને બક્ષિસ રૂપે બાપાને અને તેના વારસોને પેઢી દર પેઢી કુતિયાણામાં વગર જકાતે દુકાન ચલાવવાનો રુક્કો લખી આપ્યો.

કુતિયાણા જઈને બાપાએ કંઈ ખાસ પ્રવૃત્તિ રાખી નહોતી. ઘોડેસવારીનો શોખ પહેલેથી જ બહુ હતો. એક વરસ ઘોડી રાખેલી તે પર રોજ આસપાસ દૂર સુધી ફરી આવતા અને બાકીનો સમય કથાકીર્તનમાં ગાળતા.

અમારું કુળ મૂળે પુષ્ટિમાર્ગી વલ્લભ સંપ્રદાયનું હોવાથી અમારે ત્યાં કૃષ્ણભક્તિ વિશેષે હોવી જોઈએ, પરંતુ બાપાને પોરબંદરના એક ખાખી સાધુ પર શ્રદ્ધા હતી. એ બાવાઓને સારુ બાપાએ એક ખાખી ચોક પણ કરાવ્યો હતો. ખાખી, રામનો અનન્ય ઉપાસક હતો. તેના સત્સંગથી બાપા પણ ભારે રામઉપાસક બનેલા. ઉત્તરવયમાં તેઓ દિવસનો મોટો ભાગ તુલસીની રામકથાના શ્રવણ અને તેના અનુષ્ઠાનમાં ગાળતા.

બાપાનો ભક્તિરસ ઉપલકિયો ન હતો. પણ જીવનના ઊંડાણમાં તે ઊતરી ગયો હતો એ ખીમા કોઠારીવાળા પ્રસંગમાં તેમણે બતાવેલી સત્યપ્રિયતા અને બલિદાનવૃત્તિ ઉપરથી જેમ દેખાય છે તેમ તેમણે બીજા એક પ્રસંગમાં બતાવેલી અલોભવૃત્તિ અને નિર્મળતાથી પણ સ્પષ્ટ થાય છે. પોરબંદરમાં તેઓ પ્રધાન હતા ત્યારે તેમનો પગાર વરસ આખાનો બે હજાર કોરી હતો. એ ઉપરાંત સીધું, શાકભાજી, વગેરે બધું દરબારગઢમાંથી જ મળતું. એ કાંઈ વધારે ન ગણાય; તોપણ રિવાજને વશ થઈ બાપાએ પોતાના બે મોટા દીકરા વલ્લભજી અને પીતાંબરના વિવાહ કર્યા ત્યારે ભારે જમણવાર કર્યો. દીકરા પરણાવવામાં ભારે પુરુષાર્થ રહેલો હોવાની એ વેળાની માન્યતામાંથી ઓતાબાપા મુક્ત ન હતા. તેમણે એ પુરુષાર્થ પણ ટોચે પહોંચાડયો. આખા ગામની ચોર્યાશી કરી, અર્થાત્ ગામ આખાને જમાડયું. ગામને દરવાજે ચોખા ચોડી ગરીબગુરબાં સૌને ભોજનનું આમંત્રણ આપ્યું. તે

ઉપરાંત સાત દિવસ સુધી કુલેકાં ચઢયાં. રાણાસાહેબ પોતે મોખરે ચાલ્યા. મારા દાદા કહે છે કે, એવી ભવ્ય નાત અને કુલેકાં બાપાના વખત પછી આજ સુધી કોઈ કરવા નથી પામ્યું. ઓતાબાપા રાજ્યના માનીતા મોટા દીવાન એટલે પ્રજાએ વધાવામાં નજરાણું પણ ખૂબ આપ્યું. થયેલા ખર્ચ કરતાં એ કંઈ ઓછું ન હતું. સામાન્ય માણસ તો એથી ફુલાઈ જાય અને ધનને પોતાની તિજોરી ભેગું કરે, પણ બાપાએ લગનનું કામ પૂરું થતાંની સાથે બધું ધન રાણાને ચરણે ધર્યું અને કહ્યું, 'આ આપની પ્રજાનું જ ધન છે. આપને જ પ્રતાપે હું ચોર્યાશી કરી શક્યો છું. આ ધન આપ સ્વીકારો.' રાણાએ ગદ્દગદ થઈ ફરમાવ્યું, 'ધન તિજોરીમાં નાખો અને ચોર્યાશીનું બધું ખરચ રાજ્ય ખાતે લખી ખાતું સરભર કરી દો. તમારા દીકરા એ મારા જ દીકરા છે.' આ પ્રસંગ પરથી કલ્પી શકાય છે કે દીવાનની સત્તા ભોગવતાં છતાં બાપામાં નમ્રતા હતી, ધનલોલુપતાનો અભાવ હતો અને નિષ્કામ કર્મ તરફ જીવનનો ઝોક હતો. એ આજાનુબાહુ હતા એટલું જ નહીં પણ ખરેખર મહાપુરુષ હતા.

('જીવનનું પરોઢ'માંથી) પ્રભુદાસ ગાંધી

પૂરું થતું પખવાડિયું

ગઈ તા. ૧૪મીથી તા. ૧૮મી સુધી રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદ ગુજરાતને પ્રવાસે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમ્યાન તેમણે અમદાવાદ, મહેમદાવાદ, આણંદ, દાહોદ, સુરત, બારડોલી વગેરે. સ્થળોની મુલાકાત લીધી હતી. અમદાવાદમાં તેમણે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાની ઉદ્દઘાટનવિધિ કરી હતી. મહેમદાવાદમાં કૉંગ્રેસ સેવાદળની રેલીની તેમણે સલામી લીધી હતી. દાહોદમાં ભીલ સેવામંડળના રજત મહોત્સવમાં હાજરી આપી હતી. આણંદ નજીક વલ્લભ વિદ્યાનગરમાં કૉમર્સ કૉલેજની શિલારોપણવિધિ કરી હતી. બારડોલીમાં ખાદી વિદ્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું. સુરતમાં ગાંધીજીની પ્રતિમાની અનાવરણવિધિ કરી હતી.

રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ ટંડને કારોબારી સમિતિની જાહેરાત કરી છે. સમિતિના સભ્યો નીચે મુજબ છે:

શ્રી પુરુષોત્તમદાસ ટંડન (પ્રમુખ)
સરદાર વલ્લભભાઈ પટેલ (ખજાનચી)
પંડિત જવાહરલાલ નેહરુ
મૌલાના અબુલ કલામ આઝાદ
ચક્રવર્તી રાજગોપાલાચારી
શ્રી જગજીવનરામ
પંડિત ગોવિંદવલ્લભ પંત
શ્રી સદોબા પાટીલ
શ્રી કામરાજ નાદર
સરદાર પ્રતાપસિંહ કેરોન
શ્રી એન. જી. રંગા
શ્રી અતુલ ઘોષ
શ્રી સિદ્ધનાથ
શ્રી લક્ષ્મીનારાયણ સુધાંશુ
શ્રી બી. એસ. હીરે
શેઠ ગોવિંદદાસ
શ્રી ગોકુલલાલ અસાવા
શ્રીમતી પુષ્પાબહેન
શ્રી કાલાવેંકટરાવ } મંત્રીઓ
શ્રી મોહનલાલ ગૌતમ }

સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ ગઈ તા. ૨૮મીએ અમદાવાદની પાંચ દિવસની મુલાકાતે આવ્યા હતા. ૨૯મી તારીખે તેમણે ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભ વખતે નવા સ્નાતકોને પદવી આપી હતી. પછીથી તેમણે હરિજન આશ્રમની મુલાકાત લીધી હતી. તા. ૩૧મીએ તેમણે નવજીવન કાર્યાલયના નવા મકાનની ઉદ્‌ઘાટનવિધિ કરી હતી. એ જ દિવસે સાંજે તેમની ૭૬મી જયંતિ નિમિત્તે યોજવામાં આવેલા સત્કાર સમારંભમાં તેમણે હાજરી આપી હતી. તા. ૧લીએ તેઓ ગુજરાત યુનિવર્સિટીના મકાનનો પાયો નાખશે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

રજિ૰ નં. બી ૫૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૭

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧૫મી નવેમ્બર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

બાપુની ઈચ્છા અને આશિષ

[આશ્રમમાં મગનલાલભાઈને લખતાં]

બેસતું વર્ષ, ૧૯૭૪
મોતીહારી

આજને માંગલિક પ્રસંગે તમને હું શું આપું? જેની તમારામાં, મારામાં, ઘણામાં ખામી છે, તે આપવાનો પ્રયત્ન કરું છું. એ મળ્યું તો બધું મળ્યું. જેનામાં હોય તે જ આપી શકે. એ ન્યાયે તો હું શું આપું? પણ આપણે સાથે માગીએ.

'જોકે હું મનુષ્ય અને દેવની વાણીએ બોલું, પણ મારામાં પ્રેમ ન હોય તો હું ઢોલ કે ખાલી ઘડા સમાન છું. જોકે હું ભવિષ્ય ભાખી શકું, મને બધું જ્ઞાન હોય, મારામાં પર્વતો ખસેડી શકવાની શ્રદ્ધા હોય, પણ પ્રેમ ન હોય તો હું તૃણવત્ છું. જોકે હું મારું બધું ગરીબોને ખાવા સારુ

આપી દઉં, મારું શરીર બાળી મૂકું, પણ મારામાં પ્રેમ ન હોય, તો મારા કાર્યમાં કશો લાભ ન હોય.

'પ્રેમ બહુ સહન કરે છે; જ્યાં પ્રેમ છે ત્યાં દયા છે. પ્રેમમાં દ્વેષને અવકાશ જ નથી, પ્રેમમાં અહંભાવ નથી, પ્રેમમાં મદ નથી, પ્રેમમાં અયોગ્યતા નથી, પ્રેમ સ્વાર્થી નથી, પ્રેમ ઝટ ચિડાતો નથી, પ્રેમને દુષ્ટ વિચારો આવતા નથી, પ્રેમ અન્યાયથી રાચતો નથી. પ્રેમ સત્યથી જ રાજી રહે છે, પ્રેમ બધું સહન કરે છે, બધું માને છે. પ્રેમ આશામય છે, બધું સાંખી લે છે. પ્રેમ કદી નિષ્ફળ થતો નથી. પણ ભવિષ્યવાણી મિથ્યા થાય છે, વાચા બંધ થાય છે, જ્ઞાનનો નાશ થાય છે.

'જ્યારે હું બાળક હતો ત્યારે બાળકની જેમ બોલતો. બાળકના જેટલી મારી સમજ હતી, અને બાળકની જેમ વિચારતો. જ્યારે હું મોટો થયો ત્યારે મેં બાળપણ છોડી દીધું. હાલ તો આપણને પરદાનું આચ્છાદન હોવાથી ઝાંખું ભાળીએ છીએ, પછી તો આપણે સમક્ષ ઊભી જોઈ શકીશું. હાલ તો મને થોડું જ્ઞાન છે. પછી જેમ હું ઓળખાઉં તેમ ઓળખીશ. છેવટમાં, શ્રદ્ધા, આશા અને પ્રેમ આ ત્રણ વસ્તુઓ સ્થાયી છે. તેમાંયે પ્રેમ શ્રેષ્ઠ છે.'

આ વાંચજો, વિચારજો, ફરી વાંચજો. તેનું અંગ્રેજી વાંચીને તેનું હિંદી કરજો. મરડી મચડી ઘડીભર તો પ્રેમની ઝાંખી ખૂબ કરી લેજો. મીરાંને પ્રેમની કટારી ખૂબ લાગી હતી. એવી કટારી આપણને પણ હાથ લાગે ને તે ભોંકવાનું બળ આપણામાં

આવે તો આપણે દુનિયાને હલમલાવીએ. પણ ક્ષણેક્ષણે તે વસ્તુ મારામાં છે છતાં તેની ખોટ તો અનુભવ્યાં કરું છું. ઊણપ બહુ છે. અધૂરા ઘડા જેવો કોઈ વેળા થઈ જાઉં છું. કાલે જ પ્રેમથી જેઓ મને રોકતા હતા તેઓને સારુ મને અવકાશ ન હતો. તેથી મનમાં ને મનમાં બળ્યાં કરતો હતો. આ કાંઈ પ્રેમની નિશાની નથી. એ તો અધૂરો ઘડો ઘણો છલકાયો. તમને નવું વર્ષ ફળો. તમારી શારીરિક, માનસિક, આધ્યાત્મિક વિભૂતિઓ વધીને એ બધું તમે હિંદને ચરણે પ્રેમભાવે મૂકો, એ મારી ઇચ્છા, એ જ આશિષ.

('મહાદેવભાઈની ડાયરી–૪' માંથી) બાપુના આશીર્વાદ

બીજાના દોષ જોઈએ તો . . .

આપણને મનુષ્યજન્મ મળ્યો છે તેથી એનો સદુપયોગ કરવો જોઈએ અને આપણામાં જે કંઈ ખામી હોય, દોષ હોય, જે અનિષ્ટ હોય એ બધું દૂર કરવા આપણે હંમેશાં મથવું જોઈએ. ગીતાજી પણ કહે છે: 'આપને તારવો આપે, આપને ન ડુબાડવો.' હંમેશાં આપણી જાતને સારે માર્ગે વાળવા આપણે પ્રયત્ન કરવો જોઈએ.

પરંતુ આપણે એથી ઊલટો જ માર્ગ ગ્રહણ કરીએ છીએ. જાણે કે આપણે પૂર્ણ હોઈએ, પવિત્ર હોઈએ, સદાચારી હોઈએ એમ પોતાને માટે આપણે માનીએ છીએ અને બીજાના આચરણમાં દોષ જેવું કંઈ દેખાય તો એનો તિરસ્કાર કરી એને ઉપદેશ આપવા મંડી પડીએ છીએ. પણ એમ કરવા જતાં આપણે જ વધારે નીચે

પડીએ છીએ. આપણને સુધારવાની વાત તો બાજુએ રહી, પરંતુ બીજાના દોષને દૂર કરવા પ્રયત્ન કરવા જતાં આપણે આપણો અમૂલ્ય સમય ગુમાવીએ છીએ. એને બદલે એટલો સમય આપણે આપણો જ વિચાર કરીએ તો કેવું સારું? બીજાને એથી લાભ થાય કે ન થાય, પરંતુ આપણને તો જરૂર લાભ થાય. એથી ઊલટી રીતે વર્તીએ તો પેલા સાધુ જેવી આપણી પણ દશા થાય.

એક સાધુ હતો. તે સવારે વહેલો ઊઠતો હતો. ભગવાનનું ભજન કરતો હતો અને પવિત્ર જીવન ગાળતો હતો. દિવસે દિવસે એનું જીવન ઉચ્ચ બનતું જતું હતું.

પરંતુ એક દિવસે એના રહેઠાણની સામેના મકાનમાં એક બાઈ રહેવા આવી. તે ખરાબ માર્ગે વળેલી હતી. સાધુનું એ તરફ ધ્યાન ગયું. એને ત્યાં પરાયા પુરુષોને આવતા જોઈને સાધુને પેલી બાઈ પર ખૂબ તિરસ્કાર છૂટયો. તેણે એ બાઈને બોલાવી અને ક્રોધે ભરાઈને કહ્યું, "તું કેટલી નીચ છે, પાપી છે. તું સુધર, નહીં તો તારો નાશ થશે."

પેલી બાઈ તો બિચારી આ સાંભળીને બહુ જ શરમાઈ ગઈ. એ તો ઘેર જઈને ભગવાનની પ્રાર્થના કરી માફી માગવા લાગી. પણ એનો ધંધો જ એવો એટલે એ બિચારી શું કરે? પોતાના પાપને માટે તે પસ્તાવો કર્યા કરતી હતી અને મનમાં ખૂબ દુઃખી થતી હતી.

સાધુએ તો બીજે દિવસે પણ પરપુરુષોને એને ત્યાં આવતા જોયા. એ તો સમસમી ઊઠયો. એને થયું, "આ બાઈ કેટલી દુષ્ટ છે. એના પાપની એને કંઈ પડી જ નથી. મેં એને ઉપદેશ આપ્યો

એની એને ક્યાં પડી છે? લાવ, જોઉં તો ખરો, એને ત્યાં કેટલા માણસો આવે છે?"

સાધુ તો આખો વખત એ તરફ જ ધ્યાન આપવા લાગ્યો. એની પૂજા બાજુએ રહી ગઈ, ભગવાનનું નામ પણ વીસરાઈ ગયું અને આમ તે બીજાના દોષ જોવા લાગ્યો. 'વિષયોનું રહે ધ્યાન તેમાં આસક્તિ ઊપજે' એ ગીતાવચન મુજબ એ તો પેલી બાઈના દુરાચારમાં રસ લેવા લાગ્યો અને એને મનમાં ધિક્કારવા લાગ્યો. તે દરરોજ જેટલા માણસો એને ત્યાં આવે એટલા પથ્થર મૂકવા લાગ્યો. એમ કરતાં કરતાં પથ્થરોનો એક મોટો ઢગલો થઈ ગયો.

તેણે પેલી બાઈને પાછી બોલાવી અને એના પાપનો ઢગલો બતાવ્યો અને ખૂબ ઠપકો આપ્યો.

આની અસર પેલી બાઈ પર ખૂબ ઊંડી પડી અને એ ઘેર ગઈ ત્યાં તો આઘાતથી મૃત્યુ પામી. સાથે સાથે તે જ દિવસે પેલો સાધુ પણ અકસ્માત્ મરણ પામ્યો.

બંનેનું મરણ થયું એટલે સાધુને યમદૂત તેડવા આવ્યા અને પેલી બાઈને ભગવાનના દૂત તેડવા આવ્યા. આ જોઈ સાધુએ કહ્યું, "તમારી ભૂલ થાય છે. મારે ત્યાં દેવદૂત આવવા જોઈએ અને પેલી નીચ બાઈને ત્યાં યમદૂત જવા જોઈએ."

આ સાંભળી યમદૂત હસીને બોલ્યા, "ભગવાન કદી આવી ભૂલ ન કરે. તેં સાધુનો વેશ લીધો પણ તેં તારો અમૂલ્ય વખત બીજાના દોષ જોવામાં ગુમાવ્યો. જ્યારે પેલી બાઈ દુરાચાર ભલે કરતી હતી, તોયે આખો વખત ભગવાનને યાદ

કરતી હતી. તારું અંતર હંમેશાં બીજાનાં પાપ જ જોતું હતું. આમ પાપ જોયાં કરીને તેં તારા મનને અપવિત્ર કરી નાખ્યું હતું. પેલી બાઈ દરરોજ ભગવાનની માફી માગી પોતાના અંતરને પવિત્ર કરતી હતી. ભલા સાધુ, તેં આટલો વખત તારો જ વિચાર કર્યો હોત તો તુંયે સ્વર્ગે જાત!"

સાધુ બિચારો શું કહે? એ તો યમદૂત સાથે નીચે મુખે ચાલવા લાગ્યો!

સુકુલભાઈ

માણસ અને મરણ

[ઈસપની એક વાત]

કાંઈક ભારે દુઃખ આવે, કશીક મોટી મુશ્કેલી નડે, ત્યારે લાગલા કેટલાક લોક કહે છે, 'આના કરતાં તો મોત આવે તો સારું.' માણસ માંદો પડે ત્યારે તો જરા જરામાં મોત માગવા માંડે છે. પરંતુ એ તો કેવળ નામનું જ હોય છે; દુઃખ કે કઢાપો કાઢવાની એ રીત થઈ ગઈ છે, એમ જ કહોને!

એક ડોસો હતો. માથે લાકડાંનો ભારો લઈને વગડામાંથી ઘેર આવતો હતો. ભાર ઠીક ઠીક હતો, તેથી ડોસો રસ્તામાં થાકી ગયો; અને ભારો ધડ દઈ નીચે નાખીને બોલ્યો, 'આના કરતાં તો મોત આવે તો સારું; ઘરડે ઘડપણ પણ રોજની લાગેલી આ મજૂરી તો છૂટે!'

ડોસો આમ બોલ્યો તેની સાથે યમનો દૂત ત્યાં લાગલો જ હાજર થયો; 'કેમ ડોસા, શું કામ અમને યાદ કર્યો?'

યમદૂતને જોઈ ડોસો તો એવો ગભરાયો કે ન પૂછો વાત!

તે કહે, "ઓહો, ભાઈ; તમે ભલે આવ્યા. મને આ ભારો ન ચડાવો? હું થાક ખાવા બેઠો હતો."

ભારો માથે લઈને ડોસો ચૂપચાપ ઘેર પહોંચી ગયો.

મરણ માગવું સહેલું છે, પણ આવે ત્યારે તેને વધાવી લેવાનું કામ અઘરું છે.

૧૦-૧૧-'૫૦ મગનભાઈ દેસાઈ

ભારતના બંધારણનો આત્મા

[નાગરિક મૂળહકોનો છેલ્લો હપતો]

ભારતનું બંધારણ દરેક નાગરિકને જે મૂળ હકો બક્ષે છે, તે અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા. ખરું જોતાં, બંધારણનું હાર્દ આ હકો જ છે. સામાન્ય રૈયતનો માણસ જે માગે છે તે આવા હકો છે. પ્રામાણિકપણે પોતાની રીતે છૂટથી તે જીવન ગાળવા માગે છે. તેને એ વિષે ખાતરી મળવી જોઈએ કે, સરકારી સત્તા તેમાં દખલ નહીં કરે એટલું જ નહીં, મદદરૂપ બનશે. મૂળ હક આ વસ્તુ તેને આપે છે. તે હક પરરાજ્યમાં તેને નહોતા; સ્વરાજમાં તેને પહેલી વાર મળે છે.

પણ પરરાજ્યમાં આ હકોની બાબતમાં વાતો તો બહુ થતી; તે વિષે કાંઈક કાંઈક જોગવાઈ પણ હતી. પરરાજ્યના પાયાને કશી આંચ ન આવે એ તેની મુખ્ય શરત હતી. પરંતુ હવે સ્વરાજ છે. એટલે મૂળ હકો ભારતના આપણા બંધારણનો પાયો બને છે; તે વાતનું પરરાજમાં સ્વપ્નું પણ નહોતું. બહુ બહુ તો, તે હકો વિષે વાતો કરવામાં આવતી, અને મોઢાની ખાતરી પણ અપાતી. પરંતુ સરકાર કે રાજ્ય તે પ્રમાણે ન વરતે, તો પ્રજા પાસે કશો ઉપાય નહોતો. પરરાજ્ય એ હકો પાળે તેટલા ખરા; પણ તેને બંધારણીય કે કાનૂની કશી જવાબદારી નહોતી. સ્વરાજનું બંધારણ કાનૂની ઢબે આ મૂળ હકો દરેક પ્રજાજનને, વગર ભેદભાવ રાખ્યે, આપે છે; અને સરકાર તેમ જ પ્રજા બંને સરખી રીતે એ હકોની રક્ષા કરવા જવાબદાર છે. આપણા રાષ્ટ્રના બંધારણનો એ પાયો છે; તેની ઉપરવટ

કોઈ સરકાર ન થઈ શકે; જો થાય તો પ્રજા તેને અદાલત મારફત સાનમાં લાવી શકે. આ મૂળ હકો આપણા રાષ્ટ્રના જીવનમાં સચવાય, એ જોવાનું કામ પ્રજાનું જ નહીં, હવે અદાલતનું પણ બને છે.

સ્વરાજ અને પરરાજમાં એક મોટો ફરક હોય તો આ છે. તેનો એક મશહૂર દાખલો આપું તો વિકટોરિયા રાણીનો ઢંઢેરો. ૧૮૫૮માં અંગ્રેજ પ્રજાએ આપણા દેશનું રાજ્ય કંપની પાસેથી લઈ લીધું. ત્યારે વિકટોરિયા રાણી વિલાયતમાં રાજ્ય કરતી હતી. આ ફેરફારથી તે હિંદની મહારાણી બની. તે પ્રસંગે તેણે એક ઢંઢેરો બહાર પાડયો હતો. તેમાં પ્રજાની સમાનતાની, કાયદેસર રાજ્યપદ્ધતિની, એવી ભાત ભાતની વાતો કરેલી. પણ અદાલતોમાં જ્યારે આ વાત ગઈ, ત્યારે તેમણે કહ્યું, "આ ઢંઢેરો કાંઈ કાયદો નથી; એ વાત ભલે થઈ, પણ અદાલત તેને કાયદો ગણીને કોઈ ચુકાદો આપી ન શકે."

ભારત બંધારણમાં કહેલી મૂળ હકની બાબતો આવી પોલી વાત નથી, કેમ કે કોઈ પણ અદાલત એ હકોને કાયદો ગણીને ચાલશે. અને એવા કેટલાય કેસ છેલ્લા વરસ દહાડામાં થયા પણ છે, અને બંધારણનો કાયદો પસાર થયો અને અમલમાં આવ્યો તેની સાથે આ મૂળ હકોનો લાભ પ્રજા સારી પેઠે ઉઠાવવા લાગી છે. દેશની અદાલતો એમને માન આપીને પોતાનું ખરું કામ કરવા લાગી છે. અને એ હકોની રક્ષાને માટે અદાલતોને પણ પૂરી સત્તા બંધારણને આપી છે. એ રીતે ન્યાયનું આસન સર્વોપરી થયું છે.

આ હકોનો ભંગ કરનારને માટે શિક્ષા ફરમાવતા કાયદા કરવાની સત્તા વડી ધારાસભાને આપવામાં આવી છે. એટલે કે, મૂળ હકનો ભંગ આપણા દેશમાં ગુનો ઠરે છે.

આ હકોની અમલબજાવણીમાં એક બે બાબતો માટે અપવાદ છે; એક તો એ કે, લશ્કર અંગે કે સરકારી નોકરો લશ્કરી કાયદાનો અમલ કરતા હોય તેવે વખતે, નિયત સમયને માટે, કાંઈક છૂટછાટ આપવાનો હક વડી ધારાસભા પાસે છે. આ હક પ્રજાના પ્રતિનિધિઓ જ દાખવી શકે, સરકારના અમલદારો નહીં, એ ધ્યાન રાખવું જોઈએ.

ભારતના બંધારણમાં ન્યાય મેળવવાનો આ મૂળ હક એક બહુ મોટી વાત છે. ડૉ. આંબેડકરે બંધારણના આ પ્રકરણને તેનો આત્મા ને તેનું હાર્દ કહ્યું છે, તે તદ્દન ખરી વાત છે, અને એ હકોનો ભંગ ગુનો ઠરે છે અને તેને માટે સજાનો કાયદો કરવામાં આવશે, એ પણ મોટી વાત છે. પ્રજાજનો આ હકો ભોગવી શકે તેમ કરવા માટે તેમણે અરસપરસ તે હકો સામાને ભોગવવા માટે અનુકૂળ બનવું જોઈએ. હકો એમની સામેની આ જવાબદારી સ્વીકારવાથી જ સચવાઈ શકે છે. હક અને જવાબદારી સાચા નાગરિક ધર્મની ઢાલનાં બે પાસાં છે; અને તેનું સવળું પાસું જવાબદારી છે, કેમ કે તે હોય તો હક આપોઆપ મળી જ રહે છે. હકની ચાવી જવાબદારી પાસે રહે છે.

૧૦–૧૧–'૫૦ મગનભાઈ દેસાઈ

સરદારની શીખ

[સરદારશ્રીની ૭૫મી જયંતી પ્રસંગે ગુજરાત તરફથી તેમનું સન્માન કરવા અમદાવાદમાં થયેલી જાહેર સભામાં તેમણે આપેલા ભાષણનો મહત્ત્વનો ભાગ નીચે આપ્યો છે.]

* * *

મને ઓળખનારા જાણે છે કે ઘણાં વર્ષ સુધી હું અમદાવાદના ભંગીઓનો મિત્ર રહ્યો છું. અમદાવાદના અને ગુજરાતના ઘણા માણસો એમ જાણે છે કે હું ખેડૂત છું. અને જો ગુજરાતના ખેડૂતોને મેં સ્વમાનના, નિર્ભયતાના અને સ્વાશ્રયના પાઠ શીખવ્યા ન હોત તો ગુજરાત કોઈ રીતે આગળ આવવાનું ન હતું.

હિંદુસ્તાન એ ખેતીપ્રધાન મુલક છે. આજે જો હિંદુસ્તાનના ખેડૂતો મારી વાત સમજી જાય તો, હું એને એક જ વાત સમજાવું કે થોડુંઘણું દુઃખ વેઠીને પણ તમારી પાસે જે થોડુંઘણું બચત અનાજ હોય એટલું તમે તમારા પાડોશીઓને કે પડોશી પ્રાંતોને મદદ કરવા, ખાવાના, પેટ ભરવાના કામમાં આપજો. અત્યારના જે નવા સેવકો પેદા થયા છે તે કહે છે કે વધારે દામ માગો, સરકારને ન આપો. તમે મહેનત કરો છો. તમારે બીજાને આપવાની જરૂર નથી. તમે જેટલા બની

શકે તેટલા વધુ પૈસા માગે એવો વખત છે. હું તેમને દેશના દ્રોહી કહું છું કારણ કે આજે હિંદુસ્તાન વિષમ દશામાંથી પસાર થઈ રહ્યો છે. દુનિયામાં આજે ઘણા મુલકો એવા છે કે જ્યાં વિશ્વયુદ્ધને પરિણામે ખરાબી થઈ છે. અને આપણા મુલકમાં પાછલા યુદ્ધને પરિણામે કરોડો રૂપિયા પરદેશ ખેંચાઈ ગયા છે, મિલકતો ખેંચાઈ ગઈ છે. અનેક પ્રકારની સાધનસામગ્રી ખેંચાઈ ગઈ છે. જ્યારે આપણને સ્વતંત્રતા મળી ત્યારે હિંદુસ્તાન એક મુડદાલ સ્વરૂપમાં હતું. એના હાડપિંજરમાં ખાલી પ્રાણ રહ્યા હતા. રુધિર રહ્યું ન હતું. આસપાસના મુલકો—બર્મા, મલાયા, વગેરે—ની સ્થિતિ પણ આપણા કરતાં કાંઈ સારી ન હતી. એ સંજોગોમાં હિંદુસ્તાનના ભાગલા પડયા. એને પરિણામે આપણી આર્થિક સ્થિતિ જે એકત્ર હતી તે છિન્નભિન્ન થઈ. કરોડો રૂપિયાનું અનાજ આજુબાજુના દેશોમાંથી, સિંગાપુરમાંથી મળતું બંધ થયું. આજે આપણે દૂર દૂરના દેશોમાંથી કરોડો રૂપિયાનો માલ લાવવો પડે છે. ગરીબ અને કંગાળ દશાના મુલકમાં આર્થિક બોજો પડયો છે. તેમાંથી નીકળવું કઠણ છે. આપણે સ્વતંત્ર થયા છીએ એટલે કાંઈ કરવાનું નથી એમ ઘણા માને છે. સરકાર કરી લેશે એમ ઘણા માને છે.

પણ સરકાર એટલે કોણ? એ જો આપણે જાણીએ કે સરકાર એટલે પરાણું તંત્ર ચાલ્યું આવે છે તે, તો એ આપણી ભૂલ છે. સરકારમાં આપણાં જ માણસો છે. જેને જેટલું આવડે છે એટલું કરે છે. પણ આપણે તેથી ગભરાવું ન જોઈએ. અને સરકારની ભૂલ હોય તો તે સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. અને કઈ રીતે કરવો એ સમજીએ તો તે બહુ મુશ્કેલ ન હોવું જોઈએ. પાછલી સરકાર સાથે આપણે લડવું પડતું હતું પણ આ સરકાર સાથે આપણે લડવાનું ન હોય. આપણી સ્થિતિ એવી છે કે સ્વતંત્રતા માટે લડવું હોય ત્યારે બધા એકત્ર થઈ શકે છે. પણ સ્વતંત્રતા મળ્યા પછી લોકો આપસઆપસમાં સ્વાર્થમાં પડી જાય છે. સત્તાના લોભમાં પડી જાય છે. સત્તા મેળવવા માટે લોભમાં પડી જાય છે અને કોઈ કોઈને માથે કોઈ વસ્તુ લેવું

નથી. તેથી આપણું કામ બગડે છે. આપણે તો ગુજરાતના શાણા માણસો કહેવાઈએ. આપણે ભૂલ ન કરવી જોઈએ. આપણું કર્તવ્ય આપણે વિચારી લેવું જોઈએ.

ગુજરાતે પોતાના દરેક સ્વરાજના અંગને માટે પોતાની તયારી કરવી જોઈએ. અને દરેક સ્વરાજના માર્ગને વિષે જે જે પ્રકારના માણસો જોઈએ તેવા માણસો તયાર રાખવા જોઈએ. ઘણું કામ કરવાનું છે, તેમાં પોતાની બુદ્ધિની પરીક્ષા થવાની છે અને તમારી કાર્યદક્ષતાની પણ કિંમત થવાની છે. કોઈને દોષ દેવાથી કાંઈ પણ ફાયદો થવાનો નથી. પ્રધાનો આવે છે અને તમે મળો છો. બીજા અધિકારીઓને પણ મળો છો. ઘણા માણસો કંટ્રોલથી ત્રાસે છે. ઘણા કૉંગ્રેસવાળા પણ કંટ્રોલથી નાસી જાય છે. ઘણી વ્યક્તિઓમાં ત્રુટીઓ છે. કંટ્રોલની પાછળ લાંચરુશવત પણ છે. પણ આપણો મુલક નાનો નથી. દુનિયાના પાંચમા ભાગની જ્યાં વસ્તી પડેલી છે, સેંકડો વર્ષની જ્યાં ગુલામી અને અજ્ઞાનતા પડી છે, ત્યાં કામ કરવા માટે પૂરતા લાયક અમલદારો નથી. ત્યાં આટલા મોટા મુલકમાં કંટ્રોલ રાખવો તે કોઈ કરી શકે એમ નથી. અરે! ભગવાન પણ કરી શકે તેમ નથી. બ્લૅક માર્કેટ બંધ થઈ જાય અને સફેદ માર્કેટ થાય એ કરવું હોય તો આપણે જુદો માર્ગ લેવો જોઈએ. તમે કેવળ જો દોષ દેવાના રસ્તા પર રહેશો તો તમને મુશ્કેલ પડશે. મારા પર ઘણા કાગળ આવે છે કે મારે આ કામ કરવું જોઈએ, મારે આ કામ કરવું જોઈએ. વાત ખરી છે. મારું જે મર્યાદિત ક્ષેત્ર છે તેમાં મારાથી થઈ શકે એ હું કરું.

આપણે બધાએ સ્વતંત્રતા માટે તાલીમ લેવી જોઈએ તે મળેલી નથી. એ જો હોય અને જો આપણે સંપીને વહેંચીને ખાઈએ તો હજુ બે પાંચ વર્ષ ચાલે એટલું અનાજ છે. એટલામાં તો મોટી યોજનાઓ હાથ પર છે તેનો પણ લાભ મળે. હિંદુસ્તાનમાં લાખો એકર જમીન પડેલી છે. એ અણખેડાયેલી પડી છે. કેટલીક નદીઓમાં ખૂબ પાણી આવે છે અને તે નુકસાન કરે છે અને રેલસંકટની લોકો બૂમ મારે છે. આપણી ભૂમિની અંદર અનેક

પ્રકારના ખનીજ પદાર્થો ભરેલા છે. તેનો ફાયદો એકદમ ઉઠાવવે। એ સહેલું કામ નથી. આપણી પાસે કુશળ માણસો નથી; એટલાં સાધનો નથી. સ્વતંત્રતા મળ્યાનો ફાયદો ઉઠાવવો હોય તો મુલકનો વિકાસ કરવામાં બુદ્ધિ અને કુશળતા હોવી જોઈએ અને સ્વાર્થને બાજુએ રાખી પરમાર્થ કરવો જોઈએ. બધા જ નિઃસ્વાર્થી ન હોઈ શકે. સ્વાર્થ સૌને વહાલો છે. કાંઈ બધાય વેપારીઓ, ઉદ્યોગી માણસો નિઃસ્વાર્થથી કામ કરે તે હું માનતો નથી, ઇચ્છતો નથી, પણ આ યુગ, આ સમય, આ કાળ એવો છે કે જો અત્યારે આપણે આપણી બુદ્ધિ, શક્તિ અને સમયનો લાભ મુલકને નહીં આપીએ તો આપણને નુકસાન જવાનું છે.

ગુજરાતના ખેડૂતોને મારો સંદેશો એક જ છે કે તેમણે પોતે જ કોઈ પણ રીતે, કોઈ પણ પ્રકારે, જેટલું બને એટલું વધારે અનાજ પેદા કરવું. અને આપણે બધાએ કોઈ પણ પ્રકારે અનાજનો કોઈ પણ પ્રકારનો વ્યય ન થાય એવું કામ કરવું. જેટલો ખોરાક જોઈએ એટલું જ, જરૂર પડતું, પકાવવું; વધુ પકાવવાથી બગાડ ન થાય તે જોવું જોઈએ. આજે કરોડો રૂપિયાનું અનાજ બહારથી લાવવું પડે છે. તેમાં જે નુકસાન થઈ રહ્યું છે તેનો ઝીણવટથી વિચાર કરીએ તો એમાંથી બચી શકીએ એમ છીએ. ગુજરાતના શાણા માણસોએ બધું જ કામ સમજીને કરવાનું છે. મારું કામ એક રીતે પૂરું થયું છે. સ્વતંત્રતા મેળવવામાં જે કામ કરવાનું હતું તે હવે પૂરું થયું છે. મુલકને સ્થિર કરવાનું કામ અત્યારે છે. એમાં એની મેળે એની સ્થિરતા આવી છે.

જે વખતે આપણને સ્વતંત્રતા મળી ત્યારે તે વખતના સત્તાધીશો માનતા હતા કે આપણું તંત્ર તૂટી પડશે. પણ તેમ નથી થયું. આપણું કામ ચાલી રહ્યું છે અને હજુ પણ ચાલશે. પણ આપણે એને એવી રીતે ચલાવવું જોઈએ કે દુનિયાના બીજા મુલકો છે એની બરાબરીમાં આપણું સ્થાન હોવું જોઈએ અને ત્યાં સ્થાન મળવું જોઈએ. આજે દુનિયામાં હાલણડોલણ છે. આજે દુનિયામાં તિબેટ જેવો કોઈ મુલક નથી. એના જેવો કોઈ શાંતિપ્રિય દેશ નથી. એણે કોઈનું કાંઈ બગાડયું નથી. પણ

આજે એ લાચાર છે. ચીનનું લશ્કર તેના મુલકમાં પેસી ગયું છે. બે વર્ષ પર કોઈએ ધાર્યું ન હતું. અને છતાંય કોઈ બોલી શકતું નથી. એટલે એવા કેવળ અહિંસક માણસો છે તેને પણ ક્યારે ભય આવી પડશે તેનો ખ્યાલ નથી એટલે આપણે જાગ્રત રહેવું જોઈએ. દુનિયામાં સાએ, આપણે પણ. આપણા મુલકની સ્થિરતા જો બરાબર થઈ જાય તો અનેક પ્રકારનાં નાનાં મોટાં દુઃખ કા , આપણને કાંઈ મુશ્કેલી ન આવે. થોડો બુદ્ધિનો ઉપયોગ કરવો પડે. આપણા મુલકમાં ઘણા મધ્યમ વર્ગના માણસો બેકાર છે તેમને કામ કરવાની તક મળે મિલકત વધે, કામ કરવાનાં સાધનો મળે, ગામડાના ઉદ્યોગો, ગૃહઉદ્યોગો કેવી રીતે વધે, શહેરના ઉદ્યોગોની પૂર્તિ થાય—એ બધી વસ્તુઓ સરકારને કરવાની છે અને આપણે કરવાની છે. એટલું જ નહીં પણ હું ઉમેદ રાખું છું કે અનેક પ્રકારની ટીકાઓ છતાં, અનેક પ્રકારનો અસંતોષ છતાં, આખરે આ બધું ઠીક થઈ જશે. કારણ કે હિંદુસ્તાનમાં બુદ્ધિમાન માણસો પડેલા છે, અમુક શક્તિ પડેલી છે, અનેક સમૃદ્ધિ એની ધરતીમાં પડેલી છે. કોઈ પ્રકારની ચિંતા કરવાનું કારણ નથી. અમુક કાળ દુઃખનો છે પણ એય ચાલ્યો જશે. કાળ કાળનું કામ કરશે અને આખરે ઈશ્વર સૌ સારાં વાનાં કરશે.

ગાંધીજી આપણી પાસે આદર્શ મૂકી ગયા છે, માર્ગ મૂકી ગયા છે. આપણે નાના નાનાં માણસો જૂથમાં મળી સંપીને કામ કરીએ, એને પગલે ચાલીએ એવી ઈશ્વર આપણને સદ્બુદ્ધિ આપે.

ચંત્રઘંટી

ઇંગ્લંડ દેશમાં વસ્તી ઘટતી જતી જોઈને ત્યાંની સરકારે એક તપાસસમિતિ નીમી હતી. દેશની વસ્તી શાથી ઘટતી જાય છે, તથા તે સારું થાય છે કે ખોટું તેની તપાસ કરવાનું કામ તેને સોંપ્યું હતું.

તપાસસમિતિએ એનો અહેવાલ પ્રગટ કર્યો છે. તેમાં તે જણાવે છે કે ઇંગ્લંડ દેશનાં સ્ત્રી-પુરુષોને હવે પ્રમાણમાં ઓછાં બાળક જન્મે છે. અને તે વસ્તુ ઇંગ્લંડ દેશના વેપાર, ઉદ્યોગ અને સામ્રાજ્ય માટે હિતકર નથી.

સરકારી તપાસસમિતિ જણાવે છે કે જન્મનું પ્રમાણ ઘટવાની શરૂઆત ઈ. સ. ૧૮૭૦થી થવા લાગી છે. તેનાં કારણોની તપાસ પણ તેણે કરી છે. પણ તે કારણો ઉપરચોટિયાં છે એમ જણાવી, મિ. પિકટન નામના એક વિદ્વાન અંગ્રેજ ડૉક્ટરે જન્મના ઘટાડાનાં જુદાં જ કારણો જણાવ્યાં છે. પોતે લખેલા પુસ્તકમાં તે જણાવે છે કે, ઇંગ્લંડ દેશની પ્રજાએ જ્યારથી સફેદ મેંદો ખાવાનું શરૂ કર્યું ત્યારથી દેશની વસ્તીનો ઘટાડો થવા લાગ્યો છે. ઘઉંના દાણાની આંખમાં વિટામિન 'ઈ' નામનું જીવનતત્ત્વ રહેલું હોય છે. તેને પ્રજોત્પાદક વિટામિન પણ કહે છે. મિ. પિકટન જણાવે છે કે, જ્યારથી યંત્રઘંટીની શોધ થઈ, અને લોટને વધારે ને વધારે સફેદ બનાવીને ખાવાનો લોકોને ચસકો લાગ્યો, ત્યારથી ઇંગ્લંડ દેશના લોકોનું જન્મપ્રમાણ ઘટતું ચાલ્યું છે.

ઘઉંના લોટને વધુ સફેદ બનાવવા ઘઉંને પલાળીને તેનાં ફોતરાં દૂર કરી નાખવામાં આવે છે. પણ મેંદો દળવામાં બહુ બળ જોઈએ છીએ અને તેથી અમુક પ્રસંગે કે અમુક ખાસ વાની બનાવવા પૂરતો જ મેંદો લોકો પહેલાં તૈયાર કરતા. પરંતુ યંત્રઘંટીની શોધ થવાથી, મેંદો બનાવવાનું સહેલું બની ગયું. એટલે લોકો બધી વાનીઓ માટે મેંદો જ વાપરવા લાગ્યા. પછી તો યંત્રઘંટીમાં વધારે ને વધારે સુધારા થતા ગયા અને ઘઉંમાંથી વધારે ને વધારે ભાગ કાઢી નાખી, અંદરનો સફેદ બારીક ગર જ રહેવા દેવાનું વધતું ગયું. મિ. પિકટન પોતાના પુસ્તકમાં જણાવે છે કે, ઈ. સ. ૧૮૭૨થી ઈ. સ. ૧૮૮૨ સુધીમાં યંત્રઘંટી દર સો ટન ઘઉંમાંથી ૮૦ ટન સફેદ લોટ કાઢતી થઈ. એમ કાઢી નાખેલા ૨૦ ટનમાં બે ટન જેટલી ઘઉંના દાણાની આંખ જ જતી રહે છે. યંત્રઘંટીની નવી નવી શોધોથી ઘઉમાંથી વધુ ને વધુ ભાગ કાઢી નખાતો થયો. ઈ. સ. ૧૮૮૨માં દર સો ટને ૭૯ ટન સફેદ લોટ કઢાતો. ઈ. સ. ૧૮૮૪માં ૭૭ ટન લોટ કઢાવા લાગ્યો. ૧૮૮૭માં ૭૪ ટન લોટ કઢાવા લાગ્યો. અને ૧૮૮૯માં ૭૨ ટન લોટ કઢાવા લાગ્યો.

એની સાથે સાથે જ ઇંગ્લંડ દેશમાં જન્મપ્રમાણ પણ ઘટતું ચાલ્યું છે.

મિ. પિકટનનું પુસ્તક વાંચીને

અમેરિકાના ડૉ. ફ્રેરમૅને અમેરિકાના દેશની માહિતી આપતાં જણાવ્યું કે, અમેરિકામાં પણ ઈ. સ. ૧૮૨૬થી જન્મપ્રમાણ ઘટવાનું શરૂ થયું છે. તે કહે છે કે યંત્રઘંટી દાખલ થવાથી અમેરિકા દેશનાં સ્ત્રીપુરુષોને પણ ઘઉંના દાણાની આંખમાં રહેતું વિટામિન 'ઈ' મળતું બંધ થયું છે, ત્યારથી જ એ ઘટાડો શરૂ થયો છે, એમાં જરાય શંકા નથી.

ડૉ. પિકટને યંત્રઘંટીની આ વાત ઉપરાંત બીજી વાત એ જણાવી છે કે, દેશની જમીનને છાણ–પાનનું સજીવ ખાતર ન મળે, અને બનાવટી રસાયની ખાતર મળે, તોપણ તે જમીનમાં પાકતા અનાજનું સત્ત્વ ઘટી જાય છે. છાણ–પાનના સજીવ ખાતરથી જમીનમાં અમુક જાતની ફૂગ કે ઊબ પેદા થાય છે. એ સજીવ પદાર્થમાંથી અનાજના છોડને મૂળ વાટે સારું જીવનતત્ત્વ મળે છે. એ જીવનતત્ત્વવાળું અનાજ ખાનાર લોકોનાં શરીર પણ જીવનતત્ત્વવાળાં જ થાય. પણ રસાયની ખાતર એ જાતની સજીવ ઊબ કે ફૂગ જમીનમાં ઉત્પન્ન કરી શકતું નથી. એટલે રસાયની ખાતરોથી પાકતું અનાજ સત્ત્વ વગરનું થાય છે. એ અનાજ ખાનાર પશુ કે માણસમાં જીવનસત્ત્વની ખામીને કારણે પછી ખરાબ દાંત, નબળાં હાડકાં, પાંડુરોગ, કબજિયાત વગેરે બીમારીઓ ઊભી થાય છે.

ડૉ. પિકટન જણાવે છે કે, જે દેશની પ્રજા પોતાની જમીનમાં છાણ–પાન વગેરેનું સજીવ ખાતર વાપરે છે, તે દેશની પ્રજા નીરોગી અને સત્ત્વવાળી થાય છે તથા રહે છે. રસાયની ખાતરોથી પાકેલું અને યંત્રઘંટીથી વધુ નમાલું બનાવેલું અનાજ ખાનાર પ્રજા છેવટે જીવનતત્ત્વની બાબતમાં ઊતરતી જાય છે.

રસાયની ખાતરોથી પાકેલા પાકનાં પાંદડાં અને અનાજનો ઉતાર વધેલો જોઈ રાજી થવાની જરૂર નથી. એ જથો ખરી રીતે સત્ત્વ વિનાનો હોય છે. એટલે માત્ર પૈસાના લોભ ખાતર રસાયની ખાતરો જમીનમાં નાખી વધુ પાક મેળવવાનો લોભ છોડવો જોઈએ; તથા વધુ સફેદ અને ઝીણો મેંદો ખાવાનો અભરખો રાખવાને બદલે બધું જીવન-સત્ત્વ સચવાઈ રહે તે રીતે હાથઘંટીથી દળાયેલો લોટ ખાવો જોઈએ. કહે છે કે 'ઊજળું તેટલું દૂધ નહીં.'

ગોપાળદાસ પટેલ

સરકારી તપાસસમિતિ જણાવે છે કે જન્મનું પ્રમાણ ઘટવાની શરૂઆત ઈ. સ. ૧૮૭૦થી થવા લાગી છે. તેનાં કારણોની તપાસ પણ તેણે કરી છે. પણ તે કારણો ઉપરચોટિયાં છે એમ જણાવી, મિ. પિકટન નામના એક વિદ્વાન અંગ્રેજ ડૉક્ટરે જન્મના ઘટાડાનાં જુદાં જ કારણો જણાવ્યાં છે. પોતે લખેલા પુસ્તકમાં તે જણાવે છે કે, ઈંગ્લંડ દેશની પ્રજાએ જ્યારથી સફેદ મેંદો ખાવાનું શરૂ કર્યું ત્યારથી દેશની વસ્તીનો ઘટાડો થવા લાગ્યો છે. ઘઉંના દાણાની આંખમાં વિટામિન 'ઈ' નામનું જીવનતત્ત્વ રહેલું હોય છે. તેને પ્રજોત્પાદક વિટામિન પણ કહે છે. મિ. પિકટન જણાવે છે કે, જ્યારથી યંત્રઘંટીની શોધ થઈ, અને લોટને વધારે ને વધારે સફેદ બનાવીને ખાવાનો લોકોને ચસકો લાગ્યો, ત્યારથી ઈંગ્લંડ દેશના લોકોનું જન્મપ્રમાણ ઘટતું ચાલ્યું છે.

ઘઉંના લોટને વધુ સફેદ બનાવવા ઘઉંને પલાળીને તેનાં ફોતરાં દૂર કરી નાખવામાં આવે છે. પણ મેંદો દળવામાં બહુ બળ જોઈએ છીએ અને તેથી અમુક પ્રસંગે કે અમુક ખાસ વાની બનાવવા પૂરતો જ મેંદો લોકો પહેલાં તૈયાર કરતા. પરંતુ યંત્રઘંટીની શોધ થવાથી, મેંદો બનાવવાનું સહેલું બની ગયું. એટલે લોકો બધી વાનીઓ માટે મેંદો જ વાપરવા લાગ્યા. પછી તો યંત્રઘંટીમાં વધારે ને વધારે સુધારા થતા ગયા અને ઘઉંમાંથી વધારે ને વધારે ભાગ કાઢી નાખી, અંદરનો સફેદ બારીક ગર જ રહેવા દેવાનું વધતું ગયું. મિ. પિકટન પોતાના પુસ્તકમાં જણાવે છે કે, ઈ. સ. ૧૮૭૨થી ઈ. સ. ૧૮૮૨ સુધીમાં યંત્રઘંટી દર સો ટન ઘઉંમાંથી ૮૦ ટન સફેદ લોટ કાઢતી થઈ. એમ કાઢી નાખેલા ૨૦ ટનમાં બે ટન જેટલી ઘઉંના દાણાની આંખ જ જતી રહે છે. યંત્રઘંટીની નવી નવી શોધોથી ઘઉંમાંથી વધુ ને વધુ ભાગ કાઢી નખાતો થયો. ઈ. સ. ૧૮૮૨માં દર સો ટને ૭૯ ટન સફેદ લોટ કઢાતો. ઈ. સ. ૧૮૮૪માં ૭૭ ટન લોટ કઢાવા લાગ્યો. ૧૮૮૭માં ૭૪ ટન લોટ કઢાવા લાગ્યો. અને ૧૮૮૯માં ૭૨ ટન લોટ કઢાવા લાગ્યો.

એની સાથે સાથે જ ઈંગ્લંડ દેશમાં જન્મપ્રમાણ પણ ઘટતું ચાલ્યું છે.

મિ. પિકટનનું પુસ્તક વાંચીને

અમેરિકાના ડૉ. ફૅરમેને અમેરિકાના દેશની માહિતી આપતાં જણાવ્યું કે, અમેરિકામાં પણ ઈ. સ. ૧૮૨૬થી જન્મપ્રમાણ ઘટવાનું શરૂ થયું છે. તે કહે છે કે યંત્રઘંટી દાખલ થવાથી અમેરિકા દેશનાં સ્ત્રીપુરુષોને પણ ઘઉંના દાણાની આંખમાં રહેતું વિટામિન 'ઈ' મળતું બંધ થયું છે, ત્યારથી જ એ ઘટાડો શરૂ થયો છે, એમાં જરાય શંકા નથી.

ડૉ. પિકટને યંત્રઘંટીની આ વાત ઉપરાંત બીજી વાત એ જણાવી છે કે, દેશની જમીનને છાણ–પાનનું સજીવ ખાતર ન મળે, અને બનાવટી રસાયની ખાતર મળે, તોપણ તે જમીનમાં પાકતા અનાજનું સત્ત્વ ઘટી જાય છે. છાણ–પાનના સજીવ ખાતરથી જમીનમાં અમુક જાતની ફૂગ કે ઊબ પેદા થાય છે. એ સજીવ પદાર્થમાંથી અનાજના છોડને મૂળ વાટે સારું જીવનતત્ત્વ મળે છે. એ જીવનતત્ત્વવાળું અનાજ ખાનાર લોકોનાં શરીર પણ જીવનતત્ત્વવાળાં જ થાય. પણ રસાયની ખાતર એ જાતની સજીવ ઊબ કે ફૂગ જમીનમાં ઉત્પન્ન કરી શકતું નથી. એટલે રસાયની ખાતરોથી પાકતું અનાજ સત્ત્વ વગરનું થાય છે, એ અનાજ ખાનાર પશુ કે માણસમાં જીવનસત્ત્વની ખામીને કારણે પછી ખરાબ દાંત, નબળાં હાડકાં, પાંડુરોગ, કબજિયાત વગેરે બીમારીઓ ઊભી થાય છે.

ડૉ. પિકટન જણાવે છે કે, જે દેશની પ્રજા પોતાની જમીનમાં છાણ–પાન વગેરેનું સજીવ ખાતર વાપરે છે, તે દેશની પ્રજા નીરોગી અને સત્ત્વવાળી થાય છે તથા રહે છે. રસાયની ખાતરોથી પાકેલું અને યંત્રઘંટીથી વધુ નમાલું બનાવેલું અનાજ ખાનાર પ્રજા છેવટે જીવનતત્ત્વની બાબતમાં ઊતરતી જાય છે.

રસાયની ખાતરોથી પાકેલા પાકનાં પાંદડાં અને અનાજનો ઉતાર વધેલો જોઈ રાજી થવાની જરૂર નથી. એ જથો ખરી રીતે સત્ત્વ વિનાનો હોય છે. એટલે માત્ર પૈસાના લોભ ખાતર રસાયની ખાતરો જમીનમાં નાખી વધુ પાક મેળવવાનો લોભ છોડવો જોઈએ; તથા વધુ સફેદ અને ઝીણો મેંદો ખાવાનો અભરખો રાખવાને બદલે બધું જીવન-સત્ત્વ સચવાઈ રહે તે રીતે હાથઘંટીથી દળાયેલો લોટ ખાવો જોઈએ. કહે છે કે 'ઊજળું તેટલું દૂધ નહીં.'

ગોપાળદાસ પટેલ

પૂરું થતું પખવાડિયું

ચીનના સામ્યવાદી લ. તબેટ પર ચડાઈ કરી છે અને તે તિબેટની રાજધાની લાસા તરફ ધસી રહ્યું છે. તિબેટના પ્રશ્નનો નિવેડો વાટાઘાટોથી લાવવા માટેની હિંદી સરકારની સલાહની અવગણના કરીને ચીનની સરકારે આ પગલું ભર્યું છે.

ગઈ તા. ૪થી અને ૫મીએ નવી દિલ્હી ખાતે કૉંગ્રેસની કારોબારી સમિતિની બેઠક મળી હતી.

ભારતની પાર્લમેન્ટની શિયાળાની બેઠક ૧૪મી નવેમ્બરે મળશે.

છેલ્લા થોડા દિવસથી હિમાલયની તળેટીમાં આવેલા નેપાળ રાજ્યમાં ભારે ઊથલપાથલ થઈ રહી છે. ત્યાં આગળ સત્તાવાળાઓ સામે પ્રજાકીય બળવો ફાટી નીકળ્યો છે. ત્યાંના રાજાના હાથમાં નામની સત્તા છે; રાજ્યની ખરી સત્તા ત્યાંના વડા પ્રધાનના હાથમાં છે. રાજા પ્રજાકીય ચળવળની તરફેણમાં હોવાનું જણાય છે. તેમને પ્રજાકીય આંદોલન પ્રત્યે સહાનુભૂતિ હોય એમ લાગે છે અને તેથી સત્તાધારી વડા પ્રધાનની તેમના પર ઇતરાજી થઈ. આથી તેમણે નેપાળમાંના હિંદી એલચીની કચેરીમાં આશ્રય લીધો અને હવે તે પોતાના કુટુંબકબીલા સાથે નવી દિલ્હીમાં આવી ગયા છે. હાલ તેઓ ભારત સરકારના મહેમાન તરીકે રહેશે.

દરમ્યાન નેપાળમાં પ્રજાકીય લશ્કર રાજ્યનાં અગત્યનાં મથકોનો કબજો લઈ રહ્યું છે. છેલ્લા સમાચાર પ્રમાણે નેપાળના વડા પ્રધાનની સાન હવે ઠેકાણે આવી છે અને હાલની કટોકટીને અંગે ભારત સરકાર સાથે વાટાઘાટો ચલાવવાને તેમણે પોતાના વિદેશ પ્રધાનને નવી દિલ્હી મોકલવાનું નક્કી કર્યું છે.

મ૦

વિષયસૂચિ પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૧૪

નં. બી ૫૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૮

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧લી ડિસેમ્બર, ૧૯૫૦

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ ૮

ઈશ્વરશ્રદ્ધા

આ સંસારમાં પૂર્ણતા પ્રાપ્ત કરવી શકય નથી એમ કહેવું એ ઈશ્વરનો ઇનકાર કરવા બરાબર છે. આપણે માટે તદ્દન નિર્દોષ થવું શકય નથી એ કથન જીવનની એક અવસ્થા પરત્વે જ છે એ સ્પષ્ટ છે. પણ હું કહું છું એના સમર્થનમાં આપણે શાસ્ત્રો શોધવા જવાની જરૂર નથી. પ્રયત્ન વડે અને યમનિયમના પાલનથી આપણે માણસોને હમેશાં ઊંચે ને ઊંચે ચડતાં જોઈએ છીએ. ચડવાની શક્તિની મર્યાદા બાંધવાની જરૂર નથી. જો મને એમ લાગે કે આ સંસારમાં સંપૂર્ણ પ્રેમ હું પ્રાપ્ત નહીં કરી શકું, તો મને તો જીવનમાં બિલકુલ રસ ન રહે. મુદ્દાની વાત એ છે કે પ્રેમની આપણી શક્તિ સતત વધતી રહે છે. એ ક્રિયા બહુ ધીમી છે ખરી. સારું કામ કરતાં પણ આપણને રોકે એવા

માણસને આપણે શી રીતે ચાહી શકીએ ? છતાં એવા પ્રસંગમાં જ આપણી ખરી કસોટી થાય છે.

૧૯૧૭ - ગાંધીજી

ધર્મકથા

એક વાર હ૦ ઉમર રાતે નગરચર્ચા સાંભળવા નીકળ્યા હતા, ત્યારે મદીનાથી ત્રણ માઇલ દૂર એક મુકામે જઈ ચડયા, અને જોયું તો એક સ્ત્રી કાંઈક રાંધે છે ને બે ત્રણ છોકરાં રો રો કરે છે. પોતે પાસે ગયા, ને શું વાત છે એમ પૂછયું, તો બાઈ કહે, 'ઘણા વખતથી છોકરાંને ખાવાનું મળ્યું નથી, એટલે એને ફોસલાવવા સારુ ઠાલું હાંડલું એમાં પાણી નાખીને ચૂલે ચડાવ્યું છે.' હ૦ ઉમર એવે જ ટાણે મદીના આવ્યા, રાષ્ટ્રકોઠારમાંથી લોટ, ઘી, ખજૂર એવું એવું લીધું, ને પોતાના ગુલામ અસ્લમને કહ્યું, 'મારા વાંસા ઉપર આ બધું રાખી દે.' અસ્લમ કહે, 'હું ઉપાડી લઉં.' હ૦ ઉમર કહે, 'ઠીક છે, પણ કયામતને દિવસે તું થોડો મારો ભાર ઉપાડવાનો હતો ?' એમ કરીને એ તો પોતે ભાર ઉપાડીને એ બાઈ આગળ આવ્યા ને એના મોઢા આગળ બધી વસ્તુ ધરી. બાઈએ લોટ બાંધ્યો, ને હાંડલું ચૂલે ચડાવ્યું; હ૦ ઉમર પોતે ચૂલો ફૂંકતા ગયા. ભોજન તૈયાર થયું એટલે છોકરાંએ આનન્દપૂર્વક ખાધું, અને કૂદાકૂદ કરવા મંડયાં, તે જોઈને હ૦ ઉમર પણ પ્રસન્ન થયા. બાઈ કહે, 'ખુદા તમારું ભલું કરે. તમે જ અમીર-ઉલ-મોમીનીન થવાને યોગ્ય છો.'

વાલજી ગોવિન્દજી દેસાઈ

('પ્યારા બાપુ' માંથી)

દાનત તેવી બરકત

થોડા દિવસ પર મારે મહેસાણા તરફ જવાનું થયું. ગાડીમાં કેટલાક ઉતારુઓ વાતો કરતા હતા: "સરકારી તંત્રથી માંડીને સામાન્ય લોકોમાં જ્યાં જુઓ ત્યાં વ્યવહારમાં શિથિલતા આવી ગઈ છે. લાંચ રુશવત, લુચ્ચાઈ, અસત્ય, સ્વાર્થ, બેદરકારી વગેરે અનિષ્ટ તત્ત્વો બધે ફેલાયેલાં છે. જાણે જમાનો જ આખો બદલાઈ ગયો. માણસની દાનત જ બગડી ગઈ. પછી કુદરત પણ ક્યાંથી અનુકૂળ થાય? છેલ્લાં ત્રણચાર વર્ષથી દુકાળ જેવું હતું. ત્યારે આ વરસે અતિવૃષ્ટિ થઈ. એ પણ જાણે ઓછું હોય એટલે તીડોએ ધમસાણ મચાવ્યું છે! કુદરત પણ શું કરે? માણસોની દાનત જ ક્યાં સાફ છે?" આમ એક પછી એક ઉતારુ પોતાનો ઊભરો ઠાલવવા લાગ્યો.

એકે કહ્યું: "પેલી સોનામહોરના ચરુવાળી વાત જેવી હાલત આપણી પણ થવાની! એક મકાનનો પાયો ખોદાતો હતો. એક મજૂરને ખોદતાં ખોદતાં સોનામહોરોથી ભરેલો ચરુ દેખાયો. તેને થયું, 'આ ચરુ પર મારા ઉપરીનો હક કહેવાય. કારણ કે એણે મને અહીં કામે રાખ્યો છે.'

એણે ઉપરીને વાત કરી. ઉપરીને થયું, 'આ ચરુનો ખરો હકદાર તો આ મકાન બંધાવનાર શેઠ કહેવાય.'

તેણે માલિકને વાત કરી. માલિકને થયું, 'આ ચરુનો ખરો હકદાર તો જેની પાસેથી મેં જમીન ખરીદી એ કહેવાય.'

જમીનના જૂના માલિકે આ વાત સાંભળી ત્યારે એને થયું,

'આ જમીન તો રાજ્યની જ કહેવાય. એમાંથી જે નીકળે તે રાજ્યનું ગણાય. માટે રાજા જ ચરુનો ખરો માલિક છે.'

રાજા આ વાત સાંભળીને બોલ્યો, 'હું રાજા તો ખરો. પરંતુ રાજ્યની જમીનમાંથી જે મળે તે મારું નહીં, પણ પ્રજાનું કહેવાય. પ્રજા મને કર રૂપે જે આપે છે એટલા પર જ મારો હક, બાકી બધું પ્રજાનું. માટે આ વિષે આપણે કાલે દરબારમાં વિચારીશું.'

પછી સૌ પોતપોતાને ઘેર ગયા. રાજા એકલો પડયો એટલે એની દાનત બગડી. એને થયું કે, 'ચરુ તો મારો જ કહેવાય. પ્રજાનો એ પર હક કેવો? લાવ, હું જ જઈને ચરુ લઈ લઉં.'

ઘેર જતાં જમીનના જૂના માલિકને, મકાન બંધાવનાર શેઠને, ઉપરીને તેમ જ પેલા મજૂરને પણ એકી વખતે એવો જ વિચાર આવ્યો!

એક પછી એક જણ છાનામાના ચરુ લેવા ગયા. પણ દરેકે ચરુમાં સોનામહોરોને બદલે સાપોલિયાં રમતાં જોયાં! દરેક જણ વીલે મોઢે પાછો ફર્યો. એકની દાનત બગડી એટલે બધાની દાનત બગડી અને એનું ફળ પણ બૂરું આવ્યું. દાનત તેવી બરકત."

આ વાત સાંભળીને એક બીજો ઉતારુ બોલ્યો, "મને પણ એવી બીજી એક વાત યાદ આવે છે. એક ડોશીમા પોતાની જુવાન દીકરીને સાસરે મૂકવા જતી હતી. ઉનાળાનો બપોર હતો. ધરતી બળુંબળું થઈ રહી હતી. બંને જણ એક ઝાડ નીચે વિસામો લેવા બેઠાં. એવામાં ત્યાંથી એક જમીનદાર ઘોડા પર

બેસી જતો હતો. પેલી ડોશીમાએ કહ્યું, 'ભાઈ, તમે બાજુના ગામમાં જતા હો તો મારી આ દીકરીને ઘોડા પર બેસાડીને લઈ જાઓ. હું ધીમે ધીમે પાછળ આવું છું.'

પેલો જમીનદાર કહે, 'માજી, મારે ઉતાવળ છે. નહીં તો જરૂર એટલું કામ કરત. જે કંઈ પુણ્ય મળ્યું તે ખરું.' એમ કહી તે આગળ ગયો.

પણ રસ્તામાં એને કુવિચાર સૂઝયો, 'અરે, હું પણ કેવો મૂરખ! ડોસીની આવી જુવાનજોધ દીકરીને ઘોડા પર બેસાડીને નાસી ગયો હોત તો!' આમ વિચાર કરી તેણે ઘોડો પાછો ફેરવ્યો.

આ તરફ ડોશીમાને વિચાર આવ્યો, 'હું પણ કેવી મૂરખી કે આવી જુવાનજોધ દીકરીને અજાણ્યા પુરુષને સોંપવા તૈયાર થઈ? ખરેખર, ભગવાને મને બચાવી!' એવામાં સામેથી પેલા જમીનદારને પાછો આવતો જોઈ એ બોલી, 'ભાઈ, પાછા જજો. અમે બંને ચાલતાં જઈશું.'

જમીનદાર ખાલી હાથે પાછો ફર્યો! જમીનદારની દાનત બગડી એટલે ડોશીમાને પણ એના ઉપર અવિશ્વાસ આવ્યો."

આ બે વાતો સાંભળીને મને થયું કે, આજકાલ ઘણાખરા માણસોની દાનત બગડી છે. આપણે આપણા જ સ્વાર્થનો વિચાર કરતા થયા છીએ. માટે હવે જલદી આપણે ચેતીએ નહીં, તો આપણને મળેલી મહામૂલી આઝાદી પણ જોખમમાં આવી પડશે. આપણે આપણો વ્યવહાર શુદ્ધ કરવો જ રહ્યો. એમાં જ આપણું અને આપણા દેશનું કલ્યાણ છે. જેવી દાનત રાખીશું, તેવું જ ફળ મળશે.

મુકુલભાઈ

ઇંગ્લન્ડનો એ સુથાર !

હું હમણા જ ખુરશી બનાવનાર સુથાર પાસે ગયો હતો. એ જ્યારે ખુરશી બનાવે છે ત્યારે થોડા દિવસ માટે તેને પોતાની પાસે રાખી મૂકે છે. પોતાના હાથથી બનેલી ખુરશી જોવામાં એને કંઈક ઓર આનંદ આવે છે. એ ખુરશીનું લાકડું નજીકના જ જંગલમાંથી એણે મેળવેલું. લાંબા વખત સુધી એ લાકડાને એણે રાખીને મજબૂત બનાવ્યું. એને વહેરીને સરસ લીસું ખુરશી લાયક ઘડી લીધું. એમાંથી એણે એક નાનકડું દીવો મૂકવાનું સ્ટૂલ બનાવીને પોતાને માટે રાખેલું. હસ્તઉદ્યોગની એમાં કલા હતી. એના ઘડતરમાં એના હાથનો જીવંત સ્પર્શ થયેલો. એ લાકડામાં — એ સ્ટૂલમાં — એ કલાકારને પોતાના મિત્રોનાં દર્શન થતાં. જીવનને ઉપયોગમાં આવતી એ વસ્તુ અને એમાં સુથારના હાથની કલાકારીગરી — ઉપયોગ અને સૌંદર્યનો સુંદર સુયોગ !

અને એના જીવનમાં પણ એની પ્રામાણિકતાની કલાની સુવાસ પ્રસરેલી મેં જોઈ. ખુરશીની કિંમતમાં એ કશી વધઘટ કરતો નહીં. અને તે કિંમત પણ એવી કે સામાન્ય માણસને પોસાય. લંડનના વેપારીને સુથારની આ પ્રામાણિકતા — ખુરશીની એ વાજબી કિંમત ખૂંચ્યા કરે છે. વારંવાર વેપારી એનો વધારે ભાવ આપવા એ સુથારની ખુશામત કરે છે. પરંતુ બધું ફોકટ ! એ ભલાભોળા સુથારને તો સમજ જ પડતી નથી કે વસ્તુની બે પ્રકારની કિંમત હોઈ શકે ! અને મઝા તો એ છે કે એ સુથારને ખુરશી વાપરનારને જ વેચવામાં આનંદ પડે છે —

વેપારીને ખુરશી વેચવી એને ગમતી જ નથી.

કેવો સુખી સુથાર! એનું ઝૂંપડું કેટલું રળિયામણું! જીવનનિર્વાહ માટે કેટલો પ્રામાણિક — કેટલો જીવંત ગૃહ-ઉદ્યોગ! અને લાકડું મેળવવાનું જંગલ પણ પડોશમાં જ! એ કારીગરને સાચે જ એના કામમાં કેટલો શિડો સંતોષ થતો! મનુષ્યને આથી બીજું શું જોઈએ? ગ્રામ-જીવન અને ગૃહઉદ્યોગની આ કલા, આ કારીગરી અને આ આત્મસંતોષ હવે ક્યાં આપણને મળશે!*

અનુવાદક
દિલખુશ બ૦ દીવાનજી.

* વિલફ્રેડ વેલોકના 'એ મિકેનિસ્ટિક ઓર એ હ્યુમન સોસાયટી' નામના પુસ્તક પરથી.

પાણી અભડાય?

ઉત્તર ગુજરાતમાં આશરે આઠ હજારની વસ્તીવાળા એક ગામે હરિજન દિન નિમિત્તે કેટલાક હરિજન યુવાનો ગામના તળાવમાં નાહવા ગયા, અને તે શિરસ્તો પછી ચાલુ રાખ્યો એટલે ગામના કેટલાક ભાઈઓ અકળાયા છે એવા સમાચાર મળ્યા છે. હરિજનવાસનાં ઢોર ગામના એ તળાવમાં પાણી પીવા જાય તો વાંધો નથી. હરિજનવાસનાં ઢોરને પાણી પાવા લઈ જનાર હરિજનનો પગ પાણીને અડકતો હશે તેનોયે વાંધો નથી નડ્યો. પણ સાર્વજનિક ઓવારે હરિજનો નાહવા જાય તો વાંધો આવે!

અપવિત્ર માણસને પવિત્ર કરનાર પાણી કેવું જલદી અભડાઈ જાય છે તેનો આ દાખલો છે. બીજાં સ્થળોએ આ જ દિવસે જ્યારે હરિજનોને હાથે ધ્વજવંદન થયાના અને તેમની


જોડે આ પાણીના મેળાવડાના સમાચાર મળે છે ત્યારે આ સ્થળે જે બને છે તે શરમ ઉપજાવે એવું છે.

પરીક્ષિતલાલ

તરસ્યો કાગડો

[ઈસપની એક વાત]

તરસ્યા કબૂતરની વાત ગયા અંકમાં આપણે જોઈ. તરસ્યા કાગડાની આ જાણીતી વાત તેની સરખામણીમાં યાદ કરવા જેવી છે.



એક કાગડાને ખૂબ તરસ લાગી. આમ તેમ બધે જોઈ વળ્યો કે, ક્યાંય પાણી મળે છે? તેવામાં એક ઝૂંપડા પાસે ચંબુ પડેલો નજરે ચડયો. રાજી થઈને ઠેકડા મારતો મારતો કાગડો તેની પાસે પહોંચ્યો. ચંબુમાં પાણી હતું; પણ થોડું હોવાથી ઊંડું હતું. કાગડાએ ચાંચ નાંખી જોઈ, પણ પાણી સુધી પહોંચી નહીં. હવે?

હોઠ સુધી આવેલો પાણીનો પ્યાલો હોઠે ન અડકે તો કેવું લાગે? કાગડો તરસ્યો તો હતો જ; પાણી જેવું પાણી મળ્યું; પણ ના મળ્યા જેવું જ! આથી તે મનમાં ને મનમાં ખબ અકળાયો. ચિંતા કરવા લાગ્યો કે, શું કરવું? ચંબુ ભારે હતો; તે ઝટ ગબડી જાય એવો નહોતો. કાંઈક ઉપાય કરવો જોઈએ.

ઓચિંતો કાગડાને ઉપાય સૂઝ્યો. પાસે કાંકરા પડયા હતા. કાગડાએ એકેએક તે ચંબુમાં નાંખવા માંડયા. આથી ચબુનું

પાણી ઊંચે આવ્યું. એટલે કાગડાભાઈએ મજાથી તે પીધું. પછી આનંદમાં આવી કા...કા કરતા પાસેના ઝાડ પર જઈને બેઠા ને નિરાંતે આસપાસ જોવા લાગ્યા.

કસોટીના વખતે બુદ્ધિ જો સાબૂત રહે અને ગભરાટ ન કરીએ, તો તેમાંથી નીકળવાનો માર્ગ મળી આવે.

૧૦-૧૧-'૫૦ મગનભાઈ દેસાઈ

ભણેલા બીજાને ભણાવે

વાચક! તમે આ વાંચો છો તો તમને લખતાં વાંચતાં આવડે છે. તમને ખબર છે કે, તમારી આજુબાજુ ઘણાય એવા છે કે જેમને તમારી માફક વાંચવાનું મન છે પણ તેઓ ભણ્યા નથી એટલે વાંચી શકતા નથી? શું તમે તેમને ભણાવી ન શકો? તમારી માફક તેમને પણ વાંચતા ન કરી શકો? વાંચીને જે જ્ઞાન અને આનંદ તમે મેળવો છો તે બીજાને પણ મેળવવાની તક ન આપો?

આ બધુંય તમે જરૂર કરી શકો. વધુ નહીં તો એકાદ બેને વાંચતાં તો તમે જરૂર શીખવી શકો. જો તમે ખેડૂત હો તો તમારા સાથીને તમે વાંચતો કરી શકો. મિલમાં જતા હો તો તમારા જેવા બીજા મજૂરભાઈને તમે ભણાવી શકો. ઑફિસમાં કારકુન હો તો પટાવાળાને તમે ભણાવી શકો. અને જો તમે વિદ્યાર્થી કે શિક્ષક હો તો તો પ્રૌઢોને ભણાવવાનો આખો નવો વર્ગ પણ શરૂ કરી શકો.

તમે ભણ્યા. ભણીને દેખતા થયા. તો હવે બીજાને પણ ભણાવો અને તમારી માફક લખતા વાંચતા કરો..

કનુભાઈ ના૦ પટેલ

ગાંધીટોપીની ઉત્પત્તિ

એક દિવસ મેં બાપુને પૂછ્યું, 'આજ જેને ગાંધી ટોપી કહીએ છીએ તે આપને કેવી રીતે પસંદ પડી?' બાપુ કહેવા લાગ્યા, 'હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જે ટોપીઓ, ફેંટા, પાઘડી વગેરે પહેરાય છે તે વિષે હું વિચાર કરવા લાગ્યો. આપણા ગરમ દેશમાં માથે કંઈ ને કંઈ જોઈએ તો ખરું. બંગાળીઓ અને દક્ષિણના કેટલાક બ્રાહ્મણ ઉઘાડે માથે રહે છે પણ ઘણાખરા હિંદીઓ માથે કંઈ ને કંઈ પહેરે છે કે બાંધે છે. પંજાબી ફેંટા છે તો ઉમદા, પણ તેમાં કપડું ખૂબ જાય છે. પાઘડીઓ ગંદી હોય છે, ને કેટલોયે પરસેવો પી જાય છે. ગુજરાતની શંકુ આકારની બેંગલોર ટોપી બિલકુલ ઢંગ વગરની દેખાય છે. મહારાષ્ટ્રની હંગેરિયન ટોપી તેના કરતાં કંઈક સારી છે પણ તે નમદાની હોય છે. યુ પી. ને બિહારની પાતળી ટોપી તો ટોપી જ નથી. તે સારી પણ નથી દેખાતી. આ બધો વિચાર કરતાં મને કાશ્મીરી ટોપી સારી લાગી. એ સરસ છે ને હલકી છે. તેને બનાવવામાં કશી મુશ્કેલી નથી અને તેની ગડી થઈ શકે છે એટલે આપણે તેને વાળીને ખીસામાં મૂકી શકીએ અથવા દબાવીને પેટીમાં પણ મૂકી શકીએ. કાશ્મીરી ટોપીઓ ઊનની હોય છે. પણ મેં નક્કી કર્યું કે તે સુતરાઉ કાપડની બનવી જોઈએ. પછી રંગનો વિચાર કર્યો. કયો રંગ માથે શોભશે? એક રંગ ગમ્યો નહીં. આખરે નિર્ણય કર્યો કે સફેદ રંગ સૌથી સારો છે. તેના પર પરસેવો પણ જલદી દેખાઈ આવે છે એટલે તેને ધોવી પડે છે. વળી ધોવામાં કશી મુશ્કેલી નથી. ગડીવાળી ને સફેદ હોવાથી માણસ સુઘડ દેખાય છે. આ બધો વિચાર કરી મેં આ ટોપી બનાવી.

'ખરું જોતાં આપણા દેશની આબોહવાની દૃષ્ટિએ મને સોલા હેટ ગમે છે. તે માથુ, આંખો ને ગરદનનુ તાપથી રક્ષણ કરે છે. લાકડાના ભૂકાની બનેલી હોવાથી તે હલકી ને ઠંડી હોય છે. વળી એમાંથી માથાને થોડી હવા પણ મળી શકે છે.

'આજે હું તેનો પ્રચાર નથી કરતો તેનું કારણ એ છે કે તેનો આકાર આપણા પોશાક સાથે મેળ નથી ખાતો અને યુરોપિયન ઢબની હોવાથી સામાન્ય લોકો તેને અપનાવે પણ નહીં. જો આપણા કારીગરો એ વિલાયતી ટોપીના ગુણ કાયમ રાખીને તેનો આકાર આપણા પોશાક સાથે મેળ ખાય તેવો બનાવી શકે તો તેમનો મોટો ઉપકાર થાય. આપણા કારીગરો વિચાર કરે તો આ કામ મુશ્કેલ નથી.'

કાકા કાલેલકર

('બાપુની ઝાંખી'માંથી)

પાણીની કરામત

કેટલાક પહાડના પથ્થર કેલ્શિયમના કાર્બોનેટના બનેલા હોય છે. કેલ્શિયમનો કાર્બોનેટ એટલે ચાક, આરસપહાણ, અગર તો ચૂનો બનાવવા પકવે છે તેવા પથ્થર. આવા પથ્થર ચોખ્ખા પાણીમાં ઓગળી જતા નથી તેમ જ ચોખ્ખું પાણી ચૂસી લેતા પણ નથી (ચાક પાણી ચૂસી લે છે પણ આરસ કે એવા બીજા પથ્થરો પાણી ચૂસતા નથી).

પાણીમાં કાર્બનનો ડાયોક્સાઈડ ભળેલો હોય તો તે એવા પથ્થરને ઓગાળી શકે છે.

આપણા નાકમાંથી ઉચ્છ્વાસ વાટે બહાર નીકળે છે તે વાયુમાં કાર્બનનો ડાયોક્સાઈડ હોય છે. બજારમાં વેચાતી સોડાની બાટલી તોડીએ તો તેમાંથી નીકળે છે તે વાયુ પણ કાર્બનનો ડાયોક્સાઈડ જ હોય છે. પથ્થરને ભઠ્ઠીમાં તપાવીએ તો તેમાંથી પણ એ વાયુ નીકળે છે. હવામાં ઓછાવત્તા પ્રમાણમાં એ વાયુ હોય છે. વરસાદ જમીન ઉપર પડે ત્યારે કોઈક વાર તેમાં કાર્બનનો ડાયોક્સાઈડ હોય છે. હવામાંથી તે વરસાદના પાણીમાં આવે છે.

કાર્બન ડાયોક્સાઈડવાળાં પાણીમાં ચાક-પથ્થર ઓગળે છે. પથ્થર ઉપર પડેલું તેવા પાણીનું ટીપું થોડો થોડો પથ્થર ઓગાળી માર્ગ કરતું પથ્થરની આરપાર નીચે ઊતરે છે. પર્વતમાં નીચે ગુફા હોય, તો તેની ઉપરનો પથ્થર કોરી આવા પાણીનાં ટીપાં આવે ત્યારે તે

ગુફાની ભોંય ઉપર પડે છે, અગર તો ગુફાની છત ઉપર બાઝી રહે છે. તેમાંનું પાણી પછીથી ઊડી જાય એટલે તેમાં ઓગળેલો પથ્થરનો ભાગ બિંદુ રૂપે ગુફાની છત ઉપર ચોંટી રહે અગર તો ગુફાની જમીન ઉપર વળગી રહે. વરસોવરસ આવું બન્યા કરે એટલે થોડો થોડો પથ્થર ઉમેરાતો જાય અને સૈકાઓ પછી ગુફામાં છત ઉપર બાઝેલાં ટીપાંને કારણે ઊંચેથી નીચે આવેલા લટકતા પથ્થરના થાંભલા જોવા મળે. એવી જ રીતે ગુફાની જમીન ઉપરથી ઊંચે જતા અધકચરા થાંભલા પણ બંધાતા હોય.

લાંબા ગાળે ઉપરથી નીચે આવતા અને નીચેથી ઉપર જતા થાંભલા એકબીજાને અડી એક સળંગ થાંભલો બનાવી દે. આવો થાંભલો વચ્ચેથી પાતળો હોય અને ઉપરથી તેમ જ નીચેથી જાડો હોય. વરસાદના પાણીએ વરસોવરસ પથ્થર કોરીને કુદરતી રીતે બનાવેલા આવા થાંભલા કેટલીક ગુફાઓમાં જોવા મળે છે. કોઈક મોટી ગુફામાં આવા સો સવાસોથી વધારે થાંભલા હોઈ શકે. વળી અધકચરા નવા બંધાતા ઉપરથી ઝૂલતા અગર નીચેથી ઊંચે આવેલા બીજા થાંભલા હોય તે જુદા.

જૂના વખતમાં સાધુસંન્યાસીઓ એકાંત અર્થે પથ્થરની ગુફાઓ સેવતા. એવી ગુફાઓમાં આવા થાંભલા તેમના જોવામાં આવતા. ત્યાં તે એ જ થાંભલા ઉપર કોતરકામ કરી, રંગરોગાન લગાડી ગુફાને સુશોભિત બનાવતા. આજે આપણી કેટલીયે એવી ગુફાઓ જોવા મળે છે. તેમાં નીચેથી છત સુધીના સળંગ થાંભલા કોઈ મનુષ્યની કારીગરીનું પરિણામ હોતું નથી પણ કુદરતની, વરસાદ અને પથ્થરની જ કરામત હોય છે. માણસે તો ફક્ત કલાદૃષ્ટિથી થાંભલા ઉપર કોતરકામ અને રંગ કરેલા એટલું જ. આવી ગુફાઓ વરસ બે વરસમાં તૈયાર થતી નથી. તે હજાર બે હજાર વરસે તયાર થઈ રહે છે. વરસાદ અને હવામાં રહેલા કાર્બનના ડાયોક્સાઈડ ઉપર તેના બનવાનો આધાર રહે છે.

બંસીલાલ ગાંધી

કાંકરે કાંકરે પાળ બંધાય, ને ટીપે ટીપે સરોવર ભરાય.

અનાથ બાળકની વહારે

સાડાત્રણ વરસનું ડેનમાર્કનું એક અનાથ બાળક એને દત્તક લેનારાં અજાણ્યાં અમેરિકન માબાપને ઘેર આવી શક્યું છે, કારણ કે અમેરિકન કોંગ્રેસે પસાર કરેલા એક ખાસ ધારા ઉપર પ્રમુખ ટ્રુમૅને સહી કરી છે. એ ખાસ કાયદા મુજબ જૉની નિલસન અમેરિકાનાં શ્રી પીટર લેથ-નિસેન અને એમનાં પત્નીનો કાયદેસરનો દીકરો બન્યો. અને એ રીતે અમેરિકન નાગરિક થઈ ને યુનાટેઇડ સ્ટેટ્સમાં તરત દાખલ થવાનો અધિકાર એણે મેળવ્યો.

જૉની અંગ્રેજી ભાષાનો એક શબ્દ પણ બોલતો નથી, કારણ કે એણે ડેનમાર્કના જાઈડરપ ગામની એક અનાથશાળામાં જ પોતાનું જીવન ગુજાર્યું છે. જોની અને લેથ-નિસેન દંપતીનું મિલન પણ ડેનમાર્કના એ અનાથાશ્રમમાં જ ગયે વરસે થયેલું. ડેનમાર્કમાં પ્રવાસી તરીકે ગયેલાં એ અમેરિકન દંપતીનો પાંચ વરસનો દીકરો પીટર ત્યાં પરદેશમાં જ મરણ પામ્યો ત્યારે ભગ્નહૃદયી માબાપે પીટરની જગ્યાએ જૉનીને દત્તક લેવાનું નક્કી કરેલું.

પણ તે પછી તો એ દંપતીને ખબર પડી કે યુનાઇટેડ સ્ટેટ્સમાં વિદેશીઓને નાગરિક તરીકે દાખલ કરવા માટે જુદા જુદા દેશના 'ક્વોટા' ઠરાવેલા છે તે મુજબ એમના ડેનિશ બાળકનો વારો આવતાં તો છ સાત વરસ વીતી જશે.

પછી લેથ-નિસેન દંપતી કૅલિફોર્નિયા રાજ્યને પોતાને ગામ પાછાં ફર્યાં — નિરાશ થયા વગર. આવીને એમણે પહેલું કામ કર્યું પોતાના જિલ્લામાંથી રાષ્ટ્રની ધારાસભામાં ચૂંટાયેલા સભ્ય શ્રી જૅક ઍન્ડરસનને મળવાનું અને પોતાની મુશ્કેલીમાં એને રસ લેતા કરવાનું. શ્રી ઍન્ડરસને આખી વાત સમજી લીધી અને પછી ડેન્માર્કના એ અનાથ બાળકને દત્તક લેનાર અમેરિકન દંપતીનો કિસ્સો એમણે રાષ્ટ્રની ધારાસભા સમક્ષ રજૂ કર્યો. જૉનીને લેથ-નિસેન દંપતીનો કાયદેસરનો દીકરો ઠરાવતો એક ખરડો એમણે ધારાસભામાં રજૂ કર્યો, પ્રતિનિધિસભા

તેમ જ સેનેટે એને પસાર કર્યો અને છેવટે પ્રમુખ ટ્રુમૅને એની ઉપર સહી કરી.

તે પછી તરત જ જૉની વિમાનમાં બેસીને અમેરિકા આવ્યો — પોતાને ઘેર આવ્યો.

('અમેરિકન જીવન', ૩૧-૮-'૫૦માંથી)

ભારતની સરકારોને આદેશ

ગયા અંક સુધી આપણે ભારતના રાજ્યબંધારણે દરેક નાગરિકને જે મૂળ હકો બક્ષ્યા છે, તે કયા કયા, એ જોઈ ગયા. આ હકો એવા છે કે જેને વિષે દાદ-ફરિયાદ કરી શકાય; અદાલતો એ વિષે સજાગ રહે. એટલે ભારતની વડી તથા પ્રાંતિક બધી સરકારો એમને નિયમ રૂપે માન આપીને ચાલવા બંધાઈ છે.

આ ઉપરાંત બંધારણમાં બીજી કેટલીક એવી બાબતો છે કે જે નાગરિકની કે પ્રજાની સુખાકારી તથા આબાદીને માટે ખૂબ જરૂરની છે; પણ તેમનો અમલ જો સરકારો ન કરે તો તે અદાલતો મારફત કરાવી ન શકાય. એટલે કે, સરકાર કેમ નથી કરતી, એવી ફરિયાદ અદાલત આગળ ચાલી ન શકે.

તો પછી એ બાબતો કહેવાનો શો અર્થ? — એમ સવાલ થાય. એનો અર્થ ઘણો છે. એ બાબતો એમ બતાવે છે કે, સ્વરાજ સરકારની રાજ્યનીતિમાં એ બાબતો વિષે બનતાં પગલાં ભરવાં એ ચર્ચા કે વાદવિવાદની વાત નથી; પણ એ તો ભારતની રાજ્યનીતિના સિદ્ધાંત સમાન છે. તેથી તે બાબતોને મૂળહક ન કહેવાય, પણ તે રાજ્યનીતિ સંબંધી બંધારણે આપેલા આદેશો છે. એ આદેશોનું પાલન કરવા વિષે સરકારો સવાલ નહીં ઉઠાવી શકે.

આ આદેશો કઈ કઈ બાબતોમાં આપેલા છે તે જોવાથી જણાશે કે, મૂળહક પેઠે આ આદેશો પણ આપણા રાષ્ટ્રની સિકલ આગળ પર કેવી થશે તે બતાવે છે. પ્રજા અને સરકાર બંનેએ એ આદેશોને વફાદાર રહીને આગળ ચાલવું જોઈએ.

આ આદેશો માટે બંધારણમાં તેનું નોખું પ્રકરણ રાખવામાં આવ્યું છે.

શરૂમાં જ સ્પષ્ટ કર્યું છે કે,

'આ ખંડની અંદર આવતી જોગવાઈઓનો અમલ અદાલતો મારફત નહીં કરાવી શકાય. પરંતુ તેમાં મૂકેલા સિદ્ધાંતો દેશના રાજ્યવહીવટમાં પાયાના તો છે જ, અને કાયદા ઘડવામાં એ સિદ્ધાંતો લાગુ કરવાની રાજ્યની ફરજ થશે.'

આમ પ્રતિજ્ઞા કરીને પછી આદેશો આપવામાં આવ્યા છે. તે બધા મળીને હિંદ સ્વરાજ કેવું ઘડવા માટે બંધારણમાં પ્રતિજ્ઞા કરવામાં આવી છે, તેનો ખ્યાલ આવે છે. આથી કરીને આ આદેશો શા છે તે પણ મૂળહકની સાથે સાથે જાણવા જોઈએ.

તે આવતા અંકમાં.

૨૦–૧૧–'૫૦ મગનભાઈ દેસાઈ

બાપુની ગરીબો માટે દાઝ

૧૯૨૬–૨૭ની વાત છે. ખાદીયાત્રા પૂરી કરી બાપુ ઓરિસ્સા પહોંચ્યા. ત્યાં અમે ઈટામાટી નામના એક ગામમાં ગયા. બાપુએ ભાષણ આપ્યું. પછી લોકો ભેટ લઈ ને આવ્યા. કોઈ કોળું લાવ્યા તો કોઈ બિજોરું લાવ્યા; કોઈ વેંગણ તો કોઈ જંગલની ભાજી લાવ્યા. કેટલાક પોતાનાં ચીથરાંમાંથી છોડીને થોડા થોડા પૈસા પણ આપ્યા. સભામાં ફરી હું એ પસા ભેગા કરતો હતો. પૈસાના કાટથી મારા હાથ લીલા થઈ ગયા. મેં બાપુને મારા હાથ બતાવ્યા. મારાથી બોલી ન શકાયું. બીજે દિવસે સવારે બાપુ સાથે ફરવા નીકળ્યો. રસ્તો છોડી અમે ખેતરોમાં ફરવા લાગ્યા. બાપુ કહેવા લાગ્યા, 'અહીં કેટલી ગરીબાઈ ને દીનતા છે! આ લોકોને માટે શું કરી શકાય? મને થાય છે કે મરણની ઘડી આવે ત્યારે અહીં ઓરિસ્સામાં આવી આ લોકો વચ્ચે મરું. કંઈ નહીં તો તે વખતે જેઓ મને મળવા આવશે તે આ લોકોની કરુણ દશા જોશે. તેમાંના કોઈ ને કોઈનું હૃદય પીગળશે અને તે આ લોકોની સેવા કરવા અહીં આવીને સ્થિર થશે.'

હું શું બોલું! એમની આ પવિત્ર ભાવનાનો ધન્ય સાક્ષી થઈ શક્યો.

('બાપુની ઝાંખી'માંથી) કાકા કાલેલકર

પૂરું થતું પખવાડિયું

નેપાળમાં હજી પ્રજાકીય બળવો ચાલુ છે. એક રાજ્યનાં શિસ્તબદ્ધ અને સાધનસંપન્ન દળો આગળ લોકસેનાને પાછાં હઠી જવું પડ્યું છે તથા કેટલાંક સર કરેલાં મથકો પણ છોડી દેવાં પડ્યાં છે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે મળેલી કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠકે કોંગ્રેસના સભ્યપદ માટે એક રૂપિયો ફી રાખવાનું વધુમતીથી નક્કી કર્યું છે. ૧૯૨૦ની સાલમાં નાગપુર ખાતે કોંગ્રેસે સભ્યપદ માટે ચાર આના ફી દાખલ કરી હતી પણ ૧૯૪૮માં મુંબઈ ખાતે મળેલી કોંગ્રેસની બેઠકે તે રદ કરી હતી.

કારોબારી સમિતિએ હવે પછીથી પ્રાંતિક સમિતિને પ્રદેશ સમિતિ તરીકે ઓળખાવવાનો ઠરાવ કર્યો છે તથા હૈદરાબાદના રાજ્ય માટે પ્રદેશ સમિતિ સ્થાપવાની ભલામણ કરી છે.

કારોબારી સમિતિએ મહાસમિતિની આગામી બેઠક જાન્યુઆરીની ૨૯, ૩૦, ૩૧ તારીખે અમદાવાદ મુકામે ભરવાનું ઠરાવ્યું છે. એ બેઠકમાં કોંગ્રેસના સુધારવામાં આવેલા બંધારણને મંજૂર રાખવા માટે રજૂ કરવામાં આવશે.

નેપાળના મામલા અંગે દિલ્હી સરકાર સાથે વાટાઘાટો કરવાને નેપાળના વડા પ્રધાનના બે પ્રતિનિધિઓ નવી દિલ્હી ખાતે આવ્યા છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૯

રજિ૦ નં. બી ૫૯૭૩

બે આના

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૯

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ છમાસિક „ „ રૂ. ૨ | અમદાવાદ, ૧૫મી ડિસેમ્બર, ૧૯૫૦ | વાર્ષિક લવાજમ. પરદેશમાં રૂ. ૫; શિ ૮

સેવાનો આરંભ

ઈશ્વરની સૃષ્ટિનો જે ભાગ આપણી નજીકમાં હોય ને જેને આપણે સૌથી વધારે જાણતા હોઈએ તેની જ સેવા આપણે કરી શકીએ. આપણે આપણા સાખપાડોશીથી શરૂઆત કરીએ. આપણે આપણું આંગણું સાફ કરીને જ સંતોષ ન માનવો જોઈએ, પણ આપણા પાડોશીનું આંગણું સાફ થાય એની પણ ભાળ રાખવી જોઈએ. આપણે આપણા કુટુંબની સેવા કરીએ પણ કુટુંબને ખાતર ગામને નુકસાન પહોંચવા ન દઈએ. આપણા ગામનું માન સચવાય તેમાં જ આપણું માન રહેલું છે. પણ આપણે દરેક જણે આપણી મર્યાદા સમજવી જોઈએ. જે જગતમાં આપણે રહીએ છીએ તેને વિષેના આપણા જ્ઞાનથી આપણી સેવાશક્તિની મર્યાદા આપોઆપ બંધાઈ જાય છે. પણ આ વાત હું સાદામાં

સાદી ભાષામાં મૂકું. આપણે બધા સાખપાડોશીના કરતાં આપણો પોતાનો વિચાર ઓછો કરીએ. આપણા આંગણાનો કચરો પાડોશીના આંગણામાં ઠાલવવો એ માનવજાતની સેવા નથી પણ અ-સેવા છે. આપણા પાડોશીઓની સેવાથી આપણે આરંભ કરવો જોઈએ.

ગાંધીજી

સમાજને સુખી બનાવીને સુખી થાઓ

[ગઈ તા. ૪થીએ શ્રી ગુલઝારીલાલ નંદાના પ્રમુખપદ નીચે અમદાવાદ મજૂર મહાજન સંઘે પોતાનો ૩૪મો વાર્ષિક દિન ઊજવ્યો તે પ્રસંગે શ્રી રવિશંકર મહારાજે મોકલેલો સંદેશો નીચે આપ્યો છે.]

... આપણે બધા જાણીએ છીએ કે જ્યાં સુધી પેટનો ખાડો ન પુરાય ત્યાં સુધી ઈશ્વરનું અને નીતિનું નામ લેવાનો ઝાઝો અર્થ નથી. ઈશ્વરકૃપાથી હવે આપણી આર્થિક સ્થિતિ સુધરી છે એટલે આપણે આપણું બળ, આપણી નૈતિક શક્તિ ખીલવવામાં વાપરવું જોઈએ.

એ નૈતિક શક્તિ ખીલવવી હોય તો હવે આપણે જીવનનો વિચાર કરવો જોઈએ. આપણી આખા દિવસની દિનચર્યામાં જે જે ક્રિયાઓ કરીએ છીએ તે દરેક જ્ઞાનપૂર્વક થાય તેમ કરવું જોઈએ. આપણે વ્યસનની કુટેવમાંથી છૂટીએ, કરકસર કરીએ, નકામા ખર્ચો ન કરીએ, સામાજિક કુરિવાજો કાઢીએ, દરેક સાથે પ્રામાણિકતાથી વર્તીએ તો આપણે સુખી થઈ શકીએ. ફક્ત આર્થિક પરિસ્થિતિ સુધારવાથી આપણે સુખી નહીં થઈ શકીએ. જો આપણે ઉપરના ગુણો ન કેળવી શકીએ તો પૈસા કદાચ આપણા જીવનને લાભને બદલે

નુકસાન પણ કરે. અને એ રીતે આપણી સાથે આપણાં બાળકોને નુકસાન થાય. એટલે તમે હવે એવી રીતે જીવો કે એ જીવન તમારાં બાળકોને માર્ગદર્શક થાય, અને ફક્ત પોતાના પેટ સામું ન જોતાં સમાજ તરફ જોઈને તમે જીવવાનો પ્રયત્ન કરો. સમાજને સુખી કરીને તમે સુખી થાઓ.

માથું આપનાર જોઈએ

એક વાર નારદ મુનિને થયું કે, 'લાવ ને આજે ધરતી પર જઈને માણસોની મહેમાનગીરી ચાખું. તે તો સાધુવેશે પૃથ્વી પર આવ્યા અને એક ગામને પાદરે વડલાના ઝાડ નીચે ધ્યાનસ્થ બેઠા. ઝાડના થડ પાસે નાનકડું મંદિર હતું.

વહેલી સવારનો સમય હતો. હજી લોકોની અવરજવર ન હતી. ત્યાં તો એક બાઈ નદીએથી સ્નાન કરી મંદિરે આવી. મંદિરને વાળીઝૂડી સાફ કર્યું. દેવને ફૂલ ચડાવ્યાં, દીવો કર્યો. અને પગે લાગીને ઘેર જવા જાય ત્યાં તો એ બાઇની નજર અજાણ્યા સાધુ પર પડી. તેણે તો સાધુને પગે પડી ઘેર જમવા આવવા કહ્યું.

નારદજી તો એની સાથે ઘેર ગયા. ઘર એટલું સુઘડ અને સ્વચ્છ હતું કે, નારદજી તો બાઈની આવડત જોઈ રાજી રાજી થઈ ગયા. એ બાઈએ નારદજીને ખૂબ ભાવથી ખવડાવ્યું.

પણ નારદજીને કંઈ ચેન પડે નહિ. ઘરમાં બાળકનું તોફાન ન હોય, પછી એ ઘર કેવું? બાળક વિનાનું ઘર તો ખાવા ધાય છે! નારદજીએ હળવેથી બાઈને પૂછ્યું, "બાઈ, શું તારે એકેય સંતાન નથી?" બાઈએ રડતાં રડતાં કહ્યું, "મહારાજ,

મારા જેવી અભાગિયણને માટે એ સુખ ભગવાને નથી લખ્યું! અમે બંને જણ સંતાન વિના ટળવળીએ છીએ. ખૂબ પવિત્ર અને ભક્તિમય જીવન ગુજારીએ છીએ. પણ હજી અમારી મનોકામના પરી થઈ નથી."

આ સાંભળી નારદજીને બ્રહ્માજી પર ખૂબ ગુસ્સો ચડયો. તે તો ગયા બ્રહ્મા પાસે અને કહેવા લાગ્યા, "બ્રહ્માજી, હવે તમે ઘરડા થઈ ગયા. હવે તમારાથી કામકાજ સંભાળી શકાય એમ નથી. માટે બીજા કોઈને એ કામ સોંપી દો."

બ્રહ્મા કહે, "નારદજી, એવું તે શું થયું કે તમે આટલા બધા ખિજાઈ ગયા છો?"

નારદે બધી વાત કરી. ત્યારે બ્રહ્મા બોલ્યા, "અરે નારદજી, હું કંઈ કરી શકું એમ નથી. એ બાઈના નસીબમાં સાત ભવ સુધી સંતાનસુખ લખ્યું નથી!"

નારદજી તો દિલગીર થઈ ત્યાંથી ચાલ્યા ગયા.

એ વાતને સાત વર્ષ વહી ગયાં. એક વાર ફરીને નારદજી એ જ ગામને વડલે આવીને બેઠા. પેલી બાઈ પણ નિયમસર મંદિરે પૂજા કરવા આવી. પરંતુ આ વખતે એની સાથે એક નાનો બાળક પણ હતો. નારદજી તો બાળકને જોઈને વિચારમાં જ પડી ગયા.

નારદજીએ બાઈને પૂછયું તો બાઈએ કહ્યું, "એ તો મારો બાળક છે."

નારદજી તરત બ્રહ્મા પાસે ગયા. પણ બ્રહ્માએ ઉતાવળમાં કહ્યું, "નારદજી, આજે વાત કરવાની મને જરાયે ફુરસદ નથી. મારા યજ્ઞમાં એક માથું ખૂટે છે.

એક માથું આપનાર મળે તો મને નિરાંત વળે."

નારદજી કહે, "બ્રહ્માજી, એક જ માથું જોઈએ છે ને? હમણાં લઈને આવું છું."

એમ કહી નારદજી આખા સ્વર્ગમાં ફર્યા, આખી પૃથ્વી પર ફર્યા. પણ કોઈ માથું આપવા તૈયાર થયું નહિ. છેવટે એક આંધળા ડોસાએ નારદજીને પોતાનું માથું ધરી દીધું.

માથું લઈને નારદજી બ્રહ્મા પાસે આવ્યા. પછી બ્રહ્માએ કહ્યું, "નારદજી, હવે તમારે નિરાંતે જે પૂછવું હોય તે પૂછો."

નારદજી બોલ્યા, "બ્રહ્માજી, તમે તો બહુ જૂઠાબોલા છો. તમારો વિશ્વાસ કરવા જેવો નથી."

બ્રહ્મા કહે, "નારદજી, તમને સીધી વાત કહેતાં આવડતી જ નથી. જે વાત હોય તે કહો એટલે કંઈ સમજ પડે."

નારદજી કહે, "સાત વરસ પર એક બાઈને વિષે તમે કહ્યું હતું કે, એને સાત ભવ સુધી સંતાન નથી અને થોડા વખત પર હું ત્યાં જઈને જોઉં છું તો એને એક બાળક પણ છે. તો હવે કઈ વાત સાચી?"

બ્રહ્મા કહે, "એ બંને વાત સાચી છે."

નારદજી તો ચિડાઈને બોલ્યા, "એ શી રીતે બને?"

બ્રહ્મા કહે, "નારદજી, એ બાઈના નસીબમાં સાત ભવ સુધી સંતાનસુખ ન હતું. પણ એ બાઈને સંતાન થયું. કારણ કે જે માથું આપી શકે છે તેની આશિષને ફેરવવા બ્રહ્મા પણ શક્તિશાળી નથી. મેં મારા યજ્ઞ માટે એક માથું માગ્યું, ત્યારે તમે તમારા ધડ પર માથું હતું તે જ ધરી દેવાને બદલે બધે ફરી વળ્યા. પણ કોઈએ પોતાનું

વહાલું માથું આપ્યું નહીં. જ્યારે પેલા ગરીબ આંધળા ડોસાએ તરત જ પોતાનું માથું ધરી દીધું. એ ડોસાએ જ પેલી બાઈને એક દિવસ આશિષ આપી હતી અને એ માથું આપનારની આશિષ આખરે ફળી."

આ સાંભળીને નારદમુનિ તો આશ્ચર્ય પામ્યા અને માથું આપનાર ડોસાની સ્તુતિ કરતા ત્યાંથી ચાલ્યા ગયા.

મુકુલભાઈ

સસલું અને કાચબો

ઈસપની કેટલીક વાતો તો કહેવત-રૂપ બની ગઈ છે. તેમાંની આ એક છે.

એક કાચબો હતો. એક દહાડો સાંજે ટગુમગુ ટગુમગુ કરતો તે પોતાને રસ્તે રસ્તે જતો હતો. હવા ખુશનુમા હતી. કાચબો એની રવાલે જતો હતો.

આ વખતે રસ્તામાં બાજુ પર એક સસલું એની બોડમાંથી નીકળીને બહાર મજેદાર હવા માણતું બેઠું હતું. તેવામાં તેની નજર પેલા કાચબા ઉપર પડી. ધીમે ધીમે તેને જતો જોઈને સસલાને તેની મશ્કરી કરવા મન થઈ આવ્યું.

સસલું—ઓહો કાચબાભાઈ! કઈ તરફ નીકળ્યા? સવારના નીકળ્યા હશો નહિ?

કાચબો — ઓહો, કેમ સસલાભાઈ? જો જો. હવા સરસ છે, એટલે મને થયું, લાવ જરા પેલા તળાવે ફરી આવીએ; ત્યાં મિત્રોને મળાશે.

સસલું—પણ કાચબાભાઈ! તમારી તે કાંઈ વાત છે! આમ ટગુમગુ કરતા ક્યારે પહોંચવાના? આમ ક્યારે કાશીએ સંઘ પહોંચે? તમારો તે કાંઈ અવતાર છે!

કાચબો — સસલાભાઈ, ચાલવામાં તમારા આગળ હું કોણ માત્ર ? પણ તમારો ને અમારો બંનેનો અવતાર જેવો ભગવાને ઘડ્યો એવો ખરો. એમાં કાંઈ ફેર પડે નહિ. પણ તમે તમારી દોડકૂદની શક્તિનો ગર્વ ના કરો. ગર્વ કોઈનો રહ્યો છે? જો કદી વિચાર થાય તો આવજો એકાદ દહાડો શરતમાં. જોઈએ કોણ પહેલું પોયે પહોંચે છે.

સસલું — કાચબાભાઈ, તમારી ચાલ પેઠે તમારી હિંમત-નેય શાબાશ છે! સસલા જોડે અને તે પણ દોડવામાં હોડ! પણ ચાલો, આપણી ઠેરી; બોલો ક્યારે દોડીશું ?

કાચબો — જુઓ સસલા-ભાઈ, હાથી ને મગતરાની વાત તો તમને ખબર છે ને? પણ એ જવા દો. હમણાં જ આપણે શરત દોડીએ. એમાં વળી મહુરત શું જોવાનું ?

કાચબાની આ હિંમત જોઈ સસલું મનમાં હસવા લાગ્યું. તે કહે, કબૂલ; બાંધો પોયું.

કાચબો — આ વન પાર બે એક માઇલ ઉપર જગા છે; ત્યાં તળાવ ઉપર પહેલો પહોંચે તે જીત્યો.

સસલો — કબૂલ. 'શરૂ! એક, બે, ત્રણ!' એમ કહી સસલો કાચબાને જોતો ઊભો રહ્યો. કાચબે તો ત્રણની સાથે શરત શરૂ કરી. સ્થિર ડગે તેણે મારગ કાપવા માંડ્યો. તેને ડગુમગુ ડગુ-મગુ કરતો ગોકળગાયની ગતિએ જોઈ ને સસલાભાઈ ખડખડ હસી પડ્યા. પાછું વળીને જોવા સરખી પણ નજર કર્યા વગર કાચબો તો નીકળ્યો તે નીકળ્યો જ.

હવે સસલાભાઈ એકલા રહ્યા. કાચબાભાઈને રસ્તે વળાંક આગળ વળતા જોયાં; પછી તે

દેખાતા બંધ થયા. એટલે સસલો વિચાર કરવા લાગ્યો, “શી આ કાચબાની તે જિગર છે! ખેર. એને બરોબર દેખાડી દઉં. પણ એની ઉતાવળ શી? બે માઈલ કાચબો તો અંધારું થયેય પહોંચશે કે કેમ? અને હું તો આ દોડ્યો કે પહોંચ્યો! આવી સરસ હવા છે; મીઠો મધુર સાંજનો સમો છે. જરા આડા પડીને આરામ કરવાનો કેવો અચ્છો સમય છે? આરામ લઈને દોડવાની પણ લહેર આવશે ને પછી દોડવાનું કામ પણ ઉત્તમ થશે.”

આમ વિચાર કરીને સસલું કુમળા ઘાસમાં સૂઈ ગયું. સૂતું તે સૂતું. એ તો એવું ઊંઘી ગયું કે અંધારું થઈ ગયું ત્યાં સુધી હાલ્યું નહિ. આ બધો વખત કાચબો તો પોતાનાં બધાં અંગોને બરોબર રાખીને, એક જ માર્ગે, ખૂને તેટલો પૂરો સપાટો મારી, સરસર સરસર ચાલ્યે જ ગયો. પાછળ સસલું આવે છે કે નહિ તેય તેણે જોવાની પરવા ન કરી. તે ભલો ને તેનું કામ ભલું. ઊંધું ઘાલીને તે તો પોતાનો માર્ગ કાપતો જ ગયો. સાંજ પડે ને અંધારું થાય તે પહેલાં તે વન પાર કરી તળાવને કિનારે જઈને બેઠો.

હવે ગર્વથી મનમાં નિરાંત વાળીને વનમાં ઘોરતું સસલું જાગ્યું. જુએ તો અંધારું થયેલું! હાંફળું ફાંફળું થતું તે તરત દોડવા લાગ્યું. ઠેકડે ને કૂદકે ફાળો ભરતું તે વન પાર પેલા તળાવ તરફ ઊપડ્યું. કેટલેય સુધી જતાં તેને કાચબો તો રસ્તામાં મળ્યો પણ નહિ. મનમાં ગભરાટ પેઠો, “અરે, કાચબો આગળ પહોંચી તો ન ગયો હોય!” તળાવ પાસે આવીને જુએ તો કાચબાભાઈ અંગ ફેલાવી આરામ

કરતા હતા! હવે એને આરામ કરવાનો વખત હતો. સસલાભાઈએ અક્ષર બોલ્યા વિના ત્યાંથી ચલતી પકડી અને પાછા વનમાં પેસી ગયા.

મદ અને પ્રમાદથી પ્રબળ મોટા માનવીઓ પણ આમ જ પડે છે અને મરે છે; અને સામી બાજુ નમ્ર હિંમત અને એકાગ્ર અડગતા રાખીને સતત લાગ્યા રહેનારા નાના લોકો પણ અંતે જીવન-જંગમાં, કાચબા પેઠે, જીતે છે. માત્ર તેમણે કાચબા પેઠે એકાગ્ર અને જાગૃતિભેર પ્રયત્નશીલ બનવું જોઈએ.

આથી જ કાચબાનો દાખલો આપીને ગીતાકારે માણસોને પણ બોધ આપ્યો છે અને કહ્યું છે—

"કાચબો જેમ અંગોને,
તેમ જે વિષયો થકી
સંકેલે ઇંદ્રિયો પૂર્ણ,
તેની પ્રજ્ઞા થઈ સ્થિર."
(૨-૫૮)

૧૦-૧૨-'૫૦ મગનભાઇ દેસાઈ

અંકુશોની ઘટમાળ

એક મંડળમાં દેશપરદેશના બનાવોની વાત ચાલતી હતી ત્યારે એક ભાઈએ પૂછયું, "આ ગોળ ફરી છૂટો કર્યો પણ ભાવનિયમન ચાલુ રાખ્યું એનો શો અર્થ? ગોળના નિયમને તો ખરેખર દિવાળી બગાડી!

જ૦—સરકારે ગોળ સ્થગિત કર્યો હતો અને વહેંચણી પોતાના હાથમાં લીધી હતી તે મૂકી દીધી પણ તેનો ભાવ બાંધી રાખ્યો છે, જેથી તેના વધારેપડતા ભાવ ન લઈ શકાય.

સ૦—પણ એ ભાવે સરકાર પોતે સારો માલ પૂરો પાડી શકતી નથી ત્યારે વેપારીઓ શી રીતે આપશે? અને એમ કરવું હતું તો દિવાળી પહેલાં જ કેમ ન કર્યું?

જ૦—સરકારને તો બાંધ્યા ભાવે માલની વહેંચણી કરવી હતી પરંતુ તેમાં તેઓ ન ફાવ્યા અને

વિરોધ ઘણો થયો એટલે વહેંચણી કરવાનો પ્રયત્ન છોડી દીધો એમ લાગે છે.

સ૦ — તો પછી ભાવનિયમન પણ કેમ છોડી દેતા નથી! તે ભાવે માલ પૂરો પાડવાની જવાબદારી સરકાર ન લઈ શકે તો એવા એકતરફી ભાવનિયમનનો શો અર્થ?

જ૦ — સરકારે ખાંડના ભાવ બાંધ્યા છે તે ભાવે ખાંડ મળી શકે તે માટે ગોળનો ભાવ બાંધવો પડયો છે.

સ૦ — પણ હજી ખાંડસરી તો છૂટથી વેચાય છે તો પહેલો તડાકો ગોળ પર શા માટે પડયો?

જ૦ — ખાંડસરી છૂટી હતી એટલે તો લોકોને ગોળની ખોટ પુરાઈ. છતાં લોકોએ બુમરાણ મચાવ્યું. કારણ કે એવી બૂમો પાડવાનો જાણે રિવાજ થઈ પડયો છે. બાકી ખાંડસરી છૂટી હતી એટલે દિવાળીમાં ગળ્યું ખાવાની મુશ્કેલી ન હતી. ઊલટું ગોળને બદલે ખાંડસરી મળતી હતી તેમાં તો વિશેષ સગવડ હતી.

સ૦ — પણ ખાંડને માટે ગોળ પર નિયમન કરવું પડે છે તો ખાંડ પરનો અંકુશ કેમ કાઢી નાખતા નથી? ખાંડ વિના કોઈ મરતું તો નથી ને?

જ૦ — ખાંડ વિના કોઈ મરી ન જાય પણ ખાંડ આજે ઘરઘરની વપરાશની ચીજ થઈ પડી છે. દેશના ખૂણેખૂણે ચા પેસી ગઈ છે અને ગામડે ગામડે આજે અનાજના જેવી ખાંડની જરૂર જણાય છે એટલે તેના પર અંકુશ મૂકવો પડયો છે.

સ૦ — તો પછી આ છાપાંવાળા અને વેપારીમંડળો બૂમો મારે છે તે ખોટી છે?

જ૦ — એ બધી બૂમો પાછળ જુદાં જુદાં બળો કામ કરે છે. કેટલાક કોંગ્રેસનો વિરોધ કરવા ખાતર તેમ કરે છે; કેટલાક તો અંકુશને લીધે વેપાર ધંધો બંધ થયો છે તેઓ પેટના બળ્યા બોલે છે; કેટલાકને આપ્યે પૈસે જોઈતી વસ્તુ મળતી નથી તેથી અકળાય છે. તેઓ ગમે તે ભાવે પોતાને જરૂરી વસ્તુ ખરીદવા તયાર હોય છે. પછી ગરીબને કંઈ ન મળે કે સસ્તા માલની દુકાનોએ હારો લાગે તેની તેમને પરવા નથી. ત્યારે સરકાર સમસ્ત જનતાનો ખ્યાલ

કરીને કરવું ઘટે તે કરે છે. તેમાં બિનઆવડતને લીધે કે જૂની અમલદારશાહીને લીધે ભૂલો થાય છે, અવ્યવસ્થા થાય છે અને છબરડા વળે છે. પણ તેમનો હેતુ જનતાને મદદ કરવાનો છે.

સ૦ — પણ એ મદદ ન થઈ શકતી હોય અને અવ્યવસ્થા થતી હોય તો પછી અંકુશોને વળગી રહેવાનો શો અર્થ? અંકુશો જો પ્રજાના લાભાર્થે હોય અને એ લાભ પ્રત્યક્ષ રીતે ન જણાય તો પછી પ્રજાના જ હિતાર્થે એને તિલાંજલિ આપવી જોઈએ ને? ગાંધીજીએ પ્રજાના હિતની દૃષ્ટિએ જ અંકુશોનો વિરોધ કર્યો હતો ને?

જ૦ — એ વાત સાચી છે કે અંકુશોથી જનતાને લાભ થતો હોય એમ જણાતું નથી. પણ આજની અનાજની પરિસ્થિતિ જોતાં અનાજ ઉપરનો અંકુશ ઉઠાવવાનું લાભકારી ન થાય. તેના ભાવ એકદમ વધી જાય અને સામાન્ય લોકોને અસહ્ય મોંઘવારી અને હાડમારી વેઠવી પડે.

સ૦ — પણ તે સિવાયના અંકુશોનું શું?

જ૦ — તે સિવાયના અંકુશો માટે સામાન્ય જનહિત વિચારીને નિર્ણય કરવો જોઈએ. તે બાબતમાં જનતાની સંસ્થાઓએ અને સભ્યોએ સ્પષ્ટ અભિપ્રાય સરકાર સમક્ષ અસરકારક રીતે રજૂ કરવો જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

જીવનયાત્રા

જે કો ચાહે ધરણી ઉપરે સ્વર્ગને લાવવાને,
તેણે જાતે ધરતી તણી માટી પરે આવવાનું;
પૃથ્વી કેરો મલિન પ્રકૃતિ બોજ ઉઠાવવાનો,
કષ્ટે છાયો વિકટ પથ આ વિશ્વનો કાપવાનો.

શ્રી અરવિંદ

પૂરું થતું પખવાડિયું

કોરિયામાં ચાલતા યુદ્ધમાં સામ્યવાદી ચીનના સ્વયંસેવક દળોએ મંચુરિયાની સરહદેથી સામો હુમલો કરવાને લીધે કટોકટીભરેલી પરિસ્થિતિ ઊભી થઈ છે. એને કારણે જનરલ મૅક્આર્થરની સરદારી નીચેનું સંયુક્ત રાષ્ટ્રસંઘનું અને મુખ્યત્વે કરીને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઇંગ્લંડનું લશ્કર પીછેહઠ કરી છે. અને ચીની સ્વયંસેવક દળો જો પોતાનો ધસારો ચાલુ રાખે તો એ આખું યે લશ્કર ઘેરાઈ જવાનો અને તે ભિન્નભિન્ન થઈ જવાનો ભય ઊભો થયો છે. આ કટોકટીભરેલી સ્થિતિનો ઉકલ શોધવા માટે ઇંગ્લંડના વડા પ્રધાન ઍટલી અને અમેરિકાના પ્રમુખ ટ્રૂમૅન વચ્ચે અમેરિકામાં વૉશિંગ્ટન ખાતે તાજેતરમાં મુલાકાત યોજાઈ હતી. આ કટોકટીમાંથી યુદ્ધ ફાટી નીકળતું અટકાવવાને માટે હિંદી સરકાર ભારે જહેમત ઉઠાવી રહી છે અને તેણે ચીની સ્વયંસેવકદળો દક્ષિણ કોરિયાની સરહદ ન ઓળંગે એમ કરવા માટે ચીનની સામ્યવાદી સરકારને વિનંતિ કરી છે.

મધ્યસ્થ સરકારે કોલુ માટે લાઈસન્સ આપવાનો નિર્ણય બંધ રાખ્યો છે અને ગોળ ઉત્પન્ન કરવાની છૂટ આપી છે.

અમદાવાદ મજૂર મહાજન સંઘે ગઈ તા. ૪ થીએ શ્રી ગુલઝારીલાલ નંદાના પ્રમુખપદ નીચે પોતાનો ૩૪મો વાર્ષિક દિન ઊજવ્યો હતો.

ગઈ તા. ૫ મીએ પોંડીચેરી ખાતે મહાન દેશભક્ત, તત્ત્વચિંતક અને યોગી શ્રી અરવિંદ ઘોષનું અવસાન થયું છે. અવસાન વખતે તેમની ઉંમર ૭૮ વરસની હતી.

નેપાળની રાજકીય કટોકટી ચાલુ જ છે. એ અંગે ભારત સરકાર સાથે વાટાઘાટ કરવાને આવેલા નેપાળ સરકારના બે પ્રતિનિધિઓ નેપાળના મામલા અંગે ભારત સરકારના દષ્ટિબિંદુથી નેપાળના સત્તાવાળાઓને વાકેફ કરવા ખટમંડુ પાછા ફર્યા છે.

મ૦

એક હરિજન ધારાસભ્યની દેશભક્તિ

આપણા દેશની પ્રાંતિક ધારાસભાઓ માટેની ચૂંટણીમાં ઈ. સ. ૧૯૩૭માં કોંગ્રેસે પહેલી જ વાર એક પક્ષ તરીકે ભાગ લીધો હતો અને ઘણા પ્રાંતોમાં બહુમતી મેળવી હતી. શરૂઆતમાં કોંગ્રેસે પ્રધાનમંડળો રચવાની ના પાડી. એટલે કેટલાક પ્રાંતના ગવર્નરોએ ગમે તે રીતે લઘુમતી પક્ષમાંથી પ્રધાનમંડળો રચવાની ખટપટ કરવા માંડી. પ્રજામતની અવગણના કરીને કુહાડીના હાથા બને એવા કેટલાક પુરુષો આપણા દેશમાંથી અંગ્રેજો શોધી જ કાઢતા! એ રીતે એક ભાઈને વડા પ્રધાન તરીકે શોધી કાઢ્યા અને તેને પ્રધાનમંડળ રચવાનું કહ્યું. એ માટે એક તારીખ નક્કી કરી. પ્રધાનમંડળનાં નામો આપી દેવાની તારીખ નજીક આવતી હતી, પણ પ્રધાનોની નામાવલિ પૂરી થઈ ન હતી. તે વેળા ધારાસભામાં કેટલાક હરિજન સભ્યો પણ ચૂંટાઈને આવ્યા હતા. તેમાંથી એક હોશિયાર જણાતા સભ્યને પ્રધાન થવા જો લલચાવી શકાય તો સરકારની મુરાદ સારી રીતે પાર પડે એમ હતું. પેલા વડા પ્રધાને એ સભ્યને સમજાવવા માટે બોલાવ્યા. તેણે તેને પ્રધાન થવા માટે સામ, દામ, વિનવણી વગેરે બધી યુક્તિપ્રયુક્તિઓ અજમાવી જોઈ, પણ પેલા હરિજન સભ્યે તો નન્નો જ સંભળાવ્યો ગવર્નરને નામો આપવાની છેલ્લી તારીખ આવી પહોંચી. બપોર પછી ચાર વાગે નામાવલિ સુપરત કરવાની હતી. ફરીથી પેલા હરિજન સભ્યને સમજાવવા માટે તેને ઘેર ત્રણ વાગ્યે પેલા વડા પ્રધાનના મિત્ર પહોંચ્યા. પેલા મિત્ર વાતો કરી છેવટે જણાવ્યું કે "ભલા માણસ! એક હરિજનને પ્રધાનપદનું બહુ મોટું માન મળે છે. આ પ્રધાનમંડળ છ મહિના તો ચાલશે જ. એટલા સમયમાં રૂપિયા ૨૫૦૦૦ તમને મળી જશે. આવી સુંદર તક જતી કરવામાં તમે મોટી ભૂલ કરો છો. જિંદગીમાં આવાં માન અને સત્તા ફરીફરીને મળતાં નથી.

મારું કહ્યું નહીં માનો તો આજની ભૂલ માટે જીવનભર પસ્તાવું પડશે."

પૈસાની લાલચ કે સત્તાના લોભે પોતાની સિદ્ધાંતનિષ્ઠામાંથી ચસકી જાય એવા તે સભ્ય ન હતા. તેમણે પ્રધાનપદને ઠોકરે માર્યું અને છેવટે 'ના' સુણાવી.

આવાં પ્રલોભનોનો ત્યાગ કરનાર એક હરિજન સભ્ય હતા તે ધ્યાનમાં લેવા જેવું છે. આપણે એવા ઘણા સવર્ણ હિંદુઓ જોઈએ છીએ કે જેઓ આવી લાલચને તરછોડી શકતા નથી. આ એક જ કામથી તે સભ્યે પોતાની જાતને અને કોમને ઘણી ઊંચે ચઢાવી છે. છતાં એ કોમને નીચી ગણી સવર્ણ હિંદુઓ તેને છેટી રાખે છે!

"માણસ ગરીબ છતાં અમીર, નીચો ગણાતો છતાં ઊંચો અને અપમાન ભોગવવા છતાં સ્વમાન સાચવનાર રહી શકે છે." એનું સુંદર દૃષ્ટાંત આ કિસ્સો પૂરું પાડે છે.

લલ્લુભાઈ મકનજી

ન્યાયનું રાજ્ય

ભારતની સરકારોને દેશના રાજ-બંધારણે અમુક આદેશો આપ્યા છે. તે આદેશો નાગરિકના મૂળ હકો પેઠે અદાલતી અમલ હેઠળ નથી આવતા, એ આપણે ગયા અંકમાં જોઈ ગયા. પરંતુ તેથી તે આદેશોનું મહત્ત્વ ઓછું નથી થતું; કારણ કે તે આદેશો એમ બતાવે છે કે, હિંદ સ્વરાજનું સ્વરૂપ હવે આ બંધારણની રૂએ ચાલતાં કેવું ઘડવાનું છે. આજે જે તે કહે છે કે, હિંદમાં સ્વરાજ્ય તો આવ્યું; પણ હવે તે સુરાજ્ય પણ બને એ જોવું જોઈએ. વાત ઠીક છે; પણ એ યાદ રાખવું જોઈએ કે, સ્વરાજ થયા વગર કોઈ પણ રાજ્ય સુરાજ્ય બની જ ન શકે. એટલે સુરાજ્યની પહેલપ્રથમ શરત સ્વરાજ હોવું એ ગણાય; તે આજે પૂરી થઈ છે. હવે આગળ શું કરવાનું રહે છે, તેનો નકશો આ આદેશો બતાવે છે.

તેમાં સૌથી પહેલી વાત ન્યાય-રાજ્યની કરી છે. ખરું જોતાં રાજ્ય એટલે જ ન્યાય. જ્યાં ન્યાય નથી ત્યાં રાજ્ય નથી. એટલે ન્યાયનું રાજ કહેવું એ બરોબર નથી. છતાં આપણે જાણીએ

છીએ કે, દરેક જગાએ અન્યાય ચાલે છે. તેથી કહીએ કે, રાજ્ય ન્યાયનું હોવું જોઈએ; અને હરેક કાયદો ન્યાયી હોવો જોઈએ સુરાજ્યનો પ્રાણ ન્યાય છે. એ વગર સ્વરાજ પણ કડવું ઝેર લાગે એ આપણને હવે દેખાયું છે.

અને ન્યાય એટલે ધર્મ. આપણાં પુરાણોમાં યમરાજાને ધર્મરાજા પણ કહ્યો છે, અને તે જીવમાત્રને અટળ ન્યાય ચૂકવે છે, એમ કલ્પ્યું છે. ન્યાય વગર રાજ્ય ધર્મરાજ્ય કે રામરાજ ન બની શકે. તેથી જ ન્યાય એ હરકોઈ રાજ્ય કે રાજ્યપદ્ધતિનો પ્રાણ છે —તેનો આત્મા છે અંગ્રેજી ભાષામાં 'કાયદાનું રાજ્ય' એવો શબ્દપ્રયોગ છે. એને બદલે 'ન્યાયનું રાજ્ય' કહેવું વધારે સારું છે. કારણ કે કાયદો સારો કે નરસો હોય, ન્યાયી કે અન્યાયી હોય. તેથી ન્યાયનું રાજ્ય એટલે સુરાજ્ય, એ બરોબર શબ્દપ્રયોગ છે. ન્યાય એ રાજ્યની નીતિ અને કાયદાનો આત્મા છે.

અને આ ન્યાય સમાજજીવનનાં બધાં અંગોમાં વ્યાપવો જોઈએ. તેથી જ મૂળ હકોમાં કાયદા અને કોરટ આગળ સૌની સમાનતા, ઊંચનીચના ભેદનો નાશ, વગેરે બાબતો મુકાઈ છે, એ આપણે જોયું. આ વસ્તુ સામાન્યપણે રાજ્યની સમગ્ર નીતિમાં ઓતપ્રોત રહેવી જોઈએ. ભારત સરકારોને જે આદેશો અપાયા છે, એમાં પ્રથમ આદેશ આ જ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે,

"કલમ ૩૮. રાષ્ટ્રજીવનનાં, બધાંય અંગોમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની પ્રેરણા ઓતપ્રોત હોય, એવી સમાજવ્યવસ્થા બને તેટલી રચવી અને તેનું સંરક્ષણ કરવું; અને એમ કરીને, લોકકલ્યાણ વધારવા માટે રાજ્ય પ્રયત્નશીલ રહેશે."

આ સામાન્ય આદેશ આપ્યા પછી, બંધારણ તેની પછીની કલમમાં કેટલીક ખાસ બાબતો ગણાવે છે અને તેમાં ન્યાય સંભાળવા ફરમાવે છે. તેમાં કહ્યું છે—

"૩૯. ખાસ કરીને નીચેની બાબતો સાધવાને માટે રાજ્ય પોતાની નીતિ યોજશે—

૧. સ્ત્રી પુરુષ બધા નાગરિકોને સમાનતાપૂર્વક પોતાના નિર્વાહનું પૂરતું સાધન કરવાનો હક હશે.

૨. સમાજની સંપત્તિની માલકી અને તે ઉપર કાબૂ એવી રીતે વહેંચાયેલાં હશે કે જેથી સર્વોદય કે સૌ કોઈનું ભલું વધુમાં વધુ થાય.

૩. આર્થિક તંત્ર કે વ્યવસ્થા એવાં ન ચાલે કે જેને પરિણામે સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનો એવાં એકહથ્થુ કે કેન્દ્રિત થઈ જાય કે જેથી કરીને સર્વના ભલાને હાનિ પહોંચે.

૪. સરખા કામ પેટે સ્ત્રી અને પુરુષને સરખું મહેનતાણું મળે.

૫. સ્ત્રી-પુરુષ કામદારોની શક્તિ તથા તબિયતનો અને નાનાં બાળકોનો ગેરલાભ નહિ લેવાય. અને આર્થિક લાચારીના માર્યા નાગરિકોને એવા ધંધામાં ન પડવું પડે કે જે એમની ઉંમર અને શક્તિને સારુ માફક ન હોય.

૬. નાનાં છોકરાં તથા જુવાનોનું શોષણ થાય તથા તેઓ પોતાના નૈતિક અને ભૌતિક વિકાસમાં રખડી જાય, એ સામે સંરક્ષણ મળે."

નવા બંધારણમાં પુખ્ત મતાધિકાર મૂકવામાં આવ્યો છે. અને મૂળ હકોમાં છાપાની, સભાની, મંડળ રચવાની વગેરે પ્રાથમિક સ્વતંત્રતાઓ અપાઈ છે. આથી કરીને દરેક નાગરિકને રાજકીય ન્યાય મળ્યો છે. પણ એટલું બસ નથી. તે ન્યાયને સાચો સંગીન બનાવવો હોય તો આર્થિક ન્યાય પણ ફેલાવવો ઘટે. કોઈ કોઈનો ગેરલાભ ન લઈ શકે, એવું થવું જોઈએ. ઉપરની કલમ આ કહે છે, અને સરકારોને આદેશ આપે છે કે, દરેક કાયદો કરવામાં આ સિદ્ધાંત યાદ રાખવો જોઈએ.

બીજા આદેશો હવે પછી.

૧૦-૧૨-'૫૦ મગનભાઈ દેસાઈ

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

રજિ. નં. બી ૫૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ અંક ૧૦

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ | છમાસિક „ „ રૂ. ૨ | અમદાવાદ, ૧લી જાન્યુઆરી, ૧૯૫૧ | વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ | ગોપાલદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી | મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા | જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

પંદરમી ને શુક્રવાર !

આપણા સરદારશ્રી વલ્લભભાઈ પટેલનું જે દિવસે અવસાન થયું તે દિવસે પંદરમી તારીખ ને શુક્રવાર હતો. શ્રી મહાદેવભાઈ દેસાઈનું અવસાન તારીખ પંદરમીએ થયું હતું અને બાપુજી ગયા તે દિવસે શુક્રવાર હતો. આમ તારીખ પંદરમી અને શુક્રવાર એ બેનો મેળ સાધીને જ જાણે સરદારશ્રી તે દિવસે ગયા.

બાપુજી, સરદાર અને મહાદેવભાઈ એ ત્રણ વિભૂતિઓ ત્રણ નદીઓના સંગમ—ત્રિવેણી સંગમ—જેવી હતી. મહાદેવભાઈ અને બાપુજી જતાં સરદારશ્રી એકલા પડી ગયા હતા. બાપુજીના અવસાન પછી માર્ચ માસમાં એક દિવસે સરદારશ્રીને હૃદયરોગનો હુમલો થયો. તે વખતે દૈવયોગે ડૉ. સુશીલાબહેન નય્યર હાજર હતાં. એમણે યોગ્ય ઉપાય લીધા અને ઈશ્વરને સરદારશ્રી

પાસેથી કામ લેવું હતું એટલે એ જોખમમાંથી તેઓ બચી ગયા. હુમલો શમ્યા પછી સરદાર એમને કહેવા લાગ્યા :

'હું બાપુ પાસે જતો હતો. એ જ શુક્રવારનો દિવસ હતો, એ જ સમય હતો. તેં મને શા માટે રોકયો?'

આમ સરદારને બાપુ વિના ગમતું ન હતું. બાપુનો વિરહ એમને હંમેશ સાલતો હતો.

જ્યારે સરદારશ્રી છેલ્લીવાર અમદાવાદ આવ્યા ત્યારે તેઓ સાબરમતી આશ્રમે ગયા હતા. ત્યાં એમણે કહ્યું હતું : 'બાપુ આગળ ગયા છે, ત્યાં બા છે, મહાદેવ છે. તેથી ત્યાંનો આશ્રમ જોવાની મારી ઇચ્છા છે. પણ અહીંનું કામ હજુ અધૂરું છે તે આટોપવાનું છે, એટલે ત્યાં જવાની રજા નથી અને બાપુનું અધૂરું કામ પૂરું કરવું જ રહ્યું.'

આમ સરદારશ્રીને બાપુ પાસે જવાની ઇચ્છા થતી હતી અને છેવટે પંદરમી ને શુક્રવાર એ બેનો મેળ મળતાં તેઓ ચાલ્યા ગયા. સ્વર્ગમાં ફરીને બાપુ, મહાદેવભાઈ અને સરદારશ્રી મળીને શી વાતો કરતા હશે?

મુકુલભાઈ

આપબળ

['બિહારમાં અન્નસંકટ' એ નામથી હરિજનબંધુમાં પ્રગટ થયેલા લેખનો સારભાગ નીચે આપ્યો છે.]

વાંચનારને ખબર હશે કે ઉત્તર બિહારમાં અને ઉત્તર-પૂર્વના પ્રદેશમાં છેલ્લા બે મહિનામાં વરસાદ ન પડવાને કારણે અનાજનો પાક બિલકુલ નાશ પામ્યો છે. આ ભાગમાં અનાજનો પાક જ મુખ્ય હતો અને આ વરસે તે ઘણો જ સારો હતો. અનાજની અછતને લીધે લોકો ત્રાસી ગયા છે અને ગરીબ વર્ગના

લોકો તો ભૂખમરો વેઠી રહ્યા છે. આ દૈવી કોપ છે. આમ છતાં ખેડૂતો હિંમત કરત, એમ કરવાની ઉત્કટ સંસ્કારિતા તેમનામાં હોત અથવા તેમને સારી સહાનુભૂતિ મળત તો આ સંકટ ઘણે અંશે હળવું થાત. પણ આ બધું ન થવા પામ્યું. ઊલટું, કેટલાક બેજવાબદાર કૉંગ્રેસીઓ તથા ધારાસભાના કેટલાક સભ્યો બધે ફરી ફરીને ખેડૂતોને એવી ખોટી આશા આપતા હતા કે સરકાર થોડા જ વખતમાં સેંકડો પંપ આપવાની છે તેથી પાકને પૂરતું પાણી આપવાની ગોઠવણ થઈ શકશે. લોકો એ પંપના ભરોસા પર હાથપગ જોડીને બેસી રહ્યા અને પાકને પાણી આપવા માટેનાં તેમનાં પુરાણાં સાધનોનો પણ ઉપયોગ ન કર્યો. થોડા પંપ આવ્યા પણ ખરા, પણ એનાથી શું થવાનું હતું? પરિણામ એ આવ્યું કે પાકની આખી ફસલ નિષ્ફળ ગઈ અને જે બિહાર એક વખતે ભારતનો અન્નભંડાર હતો તે આજે દાણા દાણા અન્ન માટે લાચારી ભોગવી રહ્યો છે.

હિમાલય નજીક હોવાને કારણે એ પ્રદેશ નાની નાની નદીઓથી ભરપૂર છે. બહુ પ્રાચીન સમયમાં લોકો સુકવણાના વરસમાં પરસ્પર સહકારથી એ નદીઓનાં મુખ બાંધી લઈને હજારો એકર જમીનમાં પાણી પાઈ લેતા હતા. આજે એવા પ્રકારના સહકારનો સદંતર અભાવ છે. સરકારને ભૂલી જઈને એવી સહકારની ભાવના જો ફરીથી પેદા કરવામાં આવે તો એ પ્રદેશ પાછો ધાન્યથી હરિયાળો બની જાય. થોડા રચનાત્મક કાર્યકર્તાઓએ મુજફ્ફરપુર જિલ્લામાં આવો એક નાનો સરખો પ્રયાસ કર્યો છે તે

સાંભળવા લાયક અને અનુકરણીય છે. મુજફ્ફરપુર શહેરથી લગભગ પચીસ માઈલને અંતરે કટરા થાણામાં રાજખંડ, મીનાપુર, રામખેતારી, ઠાહર, મેહસોલ, કોકિલવારા વગેરે ગામો આવેલાં છે. એ ગામોની પાસે થઈને લખનદેવી નામની એક નાનકડી નદી વહે છે. એ પ્રદેશમાં પણ વરસાદ પડ્યો નહોતો અને ધાન્યનાં લીલાંછમ ખેતર સુકાવા લાગ્યાં હતાં. કાર્યકર્તાઓથી એ જોયું ન ગયું. ગામોમાં દાંડી પિટાવવામાં આવી. હજારોની સંખ્યામાં ખેડૂતો એકઠા થયા. લખનદેવીમાં બંધ બાંધવા માટે કમિટી નીમવામાં આવી. પંદરસો જેટલા રૂપિયા પણ એકઠા થયા અને ત્રણ દિવસમાં લખનદેવીમાં બંધ બાંધી લેવામાં આવ્યો. બંધ બાંધવાનું દૃશ્ય અદ્‌ભુત હતું. સેંકડો બળદગાડીઓ માટી નાખતી હતી. ગરીબ તવંગર સૌ માથે માટી ઉઠાવીને દોડતા હતા. લડાઈનાં ઉત્સાહવર્ધક વાજાં વાગી રહ્યાં હતાં. પહેલે દિવસે એક હજાર માણસોએ, બીજે દિવસે ત્રણ હજાર માણસોએ અને ત્રીજે દિવસે પાંચ હજાર માણસોએ આ રીતે માટી નાખી. માટી બે ફર્લાંગ દૂરથી આવતી હતી. દીવા સળગાવીને લોકો દિવસરાત કામ કરતા હતા. કુલ પંદરસો રૂપિયા ખરચાયા. બંધની લંબાઈ ૭૮, પહોળાઈ ૪૦ અને ઊંચાઈ ૨૧ ફૂટ છે. એનું પરિણામ એ આવ્યું કે વીસ હજાર એકર જમીનમાં ધાન્યનો પાક પાછો ખીલી ઊઠ્યો. જ્યાં મુશ્કેલીથી પંદરથી વીસ હજાર મણ અનાજ પાકત ત્યાં આજે ખસૂસ અઢીથી ત્રણ લાખ મણ અનાજ પાકશે. અને પાછો રવીપાક પણ અવશ્ય

થવાનો. ત્યાંનો દુકાળ મટી ગયો. એ જ કામ કરતાં સરકારને ઓછામાં ઓછા પચાસ હજાર રૂપિયા ખરચ થાત અને મહિના જેટલો વખત લાગત.

દ્દયનારાયણ ચોધરી

ગ્રામપંચાયત-સ્વરાજનો પાયો

ભારતની બધી સરકારોને બંધારણે જે આદેશો આપ્યા છે, તેમાં બીજો આદેશ ગ્રામપંચાયતો રચવાનો છે. આપણો ઇતિહાસ જોતાં જણાય છે કે, અંગ્રેજી રાજ્ય આપણા દેશમાં સ્થપાયું તે પહેલાં ગ્રામપંચાયતની સંસ્થા આપણા દેશમાં જીવતીજાગતી હતી. તેનું લખેલું બંધારણ ભલે નહોતું; પરંતુ તેના કરતાં વધારે મજબૂત એવી રીતે તેની પરંપરા પરાપૂર્વથી ચાલી આવી હતી. એની મારફત ગામ એક નાનકડું રાજ્ય જેવું બની રહેતું, અને તે મારફત ગ્રામ-સ્વરાજ ભોગવતું. દિલ્હીમાં કે ગમે તે રાજધાનીમાં રાજદ્વારી ઊથલ-પાથલો થાય, છતાં ગામડાંની વસ્તીને તે ઊથલપાથલોથી ઝાઝી કશી તકલીફ કે હાડમારી ભોગવવી પડતી નહિ. આખું ગામ એક બહોળા કુટુંબ પેઠે રહેતું. નાનામોટા કજિયા, સ્વરક્ષા, બાળકોની પ્રાથમિક કેળવણી, પ્રૌઢો માટે કથાવાર્તા, ગરીબગુરબાંની સંભાળ, ગામના અતિથિ કે સાધુસંતોની સેવા-ચાકરી — વગેરે અનેક નાની મોટી સેવાઓ, ગામના લોકો મળીને, પોતાના પંચ મારફત કરી લેતા. આ પ્રથા આપણી લોકશાહીનો પાયો હતો. એથી કેળવાઈને આપણી પ્રજા સ્વતંત્રતાનો સ્વાદ માણતી હતી અંગ્રેજ સરકારને આ પ્રથા રુચે એવી નહોતી. તેને પરદેશ પર રાજ્ય કરવાનું રહ્યું. તે આવી વ્યવસ્થાને પોષે તો કેમ નભે? તેણે પોતાની જરૂર પ્રમાણે વિચારીને નવી પ્રથા શરૂ કરી. કજિયાઓ માટે અદાલતો કાઢી અને તે દ્વારા ન્યાય મેળવવા માટે એક લાંબી પ્રક્રિયા કાઢી. તેમાંથી કજિયા-દલાલો, વકીલો, અને જાત જાતની પંચાતો જાગી. ગ્રામપંચાયતનો ઘડો કર્યો નહિ. તેના કરતાં તલાટી મોટો થયો અને મુખી સરકારી રાજ્યનો હાથો બને તો તે

નિભાવા લાગ્યો. પરિણામે, આપણાં ગામડાંમાં આજે કજિયો, કલહ, ઝેરવેર ઇ૦ રોગો ફેલાયા છે. ગ્રામપંચાયત રચાય તો તેમાં પણ આ રોગો ફૂટી નીકળે એ શરૂમાં તો બને જ. કેટલાક આથી ત્રાસીને ગ્રામપંચાયત સામે થાય છે ને કહે છે કે, એ તો જોઈએ નહિ. અને એવી ભૂલ શરૂમાં વડી સરકારના કાયદા-પ્રધાને કરી હતી. પણ બંધારણ સમાએ એ ભૂલ દૂર કરી અને નીચેનો આદેશ આપવાનું ઠરાવ્યું છે.

કલમ ૪૦, "ગ્રામપંચાયતો રચવા માટે રાજ્ય પગલાં ભરશે, અને તેઓ સ્વરાજના એકમો તરીકે કામ કરી શકે તેને માટે જરૂરી સત્તાઓ અને હકૂમત તેને આપશે."

સાચું સ્વરાજ સ્થાપવું હોય તો આ કલમ પ્રમાણે સરકારોએ વર્તવું જોઈએ અને લોકોએ વચગાળામાં પોતામાં પેસી ગયેલા સડાને કાઢી નાખી પાછા ગ્રામ-સ્વરાજનું સુખ આણવું જોઈએ.

૨૭-૧૨-'૫૦ મગનભાઈ દેસાઈ

પાણી: વક્રીભવન અને પરાવર્તન

પાણી ઉપર જ્યારે પ્રકાશનાં કિરણો પડે છે ત્યારે તેમાંનાં કેટલાંક પાણીની અંદર જાય છે જ્યારે કેટલાંક પાણીમાં પ્રવેશતાં જ નથી. પાણીની અંદર ગયેલાં કિરણો સપાટી ઉપરથી વળી જાય છે એટલે કે વક્રીભવન પામે છે. પાણીમાં ન પ્રવેશેલાં કિરણો સપાટીને અથડાઈ પાછાં ફેંકાય છે. આમ કિરણોનું પાછાં ફેંકાવું તે પરાવર્તન કહેવાય છે. ઘરમાં તડકો આવતો હોય અને તડકે પાણી ભરેલી તપેલી પડી હોય તો તેના ઉપર પડતાં કેટલાંક કિરણો પાછાં ફેંકાઈ ઘરની છત ઉપર ચાંદરણું બનાવશે. તપેલીનું પાણી જરા હલાવતાં છત ઉપરનું ચાંદરણું પણ આધુંપાછું થશે. આ ચાંદરણું પ્રકાશના પરાવર્તનથી બનેલું છે.

ચોમાસામાં હવામાં ખૂબ ભેજ હોય છે. પાણીનાં સૂક્ષ્મ રજકણો હવામાં ઠીક ઠીક ભર્યાં હોય છે. તેના ઉપર ઊગતા કે આથમતા સૂર્યનાં કિરણો પડે છે ત્યારે કોઈકવાર મેઘધનુષ દેખાય

છે. પ્રકાશનાં કિરણો સૂરજમાંથી જેવાં આવે તેવાં તેમાંનાં કેટલાંક ભેજના ટીપામાં પેસી જાય છે. અંદર પેસતાં તે વક્રીભવન પામે છે. વાંકાં થઈ તે પાણીનાં ટીપાંને સામે છેડે પહોંચે છે. ત્યાંથી બધાં જ કિરણો બહાર નીકળી શકતાં નથી. કેટલાંક ત્યાંથી પરાવર્તન પામી પાણીના ટીપામાં જ પાછાં ફેંકાઈ સામે છેડે જાય છે અને ત્યાંથી વક્રીભવન પામી બહાર નીકળે છે. આમ સૂરજનાં કિરણ પાણીમાં પેસતાં, તેમ જ અંદર પાછાં ફેંકાઈને બહાર નીકળતાં એમ બે વખત વાંકાં થાય છે. તેમ થવાથી સફેદ પ્રકાશ સાત રંગમાં વહેંચાઈ તેનાં સાતે કિરણો આગવાં દેખાય છે. જ્યારે આવાં આગવાં કિરણો દેખાય ત્યારે મેઘધનુષ જોવા મળે છે. મેઘધનુષ સૂરજ કરતાં સામી બાજુએ જોવા મળે છે.

સફેદ પ્રકાશ એકંદરે સાત જુદા જુદા રંગનાં કિરણો મળી બનેલો છે. એ સાતે ભેગાં થઈ એકબીજામાં મળી જાય ત્યારે સફેદ પ્રકાશ દેખાય છે. પરંતુ જ્યારે જ્યારે પ્રકાશનાં કિરણ વંકાય છે ત્યારે તે સાતે કિરણ સરખા પ્રમાણમાં વંકાતાં નથી. તે ઓછાંવત્તાં વંકાતાં હોવાથી છૂટાં પડે છે.

પ્રથમના વક્રીભવનમાં કિરણો બહુ થોડાં છૂટાં પડે છે. તે છૂટાં છે તે નરી આંખે દેખાતું નથી. પણ આ છૂટાં પડેલાં કિરણો પરાવર્તન પામે છે ત્યારે તે ઠીક ઠીક છૂટાં પડે છે. ત્યાર પછીના બીજા વક્રીભવનમાં તે બધાં તેથી પણ વધારે છૂટાં પડે છે અને આંખે સ્પષ્ટ જોઈ શકાય છે. મેઘધનુષનાં એ સાતે કિરણો નીચે મુજબનાં દેખાય છે:

૧. જાંબલી, ૨. નીલો, ૩. ભૂરો, ૪. લીલો, ૫. પીળો, ૬. નારંગી, ૭. લાલ.

ભીનાં કપડાંને તાપમાં નિચોવતાં કે તારવતાં મેઘધનુષના રંગો ઘણી વાર જોવા મળે છે. આ બધા રંગો એ સફેદ પ્રકાશનાં કિરણ અને વક્રીભવનની જ કરામત છે.

બંસીલાલ ગાંધી

એક ટીપું ઝેર દૂધનો નાશ કરે છે તેમ થોડું અસત્ય પણ માણસનો નાશ કરે છે. ગાંધીજી



આપણા સરદાર

સરદાર દેહત્યાગ કરી ગયાના ખબર હમણાં જ આવ્યા છે. જે વખતે બળવાન વેગો મનમાં ઊભરાઈ રહ્યા છે, તે વખતે જ લખવું પડે એ અકળાવનારી વસ્તુ છે. પણ લખાણ હમણાં જ જવું જોઈએ, એટલે બે શબ્દ ઉતાવળે લખી નાખું છું.

સરદાર અમદાવાદ આવી ગયાને ઘણા દિવસ થયા નથી. તે વખતે એમણે ગુજરાતની પ્રજાને ખુલ્લે દિલે ઘણી વાતો કહી હતી. એ એમનો અમૂલ્ય સંદેશો હતો.

જે રીતે બાપુજીએ અને સરદારે ગુજરાતને કેળવ્યું અને ઊંચે ઉઠાડ્યું, અને હિંમતવાન બનાવ્યું, તે આપણને આપત્તિ પ્રસંગે ધીરજ ધારણ કરતાં શીખવો; ઈશ્વરનું બળ મેળવતાં શીખવો. બહારનું કોણ આપણને દિલાસો આપી શકે? આપણે જ આપણો દિલાસો લેવો રહ્યો.

* * *

આપણે આપણા સરદારને લાયક બનીએ અને તેમની અમર કીર્તિને વધુ ને વધુ શોભાવીએ.

('હ. બં.'માંથી) કિશોરલાલ મશરૂવાળા

પૂરું થતું પખવાડિયું

ગઈ ૧૫મી તારીખે લગભગ સાડાનવ વાગ્યે મુંબઈ ખાતે બિરલા-ભવનમાં સરદારશ્રીનું અવસાન થયું. આ સમાચારથી આખા દેશમાં ગમગીની છવાઈ ગઈ અને સ્થળે સ્થળે તેમને પ્રેમ અને આભારની લાગણીભરી અંજલિઓ આપવામાં આવી. તેમને અંતિમ અંજલિ આપવા માટે નવી દિલ્હીથી રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર બાબુ, વડા પ્રધાન પંડિત નેહરુ તથા ચક્રવર્તી રાજગોપાલાચારી તેમ જ બીજા કેટલાક પ્રધાનો મુંબઈ આવ્યા હતા. લશ્કરી માન સાથે તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

ગુજરાતના તો તેઓ પિતા તુલ્ય હતા અને તેથી તેમની ખોટ ગુજરાત વિશેષે કરીને અનુભવી રહ્યું છે. ગુજરાતમાં તેમને યોગ્ય સ્મારક કરવાની વિચારણા ચાલી રહી છે. ગુજરાતની તમામ કોંગ્રેસ સંસ્થાઓ એક માસ સુધી સરદારનો શોક પાળશે.

ભારત સરકારે ખાંડની માપબંધી રદ કરવાનો નિર્ણય કર્યો છે. આમ છતાં રેશનની દુકાનોમાં હાલ ખાંડ આપવાનું બિનસત્તાવાર રીતે ચાલુ રાખવામાં આવશે. આ ઉપરાંત પ્રાંતમાં એક સ્થળેથી બીજે સ્થળે તથા એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં ખાંડની હેરફેર કરવા સામેનો પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો છે.

અખિલ હિંદ હિંદુ મહાસભાનું ૨૯મું અધિવેશન ડૉ. ખરેના પ્રમુખપણા નીચે પૂના મુકામે તા. ૨૪–૨૫ દરમ્યાન મળ્યું હતું.

ભારત સરકારે આપેલી સલાહ પ્રમાણે નેપાળ સરકારે પોતાના રાજ્યતંત્રમાં ફેરફાર કરવાની ઇચ્છા ભારત સરકારને જણાવી છે.

ગુજરાતની અખાડા પ્રવૃત્તિના પ્રેરક અને હિંદની આઝાદીની લડતના એક અણનમ સૈનિક અને લોકસેવક શ્રી છોટુભાઈ પુરાણીનું ગઈ તા. ૨૨મીએ હૃદય બંધ પડી જવાથી મુંબઈમાં અવસાન થયું છે.

સરદારશ્રીની જગા ખાલી પડવાથી મધ્યસ્થ સરકારનાં ખાતાંની વહેંચણી ફરીથી કરવામાં આવી છે. તેમાં દફતર વિનાના પ્રધાન શ્રી રાજગોપાલાચારીને ગૃહખાતું, શ્રી ગોપાલસ્વામી આયંગરને વાહનવ્યવહાર તથા રિયાસત અંગેનાં ખાતાં, શ્રી હરેકૃષ્ણ મહેતાબને વ્યાપાર અને ઉદ્યોગખાતું, શ્રી શ્રીપ્રકાશને કુદરતી સાધનો તથા વૈજ્ઞાનિક સંશોધનનું ખાતું અને શ્રી એન. વી. ગાડગીલને જાહેર બાંધકામ, ઉત્પાદન તથા પુરવઠાનું ખાતું સોંપવામાં આવ્યું છે. આ સિવાયના પ્રધાનો પોતાનાં અસલ ખાતાં સંભાળશે.

સરદારશ્રીનાં અસ્થિ વિસર્જનની ક્રિયા ૨૯મીએ થઈ હતી. તે દિવસ 'પટેલ દિન' તરીકે પાળવામાં આવ્યો હતો અને બધે હડતાળ રહી હતી.

નાતાલનાં રમકડાં

નાતાલની આગલી રાતે યુનાઈટેડ સ્ટેટ્સનાં બાળકો હરખઘેલાં બની જાય છે. એ રાતે સાંટા ક્લૉઝ ધુમાડિયામાંથી ઘરમાં ઊતરીને દરેક ડાહ્યા-ડમરા છોકરા-છોકરીનાં મોજાંમાં કે નાતાલના ઝાડ નીચે રમકડાં ને બીજી ભેટ-સોગાદો મૂકી જાય છે, એમ મનાય છે. સાંટા કલૉઝ એક દંતકથાનું પાત્ર છે. બેઠી દડીના, ખુશમિજાજી, ફાંદાળા ને લાંબી ધોળી દાઢીવાળા દાદા તરીકે એમને વર્ણવવામાં આવે છે. એ રાતાં લૂગડાં પહેરે છે, ને લૂગડાંની કિનારી સફેદ હોય છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં એની દંતકથા છે કે નાતાલની આગલી રાતે ઉત્તર ધ્રુવના હિમપ્રદેશમાંના પોતાના ઘરેથી એ નીકળે છે. એને ખભે રમકડાંનો એક મોટો થેલો હોય છે. આઠ ટચૂકડાં કાળિયાર જોડેલી એની બરફગાડી હવામાં ઊડતી ઊડતી આવે છે. નાતાલને આગલે દિવસે, બાળકો નાતાલ-વૃક્ષને શણગારવામાં સાથ આપે છે, ધુમાડિયાને નીચલે છેડે પોતાનાં મોજાં ટાંગી રાખે છે, અને વહેલાં વ્હેલાં ઊંઘી જાય છે. ઘણાં તો સાંટા કલૉઝ માટે ગળી કેકનું બટકું, સફરજનનો ટુકડો કે એકાદ સૅંડવિચ મૂકી રાખે છે. કેટલાંક વળી બારીમાં મીણબત્તી સળગાવીને મૂકે છે, એટલે સાંટા કલૉઝને એ ઘર ઝટ જડી શકે. અને અંતે બાળકો પોઢી જાય પછી, ઘરનાં વડીલો જ છાનાંમાનાં પેલાં મોજાંમાં ને નાતાલ-વૃક્ષની નીચે રમકડાં ને બાળકો માટેની ભેટો મૂકી આવે છે.

નાતાલની વહેલી સવારે છોકરાં પથારીમાંથી ઊઠતાંની સાથે જ પોતાને માટે સાંટા કલૉઝ શું શું મૂકતા ગયા છે તે શોધવા માંડે છે. સહુ પોતપોતાની ભેટનો પથારો કરે છે.

સાંટા કલૉઝ તો તમામ ઘરનાં બાળકો પાસે જાય છે — સૌથી ગરીબ ઘરનાં છોકરાં પાસે પણ. અમેરિકાનાં મોટાં મોટાં શહેરોમાં કેટલીયે સંસ્થાઓ નાતાલ અગાઉ કેટલાંય અઠવાડિયાં સુધી મથીને કોઈ બાળક નાતાલની ભેટ વિનાનું રહી ન જાય તેના પ્રયાસો

કરે છે. કેટલાંક ગામોમાં, જેનાં માબાપ સાંટા ક્લૉઝનો પાઠ ન ભજવી શકે તેટલાં ગરીબ હોય તેવાં બાળકોને રમકડાં ને નવાં લૂગડાં લઈ દેવા માટે છાપાંઓ જ ઉઘરાણાં કરે છે. સાંટા ક્લૉઝ ઉપરના બાળકોના લખેલા કાગળો જુદાં જુદાં મંડળો ભેગાં કરી લાવે છે. તેમાંથી દરેક બાળક કઈ ભેટ ચાહે છે તેની યાદી તેઓ તૈયાર કરે છે તે પછી 'સાંટાના સાથી' નામે ઓળખાતા લોકો સાદા કાગળમાં વીંટેલાં રમકડાં નાતાલ અગાઉ થોડા દિવસે ગરીબ ઘેરોમાં આપી આવે છે. નાતાલની સવાર સુધી એ રમકડાં સંતાડીને રાખવામાં આવે છે.

અમેરિકામાં આવા જેટલા 'સાંટાના સાથીઓ' છે તે બધામાં બંબાવાળાઓ કદાચ સૌથી વધુ ઉદ્યમી હશે. પૅસિફિક કાંઠાના ઓરેગન રાજ્યના પૉર્ટલૅંડ ગામે ૩૬ વરસ પહેલાં એક અનોખો બનાવ બન્યો. ત્યારથી દેશ-ભરનાં ગામ-શહેરોના બંબાવાળાઓ નાતાલ-વૃક્ષ નીચે રમકડાં મૂકી જવાના સુખદ કાર્યમાં સાંટા ક્લૉઝને મદદ કરતાથયા છે. વાત આમ બની હતી:

દુનિયામાં બધેય હોય છે તેમ અમેરિકાના બંબાવાળાઓ પણ આગ લાગે ત્યારે બહુ જ કામમાં રહે છે. પણ તે સિવાયને વખતે એ બંબાખાનામાં નવરા પડયા પડયા છાપાં કે સામયિકો વાંચે છે, પત્તાં કે બીજી રમતો રમે છે અથવા પરચૂરણ કામ પતાવે છે. નાની નાની મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢવા પોલીસની માફક એમને પણ જાત જાતનાં તેડાં આવે છે. કૂતરાએ નસાડીને ઝાડ ઉપર ચડાવી મૂકેલી બિલાડીને નીચે ઉતારવા, બે મકાનોની ઊંચી બારીઓ વચ્ચે બાંધેલી લૂગડાં સૂકવવાની દોરી સરખી કરી આપવા કે છાપરા ઉપર ભરાઈ ગયેલો કોઈ બાળકનો પતંગ કાઢી આપવા લોકો એમને બોલાવતા હોય છે.

૧૯૧૪ના ઑક્ટોબરને એક દિવસે, ઓરેગન રાજ્યના પૉર્ટલૅંડ ગામના બંબાખાનામાં આંસુભરી આંખે એક બાળક પોતાની નાની રેંકડાગાડી લઈને આવ્યો. ગાડી ખોટકાઈ ગઈ હતી તે સમી કરી દેવાનું એણે એક બંબાવાળાને કહ્યું. તે દિવસનો એ સામાન્ય બંબાવાળો આજે બંબા-

ખાતાના મદદનીશ વડાની ખુરશી પર બેસે છે. એણે અને બીજા બંબાવાળાઓએ મળીને છોકરાની ગાડી સમી કરી દીધી, એનાં પૈડાંમાં તેલ પૂર્યું અને જાણે નવી જ હોય તેમ દોડતી કરી મૂકી. પોતાના બંબાને રંગવાનો રાતોચોળ રંગ હતો તેનાથી એ ગાડી એણે રંગી પણ આપી. બાળક તો ખુશખુશાલ થઈ ગયો.

આવી જાતનાં પરોપકારનાં કામની વાતને પ્રસરતાં શી વાર લાગે! એટલે વળતા શનિવારે, બંબાવાળાઓ સામે આવીને ૩૦ છોકરાઓનું એક ટોળું ઊભું રહ્યું. દરેકના હાથમાં પોતાના જૂનાં રમકડાં હતાં. બંબાવાળા પાસે એને સમાં કરાવી, રંગાવી, નવાં જેવાં બનાવીને પછી પોતાથી નાનાં બાળકોને એ નાતાલની ભેટ તરીકે આપવાની એમની હોંશ હતી. બંબાવાળા તો આભા જ બની ગયા; પણ બંબાખાતામાંથી બાળકોની શ્રદ્ધા ઊડી જાય, એવું તો એમનાથી કાંઈ થાય જ નહિ ને! એટલે એ તો ફરી કામે લાગી ગયા.

નવરાશની વેળાએ ભાંગેલી ગાડીઓ સમી કરતાં, સાઇકલના વળી ગયેલા સળિયા સીધા કરતાં અને બીજાં રમકડાંને રંગપીંછડો મારતાં મારતાં આ બંબાવાળાઓ વચ્ચે એક જાતની રસાકસી શરૂ થઈ અને પોતપોતાની કારીગરી માટે એ ગર્વ અનુભવવા લાગ્યા. એટલે, પછીને વરસે તો મફત રમકડાં-મરામતનો ધંધો એમણે જરા વધુ મોટા પાયા ઉપર ઉપાડ્યો. હવે તો એમણે પોતાના કામ માટે *અગાઉથી તૈયારીઓ* પણ કરવા માંડી.

૧૯૧૪માં પેલા બાળકની રેંકડા-ગાડી પહેલવહેલી સમી કરી આપનાર શ્રી એડવર્ડ બોટરાઈટની બદલી ૧૯૧૬માં થઈ. પોતાના નવા બંબાખાનામાં જઈને એમણે નવા સાથીઓને પણ આ કાર્યક્રમમાં રસ લેતા કર્યા. એટલે ૧૯૧૯ની નાતાલ વેળા પોર્ટલૅંડ શહેરનાં બે બંબાખાનાં રમકડાં બનાવતાં થઈ ગયાં હતાં. થોડા જ વખતમાં એ બંબાવાળાઓ 'ટૉય ઍન્ડ જૉય મેકર્સ'—રમકડાં અને આનંદ ઉત્પન્ન કરનારાઓ તરીકે જાણીતા થઈ ગયા, અને એમનું કાર્ય પ્રસરવા લાગ્યું. પ્રથમ તો પોર્ટલૅંડ શહેરનાં બધાં

બંબાખાનામાં, પછી આખા ઓરેગન રાજ્યમાં, પછી બીજાં આથમણાં રાજ્યોમાં ને અંતે દેશભરમાં આ ચળવળ પ્રસરી ગઈ.

હજી પણ પોર્ટલૅંડના 'ટૉય ઍન્ડ જૉય મેકર્સ' આખા દેશમાં સૌથી મોટા પાયા પર આ કામ કરે છે. એમના કામમાં પસાનીતો જરૂર પડતી જ નથી. પોર્ટલૅંડના રહેવાસીઓ એમને જૂનાં રમકડાં, સરંજામ અને સામગ્રી પૂરાં પાડે છે. ગયે વરસે એ બંબાવાળાઓને વેલ્ડિંગ માટેના ઍસીટિલિન વાયુની આખી ટાંકીની ટાંકીઓ, ખટારા ભરીભરીને પ્લાયવૂડનાં લાકડાં, ને રંગના ડબા મળેલાં. એક વાર તો, લાયવૂડની એક વેપારી પેઢીએ આ બંબાવાળાઓને પોતાનું કારખાનું આખો દિવસ વાપરવા દીધું હતું. તે દિવસે, પોતાની ફરજ-બજાવણી સિવાયના કલાકો દરમિયાન કારખાનાના અમુક માણસોની મદદ લઈને બંબાવાળાઓએ તો નવાં રમકડાંનો ગંજ ખડકી દીધો!

પોર્ટલૅંડના બંબાવાળાઓ એવું માને છે કે દુનિયાભરમાં રમકડાંની મરામત માટેનું મોટામાં મોટું કારખાનું તેઓ ચલાવે છે. તેમના આ દાવાનો હજી સુધી કોઈએ અભ્યાસ કર્યો નથી, પરંતુ એટલી તો હકીકત છે કે પોર્ટલૅંડના કે ઓરેગન રાજ્યના બીજા કોઈ પણ ગામ-શહેરના એક પણ બાળકને એને જોઈતું અમુક રમકડું ન મળ્યું હોય. તેવું બન્યું નથી. કેટલીક વાર તો એમની પાસે માત્ર ૩૦૦૦ રમકડાંની જ માંગ આવી છે. એક વરસે એમણે ૧૫૦૦૦ રમકડાં ઉતાર્યાં હતાં. જેટલાં રમકડાંની જરૂર પડે તેટલાં એ પૂરાં પાડી શકે છે. રમકડાં તૈયાર થઈ જાય પછી એમને સાદા કાગળમાં વીંટી, ખોખામાં ભરીને અમુક લત્તાના બંબાવાળાઓની 'બૅટેલિયન'ના મથક પર મોકલવામાં આવે છે. દરેક પડીકા ઉપર નામનું કાર્ડ લેબલ ચોડેલું હોય છે. નાતાલ અગાઉ થોડા દિવસે, નવરાશની વેળાએ, બંબાવાળાઓ સાદાં લૂગડાં પહેરીને એ પડીકાં નબળી સ્થિતિવાળાં કુટુંબોને ઘેર જઈને આપી આવે છે. પછી એ કુટુંબના વડીલો પડીકાને રંગબેરંગી કાગળમાં વીંટીને બાળકને ગમી જાય તેવી રીતે શણગારે છે. રમકડાં ઉપર કે એનાં પડીકાં ઉપર એ પેલા ભલા

બંબાવાળાઓની ભેટ છે એવું સૂચવતું એક પણ ચિહ્ન રહેતું નથી.

"યુનાઈટેડ" સ્ટેટ્સનાં ૧૪૦૦–૧૫૦૦ મોટાં ગામ-શહેરોમાં લગભગ ૯૨૦૦૦ પગારદાર બંબાવાળાઓ કામ કરે છે. એમાંના ઘણાખરા નાતાલનાં રમકડાંની મરામતમાં ભાગ લે છે. ગામેગામ એની યોજના જુદી જુદી જાતની હોય છે, પણ એની મૂળભૂત નેમ બધે એકસરખી હોય છે.

દાખલા તરીકે, પાટનગર વૉશિંગ્ટનના પાડોશી, પોટોમેક નદીને સામે જ કાંઠે આવેલા વર્જીનિયા રાજ્યના એલેક્ઝાંડ્રિયા ગામમાં, બંબાખાનાની બાજુમાં જ આવેલા એક જાહેર મકાનમાં એક 'સાંટા ક્લૉઝ ભંડાર' ચાલે છે. એ રમકડાં-દુકાનમાં રમકડાં, સાચે જ, મફત મળે છે. નાના બાળકના ઘૂઘરાથી માંડીને રૂપાળી રંગેલી બે પૈડાંની સાઈકલ સુધીનાં મરામત કરેલાં રમકડાં એના કબાટ-ઘોડામાં ગોઠવેલાં હોય છે, એટલે જે માબાપને એમની જરૂર હોય તે તરત પસંદગી કરી શકે. 'સાંટા ક્લૉઝ ભંડાર'માં જઈને મા-બાપ પોતાનાં બાળકોને જે રમકડાં આપવા માગતાં હોય તે પસંદ કરે છે. ઘરના બાળક દીઠ એ પાંચ-પાંચ રમકડાં ચૂંટી શકે છે. દરેક બાળકને ઢેંકડાગાડી કે ત્રણ પૈડાંની સાઈકલ જેવી એકાદ મોટી ચીજ અને ચાર નાનાં રમકડાં મળી શકે છે.

'સાંટા ક્લૉઝ ભંડાર'ને નાતાલનાં પરંપરાગત 'હોલી' વૃક્ષનાં લીલાં પાંદડાં ને રાતાં બોર વડે શણગારવામાં આવે છે. એલેક્ઝાંડ્રિયા ગામનાં બગીચા-મંડળો તરફથી એ પાંદડાંના હારતોરા અને નાજુક નાતાલ-વૃક્ષ (પાઈનનું ઝાડ) તૈયાર થાય છે, જે ગરીબોને ભેટ અપાય છે.

એલેક્ઝાંડ્રિયા ગામના બંબાવાળાઓ પોતાની કામગીરી ઑક્ટોબર માસમાં આરંભી દે છે અને નાતાલના અઠવાડિયા સુધી રમકડાં બનાવ્યે જ જાય છે. એ આખરી દિવસોમાં તો 'સાંટા ક્લૉઝ ભંડાર' રમકડાંથી છલકાઈ ગયો હોય છે.

રમકડાં સમાં કરવા માટેનો ખાસ સરંજામ તો બહુ થોડાં બંબાખાનાં પાસે હોય છે. બંબાથી થોડે દૂર ખાલી જગ્યા શોધીને ત્યાં, ભોંય પર બેઠાં બેઠાં, બંબાવાળાઓ પોતાનું કામ કરે છે. ફરજ ઉપર હાજર હોય તે બંબાવાળાઓને તો ગમે ત્યારે આગનું કહેણ આવે તો જવા માટે તૈયાર રહેવું પડે

છે, એટલે બંબાની નજર બહાર નીકળ્યા વિના જ કામ કરવાનું સ્થાન એ શોધી કાઢે છે. એલેક્ઝાંડ્રિયાના બંબાખાતાના વડા શ્રી બર્નાર્ડ પેજેટને યાદ છે ત્યાં સુધી રમકડાંને લગતી કામગીરીને પરિણામે એક જ કમનસીબ બનાવ આજ સુધીમાં બન્યો છે. ગયે વરસે, આગની ઘંટડી સાંભળીને બંબા ભણી ધસતા એક બંબાવાળાની હડફેટમાં રમકડાં રંગવાના એલ્યુમિનિયમના રંગની એક બાલદી આવી ગઈ હતી.

"એ દિવસે સાંજે અમારે બે સાફસૂફી કરવી પડી હતી," શ્રી પેજેટ સંભારે છે, "પહેલાં આગની ને પછી બંબાખાનાની ભોંયની."

રમકડાં સમાં કરવાના આ શોખ માટે બંબાવાળાઓમાં બધી જાતના ગુણ હોય છે. લગભગ બધા બંબાવાળા સંચા-કારીગરીમાં હોશિયાર હોય છે. જબરા મોટા બંબાની ધરી એ સમી કરી શકે એટલે પછી બાળકના રેંકડાની તૂટેલી ધરીની કે બીજી ભાંગફોડની મરામત એમને માટે સહેલી થઈ પડે છે. બંબાખાતાના તમામ સરંજામને ચોખ્ખો ફૂલ જેવો ને રંગેલો રાખવો પડે છે. તેથી બંબાખાનામાં રંગ છાંટવાનો યંત્ર સરંજામ પણ હોય છે. આ યંત્રો મોટાં રમકડાંને ફાંકડાં રંગી આપે છે, ને બંબાવાળાઓને ફક્ત કિનારી પર કે નાનાં રમકડાં ઉપર જ હાથ મારવો પડે છે.

આમ તો, બંબાવાળાને ગમે તેવાં રમકડાં સમાં કરી દેવાની હોંશ હોય છે. પણ, પોતાની મર્યાદાયે તેઓ સમજે છે. ઢીંગલીઓને રૂપાળાં લૂગડાંમાં મઢવાના કે એના ગાલોમાં રંગ પૂરવાના એમણે ઘણાયે પ્રયાસો કરી જોયા પણ એ નિષ્ફળ જ ગયા. તેથી પછી, પોતાના કાર્યનો એટલો ભાગ એમણે ઘરની સ્ત્રીઓને કે ગામની મહિલા-સંસ્થાઓને ભળાવી દીધો છે. અને એ કામ પણ, સાંટા કલોઝ દાદા માટે બહુ વખતસર પૂરું થઈ જાય છે.

(ગુસિસ) મેરી વિલાર્ડ

મુદ્રક અને પ્રકાશક: જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૧૧

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧૫મી જાન્યુઆરી, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫ શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

આસ્તિકતા

જેને ઈશ્વરનો ઇનકાર કરવો હોય, તેને તેમ કરવાનોયે અધિકાર છે. કેમ કે તે તો દયાળુ છે, રહીમ છે, રહમાન છે. તે કાંઈ માટીનો બનેલો રાજા નથી કે તેને પોતાની આણ કબૂલ કરાવવા સિપાહી રાખવા પડે. તે તો આપણને સ્વતંત્રતા આપતો છતો માત્ર પોતાની દયાના બળથી આપણી પાસે નમન કરાવે છે. પણ આપણામાંના કોઈ નમન ન જ કરે તો કહે છે: "સુખે ન કરો, મારો સૂરજ તો તમારે સારુયે તપશે, મારો મેઘ તમારે સારુયે વરસશે. મારી સત્તા ચલાવવાને સારુ મારે તમારી ઉપર બળાત્કાર કરવાની જરૂર જ નથી." એ ઈશ્વરને જે નાદાન હોય તે ભલે ન માને. હું તો કરોડો ઇન્સાનોમાંનો એક હોઈ તેને સહસ્ર વાર નમસ્કાર કરતો છતો થાકતો જ નથી.

૧૯૨૬ — ગાંધીજી

દિલની ઉદારતા

આપણી પાસે વધારે પડતું હોય અને બીજાને આપીએ એ સારું તો કહેવાય. પણ જે આપણી પાસે માંડ માંડ પેટ ભરાય એટલું હોય તેમાંથી બીજા કોઈ ભૂખ્યાને આપીએ તો એ ખરેખર મનુષ્યના હૃદયની ઉચ્ચતા જ બતાવે છે. એવા માણસો આ જગતમાં ખૂણેખાંચરે પડેલા છે, અને એવા માણસોની ઉદારતાથી જ આ સંસારનું ચક્ર કંઈક સારી રીતે ફરી શકે છે. એવા માણસોની બાહ્ય પરિસ્થિતિ એમના હૃદયની ઉદારતાની વચ્ચે જરાયે આવતી નથી. એવી ઉદારતા તો એમના જીવન સાથે વણાઈ ગયેલી હોય છે અને તક મળતાં તે દેખાયા વિના રહેતી નથી.

એક દિવસ ઇમામ હસન સાહેબ મદીનાની બહાર ફરવા ગયા. રસ્તામાં એક ખજૂરનો બગીચો આવ્યો. એ બગીચામાં હસન સાહેબે એક સીદી ગુલામને નીચે બેસી રોટલો ખાતો જોયો. એની પાસે એક કૂતરો ઊભો હતો. ગુલામ પોતે રોટલાનો એક કકડો ખાતો જાય અને બીજો કકડો કૂતરાને આપતો જાય.

ઇમામ સાહેબ આ જોઈને નવાઈ પામ્યા. તેમણે પેલા સીદી પાસે જઈને પૂછ્યું, "અરે ભલા માણસ, તારી પાસે તારું માંડ માંડ પેટ ભરાય એટલો રોટલો છે. એમાંથી તું આ કૂતરાને શા માટે અરધોઅરધ ભાગ આપી દે છે?"

પેલા ગુલામે કહ્યું, "સાહેબ, હું મારું એકલાનું પેટ ભરતો રહું અને અહીં આવેલું આ મૂક પ્રાણી ઊભું ઊભું મારું મોં જોયા કરે, એથી તો હું લાજી મરું.

ભલે મારું પેટ ન ભરાય, પણ આ બાપડા કૂતરાની આંતરડી સંતોષ અનુભવે એ મારે માટે કંઈ જેવી તેવી વાત નથી.”

આ સાંભળીને ઇમામ સાહેબ વિચારમાં પડી ગયા કે, આટલો નેક માણસ આવી ગુલામ સ્થિતિમાં સબડે છે એ ખરેખર બહુ અયોગ્ય કહેવાય. તેમણે ગુલામને પૂછ્યું, “ભાઈ, તારા માલિકનું નામ શું છે?” ગુલામે માલિકનું નામ કહ્યું.

ઈમામ સાહેબ તરત જ એના માલિક પાસે ગયા અને બોલ્યા, “તમને મારી એક વિનંતી છે એ તમે કબૂલ કરશો?”

માલિક બોલ્યો, “હે ઇમામ સાહેબ, આપ શું બોલ્યા? આપ જે ફરમાવશો તે મારે કબૂલ છે.”

ઇમામ સાહેબે કહ્યું, “તમારો પેલો ખજૂરનો બાગ અને એમાં રહેતો ગુલામ એ બંને મને વેચાતા આપો. એની જે કિંમત તમે કહેશો તે હું આપવા તૈયાર છું.”

માલિકે તો ઇમામ સાહેબ પાસેથી એક પાઈ સુધ્ધાં લેવાની ના પાડી. પણ ઇમામ સાહેબ એ શી રીતે કબૂલ કરે? છેવટે માલિકે યોગ્ય કિંમત લઈ બાગ અને ગુલામ એમને સોંપ્યાં.

પછી ઇમામ સાહેબ પેલા સીદી ગુલામ પાસે આવીને બોલ્યા, “ભાઈ, તારા દિલની ઉદારતા જોઈને હું તારા પર ખુશ થયો છું. તારા માલિક પાસેથી તને અને આ બાગને મેં ખરીદી લીધા છે. હું તને આ બાગ બક્ષિસ આપું છું અને તને તારી ગુલામીમાંથી છૂટો કરું છું. અલ્લા તારા જેવા નેક-દિલ માણસ પર હંમેશાં રહેમ રાખજો.”

મુકુલભાઈ

વાઘ આવ્યો રે વાઘ!

ગમત ખેલને ખાતર જૂઠું બોલીએ અને પછી જઠાબોલામાં ખપીએ, તો કેવી હાનિ થાય, તે બતાવવા માટે 'વાઘ આવ્યો રે વાઘ!'ની ઇસપની નીચેની વાત કહેવત બની ગઈ છે.

એક ભરવાડનો છોકરો હતો. રોજ ઘેટાંબકરાં ચારવા વગડામાં જતો. ઘેટાંબકરાં આમ તેમ ચરતાં હોય ત્યારે તે તેમના ઉપર નજર રાખે, એ એનું કામ. પણ એમાં ઝાઝું કરવાનું કાંઈ મળે નહીં, એટલે તે આમ તેમ ફરે, મનમાં આવે તો પાવો વગાડે; કોઈ વાર આમ તેમ બોર વીણતો ફરે. એને ખાસ સંભાળ રાખવાની એ કે, કોક દહાડો ઓચિંતો પાસેની ઝાડીમાંથી વાઘ કે વરુ ન નીકળી આવે. તે આવે તો બૂમો પાડવી, એટલે પાસેનાં ખેતરોમાં કે વગડામાં કોઈ હોય તે દોડી આવે — આમ એના બાપે એને કહી રાખેલું.



એક દહાડો બકરાંઘેટાં લઈને તે ચરાવવા ગયો હતો. થોડો વખત આમ તેમ કરીને તેણે કાઢ્યો. પછી કાંઈ કરવાનું મળે નહિ, એટલે તેને કંટાળો આવ્યો, ને શું કરું કે મજા પડે, એ તરંગ ઉપર એનું મન ચડ્યું. કદી વાઘ વરુ આવેલું નહિ, એટલે એ આવે તો શું થાય એની એને જાત-માહિતી નહોતી. એટલે એને તુક્કો સૂઝ્યો, "લાવને બૂમ પાડીએ; જોઈએ તો ખરા કે કોણ કોણ દોડી આવે છે! જરા મજા આવશે." એમ વિચારી, એ જોરથી ત્રાડ પાડવા લાગ્યો, "વાઘ આવ્યો રે વાઘ!"

ત્રાડ સાંભળી પાસેના કેટલાક લોકો ડાંગ ને ધારિયાં લઈને દોડી આવ્યા. આવીને છોકરાને પૂછ્યું, "ક્યાં છે વાઘ?" વાઘ હોય તો છોકરો બતાવે ને! એ પૂછનારાઓ સામે જોઈને ખડખડ હસવા લાગ્યો ને કહ્યુ, "એ તો મેં ખાલી મજાને સારુ બૂમ પાડી હતી. મને થયું કે લાવને જોઈએ તો ખરા કે કેવી ગમત થાય છે!" વહારે ધાયેલા લોકો છોકરા પર ચિડાઈને ચાલ્યા ગયા.

હવે છોકરાને તો આ હાંસી-ખેલની વાત થઈ ગઈ અને એમાં મજા પડી. એક બે અઠવાડિયાં પછી આમ જ એણે તો ફરી કંટાળો કાઢવાની ઉપરની દવા કરી. પહેલાની પેઠે લોકો દોડી આવ્યા, અને બનીને બિચારા પાછા ગયા. પણ હવે એમણે જોયું કે, "છોકરો ટીખળ કરી આપણને બનાવે છે. આ છોકરાની બૂમ સાચી ન માનવી."

એક વાર એવું બન્યું કે ખરેખર ઝાડીમાંથી વાઘ આવ્યો. છોકરાએ તે જોઈ કારમી ચીસ પાડી, "વાઘ આવ્યો રે વાઘ!" આસપાસ કામ કરવા આવતા લોકો હવે શાના દોડે? એમણે માન્યું કે, આ તો પેલા તોફાની નાદાન છોકરાનું ટીખળ છે; દોડી જવાની જરૂર નથી. અને કોઈ તેની પાસે ગયું નહિ. છોકરો ચીસો પાડતો રહ્યો. જીવ બચાવવા પોતે એક ઝાડ પર ચડી ગયો. વાઘે એનાં કેટલાંય ઘેટાંબકરાંને મારી નાખ્યાં.

થોડી વાર પછી વાઘ ખાવા માટે શિકાર લઈ ને ચાલ્યો ગયો. એટલે છોકરો રડતો રડતો ઝાડ પરથી નીચે આવ્યો અને પાસેના ખેતરમાં જઈ ત્યાંના લોકોને વાત કરી. પણ હવે શું થાય? જેની માથાવટી જૂઠાબોલાની

પડી ગઈ, તેનો સાચો બોલ પણ પછી કોણ માને? આ ઉપરથી જ પેલો બોલ એક કવિએ કહ્યો છે કે,

જે જન મશ્કરી કરવા જાય,
મોડો વહેલો તે સપડાય;
જૂઠાણું જલદી પકડાય,
આખર જૂઠો જન પસ્તાય.

૨૭-૧૨-'૫૦, મગનભાઈ દેસાઈ

ઉદારતા અને કરકસર

પંડિત મદનમોહન માલવિયાજી આપણા દેશના એક મહાન નેતા હતા. તેમણે પોતાની જિંદગીમાં દેશને માટે ઘણાં મોટાં કામો કર્યાં હતાં પણ તેમાં બનારસ હિંદુ વિદ્યાપીઠની સ્થાપના એ તેમની જિંદગીનું સૌથી મહાન કાર્ય છે. એ કાર્ય માટે તેમણે રાજામહારાજાઓ અને શ્રીમંતો પાસેથી લાખો રૂપિયાનો ફાળો એકઠો કર્યો હતો. તેમની સમજાવટ, વિદ્વત્તા અને ચારિત્રની સુવાસ એવી હતી કે જ્યાં તેઓ જતા ત્યાંથી ખાલી હાથે પાછા ફરતા જ નહીં.

એક વાર તેઓ બનારસ હિંદુ વિદ્યાપીઠ માટે ફાળો કરવા કલકત્તા ગયા હતા. પોતાની ઉદારતા માટે જાણીતા થયેલા એક શેઠજીને ત્યાં જવાની તેમને કોઈકે સલાહ આપી. માલવિયાજી આ શેઠજીને ઓળખતા ન હતા પણ તેઓ પોતાને એક ભિક્ષુક માનતા એટલે આ શેઠજીને ત્યાં જવાને તેમને વાંધો ન હતો.

એક દિવસ સવારે માલવિયાજી પેલા શેઠજીના બંગલે પહોંચી ગયા. શેઠજી દીવાનખાનામાં તકિયે અઢેલીને બેઠા હતા. અને પાસે જ તેમના મુનીમ પણ બેઠા હતા. વેપાર સંબંધી કંઈક વાતો ચાલતી હતી. થોડે દૂર પાન-સિગારેટની એક થાળી પડી હતી. ત્યાં શેઠજીનો એક નાનો છોકરો રમતો બેઠો હતો. માલવિયાજીની ચિઠ્ઠી વાંચતાં શેઠજીએ તેમને અંદર બોલાવ્યા અને પાનસિગારેટની થાળી તેમની પાસે મૂકી. થાળી સાથે પેલો છોકરો પણ ત્યાં આવીને બેઠો. માલવિયાજી જેવા નેતાને પોતાને ત્યાં આવેલા જોઈ શેઠજીને

આનંદ થયો. દેશના રાજકારણ વગેરે વિષયો પર શેઠજીએ વાતો શરૂ કરી. વાતો ચાલતી હતી તે દરમિયાન શેઠજીનું ધ્યાન પેલા છોકરા તરફ ગયું. પેલી થાળીમાં મૂકેલી દીવાસળીની પેટી લઈ છોકરાએ એક દીવાસળી સળગાવી. દીવાસળીનો પ્રકાશ જોઈ તે ખુશ થતો હતો. શેઠજીનો જીવ ઊંચો ચઢી ગયો હોય તેમ ગભરાઈને પેલા છોકરાને તેમણે એક તમાચો ચોઢી કાઢયો. રડતો રડતો છોકરો પાસેના ખંડમાં તેની બા પાસે ચાલ્યો ગયો. 'એક દીવાસળી બગડતાં છોકરાને તમાચો ચોડી કાઢવા જેટલી કૃપણતાની હદે જે પિતા જાય છે તે મને દાનમાં શું આપી શકે?' એવું વિચારી ફંડની વાત કર્યા વિના જ માલવિયાજી ઊઠયા. પોતાના જીવનમાં પહેલી જ વાર આવી નિરાશા સાથે તેઓ ખાલી હાથે પાછા ફરતા હતા. તેમના જેવા પુરુષ વિનાકારણે તો આવે નહીં, એટલે વિદાય કરતી વેળા દરવાજા પાસે શેઠજીએ તેમને પૂછયું "આપે આગમનનું કારણ તો કહ્યું જ નહીં!" ત્યારે પોતાની વિદ્યાપીઠ માટે ફંડની વાત તેમણે કહી. શેઠજી તેમને હાથ પકડી દરવાજેથી પાછા દીવાનખાનામાં ખેંચી ગયા અને રૂ. ૫૦ હજાર ફાળામાં આપ્યા. આવી ઉદારતાનો નમૂનો તો તેમણે જીવનમાં પહેલી વાર જ જોયો! પોતે વિચારમંથનમાં પડયા કે મારા એક શબ્દ પર જે વ્યક્તિ આવડી મોટી રકમ આપે છે તે જ વ્યક્તિ એક દીવાસળી માટે પોતાના લાડકવાયા છોકરાને તમાચો લગાવે છે! ઊઠતાં ઊઠતાં શેઠજીનો તેમણે આભાર માન્યો પણ પેલો દીવાસળીનો પ્રસંગ તેમને સમજાયો નહીં. ફરીથી દરવાજે વિદાય લેતા પહેલાં શેઠજીને તેમણે કહ્યું, "આપની ઉદારતાની હું કદર કરું છું પણ એક દીવાસળી માટે પેલા છોકરાને પડેલા તમાચાનું રહસ્ય મને સમજાતું નથી." શેઠજીએ જવાબ આપ્યો, "પ્રસંગ આવ્યે ઉદારતા શોભે, પણ કરકસર તો જીવનમાં હંમેશાં શોભે. છોકરાએ એક દીવાસળી નિરર્થક બગાડી એ કેમ પાલવે? જે છોકરો આ એક દીવાસળીનું સાચું મૂલ્ય સમજતો નથી તે આ મારી એકઠી કરેલી મિલકતનું મૂલ્ય પણ ન સમજી શકે. તેથી આવેશમાં બોધપાઠ માટે મારાથી તમાચો મરાઈ

ગયો." અને તમાચા માટે દિલગીરી વ્યક્ત કરી.

"આ પણ જીવનમાં નવી જ વાત શીખવાની મળે છે!" એવું મનમાં ગણગણી માલવિયાજીએ શેઠજીની વિદાય લીધી.

લલ્લુભાઈ મકનજી

મચ્છર

૧

ખીમજી આજે વર્ગમાં આવ્યો ન હતો. મનુભાઈએ ભીમજીને પૂછ્યું. ભીમજીએ કહ્યું કે, ખીમજી આજ બપોર સુધી તો સાજોસમો હતો. પણ બપોર પછી અચાનક તેને ટાઢ વાવા માંડી અને તે તડકે જઈને બેઠો. હું તેની પાસે ગયો ત્યારે તે ખૂબ થરથરતો હતો અને તેનું શરીર ગરમ થવા લાગ્યું હતું. તો મનુભાઈ! ખીમજી બપોર સુધી તો સાજોસમો હતો તો પછી એકદમ તે ધ્રૂજવા લાગ્યો તથા માંદો પડી ગયો, એ કેમ?

મનુભાઈએ કહ્યું: ટાઢ વાઈને આવતો આ તાવ મલેરિયા કહેવાય છે. તે તાવ આમ એકદમ જ ચડે છે. તેને ટાઢિયો તાવ પણ કહે છે. તે એક કે બે દિવસ બાદ ફરી પાછો આવ્યા કરે છે, એટલે તેને એકાંતરિયો કે ચોથિયો તાવ પણ કહે છે. એક જાતનો મચ્છર કરડવાથી આ તાવ આવે છે.

રઘાજી: મનુભાઈ! મચ્છર કરડવાથી તાવ કેમ આવે?

મનુભાઈ: મચ્છરના શરીરમાં અને થૂંકમાં મલેરિયા તાવનાં જંતુ હોય છે. તે મચ્છર જ્યારે આપણને કરડે છે, ત્યારે તેના થૂંક સાથે જંતુઓ આપણા લોહીમાં દાખલ થાય છે. લોહીમાં જે લાલ કણ હોય છે તેમાં એક એક જંતુ પેસી જાય છે, અને ત્યાં મોટું થાય છે.

મોટા થયેલા જંતુના ૩૦ કે ૩૨ નાના જંતુ બની જાય છે. એટલે લાલ કણ ફાટે છે, અને પેલા નવા જંતુ બીજા લાલ કણોમાં પેસી જાય છે. લોહીના ઘણા લાલ કણ આમ ફાટવા માંડે છે ત્યારે શરીર ધ્રૂજી જાય છે. આ

તાવની શરૂઆતમાં જ ટાઢ વાય છે તેનું કારણ આ છે.

લાલ કણ ફાટે છે ત્યારે જંતુઓની અધાર વગેરેનું એક જાતનું ઝેર પણ લોહીમાં દાખલ થાય છે. તે ઝેરને નાબૂદ કરવા હૃદય તરત તાજું લોહી ઝપાટાબંધ મોકલવા માંડે છે. તેથી શરીર લાલ લાલ તથા ગરમ થઈ જાય છે. નવું લોહી આવીને પેલા ઝેર વગેરેનો કચરો દૂર કરવા માંડે છે. એ બધો કચરો પરસેવા વાટે તથા પેશાબ વાટે શરીરની બહાર નીકળી જાય છે. એટલે તાવ ઊતરી જાય છે. આમ આ તાવમાં પહેલાં ટાઢ ચડે છે, અને સાથે જ ગરમી વધવા માંડે છે. કલાકેક ટાઢ રહ્યા પછી ત્રણેક કલાક તાવ રહે છે. અને પછી પરસેવો આવવા લાગે છે અને બેએક કલાકમાં તાવ ઊતરી જાય છે.

લાલ કણ ફાટીને જ નવાં જંતુઓ બીજા લાલ કણમાં પેસી ગયાં હોય છે, તે પાછાં મોટાં થવા લાગે છે. અને તેથી એક કે બે દિવસ પછી લાલ કણ પાછા ફાટે છે અને ફરી ટાઢ વાઈને તાવ ચડે છે.

૨

રામજી: મનુભાઈ! આ તાવના મચ્છર કેવા હોય છે? અને તે ક્યાં થાય છે?

મનુભાઈ: આ મચ્છરને ઓળખવાની એક સહેલી રીત છે. બીજા મચ્છર ભીંત ઉપર બેસે ત્યારે તેમનો પાછળનો ભાગ અને માથું સીધી લીટીમાં હોય છે. પણ આ મચ્છરનો પાછળનો ભાગ માથા કરતાં ઊંચો રહે છે.

આ મચ્છર ખાબોચિયાં, તળાવ, નદી વગેરે ભેજવાળી જગાઓએ થાય છે. મચ્છરની માદા પાણીમાં એકી વખતે દોઢસો જેટલાં ઈંડાં મૂકે છે. ઈંડાંમાંથી બેએક દિવસે ઇયળ થાય છે. પાણીમાં સડતાં પાંદડાં ખાઈને તે વધે છે. દશ દિવસ બાદ એ ઇયળનો પોરો બની જાય છે. બે દિવસ પછી પોરામાંથી પાંખોવાળો મચ્છર બને છે. આમ ઈંડાંમાંથી મચ્છર થતાં કુલ ચૌદ કે પંદર દિવસ થાય છે. મચ્છરનું કુલ આયુષ દોઢ કે બે માસ જેટલું હોય છે. તેટલા વખતમાં તે અસંખ્ય ઈંડાં મૂકે છે.

રઘાજી : આ મચ્છરના શરીરમાં એની મેળે તાવનાં જંતુ પેદા થાય છે?

મનુભાઈ : ના, મચ્છરની માદાને ઈંડાં માટે લોહી જોઈએ છે. તેથી તે આપણને કરડે છે. તે વખતે આપણા લોહીમાં જ ઘરડાં થયેલાં મલેરિયાનાં જંતુ હોય છે તે મચ્છરના પેટમાં જાય છે. અને ત્યાં વધે છે. આપણા શરીરમાં તાવ લાવનારાં જંતુઓ પાંચ કે છ વખત વધ્યા પછી ઘરડા થઈ જાય છે અને પછી વધતા નથી. પણ મચ્છરના પેટમાં ગયા પછી તે પાછા વધવા માંડે છે.

૩

ભીમજી : મનુભાઈ! એ મચ્છરને વધતા શી રીતે અટકાવી શકાય?

મનુભાઈ : ગામ કે શહેરની આસપાસ ભરાઈ રહેતાં સડતા પાણીનાં નકામાં ખાબોચિયાં, તળાવડાં વગેરે પૂરી નાખવાં જોઈએ. મોટાં તળાવો કે નદીઓના કિનારાઓ રખાય તેટલા ચોખ્ખા રાખવા જોઈએ, અને ત્યાં અવારનવાર ઘાસતેલ વગેરે છાંટવું જોઈએ. મચ્છર ઘણુંખરું રાતે કરડવા નીકળે છે. એટલે સૂતી વખતે મચ્છરદાનીમાં સુવાય તો મચ્છર કરડી શકે નહીં. લોહીમાં પેદા થતાં નવાં જંતુઓનો નાશ પેલુડ્રીન, ક્વિનાઈન વગેરે દવાઓથી થાય છે. શરીરની તાકાત જળવાઈ રહે તેવાં ખાનપાન રાખવાં જોઈએ. આમ આ બધા ઉપાયોમાંથી જ્યાં જે બને તે ઉપાયો વડે આ રોગને અટકાવવો જોઈએ. આ રોગ જેવો તેવો રોગ નથી. દર વરસે આપણા દેશમાં લગભગ દશ કરોડ જેટલા માણસો આ રોગથી પીડાય છે અને તેમાંથી દશ લાખ જેટલા માણસો મરી જાય છે. માંદા પડેલા એક માણસ પાછળ સરેરાશ દવા વગેરેનું ખર્ચ ત્રણથી ચાર રૂપિયા થાય અને કામકાજ ન કરી શકે તે જુદું. આમ આ રોગને કારણે આપણા દેશને દર વરસે કરોડો રૂપિયાનું નુકસાન થાય છે.

રામજી : મનુભાઈ! મચ્છરથી આ તાવ ફેલાય છે એ બધી ખબર આપણને શી રીતે પડી?

મનુભાઈ : આ તાવ શા કારણે આવે છે તથા ફેલાય છે તેની ખબર કોઈને પડતી ન હતી. ઘણા લોકો

જુદી જુદી તપાસ કર્યા કરતા હતા. છેવટે રોનાલ્ડ રોસ નામના એક અંગ્રેજે વરસોની ઘણી મહેનત અને તપાસ પછી આ રોગના જંતુ તથા તેને ફેલાવનાર મચ્છરને ખોળી કાઢયા. તે અંગ્રેજનો જન્મ આપણા દેશમાં જ થયો હતો, અને તે આપણા દેશમાં જ નોકરી કરતા હતા. તેમણે કરેલી શોધથી હવે આ મોટા રોગનો ઉપાય કરવાનું આપણે માટે સહેલું બન્યું છે.

જીવલેણ બેદરકારી

કેળું કે નારંગી વગેરે ખાઈને તેનું છોતરું ગમે ત્યાં રસ્તા ઉપર આપણે ફેંકીએ છીએ. એમાં આપણને કશું ખોટુંય લાગતું નથી.

સ્ટેશને કે રેલવેના ડબામાં બેઠેલા લોકો ફળ ખરીદે છે; અને પછી તેનાં છોડાં સ્ટેશનની ફરસબંધી ઉપર ફેંકે છે. ભીડ હોય ત્યારે લોકો નીચે નજર કર્યા વિના ઉતાવળા ચાલતા હોય તે વખતે કોઈનો ને કોઈનો પગ એ છાલ ઉપર પડી જાય છે એટલે તે જોરથી લપસી પડે છે. તે વખતે હાથમાંનો સામાન કે બાળક નીચે પડી જાય, હાથ પગનું હાડકુ ભાગે કે બીજું કેટલુંય નુકસાન થાય. તે વખતે આજુબાજુ જોનારા લોકો હસે છે. પણ એ રીતે ફરસબંધી ઉપર અવરજવરની જગાએ છોડાં નાખવાં ન જોઈએ, એવું બહુ થોડા લોકો વિચારે છે.

એ બધામાંથી કોઈ વાર કેવું કારમું નુકસાન થઈ બેસે છે તે નીચેના સાચા કિસ્સા ઉપરથી સમજાશે. દીનબન્ધુ ઍન્ડ્રૂઝે પોતાની આત્મકથા લખી છે તેમાં એ કિસ્સો નોંધેલો છે.

ઍન્ડ્રૂઝે પોતાના દાદાને જોયેલા નહીં, કારણ કે તેમના જન્મ પછી થોડે વખતે એ ગુજરી ગયા હતા. એમનો એક ફોટો ઘરમાં ટાંગેલો હતો. તે ઉપરથી ઍન્ડ્રૂઝ દાદાને ઓળખતા, ઍન્ડ્રૂઝ કહે છેઃ 'એ ફોટો મને એવો જીવતોજાગતો લાગતો કે, નાનપણમાં હું એ ફોટા વડે દાદા જોડે વાતો કરવાનો આનંદ મેળવતો.'

એક દિવસ ઍન્ડ્રૂઝે પોતાના પિતાને પૂછયુંઃ 'બાપુ! દાદાનો ફોટો

જોઈને તો મને એમ જ લાગે છે કે, એ આપણા ઘરમાં જ છે. પણ દાદાનું મરણ શાથી થયેલું ?'

ઍન્ડ્રૂઝનો સવાલ સાંભળી તેમના પિતાનો ચહેરો બદલાઈ ગયો. તેમની આંખ ચમકવા લાગી. તેમણે કહ્યું:

'બેટા! એ વાત બહુ કારમી છે, દાદા ઘરડા તો હતા જ. એટલે તેમની તબિયત નબળી હતી. એક દહાડો અમે બે જણા રસ્તાની ફરસબંધીવાળી પગથી ઉપર થઈને જતા હતા. કોઈ બેદરકાર છોકરાએ કે ઘરવાળાએ નારંગી ખાઈને છોતરું ત્યાં નાખેલું. ચાલતાં ચાલતાં દાદાનો પગ એના પર પડયો, ને એ લપસ્યા. બેટા! એ દેખાવ યાદ આવતાં મારું હૈયું ભરાઈ આવે છે. દાદા રસ્તા ઉપર એવા તો પટકાયા કે એમાંથી એમનું મરણ નીપજ્યું.'

બાપબેટા થોડી વાર શાંત રહ્યા, પછી બંને જણે સાથે જ આંખો ઊંચી કરીને ફોટા સામે જોયું. દાદા જાણે એ બંનેને ધીરજ આપતા હોય એવા દેખાતા હતા.

થોડી વાર પછી બાપુ બોલ્યા, 'બેટા, એ દહાડાથી જ્યારે જ્યારે હું રસ્તા ઉપર કેળા કે નારંગીનાં છોતરાં જોઉં છું, ત્યારે મને દાદાનું કારમું મોત યાદ આવે છે, અને હું તરત જ તે છોડાં ઉપાડીને કચરાની પેટીમાં નાખું છું. ત્યાર પછી જ હું આગળ જઈ શકું છું.'

બાળક ઍન્ડ્રૂઝ ઉપર પણ આ કિસ્સાની ઊંડી અસર થઈ. તેમની આત્મકથામાં તે લખે છે, 'મારા પિતાની જેમ મને પણ છોતરું રસ્તા ઉપરથી તરત જ ઉઠાવી લેવાની ટેવ પડી ગઈ છે.'

લોકોને રેલવે સ્ટેશનો ઉપર પાન ખાઈને ત્યાં જ થૂંકવાની કે જ્યાં ત્યાં લીંટ–ગળફા નાખવાની પણ ગંદી ટેવ હોય છે. જે ઉતારુઓને ત્યાં વધુ થોભવાનું હોય છે તેમને પછી તે ગંદકી ઉપર કે તેની આસપાસ જ બેસવું–સૂવું પડે છે. કેટલાંક મોટાં સ્ટેશનોએ હવે પાન તથા કેળાં વેચવાની મનાઈ કરવામાં આવી છે. પરંતુ પોતાને જે સ્થળોનો ઉપયોગ કરવાનો છે, તે જ સ્થળોએ ગંદકી ન કરવી કે છોડાં વગેરે ન નાખવાં એવી ચીવટ લોકોમાં ન આવે, ત્યાં સુધી એ બધાનો વિશેષ ફાયદો નથી.

મોટાં શહેરોમાં રસ્તાની પગથીઓ ઉપર પણ ફરસબંધી હોય છે. તે સ્થળોએ પણ છાલ-છોતરાં નાખવામાં આવે છે. ઘણા લોકો તે છોડાં-છોતરાં ઉપર પગ આવતાં લપસી પડે છે. ઘણાના હાથપગ ભાગે છે; અને કોઈ વાહન તે વખતે ત્યાં થઈને જોશમાં જતું હોય તો જીવનું જોખમ પણ ખરું જ. આમ છતાં, રસ્તાની એક બાજુ જઈને થૂંકવું કે લીંટ-ગળફા કાઢવા, અથવા છાલ-છોતરાં યોગ્ય સ્થળે નાખવાં એવી કશી ચીવટ આપણે બતાવતા નથી. એ બધી કાયદાથી ન સુધરે તેવી બાબતો છે. અને આપણે સહેજ સમજણ રાખીએ, તો એવી બાબતો અંગે કાયદા અને તેના પાલનનું કશું ખર્ચ સરકાર પાસે કરાવ્યા વિના જ આપણે સહેજે એ ગંદકી કે જોખમમાંથી બચી જઈ શકીએ. .

ટીકાખોર સ્વભાવ

નાનાં હોઈએ ત્યારે વડીલોની ટીકા કરવી, વર્ગમાં શિક્ષકની ટીકા કરવી અને મોટા થયા બાદ સરકારની ટીકા કરવી એ આજકાલ સર્વસામાન્ય થઈ પડયું છે. એ એક માનસિક વિકૃતિ છે. જેને જેને આપણે કંઈક સત્તાવાળા ગણતા હોઈએ તે તમામ સામે 'ટીકા કરવાથી નથી આપણે તેમને સુધારી શકતા, કે નથી આપણે સંતોષ લઈ શકતા. પણ સ્વભાવમાં જડાયેલી ચીજ જાય કેમ? જ્યારે ઘરમાં કોઈ બીજું સત્તાશાળી ન દેખાય તો પછી ટીકા કરવા માટે ઘર બહાર નજર કરવી પડે. તેમાં ધર્મ, ધર્મગુરુ, રાજ્ય અને રાજ્ય કરનારાં નજરે ચઢી જાય. એક પોતાના કામની ટીકા થાય નહીં, બીજા કોઈ કરે તો સહન થાય નહીં અને, પોતાને પોતાના દોષ દેખાય નહીં. ઘણી વાર આવી માનસિક વિકૃતિ કેવા સ્વરૂપે બહાર પડે છે તેનું સુંદર દષ્ટાંત નીચેની વાત પરથી મળી રહેશે.

મોટા શહેરની કૉલેજમાં પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓ એક દિવસ ગામડે ગયા. ત્યાં એક રાતે હજામની ઓસરીમાં ગામ-ગપાટા ચાલતા હતા ત્યાં એ બધા

ગોઠવાઈ ગયા. હજામ એનું કામ કર્યે જતો હતો: આંગણામાં એક પાંજરું હતું. તેમાં એક પોપટ ઊંઘતો હતો.

આ વિદ્યાર્થીઓ તો રહ્યા શહેરી. તેમણે તો કૉલેજમાં અભ્યાસ કરેલો. જાતજાતનાં પ્રાણીઓનાં ચિત્રો તેમ જ ચામસીન્યા નમૂના તેમણે ત્યાં જોયેલા. શહેરમાં લોકો ઘરઆંગણે પણ ચામસીન્યાં પક્ષીઓ શણગાર માટે રાખે. મરી ગયેલા પ્રાણીના પેટમાં રૂ કે એવો કચરો ભરી પછી સીવી લઈ તેમને જીવતાંજાગતાં હોય એમ ઊભા કરી મૂકેલા નમૂના તે 'ચામસીન્યા' કહેવાય.

હજામની ઓસરીમાં પોપટ જોઈને આ વિદ્યાર્થીઓને શહેરમાં જોયેલા ચામસીન્યા પોપટો યાદ આવ્યા. એવો એક તો તેમની રૂમમાં જ હતો. તેમને પોતાનું પ્રાણીશાસ્ત્રનું જ્ઞાન યાદ આવ્યું. અને પછી ટીકાખોર સ્વભાવ હાથ ઝાલ્યો રહે ખરો કે!

એકે વાત શરૂ કરી: 'કયા મૂરખે આ પોપટમાં ડૂચા ભરીને સીવ્યો હશે! પોપટની ચાંચ કેમ રહે તેની પણ એને ખબર નથી.'

બીજાએ પુરવણી કરી: 'અને એના પગ તો જુઓ! પોપટના પગ કેવા હોય, એને કેમ ગોઠવવા જોઈએ એનું પણ કંઈ ભાન હોય એમ લાગતું નથી.'

ત્રીજાએ જણાવ્યું: 'પણ એની ડોકનો મરોડ તો જુઓ! આ ચામસીવા કારીગરોને પ્રાણીશાસ્ત્રનું બિલકુલ ભાન હોતું નથી. અને એવા કઢંગા નમૂના ઉત્પન્ન કરે છે કે—'

એટલામાં તો પોપટ જાગી ઊઠયો. તેણે ડોક લંબાવી, પગ ઊંચો કર્યો અને 'સીતા રામ' 'સીતા રામ' બોલી ઊઠયો.

ત્રણે વિદ્યાર્થીઓ બાઘાની જેમ જોઈ રહ્યા. બેઠેલા બધા માણસો ખડખડાટ હસી પડયા.

(સૂચિત) બંસીલાલ ગાંધી

પથ્થર તળે હાથ દબાય તો બળથી
નહીં પણ કળથી કાઢવો.

સભ્ય માણસની ફરજ

થોડા સમય પર મુસાફરીએ જતો હતો ત્યારનો આ એક અનુભવ છે. તેવો અનુભવ ઘણાને થાય છે માટે જ તે ખાસ લક્ષમાં લેવા જેવો છે. એક સ્ટેશન. પર ટિકિટબારી પર ટિકિટ લેવા માટે મુસાફરોની હાર લાગેલી હતી. નિયમ મુજબ સૌએ હારમાં ઊભા રહીને ટિકિટો લેવાની હતી. મુસાફરોમાં અભણ ભીલો, દૂબળાઓ, ચોધરાઓ, પણ હતા. બહેનો હતી. નાનાં નાનાં બાળકોવાળી માતાઓ હતી. ઉંમરના ભારે નમી ગયેલ વૃદ્ધો હતા. જુવાનો તો હતા જ.

આમાં એક યુવાન ભાઈ સફેદ ઇસ્ત્રીબંધ કપડાં પહેરી આમનેમ ટહેલતાં હતા. ટિકિટબારી પર લાંબી હાર હતી. ટિકિટ મળવાની તો હતી, પણ તેના માટે માત્ર ધીરજ જ જાળવવાની હતી.

આ યુવાન ભાઈએ ટહેલવાનું બંધ કર્યું અને તેઓ ટિકિટ ઑફિસમાં ગયા. ટિકિટ આપવાવાળા અધિકારી ધરોધડ બારી પર આવતા પૈસા ગણી ટિકિટ આપવામાં તલ્લીન હતા, ત્યાં આ ભાઈએ અંદર જઈ તેમની પાસે જઈ ટિકિટ માગી.

ટિકિટ આપનાર ભાઈએ ઘડીભર તેમની સામે જોયું. તેમનું કામ પણ તેટલી વાર અટક્યું. અને પછી પાછું બારી આગળ ઊભેલાને પૂછ્યું: 'લાવો પૈસા, ટિકિટ . : . . બોલો!'

અને આમ તેમણે તેમનું કામ શરૂ કર્યું. પણ ફરી થોડી વારે જરાક દમામથી જુવાન ભાઈએ કહ્યું: 'મારે ત્રણ સુરત જોઈએ.'

પેલા અધિકારીએ કહ્યું: 'હા, લાવો સાહેબ!'—બોલી તેણે તેમના પૈસા હાથમાં લઈ તેમને ટિકિટો આપી. પેલા યુવાન ભાઈ દમામથી, જરાક અભિમાનથી ઑફિસ બહાર આવ્યા. હાર તો કીડીની ગતિએ ઓછી થતી હતી. અને પેલા ભાઈએ પાછું સ્ટેશન પર ફરવા માંડ્યું.

ટિકિટો અપાઈ ગઈ. ટિકિટો અપાયા પછી ઠીક ઠીક વારે ગાડી આવી. પણ પેલા ભાઈએ ત્યાં સુધી આંટા જ માર્યા.

એમને જોઈ વિચાર આવ્યો. આમાં લાજ કોને? સ્ટેશન પર ટિકિટ આપનાર

અધિકારીને ! હા જ તો. તેમણે આ યુવાન ભાઈને સ્પષ્ટપણે કહી દેવું જોઈતું હતું કે. હારમાં બારીએ આવો. પણ તેમના કરતાં પેલા યુવાનનો દોષ વધારે ગણાય. વૃદ્ધો હારમાં હતા. બાળકો સાથે બહેનો હારમાં હતી. ત્યારે તેમણે આવી રીતે — એ આનેય કાળા બજારનો માર્ગ કહીએ તો — ટિકિટ ન જ લાવવી જોઈએ.. આમાં મોટી શરમ તે યુવાનની જ ગણાય. દરેક સભ્ય માણસે પોતાની સગવડ જોવાને બદલે બધાની સગવડ સાચવવી જોઈએ. યુવાનોનું એ ખાસ કર્તવ્ય છે.

પુષ્કર ચંદરવાકર

પૂરું થતું પખવાડિયું

રાષ્ટ્રસમૂહના વડા પ્રધાનોની પરિષદમાં ભાગ લેવાં માટે આપણા વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુ લંડન ગયા છે. ચાલુ માસની ૧૬મી તારીખે તેઓ હિંદ આવવા માટે ત્યાંથી નીકળી જશે.

રાજસ્થાનના વડા પ્રધાન શ્રી હીરાલાલ શાસ્ત્રીએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે. રાજસ્થાનના રાજપ્રમુખે તેનો સ્વીકાર કર્યો છે.

નેપાળના પ્રકરણનો સમાધાનકારક ઉકલ આવી ગયો છે. ત્યાંના વડા પ્રધાને હિંદી સરકારની સલાહને માન્ય રાખી ત્યાંની સરકારમાં પ્રજાકીય તત્ત્વ દાખલ કરવાની જાહેરાત કરી છે. પદભ્રષ્ટ કરવામાં આવેલા રાજા ત્રિભુવનને રાજા તરીકે માન્ય રાખવાનું સ્વીકાર્યું છે તથા ૧૯૫૨ પહેલાં પુખ્ત મતાધિકારને ધોરણે નેપાળનું રાજબંધારણ ઘડી કાઢવા માટે બંધારણ સભા બોલાવવાનું ઠરાવ્યું છે. વડા પ્રધાને સઘળા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવાની પણ જાહેરાત કરી છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧લી ફેબ્રુઆરી, ૧૯૫૧

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫, શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

ઠક્કરબાપા

હિંદુસ્તાનની આઠ કરોડ ગરીબ પછાત ગણાતી પ્રજાના મિત્ર ઠક્કરબાપા ગયા. પૂજ્ય ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન હાથમાં લઈને આપણા દેશના સાડાપાંચ કરોડ હરિજનોને ન્યાય અપાવવા તપ આદર્યાં, પોતાની જિંદગી હોડમાં મૂકી અને ઠક્કરબાપા જેવા સાથીઓને હરિજનોનો પ્રશ્ન સોંપ્યો. ઈશ્વરકૃપાએ હરિજનોના પ્રશ્નમાં આપણે થોડી પ્રગતિ કરી. પણ જંગલમાં રહેતા આદિવાસીઓને કોણ શોધે? આદિવાસીનાં ઝૂંપડાં જંગલોમાં હોય. ત્યાં ઠક્કરબાપા ગયા. અને ઠેકાણે ઠેકાણે ફરીને તેમની સ્થિતિ જોઈ. તેમના પ્રશ્નો આગળ લાવ્યા. અને આપણા દેશમાં અઢી કરોડ આદિવાસીઓ છે તેના તરફ આપણું ધ્યાન દોર્યું. આદિવાસી એટલે જંગલમાં રહેતી ભીલ, વસાવા, ગામીત, રાનીપરજ, હળપતિ, ચોધરા અને એવી અનેક

કોમનાં ભાઈબહેનો. જ્યાં સારા રસ્તા ન જાય, જ્યાં રેલવે ન જાય, જ્યાં શાળાના શિક્ષક ન જાય, જ્યાં વૈદ ન જાય, ત્યાં પણ ઠક્કરબાપા અને તેમના માણસો જાય. લોકોનાં સુખદુઃખ જુએ. આપણા ગુજરાતમાં ઠક્કરબાપાની આવી એક મોટી તપોભૂમિ તે પંચમહાલ. અને બાપાએ શરૂ કરેલું ભીલ સેવા મંડળ એ હિંદુસ્તાનની આદિવાસી પ્રવૃત્તિઓની સંસ્થાઓની માતા.

બાપાએ ૪૫ વર્ષની ઉંમરે મોટી કમાણીવાળી નોકરી છોડી સેવાનો ભેખ લીધો અને ૮૧ વર્ષ પૂરાં કરી કામ કરતાં કરતાં અવસાન પામ્યા. તેમના પ્રયત્નથી આદિવાસીઓમાં જાગૃતિ આવવાની શરૂઆત થઈ. તેમણે શરૂ કરેલું કામ હવે પછીનાએ પૂરું કરવું રહ્યું.

આવા એક ચારિત્રવાન અને તપસ્વી પુરુષનું અવસાન એ હિંદુસ્તાનના સેવા મંડળને મહાન ખોટ છે. પરમેશ્વર બાપાના આત્માને શાંતિ આપો.

પરીક્ષિતલાલ

કર્તવ્યનું બળ

મનુષ્યની સારી કસોટી સંસારમાં જ થાય છે. સંસાર એટલે કર્તવ્યની ઘટમાળ. માણસ આ સંસારમાં રહી કર્તવ્ય કર્યે જાય છે અને એની મેળે એના અનુભવજ્ઞાનથી એનો વિકાસ થતો જાય છે. કેટલીકવાર સામાન્ય જણાતા માણસો પણ માનવતાનું એટલું ઊંચું દર્શન કરાવે છે કે, એ જોઈને આપણે વિચારમાં પડી જઈએ છીએ કે, આવી યોગીના જેવી સ્થિરતા, મહાત્માના જેવી ત્યાગ-વૃત્તિ અને માનવતાની ઉચ્ચતા એમનામાં શી રીતે આવી હશે? ‘ દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના

ગઈ.' એવી ગીતામાં કહેલી સ્થિતપ્રજ્ઞની સ્થિતિ એ લોકો શી રીતે મેળવતા હશે?

પણ સત્ય તો એ છે કે, આ સંસારમાં માનવીના જીવનમાં એવા પ્રસંગો અકસ્માત્ આવી પડે છે, જેને લીધે એનામાં રહેલી માનવતા એકાએક દેખાઈ આવે છે અને એ યોગી કે જ્ઞાની ન હોવાં છતાંયે એવી જ ઉચ્ચતા એ બતાવે છે. આવા માણસોનું જ્યારે આપણે સ્મરણ કરીએ છીએ, ત્યારે ખરેખર આપણને એમના તરફ માન ઊપજે છે, અને માનવતાનું ઉચ્ચ દર્શન કરાવનારા એ સામાન્ય લેખાતા માણસોના ચરણમાં આપણું માથું નમી પડે છે.

અમેરિકા દેશમાં એક ટાપુ પાસે દીવાદાંડી છે. ૧૯૦૪ની સાલમાં ત્યાં એક સાચી ઘટના બની હતી. એ દીવાદાંડીનો રખેવાળ પાસેના ખડક ઉપર એકાએક મરણ પામ્યો.

એની સ્ત્રી સાંજે એની રાહ જોવા લાગી. અંધારું વધવા લાગ્યું.. વાળુ કરવાનો સમય પણ થયો હતો. પણ એનો પતિ હજી આવ્યો નહીં. તેથી એ બિચારી ગભરાઈ ગઈ અને ધડકતે હૈયે એને શોધવા કિનારે આવી. વળી તેને બીજી પણ એક ચિંતા થતી હતી. અંધારું થયેલું હોવાથી દીવાદાંડીનો દીવો કરવાનો વખત થયો હતો. આમ બેવડી ચિંતાથી તે બેબાકળી બની જઈ પોતાના પતિને આમતેમ ખોળવા લાગી.

એવામાં એકાએક એની નજર દૂર પડેલા મડદા પર પડી. તે ત્યાં દોડી જઈને જુએ છે તો પોતાના પતિનું જ શબ પડેલું હતું! બાઈ તો ત્યાં ઢગલો થઈને બેસી પડી. પણ તેના મનમાં વિચાર આવ્યો: "દીવા-

દાંડીમાં દીવો કરવાનો વખત તો થઈ ગયો છે અને જો હું ત્યાં જઈ દીવો ન કરું, તો આ અંધારી રાતે કોઈક વહાણ ખડક સાથે અથડાઈ જશે અને ઘણા જાનની ખુવારી થશે!"

એ બાઈ એકદમ ઊભી થઈ ગઈ અને પોતાના વહાલા પતિના શબને પોતાની ઓરડીએ લઈ ગઈ. પછી તે તરત જ દીવાદાંડી ઉપર ચડી. ઉપર જઈને તેણે દીવો કર્યો.

હવે દીવાને ફરતો રાખવાનો સંચો શી રીતે ચલાવવો? તેણે ખૂબ મહેનત કરી, પણ તે ફાવી નહીં. પરંતુ તે જો પોતે હાથ વડે કાચ ફેરવ્યા કરે તો એ ફરે એવો હતો. તેથી તેણે આખી રાત ત્યાં બેસીને કાચ ફેરવ્યા કર્યો. બીજાના જીવને બચાવવા ખાતર આ બાઈએ પોતાના પ્રાણથી પણ અધિક વહાલા પતિના શબને આમ જ પડતું મૂકી, પોતાના કારમા દુ:ખને અંતરમાં શમાવી દઈ આખી રાત મહેનત કરી!

આ ભલી બાઈની વાત આપણને પ્રેરણા આપનારી નથી શું? આપણે પણ આપણને નકામા, તુચ્છ, હલકા ન ગણીએ. આપણે જે સ્થિતિમાં હોઈએ એમાં જ શાંતિથી રહીને આપણું કર્તવ્ય બજાવતા રહેવું જોઈએ અને એ રીતે આપણે પણ કોઈ વાર બીજાને ઉપયોગી થઈ પડીએ અને જીવનની સાર્થકતા માણી શકીએ.

મુકુલભાઈ

મારનારનો હાથ ઝલાય, પણ બોલનારની જીભ ઝલાય નહીં.

નિષ્ફળતામાંથી ઘડતર

બાદશાહખાન (અબદુલ ગફારખાન) ખાનદાન કુટુંબના છે. શાળામાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. પરંતુ પરીક્ષામાં નિષ્ફળ નીવડયા. એમના ભાઈ તો ડૉકટર થવા પરદેશ ગયા. બાદશાહખાન ન ગયા. એમની આ નિષ્ફળતા એમના જીવનમાં હાનિકારક ન નીવડી.

બાદશાહખાને સૈનિક થવાનો વિચાર કર્યો. પરંતુ એમાં પણ નિષ્ફળ ગયા. ઊતરતી પાયરીના અંગ્રેજ અમલદારે એમના મિત્રનું હડહડતું અપમાન કર્યું એ નજરોનજર બાદશાહખાને જોયું. એમનું દિલ સૈનિક જીવનમાંથી ઊઠી ગયું. આ નિષ્ફળતા પણ આખરે એમને લાભદાયક જ નીવડી.

વળી વધુ અભ્યાસ માટે પ્રયત્ન કર્યો. એમના પિતાશ્રી એમને ઇજનેર બનાવવા માગતા હતા. એમણે પરદેશ જવું એવું નક્કી થયું. પરંતુ એમનાં માતાજીને એમને દૂર મોકલવાનું ન ગમ્યું. માતૃપ્રેમ આગળ બાદશાહખાન નમી પડયા. પરદેશ જવાનો કાર્યક્રમ પણ નિષ્ફળ ગયો. આ નિષ્ફળતા પણ આખરે ઉપયોગી નીવડી.

ત્રણ પ્રયાસો નિષ્ફળ ગયા. કારણ કે ભગવાને એમને માટે જુદું જ ભાવિ નિર્માણ કરેલું. એમણે લોકસેવાનું કાર્ય કરવાનો જ આખરે નિર્ણય કર્યો. આ કાર્યમાં એઓ યશસ્વી નીવડયા. રાષ્ટ્રીય શિક્ષણના પ્રચારથી એમણે સેવાકાર્યનો આરંભ કર્યો. અહિંસાના અદ્ભુત તપસ્વી થયા. એમની એ તપશ્ચર્યા હજી અખંડિત રહી છે. દેશની આઝાદી માટે એમના જ ધર્મબંધુઓના રાજ્ય

પાકિસ્તાનમાં એઓ હજી જેલ-જીવનનાં મૂંગાં કષ્ટ સહન કરી રહ્યા છે.

સામાન્ય જીવનની નિષ્ફળતાઓ સાચે જ મહાપુરુષોનું ઘડતર થઈ પડે છે.

દિલખુશ બ૦ દીવાનજી

માખીઓનો ઝઘડો

એક ઝાડના પોલાણમાં માખીઓએ મધપૂડો કર્યો હતો. સૌને ખબર છે કે માદા-માખી મધપૂડાનું કામ કરે છે; નર-માખી આળસુ ને એદી હોય છે. એક વાર માદાઓ નહોતી ત્યારે નર-માખીઓએ મધપૂડાનો કબજો કરી લીધો. તે કેમે કરીને ખસે જ નહીં. ઝઘડો પતવવા માટે માખીઓ ભમરી પાસે ગઈ, અને ફરિયાદ કરી. ભમરીએ પૂછ્યું, "આ મધપૂડો તમારો છે?" બંને પક્ષ હા કહે. કરવું શું, એ સવાલ થયો. ભમરીએ તેમાંથી ઉકેલ આણ્યો, "ચાલો, બેઉ પક્ષ એક કામ કરો. તમે દરેક પક્ષ આ મધપૂડા જેવો બીજો નવો મધપૂડો બાંધી દેખાડો., એટલે મને ખબર પડશે કે, આ કોનો મધપૂડો છે."

માદાઓએ તરત હા પાડી. નર-માખીઓ કહે, "ના, અમે નવો શું કામ બાંધીએ? આ જ અમારો છે."

એટલે ભમરીએ કહ્યું, "આ મધપૂડો કોનો છે તે જણાઈ ગયું. એ માદા-માખીઓનો છે. નર-માખીનો તે નથી. જો હોય તો નવો રચવાની ના શું કામ પાડે? 'સત્ય અને પ્રામાણિકતા નીડર હોય.'"

૨૧-૧-'૫૧ મગનભાઈ દેસાઈ

આર્થિક સમાનતા

આર્થિક સમાનતા એટલે જગતના બધા મનુષ્યો પાસે એકસરખી સંપત્તિ હોવાપણું એટલે કે સહુની પાસે પોતાની કુદરતી આવશ્યકતા પૂરતી સંપત્તિનું હોવું. કુદરતે જ એક માણસને નાજુક હોજરી આપી હોય ને તે પાંચ તોલા આટો ખાઈ શકે અને બીજાને વીસ તોલા જોઈએ, તો બંનેને પોતપોતાની હોજરી પ્રમાણે આટો મળવો જોઈએ. બધા સમાજનું ઘડતર આ આદર્શને અવલંબીને થવું જોઈએ. અહિંસક સમાજને બીજો આદર્શ ન પાલવે. છેક આદર્શને આપણે કદી નહીં પહોંચીએં પણ એને નજરમાં રાખીને આપણે બંધારણો રચીએ ને વ્યવસ્થા કરીએ. જેટલે અંશે આપણે આદર્શને પહોંચીએ એટલે જ અંશે આપણે સુખ અને સંતોષ પામીએ, એટલે જ અંશે આપણે સામાજિક અહિંસા સિદ્ધ કરી કહેવાય.

અહિંસા વડે આર્થિક સમાનતા કેમ લાવી શકાય એ વિચારીએ: પ્રથમ પગલું આ છે: જેણે આદર્શને અપનાવ્યો હોય તેણે પોતાના જીવનમાં જોઈતા ફેરફારો કરવા. હિંદુસ્તાનનાં ગરીબોની સાથે પોતાની સરખામણી કરી પોતાની હાજતો કમ કરવી, પોતાની ધન કમાવાની શક્તિને નિયમમાં મૂકવી, જે ધન કમાવું તે પ્રામાણિકપણે કમાવાનો નિશ્ચય કરવો, સટ્ટાવૃત્તિ હોય તો તેનો ત્યાગ કરવો, ઘર પણ પોતાની સામાન્ય હાજત પૂરતું રાખવું, અને જીવન સર્વ પ્રકારે સંયમી બનાવવું. જ્યારે પોતાના જીવનમાં શક્ય સુધારો

કરી લીધો હોય ત્યારે સમાનતાના આદર્શનો પ્રચાર પોતાના સોબતી અને પાડોશીમાં કરાય.

આર્થિક સમાનતાની જડમાં ધનિકનું ટ્રસ્ટીપણું રહ્યું છે. એ આદર્શ પ્રમાણે ધનિકને પોતાના પડોશી કરતાં એક કોડી પણ વધારે રાખવાનો અધિકાર નથી. ત્યારે શું વધારાનું એની પાસેથી છીનવી લેવું ? એમ કરતાં હિંસાનો આશ્રય લેવો પડે. અને હિંસા વડે એમ કરવું સંભવે તોય સમાજને તેથી ફાયદો ન થાય. કેમ કે દ્રવ્ય એકઠું કરવાની શક્તિ ધરાવનાર એક માણસની શક્તિને સમાજ ખોઈ બેસે. એટલે અહિંસક માર્ગ એ થયો કે માન્ય થઈ શકે એટલી તેની હાજત પૂરી પાડી બાકીનાનો તે પ્રજાની વતી ટ્રસ્ટી બને. જો પ્રામાણિકપણે સંરક્ષક બને તો જે દ્રવ્ય તે ઉત્પન્ન કરશે તેનો સદ્વ્યય પણ કરશે. વળી જ્યારે મનુષ્ય પોતાને સમાજનો સેવક માને, સમાજને અર્થે ધન કમાય, સમાજના કલ્યાણને અર્થે તે વાપરે ત્યારે તેની કમાણીમાં શુદ્ધતા આવશે, તેના સાહસમાં પણ અહિંસા હશે. આ પ્રમાણે જો કાર્યપ્રણાલી ગોઠવાય તો સમાજમાં વગર ઘર્ષણે મૂક ક્રાન્તિ પેદા થાય.

('હરિજનબંધુ'માંથી) ગાંધીજી

કામ અને શિક્ષણનો હક

['ભારતની સરકારોને આદેશ'નો આગળનો હપ્તો]

સ્વરાજનો પાયો ગ્રામપંચાયત છે; એટલે કે, સ્થાનિક સ્વરાજની બધા પ્રકારની સંસ્થાઓ છે. તેમાં સુધરાઈ, લોકલ બોર્ડ, સ્કૂલ બોર્ડ, તથા ગામેગામ રચવાની ગ્રામપંચાયત—એ બધી જાતની સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ બધી સંસ્થાઓ મારફતે સ્થાનિક જનતાની ભાત ભાતની નાની મોટી સેવાઓ થાય છે. તે કરવા માટે સૌએ સાથે મળીને કામ કરવાનું રહે છે. સૌની સુખાકારી અને પ્રગતિ થાય એ જોવું જોઈએ છે; પછાત નબળા ગણાતા વર્ગો તરફ ખાસ ધ્યાન રાખવું ઘટે છે. આમ કામ કરવાની તાલીમ પ્રજાને આ સંસ્થાઓ મારફત મળે છે. તેમાંથી પ્રજાના સેવકો ઘડાય છે, આગળનાં મોટાં વ્યાપક કામો કરવાના પૂર્વપાઠ તેમને અહીં મળે છે. સર્વોદયનો સાચો અર્થ પણ અહીં ચોખ્ખો જણાય છે. સ્થાનિક રાગદ્વેષો બહુ હોય છે એ ખરું; પણ ત્યારે તેમને જીતીને કામ કરવાનું પણ અહીં શીખી શકાય છે.

આથી કરીને લોકશાહી રાજ્યપદ્ધતિ સ્થાનિક સંસ્થાઓ ને ગ્રામપંચાયતને પોતાના પાયાની વસ્તુ ગણે છે. તેની ઉપર સરકારે અને તેના નોકરોએ વિશ્વાસ રાખીને રાજવહીવટ ચલાવવો ઘટે છે. પરંતુ આમ અત્યારે થતું નથી. પ્રજાના અવિશ્વાસ પર કેળવાયેલી નોકરશાહી હજી પ્રજા પર અમલ કરી ખાવાની તેની ખો ભૂલી નથી. આથી કરીને બંધારણે સરકારોને આપવાના આદેશમાં ગ્રામપંચાયતની રચનાને એક મોટી વાત ગણીને મૂકયો છે.

બીજો આદેશ તેના કરતાંય મોટો ગણાય. તે પ્રજાના દરેક જણના મૂળ હક જેવો છે. દુઃખ એટલું જ છે કે, તેને આજે તે તરીકે ગણીને ચાલી શકાય એમ નથી.

બીજો આદેશ કલમ ૪૧મીમાં આપ્યો છે, તે આ પ્રમાણે છે:

"પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને છતાં, રાજ્ય દરેકને કામ મેળ-

વવાનો, શિક્ષણનો, અને બેકારી; ઘડપણ, માંદગી અને અપંગતા, તથા તેવી બીજી લાચારીના પ્રસંગોમાં જાહેર મદદ માટેના હકની બાબતમાં સક્રિય જોગવાઈ કરશે."

આ આદેશમાં એક બાબતનો સ્વીકાર થયો છે, તે મહત્ત્વનું છે. તેમાં નીચેની બાબતો દરેક નાગરિકે પ્રાપ્ત કરવાના હક તરીકે માનવામાં આવી છે:

૧. કામ મેળવવાનો હક;

૨. શિક્ષણ મેળવવાનો હક;

૩. બેકારી, માંદગી, ઘડપણ, અપંગતા, તથા તેવી જાતની લાચારીને પ્રસંગે જાહેર મદદ મેળવવાનો હક.

આ હકો આજના જમાનામાં નાગરિકના હક તરીકે ગણાય છે. રાજ્યોએ એ અંગે બનતું બધું કરવું, એ તેનો ધર્મ ગણાય છે. બંધારણની સદરહુ કલમમાં રાજ્યને આ ધર્મનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે તેમાં મર્યાદાની વાત કરી છે કે, રાજ્યે પોતાની આર્થિક સ્થિતિ તથા વિકાસની શક્તિ જોઈને આ જવાબદારી માથે લેવાની હશે. એ મર્યાદા સમજાય એવી છે. પણ એનો અર્થ એ નથી થતો કે, આ વિષે સરકારો કાંઈ ન કરે. તેમની નીતિ આ આદેશથી અંકાઈ ગઈ છે; તેમાં તેઓ ઘાલમેલ ન કરી શકે. માત્ર તેમાંથી એટલો અર્થ છે કે, તે અદાલતી હક નથી, તેથી મૂળ હકો પેઠે નાગરિક તે અંગે દાવો ફરિયાદ કરી દાદ ન મેળવી શકે.

આ આદેશની પાછળ મૂળભાવ જે રહેલો છે તે પણ ધ્યાનમાં લેવા જેવો છે. તેની પાછળ એવી માન્યતા રહેલી છે કે, દરેક નાગરિકને પોતાનો વિકાસ કરવાનો અબાધિત હક રહેલો છે. એનો અર્થ એ કે, તે માટે તેને શિક્ષણનો હક રહેલો છે.

બીજું, દરેક નાગરિકને માનવ-જીવનને ઉચિત સારી રીતે રહેવાનો હક છે. એનો અર્થ સમાજની અર્થ-વ્યવસ્થા એવી હોવી જોઈએ કે, તેને રોટલો રળવા માટે કામ મળે, તેમાંથી તેને પૂરતું મળતર થઈ રહે. આ હકને 'કામનો હક' કહેવાય છે. તે ભોગવી

શકાય એવી જોગવાઈ કે અર્થવ્યવસ્થા ને તેનું તંત્ર રચવું એ રાજ્યનો ને સમાજનો ધર્મ છે. એમાંથી તેની એવી જવાબદારી ઊભી થાય છે કે, જો માણસને માથે બેકારી આવે તો રાજ્યે ને સમાજે તેમાં મદદ કરવી જોઈએ. ઉપરાંત કામના હકમાં કુદરતી કે બીજાં કારણોએ લાચારી આવી જાય તોય મદદ મળવી જોઈએ, આવાં કારણોમાં માંદગી, ઘડપણ, અપંગતા, અકસ્માત વગેરે આવે. તે સામે પણ અર્થતંત્રમાં ઘટતી જોગવાઈઓ હોવી જોઈએ.

આપણા દેશમાં બેકારી તો મોટો સામાજિક ને આર્થિક રોગ થઈ પડી છે. રોગ, અભણતાનો પાર નથી. તેવા સંજોગોમાં ઉપરનો આદેશ રાજ્ય તથા સમાજને માટે મોટી કાર્યદિશા બતાવે છે. તે તરફ રાજ્યોએ ઝપાટાબંધ પ્રગતિ કરવી જોઈએ.

૧૧-૧-'૫૧ મગનભાઈ દેસાઈ

દીનબંધુ ઍન્ડ્રૂઝ

૧

આપણા દેશનું ભલું ચાહનારા અંગ્રેજો પણ છે. દીનબંધુ ઍન્ડ્રૂઝ તેમાંના એક હતા. તે ઘણું ભણ્યા હતા અને ઇંગ્લૅંડની એક કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કરતા હતા. પરંતુ તેમને ગરીબ તથા દુઃખીની સેવા કરવાનું ખૂબ ગમતું. આપણા દેશની ગુલામી અને ગરીબીની વાતો તેમના સાંભળવામાં આવી. આથી તે ઇંગ્લૅંડથી આપણા દેશમાં આવ્યા, અને છેવટ સુધી આપણા દેશની સેવા કરી. ગાંધીજી અને કવિશ્રી ટાગોરના તે પરમ મિત્ર હતા. આપણા લોકોએ તેમને 'દીનબંધુ' એટલે 'ગરીબોના ભાઈ', એવું વહાલસોયું નામ આપ્યું હતું.

૨

દીનબંધુ ઍન્ડ્રૂઝ જ્યારે પાંચ છ વર્ષના હતા, ત્યારે એક દહાડો રમતા રમતા તે એક સુંદર મોટા વનમાં જઈ ચડયા. તેમના પિતાનું ઘર અમદાવાદ જેવા મિલોવાળા વિલાયતના એક ગંદા શહેરમાં હતું. એટલે લીલા ઘટાદાર વનમાં એકલા છૂટથી રમવાની અને ભમવાની ઍન્ડ્રૂઝને ખૂબ મજા પડી.

ભમતો ભમતો બાળક ઍન્ડ્રૂઝ એક ખાબોચિયા પાસે આવી પહોંચ્યો. ચારે બાજુ ભીની જમીન હતી. તેમાં ઘાસપાલો ઊગ્યો હતો. ખાબોચિયાની અંદર ઘાસ હતું. તેમાં એક પક્ષીએ સુંદર માળો બાંધ્યો હતો. તેમાં ચાર સુંદર આસમાની રંગનાં ઈંડાં હતાં. એવાં મજેદાર રંગીન ઈંડાં જોઈ ઍન્ડ્રૂઝ તો હરખાઈ ગયો. તરત તે જાંઘિયો જરા ઊંચો કરી, છબ છબ કરતો ખાબોચિયામાં પેઠો અને ઈંડાં લઈ આવ્યો. ઘેર જઈ બા–બાપુને એ ઈંડાં બતાવવા તે ઘર ભણી દોડયો.

ઘેર પહોંચ્યો એટલે બારણામાંથી જ તે બૂમો પાડવા લાગ્યો: "બા, બા, જો જો, કેવાં સરસ ઈંડાં હું શોધી લાવ્યો છું!"

બાએ ઍન્ડ્રૂઝને બાથમાં લઈ બાજુ પર જઈને કહ્યું: "બેટા, ત્યાં ઈંડાંની મા નહોતી?"

ઍન્ડ્રૂઝે કહ્યું: "ના બા, ઈંડાં તો ખાબોચિયામાં ઘાસ ઊગેલું હતું ત્યાં માળામાં હતાં. મારી સાથે કોઈ નહોતું. હું એકલો પાણીમાં ઊતરીને લઈ આવ્યો. કેવાં સરસ છે! નહીં બા?"

બાએ કહ્યું: "બેટા, એ બધું તો ખરું. પણ એ ઈંડાંમાં તો બચ્ચાં છે. થોડા દિવસ પછી બચ્ચાં મોટાં થાય એટલે ઈંડામાંથી બહાર નીકળે. ઈંડાની મા પાછી આવશે ત્યારે એ બિચારીને કેવું લાગશે? તને કોઈ ઉઠાવી જાય, ભાઈનેય લઈ જાય, ને બહેનને પણ સાથે ઉપાડી જાય, તો મને તમારા વિના કેવું લાગે? અને ઉઠાવી જનારો માણસ ખરાબ ન કહેવાય કે?"

ઍન્ડ્રૂઝે કહ્યું: "બા, એવું ન બોલીશ. મને કોઈ ઉપાડી જાય તો હું તારા વિના કેટલો બધો રડું. અને તું પણ મારા વિના કેટલી બધી રડે! વળી ભાઈને અને બહેનને પણ ઉપાડી જાય, તો અમો સૌ વિના તું ખૂબ જ રડે. પણ આ તો પક્ષી છે. એને કંઈ તારી પેઠે દુઃખ ન થાય. એને તો બોલતાં જ કયાં આવડે છે? એટલે હું આ ઈંડાં ઉઠાવી લાવ્યો છું. કેવાં ગોળ-મટોળ અને આસમાની રંગનાં છે!"

બાએ કહ્યું: "બેટા, તું તો નાદાન છે. પણ એનાં ઈંડાં કે બચ્ચાં કોઈ લઈ જાય તો મારા જેવું જ દુઃખ થાય. અત્યારે પણ તે માળા પાસે આવી કેટલી બધી ચીસો નાખતી હશે!

અને ચારે બાજુ શોધાશોધ કરતી હશે? તું નાદાન છે. તને કંઈ ભાન નથી નહીં તો તું આવી નિર્દય ચોરી કરત જ નહીં!"

ઍન્ડ્રુઝનો બધો આનંદ ઊડી ગયો. તેની આંખમાં આંસુ આવ્યાં. તે માફી માગતો હોય તેમ માથું નીચું કરી મા પાસે લપાયો. હેતાળ માએ તેને છાતી સરસો ચાંપ્યો.

૩

એ દિવસે આખી રાત બિચારા ઍન્ડ્રૂઝને ઊંઘ ન આવી. તેને પેલી રોકકળ કરતી ઈંડાની મા જ યાદ આવ્યા કરે. અને "આ મેં શું કર્યું? હવે શું કરું?" એમ જ મનમાં વિચાર આવ્યા કરે.

સવારે ઊઠી ચૂપચાપ પેલાં ઈંડાં લઈને એ વન ભણી દોડ્યો. અને ખાબોચિયું ખોળતો ખોળતો બધે ભમવા લાગ્યો. પરંતુ એ ખાબોચિયું તેને જડ્યું નહીં. આથી તે બહુ દુખી થયો, અને નિરાશ થઈ ઘેર પાછો આવ્યો.

રાતે રોજના નિયમ મુજબ આ[ખું] કુટુંબ સૂતા પહેલાં પ્રાર્થના કર[વા] ભેગું થયું. ત્યારે ઍન્ડ્રૂઝે આંખો મીં[ચી] રડતાં રડતાં બહુ બહુ ક્ષમા માગ[ી] પેલાં ઈંડાંની મા રડતી રડતી મ[રી] ન જાય, તથા તે શાંત થાય એવી પ[્ર] પ્રભુને પ્રાર્થના કરી.

આજે પહેલી વાર ઍન્ડ્રૂઝને ભગ[-]વાનની પ્રાર્થના કરવાનો અર્થ સમજાયો. તેને શાંતિ થઈ. એ પ્રાર્થના પછી બિચારો શાંતિથી ઊંઘી શક્યો.

પાણી, ઘટત્વાંક અને આર્કિમિડિઝ

પાણી એ સસ્તું છે. સહેલાઈથી મળી શકે છે. તેથી તેના અનેક ઉપયોગ કરવામાં આવે છે. તેમાંનો એક ઉપયોગ તે પદાર્થોના ઘટત્વાંક નક્કી કરવાનો ગણાય. જુદા જુદા પદાર્થો સરખા કદના લઈએ તો તેનું વજન જુદું જુદું આવે છે. કોઈ પણ પદાર્થ કેટલો હલકો કે ભારે છે તે જાણવા તેની સરખામણ[ી] તેટલા જ કદના પાણીના વજન સા[થે] કરવામાં આવે છે. આ સરખામણીને આંક તે વિશિષ્ટ ઘનતા અગર ઘટત્વાં[ક] કહેવાય છે.

$$\text{ઘટત્વાંક} = \frac{\text{કોઈ પણ પદાર્થનું વજ[ન]}}{\text{તેટલા જ કદના પાણીનું વજ[ન]}}$$

એક શીશીમાં શેર પાણી સમાતું હોય અને તેમાં જો પારો ભરીએ તો તેમાં આશરે સાડા તેર શેર જેટલો પારો સમાય. એટલે કે પારાનો ઘટત્વાંક આશરે સાડાતેર જેટલો થશે.

દસ રતલ પાણી સમાય તે વાસણમાં કેરોસીન ભરવામાં આવે તો ફક્ત આઠ શેર જેટલું જ તેમાં સમાય. એટલે કેરોસીનનો ઘટત્વાંક ૮/૧૦ જેટલો થાય. આમ પાણી કરતાં ભારે પદાર્થનો ઘટત્વાંક એક કરતાં વધારે થાય અને હલકા પદાર્થનો ઘટત્વાંક એક કરતાં ઓછો એટલે કે અપૂર્ણાંક આવે.

કોઈ પણ પ્રવાહીનો ઘટત્વાંક કાઢવો હોય તો નીચે જણાવેલી રીતે કાઢી શકાય. એક વાસણમાં કેટલું પાણી સમાય છે તે કાઢવું. અને તે જ વાસણમાં કેટલો પ્રવાહી પદાર્થ સમાય છે તે કાઢવું. પછીથી પ્રવાહીના વજનને પાણીના વજને ભાગતાં ઘટત્વાંક આવશે.

પરંતુ પ્રવાહીને બદલે કોઈ ઘન પદાર્થનો ઘટત્વાંક કાઢવાનો હોય તો! ધારો કે એક પથ્થરના ટુકડાનો ઘટત્વાંક કાઢવો છે. પ્રથમ તો પથ્થરનું વજન કરી લઈએ. પછી પથ્થરના કદ જેટલા જ પાણીનું વજન કરવું જોઈએ. એ કેમ કરવું? પથ્થરનું કદ કેમ કાઢવું! પરંતુ પથ્થરનું કદ કાઢવાની જરૂર પડતી નથી. છલોછલ ભરેલા વાડકામાં પથ્થરને હળવેથી મૂકીએ તો પથ્થરના કદ જેટલું જ પાણી છલકાઈને બહાર આવશે એટલે એ પાણીનું વજન કરવાનું રહે છે.

$$\text{ઘટત્વાંક} = \frac{\text{પથ્થરનું વજન}}{\text{છલકાયેલા પાણીનું વજન}}$$

આમ છલોછલ વાસણમાં પથરાનો ટુકડો મૂકી પાણી છલકાવવાની જરૂર પડે છે. પછી તે પાણી તોળવાની જરૂર પડે છે.

બહુ વરસો ઉપરની વાત છે. ગ્રીસ દેશમાં એક વૈજ્ઞાનિક રહે. તેનું નામ આર્કિમિડિઝ. નહાતાં નહાતાં તેને એક દિવસ સૂઝ્યું કે પાણીમાં શરીરનું વજન ઓછું થાય છે. તેણે તરત પ્રયોગો શરૂ કર્યા, અને ખોળી કાઢ્યું કે કોઈ પદાર્થ પાણીમાં કે કોઈ પ્રવાહીમાં ડુબાડીને

તોળીએ તો તેનું વજન ઓછું થાય છે. આ વજનઘટ તે છલકાયેલા પ્રવાહીના વજન જેટલી જ હોય છે.

એટલે આર્કિમિડિઝે સીધી જ વાત કરી. વાડકામાં પાણી ભરી તેમાં પથ્થર મૂકી પાણી છલકાવવાની શી જરૂર? પથરાને પાણીમાં ડૂબતો રાખીને જ તોળી લેવાથી કામ પતી જાય. પથરાનું હવામાં વજન કરો, પાણીમાં વજન કરો અને તે બે વજનનો તફાવત તે વજનઘટ.

$$\text{ઘટત્વાંક} = \frac{\text{હવામાં વજન}}{\text{પાણીમાં પડેલી વજનઘટ}}$$

આમ આર્કિમિડિઝના સિદ્ધાંતથી ઘટત્વાંક બહુ સહેલાઈથી કાઢી શકાય છે. એમ કહેવાય છે કે આર્કિમિડિઝને રાજાએ એક કામ સોંપેલું—સોનાના મુગટમાં સોનીએ ભેગ કર્યો છે કે નહીં તે ખોળી કાઢવાનું. આર્કિમિડિઝે આખા મુગટનો ઘટત્વાંક કાઢી તેને ચોખ્ખા સોનાના ઘટત્વાંક સાથે સરખાવ્યો. ચોખ્ખા સોનાનો ઘટત્વાંક ૧૯$\frac{૩}{૪}$ જેટલો થાય છે. સોનામાં હલકી ધાતુનો ભેગ કરવાથી તેનો ઘટત્વાંક ઓછો થાય એટલે ભેગ છે કે કેમ તે જણાઈ જાય.

આર્કિમિડિઝના સિદ્ધાંત પ્રમાણે પ્રવાહીનો ઘટત્વાંક પણ કાઢી શકાય છે. એક પથરાના ટુકડાને હવામાં તોળો, પાણીમાં ડુબાડીને તોળો અને પછી કોરો કરી તેને પ્રવાહીમાં ડુબાડી તોળો. પછી પાણીમાં કેટલી વજનઘટ પડી તે અને પ્રવાહીમાં કેટલી વજનઘટ પડી તે ગણી કાઢો.

$$\text{ઘટત્વાંક} = \frac{\text{પ્રવાહીમાં પડેલી વજનઘટ}}{\text{પાણીમાં પડેલી વજનઘટ}}$$

આમ ઘટત્વાંક શોધવામાં પાણીની જરૂર પડે છે. અને ઘટત્વાંકના ઉપયોગ પણ ઘણા છે. તેના ઉપરથી કોઈ પણ ચીજ પાણીમાં ડૂબશે કે તરશે તે નક્કી કરી શકાય. વળી તે ચીજ પાણીમાં તરતી હોય તો તેનો કેટલો ભાગ ડૂબશે અને કેટલો પાણી બહાર હશે તે પણ નક્કી કરી શકાય. કોઈ પણ પદાર્થ શુદ્ધ છે કે અશુદ્ધ તે તેના ઘટત્વાંક ઉપરથી નક્કી કરીને કહી શકાય.

બ'સીલાલ ગાંધી

પૂરું થતું પખવાડિયું

દેશની અનાજની પરિસ્થિતિ વિકટ બની હોવાને કારણે ભારત સરકારે આખા દેશમાં માપબંધીમાં અત્યારે મળતા અનાજમાં ૨૫ ટકાનો કાપ મૂકવાનો નિર્ણય કર્યો છે. એટલે હવે જણ દીઠ બાર ઔંસને બદલે નવ ઔંસ અનાજ મળશે. દેશની અનાજની પરિસ્થિતિ સુધરતાં તરત જ અનાજના પ્રમાણમાં મૂકવામાં આવેલો કાપ રદ કરવામાં આવશે એવી સરકાર તરફથી ચોખવટ કરવામાં આવી છે.

હિંદના પીઢ સમાજસેવક અને દલિત વર્ગોના મહાન ઉદ્ધારક શ્રી ઠક્કરબાપાનું ગઈ તા. ૧૯ મીએ ભાવનગર ખાતે અવસાન થયું છે. અવસાન વખતે તેમની ઉંમર ૮૨ વરસની હતી.

આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ લંડનમાં મળેલી રાષ્ટ્રસમૂહના વડા પ્રધાનોની પરિષદમાં હાજરી આપીને ગઈ તા. ૨૧ મીએ પાછા આવી ગયા છે.

ઉત્તર પ્રદેશની સરકારનો જમીનદારી નાબૂદ કરવા માટેનો કાયદાનો ખરડો ત્યાંથી ઉપલી તથા નીચલી ધારાસભામાં પસાર થયો છે. એના પર રાષ્ટ્રપતિની સહી થઈ ગઈ છે. હવે એ કાયદો બન્યો છે. આ રીતે લગભગ દોઢ સદી જેટલી જૂની જમીનદારી પ્રથાનો અંત આવશે.

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૧૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩ | છમાસિક „ „ રૂ. ૨ — અમદાવાદ, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૫૧ — વાર્ષિક લવાજમ - પરદેશમાં રૂ. ૫; શિ. ૮

નમ્રતા

દુનિયાની સામે ઊભા રહેવાની શક્તિને સારુ મગરૂરી કે તોછડાઈ કેળવવાની જરૂર નથી. જિસસ દુનિયાની સામે ઊભા; બુદ્ધ પણ પોતાનાં યુગની સામે થયા. પ્રહ્‌લાદે તેવું જ કર્યું. તેઓ બધા નમ્રતાની મૂર્તિ હતા. તેને સારુ આત્મવિશ્વાસ અને પ્રભુ ઉપર શ્રદ્ધા જોઈએ. મગરૂરીમાં સામે થનારા છેવટે પડ્યા છે. . . . મગરૂરી અને . . . . ક્રોધ કેટલીક વાર કેવળ ઢોંગ હોય છે. પણ એ ઢોંગ પણ ભૂંડો છે. એમાંથી ઘણી વાર ગેરસમજનાં કારણ ઊભાં થાય. આમ ન થવા સારુ માણસે બહુ ચેતીને ચાલવાની જરૂર છે. અંત સમે એકાકી ટકી રહેવાની શક્તિ આત્યંતિક નમ્રતા વિના અસંભવિત માનું છું. અને શક્તિ આવી હોય તો જ તે ખરી વસ્તુ ગણાય. એની પરીક્ષા એમાં જ રહેલી છે.

૧૯૩૨ — ગાંધીજી

આદર્શ ગામ

આજે તો ગામડાં ઊંચાં-નીચાં, વાંકાંચૂંકાં અને ગબરગંડાં હોય છે. કોઈ ઘરનો ખૂણો વાંકો તો કોઈનું કોતરિયું નીકળેલું હોય છે. એમાં આંખને ગમે તેવી રચના કે કળા નથી. ગામડાં એવાં ના હોવાં જોઈએ. ગામની અંદર ધૂળ ના હોવી જોઈએ. રહેવાની જગા સાફ રાખવી જોઈએ. કુદરતે આપેલી સ્વચ્છ હવા બગાડવી ના જોઈએ. બધાને સ્વચ્છ હવા મળે એ આપણે પહેલું જોવું જોઈએ. ગામમાં ધૂળ, ધુમાડો કે ગંદકી ના હોવાં જોઈએ. ખેડૂતોને ઢોર કેમ રાખવાં એ આપણે શીખવવું જોઈએ. ઢોરની સાથે ઢોર ના થવું જોઈએ. ઢોર અને જાનવર એવાં હોવાં જોઈએ કે જેને જોઈને આપણી આંખ ખુશ થાય. શિવજીની પાસે પોઠિયો હોય છે એવાં આપણાં જાનવર હોવાં જોઈએ.

ગામની અંદર ઠેકઠેકાણે શૌચક્રિયા કે પેશાબ ન થાય. બાળકો પણ ગંદકી ન કરે એ માબાપોએ જોવું જોઈએ. આપણે આપણી જિંદગી જાનવરો જેવી ના રાખવી જોઈએ. મેલું ક્યાં જાય છે, એની તો ખબર પણ ના પડવી જોઈએ. ખરી રીતે તો પાયખાના અને દીવાનખાના વચ્ચે ફરક ના હોવો જોઈએ. ગામ સુંદર, સ્વચ્છ અને બગીચા જેવું હોય. બધા ભાઈ ભાઈ તરીકે રહેતા હોવા જોઈએ. પક્ષાપક્ષી કે અંટસ જવાં જોઈએ. તેમાં કોર્ટ કચેરી ન હોય અને પંચાયતનું રાજ્ય હોય.

('હરિજનબંધુ'માંથી) વલ્લભભાઈ પટેલ

ચોર અને કંજૂસ

[ઈસપની એક વાત]

એક કંજૂસ માણસ હતો. કંજૂસાઈ કરી કરીને એણે કેટલીય સોનામહોરો એકઠી કરી. કોઈ જુએ તો લઈ જાય, તેથી તેણે તેમને એક ચરુમાં મૂકી તેને એક ઝાડ નીચે દાટી રાખ્યો હતો. અને કોઈ ન જુએ એમ હોય ત્યારે એ રોજ ત્યાં જાય અને પેલો ચરુ બહાર કાઢે, મહોરો જોઈને પોતાની મેળે ને મેળે મલકાય, અને ગણીને પાછી ચરુમાં મૂકી દાટી દે. આમ તે રોજ કરતો હતો. એમાંથી તે મહોરો એકઠી કર્યાનો લહાવો માણતો.

એક દહાડો એવું બન્યું કે, તે મહોરો ગણતો હતો ત્યારે એક ચોર પાસે છુપાયો હતો. કંજૂસે તેને જોયો નહોતો; ચોરે તો કંજૂસ શું કરે છે તે લપાઈ રહીને બરોબર જોઈ લીધું. રોજના નિયમ પ્રમાણે કંજૂસે પોતાની પૂંજી ગણી લઈને પાછી જમીનમાં દાટી દીધી. પછી તે ઘેર ગયો.

હવે ચોરનો વારો આવ્યો. તેણે પેલો ચરુ ખોદી બહાર કાઢયો. પછી તેણે વિચાર કર્યો, "આ કંજૂસ માણસ છે તે સૌ કોઈ જાણે છે. તેની પૂંજી ઠીક મારે હાથ ચડી ગઈ. એ તો લઈ જાઉં. પણ ચરુમાં મહોરો જેટલા કાંકરા મૂકું તો સારું. કંજૂસને મહોરો વાપરવી તો છે નહીં; ખાલી ગણવી જ છે. એટલે એ કાંકરા પણ ગણી લે તો ચાલે." આમ વિચારી ચોરે મહોરોને બદલે એટલા કાંકરા મૂકી ચરુ હતો તેમ પાછો દાટી દીધો ને મહોરો લઈને રવાના થઈ ગયો.

બીજે દિવસે કંજૂસ તેની પૂંજી ગણવા પેલા ઝાડ પાસે આવ્યો. રોજ પેઠે ચરુ બહાર કાઢયો, પણ જુએ તો તેમાં કાંકરા જ મળે! આથી એ તો પોક મૂકીને રડવા લાગ્યો અને બૂમાબૂમ કરી મૂકી. તે સાંભળી આસપાસના લોકો તેની પાસે દોડી આવ્યા; "શું છે? શું છે?" પૂછવા લાગ્યા. રડતો રડતો કંજૂસ કહે, "હાયહાય રે! મારી મહોરો કોક લઈ ગયું!"

લોકોએ કહ્યું—પણ તેમાં રડવાથી શું વળશે? તેં અહીં શું કામ મૂકી હતી?

કંજૂસ— કોઈ લઈ ન જાય તેથી અહીં મેં સંતાડી રાખી હતી. રોજ આવીને ગણીને પાછી દાટી દેતો હતો. કોક ચોર મારું બધું ધન ચોરી ગયો.

'ઓ બાપ રે!' કરીને પાછો તે પોકે પોકે રડવા લાગ્યો.

લોકોમાંથી એક-જણે તેને કહ્યું, 'પણ તું રડે છે શું કામ? મહોરોનો કશો ખપ તો તને હતો નહીં. તું તેને ગણતો જ હતો ને પાછી દાટી રાખતો હતો. ન એ તને કામની હતી કે ન બીજા કોઈને. ગણવા માટે તો તને કાંકરા પણ કામ લાગે. રોજ અહીં આવવું ને કાંકરા ગણવા. તારે ગણવા માટે જોઈએ, ત્યાં પછી મહોર શું અને કાંકરા શા? તારે બેઉ સરખાં જ ગણાય.'

કંજૂસ આનો શો જવાબ આપે! કંજૂસનું ધન કાંકરા બરોબર જ ગણાય છે, તે આથી કરીને. તે નથી તેને કામનું કે નથી કોઈ બીજાને.

૯-૨-'૫૧ મગનભાઈ દેસાઈ

કહેવું સહેલ છે, પણ કરવું મુશ્કેલ.

આપણો અંધવિશ્વાસ

ઓરિસ્સાના નેપાલબાબાની વાત તો હવે આપણે ત્યાં પણ પ્રસિદ્ધ થઈ ગઈ છે. ૧૧–૧૨ વરસના એક છોકરાને ઊભો કરીને કેટલાક સ્વાર્થસાધુ લોકોએ જાહેર કર્યું કે આ છોકરો કૃષ્ણનો અવતાર છે અને એવી ચમત્કારિક દવા આપે છે કે કોઈ પણ રોગ એનાથી મટી જાય છે. આ છોકરાને ઊભો કરનારા લોકોએ કેટલાક આંધળા લોકોને એકઠા કરીને તેમને પૈસા આપીને એમની પાસે એમ પણ કહેવડાવ્યાનું હવે જાણવા મળે છે કે અમને નેપાલબાબાની દવાથી થોડું થોડું દેખાતું થયું છે. છાપાંઓમાં આ વાત મોટે અક્ષરે છાપવામાં આવી. કેટલીય ભાષાઓમાં નેપાલબાબા અંગે પત્રિકાઓ છપાઈ. આ બધા પ્રચારથી હજારો લોકો એ છોકરાની દવા લેવા ઊપડયા. ઠેઠ મદ્રાસથી રંતલાઈ જવા માટે ખાસ રેલગાડીઓ દોડી. મધ્ય પ્રદેશથી લોકો ખાસ ખટારા કરી કરીને ત્યાં દોડી ગયા. આંધળા–લૂલા ને લંગડા આવ્યા, ગાંડાઓ આવ્યા ને અર્ધા ચક્રમ આવ્યા, ક્ષયરોગ અને રક્તપિત્ત જેવા ચેપી રોગના રોગીઓ પણ આવ્યા. હજારો લોકોએ ત્યાં ભીડ કરી. સફાઈ શું એ તો કોઈ જાણે જ શાના? એટલે એમાંથી રોગ ફાટી નીકળ્યો. કોલેરાથી કુલ કેટલા લોકોના જાનની ખુવારી થઈ એ તો કોઈ જાણી શકયું જ નથી, પણ ઓરિસ્સાના સરકારી માણસો પણ કહે છે કે બે ત્રણ હજારથી ઓછા માણસો એમાં મર્યા નહીં હોય. લોકો પોતાનાં સગાંવહાલાંને અધમૂએલી અવસ્થામાં મૂકીને નાસવા માંડયા. પતિએ પત્નીને

પડતી મૂકી, માએ ધાવણા બાળકને તજ્યું. રંતલાઈના રસ્તા પર સેંકડો શબ ગીધોએ પીંખી ખાધાં. શ્રી માલતીદેવી ચૌધરી અને તેમની શિષ્યાઓએ પોતાને હાથે કોડી કોડી મુડદાં બાળ્યાં.

આ ચાર પાંચ બહેનો જ્યારે પોતાના પ્રદેશ પર આવી પડેલી આ મહાન આફતને ટાળવા દિવસ રાત એક કરતાં હતાં ત્યારે તે જ પ્રસંગનો લાભ લઈને મોટરવાળાઓ એકને બદલે સો સો રૂપિયા ભાડું લેતા હતા. દાક્તરો કૉલેરાનાં ઇન્જેકશન આપવા માટે ૧૫-૧૫ રૂપિયા માગતા હતા અને જ્યાં જુઓ ત્યાં ધોળે દહાડે લાંચનું રાજ્ય ચાલતું હતું. અને સરકાર આ બધાને રોકી શકતી નહોતી. એનું એક મોટું કારણ એ હતું કે નેપાલબાબાનાં દર્શન કરવા આવનારાઓમાં બીજા પ્રાંતોના પોલીસ અમલદારો, સી. આઈ.ડી. અધિકારીઓ અને ઉચ્ચ હોદ્દો ધરાવતા સરકારી અમલદારો હતા. ઉપરાંત કેટલાક પ્રધાનો અને પ્રાન્તપતિઓએ રંતલાઈ આવવા-ની ઇચ્છા બતાવી હતી.

હવે સરકારે આ બધું પ્રકરણ બંધ કર્યું છે. પણ આવા ઢોંગ બંધ કરાવવા માટે સરકારની મદદ લેવી પડે એ આપણી કમનસીબી છે. આ બધાના મૂળમાં આપણું અજ્ઞાન અને આપણો અંધ વિશ્વાસ છે, તથા વગર મહેનતે રોગમુક્ત થઈ જવાની આપણી આળસુ વૃત્તિ છે. આ પ્રકરણ આપણાથી દૂર ઓરિસ્સા-માં થયું તેથી આ પાપમાં આપણો કંઈ હિસ્સો નથી એમ માનવાની જરૂર નથી. રંતલાઈમા એ છોકરાને હીરામોતીની ભેટો આપનારાઓમાં આપણા

ગુજરાતીઓની સંખ્યા મોટી હતી. અને આપણામાંથી જે આજે ભૂતપિશાચ કે ભૂવાજતિમાં માને છે તે બધા પણ આમાંના જ છે એમ આપણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ.

નારાયણ દેસાઈ

બીજાના સુખને ખાતર

ભગવાન ઈસુએ કહ્યું છે:

"જે અન્યને ખાતર જીવતર સોંઘાં કરશે તે જીવન પામશે; જે જિંદગીના જતન પાછળ પડશે તે જિંદગી ખોશે."

આમ દુનિયાના બધા મહાપુરુષો મરણને તુચ્છ ગણતા હતા. એ મહાત્માઓ તો પોતાનું માથું હાથમાં લઈને જ ફરતા હતા. દુનિયાને સારે માર્ગે દોરવા માટે તેઓ જીવનને હોડમાં મૂકતાં જરાયે ડરતા નહીં.

સામાન્ય માનવીને પોતાના જીવનનું ખૂબ મમત્વ હોય છે. એને મન જીવન એ જ સર્વસ્વ. જીવનને ટકાવવા માટે પોતાના આત્માને ઠગતાં એને જરાયે આચકો લાગતો નથી, અસત્ય આચરણ કરતાં એ લગારે ડરતો નથી. અને જીવન જરા મુશ્કેલીમાં આવી પડે તો એ અકળાઈ જાય છે.

પરંતુ જેનો આત્મા મહાન છે અને જેઓ સમજે છે કે:

'મૃત્યુ નવં પૂરું કરે,
જીવનું જીવન અહીં;
અધિક અધિક વિકાસની
છે ભૂમિ અન્ય, જવું ત્યહીં.'

તેઓ તો સત્યને ખાતર, બીજાના સુખને ખાતર પોતાના જીવનને હોમી દેતાં અચકાતા નથી. એમને મન તો મરણ એ જ જીવનની સાર્થકતા છે. બીજાને માટે

જીવતર આપવું એના જેવો ભવ્ય પ્રસંગ બીજો કયો હોય?

ઈ. સ. ૧૭૨૦ની એક વાત છે. ફ્રાંસ દેશમાં આવેલા માર્સેલ્સ શહેરમાં ભારે મરકી ફેલાઈ ગઈ. માણસો ટપોટપ મરવા લાગ્યાં. દાક્તરોને પણ મરકી એટલે કે પ્લેગના રોગનું કારણ મૂંઝવી રહ્યું હતું. તેમણે તનતોડ પ્રયત્નો કર્યાં, પણ તેઓ કંઈ ફાવ્યા નહીં. તેઓ બધા નિરાશ થઈ ગયા.

એવામાં એક દાક્તરે કહ્યું: "હજી એક વસ્તુ કરવા જેવી છે ખરી. આપણે બહારથી ભલે આ ચેપી રોગની કેટલીયે તપાસ કરીએ, પણ એ બધું નકામું છે. જો કોઈ દાક્તર મરકીથી મરેલા માણસનું મડદું ચીરીને એના બધા અવયવો તપાસે, તો એ રોગ માણસ પર શી અસર કરે છે તે જાણી શકાય."

પરંતુ આવું જોખમભર્યું કામ કરવા કોણ તૈયાર થાય? એવું કામ કરવા તૈયાર થાય તો એ પોતે જ આ ભયંકર ચેપી રોગનો ભોગ થઈ પડે તો?

બધા દાક્તરો મૂંઝાયા. બધે શાંતિ પ્રસરી ગઈ. એવામાં એક જુવાન દાક્તર આગળ આવ્યો. તેનું નામ 'હેનરી ગાયન' હતું. તે ધીરેથી બોલ્યો, "હું આ કામ કરવા તૈયાર છું. મારા કુટુંબમાં હું એકલો જ છું. નથી મારે બૈરી કે છોકરાં. મને કશું થઈ જાય તો મારી સઘળી મિલકત માર્સેલ્સના દવાખાનાને આપી દેજો."

પછી તે મરકીથી મરેલા એક માણસનું મડદું ચીરવા બેઠો. ચીતરી ચડે એવું એ ગંધાતું મડદું હતું. પણ હેનરી તો મડદું ચીરતો જાય અને એમાં જે જે એણે જોયું તે કાગળ પર નોંધતો જાય. એ બધા નોંધના

કાગળોને જો કોઈ હાથ લગાડે તો એ માણસને મરકી લાગુ પડવાનો સંભવ ખરો. તેથી હેનરી એ બધા કાગળોને રસાયણમાં બોળીને બાજુએ મૂકતો હતો.

દાક્તર આ કામ કરતો હતો એવામાં એકાએક એને તાવ ચડયો અને બાર કલાકમાં તો એ ભલો દાક્તર મરી ગયો!

એના દાક્તર સાથીઓએ એની બધી નોંધ વાંચી અને મરકીના કારણ સંબંધી એમને ઘણું નવું જાણવાનું મળ્યું.

આમ દાક્તર હેનરીએ મનુષ્યજાતિના સુખ ખાતર પોતાનો પ્રાણ આપ્યો!

મુકુલભાઈ

કેટલું બધું ભયાનક!

ત્રીજા વિશ્વયુદ્ધની તૈયારીઓમાં પશ્ચિમના રાષ્ટ્રો મશગૂલ થયાં છે. પરંતુ વિશ્વયુદ્ધ કેટલું ભયાનક નીવડે છે તે વારંવાર ભૂલી જવાય છે. ૧૯૧૪–૧૯ના પ્રથમ વિશ્વયુદ્ધની જ ભયંકરતા કેટલી હતી તેના થોડા આંકડા તપાસવા જેવા છે. એ લડતની મીમાંસા કરતું સુંદર પુસ્તક પેઈજ નામના લેખકે લખેલું. ગાંધીજીએ એ પુસ્તકનો સારાંશ 'યંગ ઇન્ડિયા'મા આપેલો. પ્રથમ વિશ્વયુદ્ધનાં ત્રણ ભયાનક પરિણામો એમાં જણાવ્યાં છે:

(૧) માનવસંહાર અને માનવજાતિને નુકસાન

મરણ પામેલા સૈનિકો	૧૦૦૦૦૦૦૦
,, ,, શહેરીઓ	૧૩૦૦૦૦૦૦
ઘાયલ થયેલા	૨૦૦૦૦૦૦૦
ગુમ થયેલા	૩૦૦૦૦૦
કેદીઓ	૩૦૦૦૦૦૦
નિરાધાર બાળકો	૯૦૦૦૦૦૦
,, વિધવા	૫૦૦૦૦૦૦
દેશવટો ભોગવનાર	૧૦૦૦૦૦૦૦

આનો અર્થ એ થાય કે રોજ ૧૦૦૦ માણસની સ્ટીમર ડુબાડવામાં આવે અને કાર્ય ૭૦ વર્ષ સુધી ચાલુ રાખીએ તો વિગ્રહથી થયેલી પાયમાલીનો ખ્યાલ આવે.

(૨) રાક્ષસી ખર્ચ

સીધો ખર્ચ ૧૮૬૩૩૩૬૩૭૦૯૭ ડૉલર

પરોક્ષ ખર્ચ ૩૩૭૯૪૬૧૭૯૬૫૭ ડૉલર

આનો અર્થ એ થાય કે રોજ દર કલાકે ૨૦૦૦૦ ડૉલર ખર્ચ થતો જ રહે તો વિગ્રહના ખર્ચને પહોંચતાં ૧૯૨૬ વર્ષ થાય.

(૩) અનીતિમાં ભયાનક વધારો

એવી સાબિતી મળી છે કે યુદ્ધ ચાલુ હતું તે દરમ્યાન તેમ જ લડત બંધ થયા પછી પણ ધંધાદારી વેશ્યાની સંખ્યામાં પુષ્કળ વધારો થયો.

સ્ત્રી પુરુષ સંબંધમાં નૈતિક શિથિલતાનું પ્રમાણ પુષ્કળ વધી ગયું.

વિગ્રહના કાયમી ભયાનક પરિણામમાં આ પ્રકારનું નૈતિક અધઃપતન સૌથી વધુ વિનાશકારી પરિણામ નીવડી રહ્યું છે.

આ તો પ્રથમ યુદ્ધનાં પરિણામો વિષેની વિગતો છે. બીજા વિશ્વયુદ્ધને તો ઍટમબૉંબે કલંકિત કરી દીધું છે. તો હવે ત્રીજા વિશ્વયુદ્ધની અંદર કેવી ભયાનક પાશવલીલાનું તાંડવ થશે તે કોણ જાણી શકે!

દિલખુશ બ૦ દીવાનજી

લોકકલ્યાણ માટે સ્વરાજ

[‘ભારતની સરકારોને આદેશ’નો આગળનો હપતો]

ગયા અંકમાં આપણે, દરેક નાગરિકને શિક્ષણ અને કામ મેળવવાનો હક છે એમ ભારતની બધી સરકારોને બંધારણે આદેશ આપ્યો છે, તે જોયું. સુવ્યવસ્થિત અને સ્વતંત્ર દેશના નાગરિકને કામ ન મળે એમાં એનું નસીબ કે ઈશ્વર વાંકો છે એમ નહીં, પરંતુ ઈશ્વરે આપેલી બક્ષિસોનો અવળો ને ખોટો ઉપયોગ કરવાથી માનવ-જગત એવી બેકારીની અવદશા ઊભી કરે છે, એ માન્યતા એમાં રહેલી છે. તેથી રાજ્યનો અથવા સ્વરાજ-સરકારોનો ધર્મ છે કે, દરેકને જોઈતું કામ મળી રહે એવી અર્થવ્યવસ્થા અને સમાજ-વ્યવસ્થા તેણે કરવી જોઈએ.

અને ગમે તેવું કામ મળે એ પણ ન ચાલે. જેમ કે, આપણાં દેટલાંય કસબાનાં ગામોમાં મ્યુનિસિપાલિટીના ભંગી-ભાઈઓને જેવી અવદશામાં કામ કરવું પડે છે, તે કોઈ રીતે નભી ન શકે એવી વાત છે. માણસને માણસ તરીકે, સ્વચ્છતા અને સુઘડતાથી તથા સ્વમાનભેર કામ કરવાની જોગવાઈ મળે ત્યારે ખરું. ઉપરાંત, પૂરો દિવસ કામ કરનારને પેટ પૂરતું બરોબર મળી રહેવું જોઈએ. સ્ત્રીઓ કામ કરનારી હોય તો તેમને સુવાવડ ઇ૦ માટે રાહતની જોગવાઈ હોવી જોઈએ.

આમ, કામ મળે એનો અર્થ માણસને શોભે એવી રીતે કરવાનું ને પૂરતા વળતરવાળું કામ મળવું જોઈએ.

આથી કરીને બંધારણની કલમ ૪૨, ૪૩માં કહેવામાં આવ્યું છે કે,

૪૨. કામ કરવાની ન્યાયી અને માનવતાભરેલી સવડો મળે તેને માટે તથા સુવાવડની રાહતને માટે રાજ્ય જોગવાઈ કરશે.

૪૩. ખેતીમાં, ઉદ્યોગધંધામાં કે બીજા કામ કરતા બધા કામદારોને કામ મળે, જીવન માટે પૂરતું મહેનતાણું મળે, અને કામકાજ કરવા માટે એવી સવડભરી પરિસ્થિતિ મળે કે જેથી સારું જીવનધોરણ સચવાય અને નવરાશ તથા સામાજિક ને સાંસ્કૃતિક વિકાસની તકોનો પૂરો ઉપભોગ કરવાની સવડ

મળે — આને માટે, ઘટના કાયદા કરીને કે ઘટતું અર્થતંત્ર રચીને કે બીજી કોઈ રીતે રાજ્ય પ્રયત્ન કરશે. અને ખાસ કરીને, ગ્રામવિસ્તારોમાં છૂટા છૂટા કે સહકારી પાયા ઉપર ગૃહઉદ્યોગો ખીલે તેમ કરવા પ્રયત્ન કરશે.

બંધારણની આ કલમોનો તરત અમલ કરવો અશકય છે; છતાં સ્વરાજ સરકારની રાજ્યનીતિ એમાં અંકાઇ ચૂકી છે, એ મોટી વાત છે. હિંદમાં સ્વરાજ થશે તે લોકકલ્યાણ અર્થે સર્વોદયનું કામ કરશે, એવી ખાતરી બંધારણના આ આદેશોમાં આપવામાં આવી છે.

૧૧-૨-'૫૧ મગનભાઈ દેસાઈ

પહેલો સુધારો પોતે કરવો

(૧)

એક ભાઈ પોતાનું મકાન બંધાવતા હતા. તેમને પોતાનુ મકાન ચૂનાથી ચણાવવાને બદલે સિમેંટથી કરાવવું હતું. પણ તે માટે પૂરનો સિમેંટ મળતો નહોતો. કોઈ ખેડૂતને કૂવો કરાવવા માટે સિમેન્ટ મળેલો તેની પાસેથી કેટલોક વધારે ભાવ આપીને લીધો. કેટલોક પોતાના ખેતરના કૂવા માટે અરજી કરીને મેળવ્યો. છતાં પૂરતો ન થયો એટલે એક મુરબ્બીની પાસે પુરવઠા ખાતાના અધિકારી ઉપર ચિઠ્ઠી લેવા ગયા અને ભલામણ ચિઠ્ઠી મેળવવા કહ્યું,

'મારે ઘર માટે સિમેંટ જોઈએ છે. સીધી રીતે અરજી કરવાથી મળતો નથી તો તમે ભલામણચિઠ્ઠી ન આપો!'

જ૦— ઘર માટે સિમેંટ તમને મળી શકે નહીં. ઘર માટીથી કે ચૂનાથી થઈ શકે છે. તે માટે બીજાને મળતો નથી તો પછી 'તમને શી રીતે મળે !

સ૦—બીજા ઘણા ચિઠ્ઠીપત્રથી મેળવે છે. એટલે તમારી ચિઠ્ઠી હોય તો ગમે તેમ કરીને આપે. એમાં તમને વાંધો શો છે!

જ૦—તમે બીજી રીતે અમલદારોની ટીકા કરો છો કે તેઓ લાગવગથી કામ કરે છે અને પૈસા ખાય છે. તો પછી તમે પોતે એ રસ્તે શું કામ જાઓ છો !

સ૦— કામ હાથમાં લીધું હોય તે તો પૂરું કરવું જ જોઈએને!

સીધી રીતે અરજી કરતાં માલ ન મળે તો શું કરવું?

જ૦— સીધી રીતે જ થાય તે કરવું. મકાન માટીથી કે ચૂનાથી કરવું પણ ગેરવાજબી રીતે માલ મેળવવાનો પ્રયત્ન ન કરવો. તમને એમ લાગતું હોય કે સરકારી વહેવારમાંથી લાગવગ દૂર થવી જોઈએ તો પછી તમારે પોતે એનો આશરો ન લેવો જોઈએ.

(૨)

બીજા એક ભાઈ નોકરી મેળવવા પ્રયત્ન કરતા હતા. તેમણે પણ ભલામણચિઠ્ઠી માગી તો કહ્યું કે 'તમે પોતે ફરિયાદ કરો છો કે બીજા લોકો લાગવગથી ઘૂસી જાય છે અને તમારી અરજી કોઈ ધ્યાનમાં લેતું નથી. તો પછી તમે ભલામણચિઠ્ઠી શું કામ માગો છો? તમારે લાગવગ ચલાવવાનો પ્રયત્ન નહીં કરવો જોઈએ અને ન્યાયની રીતે થાય તે થવા દેવું જોઈએ.'

સ૦— પણ એમ કરવા જતાં નોકરી હાથમાંથી જાય છે તેનું શું?

જ૦— અયોગ્ય રીતે નોકરી મેળવવી એ ખોટું છે એમ માનતા હો તો નીતિની ખાતર થોડું સહન કરવું પડે. છેવટે એમાંથી તમને અને સમાજને લાભ જ થશે. અને આપણે જે સુધારો ઇચ્છીએ છીએ તે થશે.

સ૦— પણ બીજા લાગવગથી લાભ લઈ જાય અને આપણે એકલા તેનો આશરો ન લઈએ તેથી શું વળે? એથી સુધારો તો થતો નથી અને આપણે એકલાને સહન કરવું પડે છે ને?

જ૦— સુધારો બધા કરે પછી તે સુધારો રહેતો નથી. સુધારાની શરૂઆત વ્યક્તિઓએ જ કરવી જોઈએ.

સ૦— તમે આવી વાત કરો છો ત્યારે બીજા કોંગ્રેસવાળા તો પોતાનાં સંબંધીઓનાં ઘણાં કામ કરાવી આપે છે. આ તો તમે તમારા સંબંધીઓને દંડો છો એવું થયું ને?

જ૦— ના. એથી સંબંધીને પણ લાભ જ છે. જે સંબંધી ઊલટું સમજે છે એ ભૂલ કરે છે અને જે કોંગ્રેસવાળા ઊલટું વર્તન કરે છે તે પોતાની જાતને હલકી પાડે છે અને કોંગ્રેસના શુભ નામને કલંક લગાડે છે. આપણે તેમ ન કરવું જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

અવતારોનું નસીબ

બુદ્ધ ભગવાને કલ્યાણ ધર્મનો પ્રચાર કર્યો. એમના શિષ્યોએ ખૂબ યોગ્યતાપૂર્વક એનો વિસ્તાર કર્યો. આજે કરોડો લોકો પોતાને બૌદ્ધ કહેવડાવે છે. સંઘનો વિસ્તાર તો થયો, પણ નથી એમાં ધર્મની ભાવના દેખાતી, નથી બુદ્ધ ભગવાનના અવેરને અનુસરતું જીવન દેખાતું.

મહંમદ પેગંબરે ઇસ્લામં (શાંતિ ધર્મ)નો પ્રચાર કર્યો. મોટા, મોટા સંતોએ એ પ્રમાણે જીવનસાધના કરી બતાવી. આજના કરોડો મુસલમાનોના જીવનમાં એ દીન (ધર્મ) અને ઇમાન (શ્રદ્ધા) વિજય પામે છે!

પુત્રધર્મી પરમ ભાગવત ઈશુએ ભક્તિ અને સેવાનો પ્રચાર કર્યો. અનેક સાધુસંતોએ એને અનુસરીને જીવનતપસ્યા કરી. અત્યાચારો સહન કર્યા. આજે એ ધર્મ આખી દુનિયામાં ફેલાઈને પોતાનો પ્રભાવ બતાવે છે. પરંતુ ખ્રિસ્તી જીવનમાં ઈસા મસીહના ઉપદેશનો વિજય દેખાય છે ખરો!

રાષ્ટ્રપૂજક મૅઝિનીએ જગતને માનવતા અને પ્રજાશક્તિનો ઉત્કર્ષ શીખવ્યો. અને આખી જિંદગી ઇટાલીને પૂજ્યું. મૅઝિનીના પ્રયત્નથી ઇટાલી સ્વતંત્ર થયું. પરંતુ એણે મૅઝિનીના ઊંચા આદર્શનું પાલન ન કર્યું.

આવા તો અસંખ્ય દાખલા આપી શકાય.

મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના પાયા પર સત્યાગ્રહ વડે ભારતને આઝાદ કરી બતાવ્યું. જેટલા પ્રભાવશાળી અનુયાયી એમને મળ્યા તેટલા બીજા કોઈ ધર્મસંસ્થાપક, પેગંબર કે ઈશ્વરના દૂતને નહી મળ્યા હોય. ગાંધીજીનો સંદેશો હિંદુસ્તાને સાંભળ્યો, માન્યો. સ્વતંત્ર ભારત જગતના દરબારમાં નવી જ રાજનીતિ ચલાવે છે. તેજસ્વી અને સ્વાવલંબી સ્વયંપૂર્ણ અહિંસક સમાજની સ્થાપના કરવાનો પાયો ગાંધીજીએ નાખ્યો. હવે ગાંધીજીના નસીબમાં પણ બુદ્ધ,

મહંમદ, ઈશુ અને મૈત્રિની જેવા તત્ત્વનિષ્ઠના નસીબમાં હતું તે જ છે !

ફૂડકપટ, ચાલબાજી, હિંસા અને બદલો લેવાની બદીમાંથી ઋષિ-મુનિઓનું આ રાષ્ટ્ર છૂટશે કે નહીં ! આજ સુધી ભારત શોષિત રાષ્ટ્ર હતું. હવે શું તે અમેરિકાને ચીલે ચાલીને શોષકોની જમાતમાં ભળશે ! કે રશિયાના ચેલા બનીને હિંસાવાદનું તાંડવ કરી બતાવશે ?

હરેક ભારતીય આત્માએ આનો જવાબ આપવો પડશે.

કાકા કાલેલકર

પાણી, એક તત્ત્વ

જૂના જમાનામાં પાણી એક તત્ત્વ મનાતું. તત્ત્વ સ્વયંભૂ હોય. એ બીજા કોઈ પદાર્થોનું સંયોજન કરી બનાવી શકાય નહીં. બીજા પદાર્થો સાથે સંયોજનમાં હોય તો તે છૂટું પાડી શકાય. પાણી તત્ત્વ ગણાતું તેનો અર્થ એવો થાય કે બીજા કોઈ પદાર્થ ભેગા કરી તેમના મળવાથી પાણી થાય નહીં તેમ જ પાણીનું પૃથક્કરણ કરી તેમાંથી બીજા પદાર્થો ઉત્પન્ન કરી શકાય નહીં.

પાણીમાંથી વીજળી પસાર કરતાં પાણીનું પૃથક્કરણ થયું અને તેમાંથી બે વાયુઓ છૂટા પડ્યા. એટલે રાસાયણિક રીતે જોતાં પાણી એ તત્ત્વ નથી એમ નક્કી થયું. પાણીમાંથી છૂટા પડેલા બે વાયુઓની પરીક્ષા કરતાં તે ઑક્સિજન ને હાઇડ્રોજન જણાયા. તે વાયુઓનું વજન કરતાં, ઑક્સિજનનું વજન હાઇડ્રોજન કરતાં આઠગણું થયું. વળી કદમાં તપાસતાં ઑક્સિજન કરતાં હાઇડ્રોજનનું કદ બમણું થયું. હાઇડ્રોજનના પરમાણુનું વજન ૧ લઈએ તો ઑક્સિજનના પરમાણુનું વજન ૧૬ થાય. એટલે પાણીમાં બે પરમાણુ હાઇડ્રોજનના અને એક પરમાણુ ઑક્સિજનનો છે એમ સિદ્ધ થયું. પાણીને રાસાયણિક સંજ્ઞામાં લખવું હોય તો H_2O એમ લખાય અને એચ૨ ઓ એમ વંચાય. 'એચ૨' (એચ બે) એટલે બે પરમાણુ હાઇડ્રોજનના અને 'ઓ' એટલે ઑક્સિજનનો એક પરમાણુ અને એ બેના સંયોજનથી થનો પદાર્થ તે એચ૨ ઓ (H_2O) એમ સમજાય

બંસીલાલ ગાંધી

પૂરું થતું પખવાડિયું

ફેબ્રુઆરીની ૯મી તારીખથી આખર તારીખ સુધી હિંદભરમાં વસ્તી ગણતરી કરવાનું કામ ચાલશે. ત્યાર પછી ૧લી માર્ચથી ૩જી માર્ચ સુધીના ત્રણ દિવસોમાં ગણતરીના થઈ ચૂકેલા કાર્યની ફેર તપાસ થશે અને એ રીતે વસ્તી ગણતરીનું કામ પૂરું થશે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે સામ્યવાદી ચીનને કોરિયામાં આક્રમણ કરનાર તરીકે જાહેર કર્યું છે. હિંદની આગેવાની નીચે એશિયાના ઘણા દેશોના ભારે વિરોધ છતાં સંયુક્ત રાષ્ટ્રસંઘની રાજકીય સમિતિએ વધુમતીથી આ નિર્ણય કર્યો છે.

દક્ષિણ કોરિયાના પાટનગર સેઉલનો સંયુક્ત રાષ્ટ્રસંઘ તરફથી લડતા અમેરિકન લશ્કરે ફરીથી કબજો લીધો છે.

નેપાળના વચગાળાના પ્રધાનમંડળનાં નામો અંગે સમજૂતી થઈ ગઈ છે. હિંદ આવી વસેલા નેપાળના રાજા ત્રિભુવન ૧૫મી ફેબ્રુઆરીએ નેપાળ પાછા ફરશે અને તરત જ નવા પ્રધાનમંડળની જાહેરાત કરશે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૧૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧લી માર્ચ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

આદર્શ નેતા

ચોવીસે કલાક પ્રતિક્ષણ પરમેશ્વરનો સાક્ષાત્કાર [કરવાનો ગુણ નેતામાં હોવો જોઈએ.] સત્ય એ પરમેશ્વર છે, ને અહિંસા એ તેની પ્રાપ્તિનો ઉપાય છે. નેતામાં આત્મજય પૂરેપૂરો હોવો જોઈએ. ક્રોધ, ભય ને અસત્યને તેના જીવનમાંથી દેશવટો મળવો જોઈએ. માણસે શૂન્યવત્ બની જવું જોઈએ. તેણે જીભના સ્વાદ ન કરવા જોઈએ, તેનાથી વિષયસુખના લહાવા ન લેવાય. એવી આત્મશુદ્ધિથી તેનામાં શક્તિ આવે. એ શક્તિ માણસની પોતાની નથી હોતી, ઈશ્વરની હોય છે. મારું બળ શામાં રહેલું છે? હું પોતે શી વિસાતમાં છું? પંદર વરસનો છોકરો મને ધક્કો મારીને ગબડાવી પાડે એમ છે. હું પોતે તુચ્છ છું. પણ મેં ભય અને વાસનાથી મુક્તિ મેળવી છે, એટલે હું ઈશ્વરની શક્તિ જાણું છું.

હું તમને કહું છું કે આખી દુનિયા ઈશ્વરનો ઇનકાર કરે તો હું એકલો ઊભો રહીને કહું કે 'ઈશ્વર છે.' હું તો નિરંતર એ ચમત્કારનું દર્શન કર્યાં જ કરું છું.

૧૯૩૧ ગાંધીજી

બાંડી શિયાળ

એક શિયાળ ફરવા નીકળ્યું હતું. વનમાં એક શિકારીએ ફાંદો ગોઠવ્યો હતો. શિયાળ તેમાં ફસાઈ ગયું. છટવા ખૂબ મહેનત કરી. જેમ તેમ કરીને નીકળ્યું, પણ પૂંછડી એવી ભરાઈ રહી કે નીકળતાં તે તૂટી ગઈ. શિયાળ બાંડું થઈ ગયું. પૂંછડી જતાંય છૂટયું તે માટે મનમાં પ્રભુનો પાડ માનતું તે ત્યાંથી જીવ લઈને ભાગ્યું.

પણ પૂંછડી જવાથી નવી પીડા ઊભી થઈ. વનમાં પોતાના સાથીઓ પાસે જતાં તેને મનમાં વિચાર આવ્યો, "હું છૂટયું એ તો સારું થયું. પણ પૂંછડી વગરનું બાંડું થયું, તે જોઈને મારા જાતભાઈઓ મારી મશ્કરી કરશે. મને બાંડું! બાંડું! કહેશે. આનું શું કરવું? કાંઈક રસ્તો કાઢવો જોઈએ. નહીં તો રોજની આ ફજેતી તો જીરવાશે કેમ કરીને!"

તેણે આ માટે આબાદ યુક્તિ વિચારી કાઢી. જતાંવેંત તેણે લાગલી બધાં શિયાળની સભા બોલાવી, અને તેમને એક મોટું ભાષણ આપ્યું:

" મિત્રો, એક મોટી શોધ મેં કરી છે; તે સૌને કહેવાને માટે આ સભા બોલાવવામાં આવી છે. તમે જુઓ છો કે, મેં પૂંછડી કાઢી નંખાવી છે. આ વસ્તુ મને અત્યાર સુધી કેમ ન સૂઝી; એ જ નવાઈની વાત છે. પરંતુ જાગ્યા

ત્યાંથી સવાર. પૂંછડી ન હોવી એ એક કેવી મજાની ને અદ્દભુત ચીજ છે, એનો તમને ખ્યાલ નહીં આવે. પણ હું અનુભવે કહું છું. આપણી પાછળ પૂંછડીનો એ ભારો વળગી રહેવાથી શો ફાયદો હતો? એ ભાર શું કામ ઊંચકીને ફરવું જોઈએ? મને હવે હલકું ફૂલ જેવું લાગે છે. દોડવાનું તો હવે એવું ફાવે છે કે જાણે તીર છૂટ્યું! આથી મને મનમાં સ્વાભિમાન છૂટે છે.

"અને પૂંછડી હોવાથી આપણું રૂપ પણ ઓછું જ વધતું હતું? આ મનુષ્યો મગરૂર થઈને દુનિયામાં ફરે છે. તે શાથી? એમને પૂંછડી નથી. એમની પાસેથી પણ આપણે આ શીખવું જોઈતું હતું. તમને પણ મારી પેઠે નવાઈ લાગશે કે, આવો સીધો વિચાર અત્યાર અગાઉ કેમ આપણને ન આવ્યો! ખેર, હવે આપણે સદ્દભાગ્યે એ વિચાર મને મળ્યો છે, અને એ હું તમારી આગળ મૂકું છું. આપણે કાલથી જ તેનો અમલ કરવા માંડીએ. બધાએ પોતાની પૂંછડી કપાવી નાખવી."

આ અદ્દભુત વિચાર સાંભળી બધી શિયાળોએ 'ઊકો, ઊકો' પોકારી તાળીઓ પાડી. થોડી વારે એક ઘરડો શિયાળ ઊભો થયો ને બોલ્યો, "એ વાત તો ખરી; પણ તમે આજે ક્યાંથી જાગ્યા? તમારી પૂંછડી ગઈ એટલે જ આ જ્ઞાન અમને આપવા નીકળ્યા છો ને?"

બાંડા શિયાળની યુક્તિ ઉઘાડી પડી ગઈ. ઘણા લોક આમ જ 'પડ્યા ત્યારે કહે નમસ્કાર',–ના જેવું કરે છે.

૨૩-૨-'૫૧ મગનભાઈ દેસાઈ

આપ સમાન બળ નહીં, ને મેઘ સમાન જળ નહીં.

દારૂબંધી

આદિવાસી ભાઈઓની મોટી વસ્તીવાળા એક ગામે એક કાર્યકર્તાએ આદિવાસીઓને દારૂનિષેધ સંબંધમાં પૂછ્યું: "દારૂ પાછો આવે તો તમે રાજી ને?" જવાબ મળ્યો: "મહેરબાની કરીને ન લાવશો. દારૂનિષેધ પછી અંદર અંદરના ઝઘડા મટયા છે એટલું જ નહીં પણ હવે અમારા ભાઈઓ સારાં ઘર કરતા થયા છે અને કોઈ કોઈ તો બજારમાંથી ચાંદી ખરીદે છે." બજારમાં તપાસ કરતાં ચાંદીનો ઉપાડ વધતો જવાની ખાતરી થઈ.

દારૂબંધી આ રીતે ગામડાંની ગરીબ આમ જનતાને ઉપયોગી થઈ પડી છે અને એ અજ્ઞાન અને ગરીબ લોકોના ઘરમાં શાંતિનું કારણ થઈ પડી છે. આવા અસંખ્ય લોકોનો અવાજ બહાર આવતો નથી પણ તેમની આંતરડી દુવા દે છે એ નિર્વિવાદ છે.

પરીક્ષિતલાલ મજમુદાર

સંત-સમાગમ

જીવનમાં સજ્જનનો સંગ બહુ પુણ્યથી મળે છે. પણ આપણે જોઈએ છીએ કે, ઘણી વાર આપણે બારણે જ એવા સંતપુરુષો આવીને ઊભા હોય, પણ આપણે તેમનાથી દૂર ભાગીએ છીએ! આપણને સંતપુરુષની પાસે જતાં કોઈ વાર નાનમ આવે છે. આપણામાં રહેલો અહંકાર આપણી આડે આવે છે. વળી કોઈ બીજાની મોટાઈ જોઈને આપણને એની અદેખાઈ આવે છે અને એવા મોટા માણસ પાસે જવાનું આપણને ગમતું

નથી. ખરેખર, આ રીતે આપણે જીવનનો અમૂલ્ય લહાવો ગુમાવીએ છીએ. આપણે જાણીએ છીએ કે સારા માણસના સંગથી આપણને લાભ થાય જ છે. જો લાભ ન થતો હોય તોયે નુકસાન તો કદી થતું જ નથી. આમ છતાં આપણામાં રહેલાં અહંકાર અને અદેખાઈ આપણા દુશ્મન જેવાં બની રહે છે. જો આટલું આપણે છોડી દઈએ તો સંત-સમાગમ આપણને ખૂબ લાભદાયક થઈ પડે. અહીં મને એક વાત યાદ આવે છે:

એક ગામમાં એક સંતપુરુષ પધાર્યા. સંતપુરુષની પ્રેમાળ વાણીથી તેમ જ એમના સારા સ્વભાવથી ગામનાં બાળકોથી માંડીને ઘરડાં સ્ત્રી-પુરુષો સુધી સૌ કોઈ એમની તરફ માન અને આદરથી જોવા લાગ્યાં. રાતે ગામને ચોતરે એ સંતપુરુષ ભજન-કીર્તન કરે તે સાંભળવા આખું ગામ ભેગું થાય.

આ જોઈને ગામનો મુખી અકળાઈ જાય. એને થાય કે, 'મારી પાસે કોઈ આવતું નથી અને આ સાધુડા પાસે બધાં કેમ જાય છે?' એ તો મનમાં ને મનમાં બળ્યા કરે. પણ શું વળે?

એક દિવસે ગામના કેટલાક જુવાનિયાઓને થયું કે, 'રાતે આખું ગામ ચોતરે ભેગું થાય છે અને આપણા મુખી જ શા માટે એકેય દિવસ આવતા નથી? ચાલો, આજે આપણે મુખીને પણ તેડી જઈએ.'

તેઓ મુખી પાસે ગયા. 'રામ, રામ' કરીને બેઠા. એક જુવાન બોલ્યો: "મુખી, તમે કેમ રાતે ચોતરે આવતા નથી?"

મુખીએ બહાનું કાઢતાં કહ્યું: "જુઓને ભાઈ, મારી

તબિયત સારી રહેતી નથી. રાતે વધારે વાર બેસી શકાતું નથી. નહીં તો હું જરૂર આવત."

બીજો જુવાન કહે, "અરે, મુખી, અમે તો આજે તમને લઈ ગયા વિના રહેવાના નથી. પાંચ મિનિટ પણ બેસીને પાછા ઘેર જજો. તમે આવો તો અમને વધારે ગમે. બોલો, આવશો ને?"

છેવટે ખૂબ આગ્રહ પછી મુખીએ ન છૂટકે આવવાની હા કહી.

રાતે આખું ગામ ભેગું થયું. મુખી પણ કચવાતા દિલે આવ્યા. મુખીને જોઈને સંતપુરુષ બોલ્યા:

"આવ્યા ભાઈ? આવો."

મુખી કમને પ્રણામ કરી ઊભા રહ્યો એટલે બેસવાનું આસન બતાવી સંતપુરુષ બોલ્યાઃ

"બેસશો ભાઈ? બેસો."

થોડી વારમાં કીર્તન શરૂ થયું. પણ મુખીનાં અહંકાર અને અદેખાઈ એને શાનાં સાંભળવા દે? મુખી તો ઘેર જવા ઊભો થયો. એટલે સંતપુરુષ બોલ્યા:

"ઊઠશો ભાઈ? ઊઠો."

મુખી કમને પ્રણામ કરી જવા લાગ્યા. એટલે સંતપુરુષ બોલ્યા:

"જશો ભાઈ? જાઓ."

મુખી ઘર ભણી જવા લાગ્યો. પણ એનાં મનમા પેલાં ચાર વાક્યો વારંવાર ઊઠતાં હતાં:

"આવ્યા ભાઈ? આવો."
"બેસશો ભાઈ? બેસો."
"ઊઠશો ભાઈ? ઊઠો."
"જશો ભાઈ? જાઓ."

મુખી તો ઘેર જઈ ઊંઘી ગયો. પણ ઊંઘમાં પણ એનું જ રટણ થતું હતું.

એવામાં એવું બન્યું કે મુખીને ત્યાં ચાર ચોર ચોરી કરવા આવ્યા. પાછળના ભાગમાં ખાતર પાડવા એ બાજુ તેઓ ગયા. ત્યાં તો એ લોકોએ મુખીને બડબડતો સાંભળ્યો :

"આવ્યા ભાઈ? આવો."

એ સાંભળીને ચોરો ચમક્યા અને એકદમ નીચે બેસી ગયા! એવામાં મુખી ઊંઘમાં બબડ્યો :

"બેસશો ભાઈ? બેસો."

ચોરો તો ગભરાયા. એમને થયું મુખીએ જરૂર અમને જોઈ લીધા છે! તેઓ નાસી જવા ઊભા થયા ત્યાં તો મુખી બોલ્યો :

"ઊઠશો ભાઈ? ઊઠો."

ચોરોના તો મોતિયા મરી ગયા! તેઓ નાસવા તૈયાર થયા. એવામાં મુખી બબડ્યો :

"જશો ભાઈ? જાઓ."

એ સાંભળીને ચોરો તો જીવ લઈને નાઠા. પણ ઘેર જઈને એમને ચેન પડે નહીં. છેવટે વહેલી સવારે તેઓ મુખીની પાસે ગભરાતા ગભરાતા આવ્યા. પગે પડી તેઓ બોલ્યા, "મુખી માબાપ, અમને માફ કરજો. અમારી ભૂલ થઈ છે."

મુખી તો કંઈ સમજ્યો નહીં. આખરે જ્યારે તેણે રાતે બનેલી બધી વાત જાણી, ત્યારે એને સમજ પડી.

તેને થયું, 'અરે, એક દિવસ પેલા સંત પાસે જઈને બેઠો, એટલામાં તો મારે ત્યાં ચોરી થતી અટકી. તો પછી જો હું હંમેશ એમની પાસે જઈને બેસું તો મારું જીવન કેટલું સુધરી જાય? હવે આજથી રોજ ત્યાં જઈશ.'

મુખીએ પેલા ચોરોને માફ કર્યા અને પેલા સંતપુરુષને મનથી નમન કરતો તે પોતાને કામે જવા ઊઠ્યો.

મુકુલભાઈ

દાનત તેવી બરકત

કહેવત છે કે દાનત તેવી બરકત. માણસ જેવી દાનત રાખે તેવો તેને બદલો મળે. જે કોઈ બીજાનું ભૂડું ઇચ્છે તેનું પોતાનું જ ભૂડું થાય. હું મારા પાડોશી પ્રત્યે દ્વેષ રાખું—તેનું ભૂંડું તાકું તો પરિણામે મારું જ ભૂડું થવાનું. જેવી દાનત તેવો તેનો બદલો. અને મારા પાડોશી પ્રત્યે પ્રેમભાવ રાખું—તેની ભલાઈ ઇચ્છું તો ઈશ્વર તેનો બદલો હંમેશાં ભલાઈમાં જ આપવાનો.

એક નાનકડું ગામ હતું. તેમાં બે ખેડૂતો રહેતા હતા. રઘાભાઈ અને મઘાભાઈ તેમનાં નામ હતાં. રઘાભાઈ સ્વભાવના ઉદાર, ભલા અને પાડોશી પ્રત્યે પ્રેમભાવ રાખનારા હતા. જ્યારે મઘાભાઈ સ્વભાવે અદેખા અને ભૂંડા હતા. બન્ને ખેડૂતોનાં ખેતરો જોડાજોડ હતાં. ખેતરોમાં જ ઝૂંપડીઓ બાંધી રહેતા હતા.

રઘાભાઈ અને મઘાભાઈ પોતાનાં ખેતરોમાં કાળી મહેનત કરતા. છતાં જ્યારે અનાજ પાકતું ત્યારે રઘાભાઈના ખળામાં ઢગલો થતો, અને મઘાભાઈના પાકમાં બરકત આવતી નહીં. મઘાભાઈથી આ સહન થતું નહીં. પોતાના પાડોશીના ખળામાં અનાજનો ઢગલો જોઈ પોતે મનમાં બળી ઊઠતા. આથી તેમને હંમેશાં રઘાભાઈનું ભૂંડું કરવાની દાનત થતી. રઘાભાઈ પોતાના પાડોશીના ખેતરમાં ઓછું અનાજ પાકેલું જોઈ તેની ખેતી પોતાના જેવી સારી થાય તે માટે યોગ્ય સલાહ સૂચના આપતા અને જરૂર પડે મદદ કરતા.

મઘાભાઈની દાનત સાફ નહોતી તેથી ઈશ્વર જ તેનો બદલો સારો આપતો નહોતો.

ઘણી મહેનત કરવા છતાં મઘાભાઈનાં ખેતરોમાં સારો પાક થતો જ નહીં જ્યારે બાજુમાં જ રઘાભાઈનાં ખેતરો દૂધમલ મોતી જેવા દાણાથી હિલોળા લેતાં. મઘાભાઈ રોજ રાતે ઊઠતા અને રઘાભાઈના ખેતરમાં પેસી જઈ પાકને બગાડી મૂકતા. બીજે દિવસે જ્યારે રઘાભાઈ પોતાનો પાક બગડેલો જોતા ત્યારે મનમાં દુઃખી થતા છતાં પોતાનું ભૂંડું ઇચ્છનારનું પણ ભલું કરવાની ઈશ્વરને પ્રાર્થના કરતા.

એક સાલ બન્ને ખેડૂતોએ શેરડી રોપી. બન્નેનાં ખેતરોમાં શેરડી એવી તો ફાલી કે રસ્તે જનારા પણ વાહવાહ કરતા. એક દિવસ મઘાભાઈના મનમાં રાતે સૂતાં સૂતાં વિચાર આવ્યો, "આ સાલ રઘાનો પાક બગાડું તો તેના કરતાં મારો પાક વધારે ઊતરે." આમ વિચારી પોતાનાં ઢોર રઘાભાઈના શેરડીના ખેતરમાં છોડી મૂક્યાં. આખી રાત ઢોર શેરડીના ઊભા ખેતરમાં ફર્યાં અને શેરડીનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. બીજે દિવસે રઘાભાઈએ જોયું તો પોતાના શેરડીના પાકનો નાશ થઈ ગયો હતો. છતાં મનમાં સમસમીને શાંત રહ્યા. દિવસો ગયા. શેરડી પાકવા આવી. એક રાત્રે બન્ને ખેડૂતો સૂતા છે. એકાએક મઘાભાઈના શેરડીના ખેતરમાં એક ખૂણે આગની ઝાળો દેખાવા લાગી. મઘાભાઈ તો સફાળા જાગ્યા. બૂમો પાડી. બધા આવી પહોંચે ત્યાં સુધીમાં તો આગ લગભગ આખા ખેતરમાં ફેલાઈ ગઈ. મહેનત કરવા છતાં આખું ખેતર બળીને ખાખ થઈ ગયું.

ત્યારથી મઘાભાઈ સમજી ગયા કે, "જે પારકાનું ભૂંડું ઇચ્છે તેનું કદીય સારું થતું જ નથી. મેં રઘાનું ભૂંડું ઇચ્છ્યું

ત્યારે મારું જ બધું નાશ પામ્યું.” બીજે દિવસે મઘાભાઈ રઘાભાઈની ઘેર ગયા. અને પોતાનાં પાપની કબૂલાત કરી માફી માગી. આજે બન્ને ખેડૂતો સાથે જ રહે છે. એક બીજા પ્રત્યે ખૂબ જ પ્રેમભાવ રાખે છે. બન્ને અરસપરસ સુખદુઃખમાં મદદ કરે છે. બન્ને ઘણા જ સુખી છે. દાનત તેવી બરકત.

રણછોડભાઈ બાવાજી પટેલ

એકસરખો મુલકી કાયદો

['ભારતની સરકારોને આદેશ' નો આગળનો હપતો]

આજે આખા દેશના બધા લોકો માટે ફોજદારી કાયદો એકસરખો છે. ગુનો કરનાર માણસ અમુક કોમનો, ધર્મનો, કે નાતજાતનો છે, તેથી તેને માટે કાયદો ફરતો નથી. પરંતુ વારસાહક, લગ્ન વ્યવસ્થા, ઇ૦ બાબતોમાં એમ નથી. હિંદુઓ માટે એક કાયદો; મુસલમાનો માટે બીજો; પારસી, ખ્રિસ્તી વગેરે માટે વળી જુદો. મતલબ કે, મુલકી બાબતોમાં કાયદો કોમ-કે ધર્મ-વાર ફરે છે. અને હિંદુઓમાં પણ નાતજાતવાર જુદા જુદા રંગ પડે છે.

આ વસ્તુ સામે સુધારકોએ વરસોથી ટીકા કરી છે. મુલકી કાયદો જુદો જુદો હોવાથી એક રાષ્ટ્રના બધા પ્રજાજનો સરખી સમાજવ્યવસ્થામાં નથી આવતા. એટલે ધર્મ કે કોમ પરત્વે જુદાઈનો ભાવ બન્યો રહે છે. કાયદાની નજરમાં સૌ સરખા હોવા જોઈએ, એમાં ફરક થાય છે. તેથી કરીને એક રાષ્ટ્રમાં અનેક સમાજ પડે છે; અને ધર્મની બીનાને વધારેપડતી મહત્તા મળવાથી રાજ્યવ્યવસ્થા પણ જોઈએ તેવી સરળ નથી રહેતી.

તેથી કરીને બંધારણ ભારતની સરકારોને એવો આદેશ આપે છે કે (કલમ ૪૪ મી)—

"ભારતના આખા રાજ્યવિસ્તારમાં નાગરિકોને એકસરખો મુલકી કાયદો મળે, એમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે."

આપણા સમાજને માટે આ એક મોટો ફેરફાર થશે. એ થાય ત્યારે કોમ

અને ધર્મને વિષેની વધારે પડતી મમતા કે ઝનૂન મટી જશે, અને બધા એક રાષ્ટ્રના નાગરિક છીએ, એવી ભાવના જામતી થશે.

૨૪-૨-'૫૧ મગનભાઈ દેસાઈ

બાપાની સાથે નોઆખાલીમાં

પૂ. ઠક્કરબાપાનું નામ તો મેં વરસોથી સાંભળ્યું હતું. પૂ. બાપુજીને તે મળવા આવતા તેથી કેટલાંય વરસોથી તેમને જાણતી હતી. તેમની સેવાનિષ્ઠા, દીનોની સેવા માટે હૃદયની વ્યાકુળતા, દીનોની ખરાબ હાલત જોઈ દ્રવતું તેમનું હૃદય, તેમની નિરભિમાનતા વગેરે વિષે બાપુજી કેટલીયે વાર મુક્ત કંઠે પ્રશંસા કરતા. એ બધું સાંભળી તેમના પ્રતિ મારા દિલમાં પહેલેથી આદર હતો. છતાં એ કબૂલ કરવું જોઈએ કે પૂ. બાપુજી પાસે આટલું સાંભળ્યા છતાં બાપાની મહત્તાનો પૂરેપૂરો ખ્યાલ મને આવ્યો નહોતો.

તેમની મહત્તાનો કંઈક વિશેષ પરિચય તો તેમની સાથે મને નોઆખાલીમાં સવા મહિનો રહેવા મળ્યો ત્યારે થયો. 'કંઈક' એટલા માટે કે તેમનું જીવન એટલું મહાન છે કે પૂરો પરિચય થવો મારે માટે ભલે અસંભવ ન હોય છતાં મુશ્કેલ તો છે જ.

૧૯૪૬નાં નોઆખાલીનાં (પૂર્વ બંગાળ) રમખાણ પછી બાપુજી ત્યાં ગયા હતા. પૂ. બાપા પણ સાથે આવ્યા હતા. પૂ. બાપુજીના છ સાથીઓમાં એક હું પણ હતી. અમે ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૪૬ના રોજ ત્યાં પહોંચ્યાં. આઠ દિવસમાં બાપુએ કેટલાંયે ગામડાંઓની મુલાકાત લીધી. બળેલાં તૂટેલાં ઘર જોઈને, અત્યાચાર તથા જુલમોની વાતો સાંભળીને બાપુનું દિલ દુઃખી દુઃખી થઈ ગયું. ચારે બાજુ અસત્યતા દેખાઈ, સત્યની શોધ કરનારનું કામ મુશ્કેલ જણાયું.

તા. ૧૬મીએ બાપુને એક નવો વિચાર આવ્યો, અને સવારની પ્રાર્થના પછી તેમણે અમને બધાંને કહ્યું કે, "તમે બધાં શાંતિકાર્ય માટે જુદાં જુદાં ગામમાં બેસી જાઓ તથા હિંદુ-મુસલમાન એકતા માટે તથા પરસ્પર સ્નેહ વધે તે માટે પ્રયત્ન કરો."

આ યોજના પ્રમાણે સહુથી પહેલાં બાપુ તા. ૨૦મી નવેમ્બરના રોજ

રામપુર ચાલ્યા ગયા. પૂ. બાપા બાપુના જવા પછી એક કલાકે નીકળ્યા અને ત્યાંથી પચીસ માઈલ દૂરના એક ગામડામાં ગયા. તેઓ દીનોનો, અછૂતોનો સહુથી પહેલો ખ્યાલ રાખતા, એટલે જ્યાં હરિજન લોકો રહેતા હતા અને રમખાણમાં જેમના પર જુલમ થયો હતો ત્યાં ગયા. બાપુની મંડળીમાં હું બધાથી નાની હતી. કંઈક અનુભવ વગેરે લેવાની દૃષ્ટિએ બાપુજીએ મને બાપાની સાથે મોકલી.

તે વખતે પૂ. બાપાની ઉંમર ૭૭ વર્ષની હતી, પણ તેઓ એટલું બધું કામ કરતા કે તેમની કાર્યશક્તિ અને સ્ફૂર્તિ જોઈ અમને આશ્ચર્ય થતું અને અમે શરમાતાં.

આટલા વૃદ્ધ હોવા છતાં કોઈ તેમને માટે ખાસ જુદી ખાવાની વસ્તુ બનાવે કે સગવડ કરે તો તેઓ દુઃખી થતા અને કહેતા કે જે સાથીઓને ન મળે તે મારે ન જોઈએ.

નોઆખાલીમાં કૂવાનો રિવાજ નથી. બે ત્રણ ઘરોની વચ્ચે એક નાનુંસરખું તળાવ હોય છે. તેમાં લોકો સ્નાન કરે છે, કપડાં ધુએ છે તથા વાસણ માંજે છે. વધારે ભાગના લોકો તો પાણી પણ તેમાંથી જ પીએ છે. ત્યાં સ્નાનઘર જેવું કંઈ નથી હોતું.

નવેમ્બરનો મહિનો હતો. ઠંડી શરૂ થઈ ગઈ હતી. સવારના સાડાછ સાત વાગ્યે ઠંડા પાણીથી સ્નાન કરવાની પૂ. બાપાને ટેવ નહોતી તે હું જાણતી હતી. આ મેં સાથીદારોને કહ્યું. જ્યારે પૂ. બાપા સ્નાન કરવા ગયા ત્યારે અમે કહ્યું: "બાપા, ઠંડી છે એટલે ખુલ્લામાં ઠંડા પાણીથી સ્નાન ન કરો. અમે તમારા માટે પાંદડાંનું સ્નાનઘર બનાવી આપીએ છીએ અને પાણી ગરમ કરી આપીએ છીએ. પછી સ્નાન કરો." પણ પૂ. બાપા થોડા જ માનવાના હતા! તેમણે તરત જ કહ્યું: "જરૂર નથી, મારે કંઈ ન જોઈએ; બીજા લોકોને સ્નાનઘર ક્યાં મળે છે!"

અમે કહ્યું: "તમે તો વૃદ્ધ થઈ ગયા છો, એટલે વ્યવસ્થા કરવી જરૂરી છે."

"હા, વૃદ્ધ તો થયો છું, પણ અહીંના મારાથી વધારે વૃદ્ધો આમાં જ સ્નાન કરે છે ને! હું તેમના જેવી ટેવ પાડી લઈશ." આમ કહી અમારું મોં બંધ કરી દીધું.

એ જ રીતે ખાવા બાબતમાં બન્યું. બધા લોકોને સવારના નાસ્તામાં મમરા, કોપરું અને ગોળ મળતો હતો. પૂ. બાપા માટે થોડો જુદો નાસ્તો બનાવી આપ્યો તે તેમણે ન લીધો અને બધા સાથે મમરા, કોપરું ને ગોળ જ ખાધો. આ પ્રમાણે રોજ જે બીજાને મળતું તે જ પોતે નાસ્તામાં લેતા.

નોઆખાલીમાં ઘઉં વધારે નહોતા મળતા. ત્યાંના લોકો તો ભાતથી ટેવાયેલા હોય છે. પૂ. બાપા માટે ઘઉંની રોટલી બનાવી. તેમણે પ્રથમ તો લેવાની સાફ ના પાડી. ત્યાર પછી છ-સાત કાર્યકર્તા હતા તેમને એક એક વહેંચી પોતે લીધી અને મને કહ્યું: "મને એકલાને રોટલી કેમ? હું પણ ભાત ખાઈને પેટ ભરવાનું શીખી લઈશ." મેં કહ્યું: "બાપા, ટેવ પાડતાં વાર લાગશે. અને જો તમે બીમાર પડ્યા તો કામ અટકી પડશે. અમારી પાસે ઘઉં છે તો પછી તમારે માટે રોટલી બનાવવામાં શી મુશ્કેલી પડવાની છે?"

બાપાએ કહ્યું: "હું અહીં કામ કરવા આવ્યો છું, તે એક કાર્યકર્તા તરીકે. જ્યાં સુધી મારું શરીર સારું છે, ત્યાં સુધી બીજા કાર્યકર્તાઓને જે ખોરાક મળે તે મારે લેવો જોઈએ. ટેવ પાડવી કઠણ નથી, અને વાર પણ શી લાગશે?"

મેં બીજી કેટલીક દલીલો કરી. ત્યારે છેવટે તેમણે કબૂલ કરતાં કહ્યું: "ઠીક છે, મને રોટલી ખવડાવવાની તારી ઇચ્છા છે તો ખાઈ લઈશ, પણ એક શરતે. તે એ કે બધા સાથીઓને પણ રોટલી ખવડાવવી પડશે. તે બનાવવાની તારી તૈયારી છે?"

પૂ. બાપા રોટલી ખાઈને તબિયત સાચવે તો કોને આનંદ ન થાય? મેં એ વાત કબૂલ કરી લીધી.

આ પ્રમાણે બાપા પોતાના સાથીઓનો બહુ ખ્યાલ રાખતા હતા. સાથીઓને છોડી પોતે કોઈ વધારે સગવડ મેળવી હોય એવું મને યાદ નથી આવતું. તેમના સ્વભાવમાં જ એ નહોતું એમ કહું તો તેમાં કંઈ વધારે-પડતું નથી.

આંખને છોડી બાકી તેમનું શરીર પૂરી રીતે સશક્ત કહી શકાય. હિંમત તો હતી જ, બાપા કડક પણ હતા.

જે મુસલમાન ભાઈઓએ નોઆખાલીમાં અત્યાચાર કર્યો હતો અને ગુનેગાર હતા તેમને તે સખત શબ્દોમાં સંભળાવતા અને એટલી સખત રીતે કહેતા કે ગુનેગાર ફરી તેમની પાસે આવવાની હિંમત ન કરતો. પરંતુ તે જ બાપા બીજા સારા મુસલમાનો પર અનહદ પ્રેમ બતાવતા.

એક દિવસ ગૈયાચરથી હેમચર છ માઈલ ચાલતા ગયા. રસ્તો ખરાબ હતો. રસ્તામાં લોકોને-અત્યાચાર વિષે, ગામડાંઓ વિષે એકએક વસ્તુ પૂછતા. બપોરે અઢી વાગ્યે ત્યાં પ્રાર્થના કરી, પ્રવચન કર્યું. ત્યાર પછી તરત જ હેમચરમાં પાછા આવી સાડાપાંચ વાગ્યે પ્રાર્થના અને પ્રવચન કર્યું.

મને યાદ છે કે આટલા તાપમાં આટલું ચાલીને આવ્યા પછી તેમની સ્ફૂર્તિ જોઈ મારા બીજા સાથીદારોને આશ્ચર્ય થયું હતું.

૯૦-૯૫ વર્ષની ઉંમરનો એક વૃદ્ધ માણસ કોઈ દૂરના ગામથી સખત તાપમાં ચાલીને આવ્યો. વાંસનો નાનો પુલ પાર કરીને આવ્યો અને થોડી વાર ઊભો રહ્યો. ચહેરા પર થાક સ્પષ્ટ દેખાતો હતો. આટલા સખત તાપમાં, ખુલ્લા પગે દુઃખ સહન કરીને આવ્યો તેથી તેનું મોં લાલ થઈ ગયું હતું. તે ગરીબ હતો. સ્વભાવે પણ ગરીબ હતો. એ જોઈ પૂ. બાપાને આનંદ થયો અને દયા પણ આવી. બાપાએ તરત જ તેના હાથમાં પાંચ રૂપિયા મૂકી દીધા. તે વૃદ્ધ ખુશ થઈ ગયો અને ઉપકાર માનવા લાગ્યો.

પૂ. બાપાની કાર્યપદ્ધતિ પ્રશંસનીય હતી. તે દરેક કામને વ્યવસ્થિત રીતે કરતા હતા. રોજ તેની નોંધ પણ રાખતા. બીજા પાસે કામ કરાવી લેવાની તરકીબ તેઓ જાણતા હતા. રાત્રે સૂતી વખતે નક્કી કરી લેતા કે, સવારે કોને ક્યાં ક્યાં મોકલવો. સવારે નાસ્તો કરીને તરત જ દરેકને કામ સોંપી દેતાઃ "જાઓ, તમે બન્ને અમુક જગ્યાએ જઈ, અમુક અમુક કામ કરાને આવો." બીજાને કહેઃ "ઠીક, તમે એકલા જ જજો અને આટલું કામ કરી તેનો જવાબ મેળવીને જ આવજો." પછી ત્રીજા તરફ ફરીને કહેતાઃ "હવે તમારી વારી. તમે જઈ આટલી માહિતી પ્રાપ્ત કરી

લાવો." આ પ્રમાણે સ્ફૂર્તિથી બધાંને કામ સોંપી દેતા અને કામ પૂરું કરી આવ્યા પછી બધી માહિતી પૂછતા. જો તેમાં કંઈ ભૂલ થઈ તો કોઈ વખત સમજાવતા, કોઈ વખત સખત શબ્દોથી ફટકારતા, તો કોઈ વખત ફરીથી તે કામ માટે મોકલી આપતા.

આ પ્રમાણે તેમનાં ઘણાં મીઠાં સ્મરણો ભર્યાં છે. તેમની કાર્યશક્તિ, સેવાભાવના, ત્યાગ, દયા વગેરેથી લોકો પૂરી રીતે પરિચિત છે.

('ઢ. બ.'માંથી) આભા ગાંધી

ક્રિયાની સાથે જ્ઞાન જોઈએ

એક ભાઈ રોજ સવારે વહેલા ઊઠે, ભજનો ગાય અને નાહીને દેવમંદિરે જાય. પણ નાહવા બેસે ત્યારે એક નાની ડોલમાં પાણી લઈને બે મિનિટમાં નાહવાનું પતાવે. તેમને તમાકુ સાથે પાન ખાવાની ટેવ હતી. તે ઘરમાં જ્યાં ત્યાં પિચકારીઓ મારે. નાક સાફ કરે કે થૂંકે તો અવરજવરના રસ્તામાં પોતાના આંગણામાં જ નાક સાફ કરે અને થૂંકે પોતાનાં છોકરાંને શૌચ માટે આંગણામાં જ બેસાડે અને ઘરનાં વાસણ પણ ત્યાં જ સાફ થાય. કોઈ વખત જમણવાર થાય ત્યારે એ જ આંગણામાં બધા અબોટિયાં પહેરીને જમવા બેસે અને ભૂલેચૂકે કોઈ ઢેડ-ભંગી આવી ચડે તો ગાળોનો વરસાદ વરસાવે.

આવું ઘણે ઠેકાણે દેખાય છે. એ શું બતાવે છે? પેલા ભાઈ મંદિરમાં નાહીધોઈને જાય છે પણ તેમની સ્વચ્છતાની દૃષ્ટિ કેળવાઈ નથી. રિવાજ પ્રમાણે ભજનકીર્તન કરે છે, પણ તેમના દિલમાં માનવતાની લાગણી નથી. એ ક્રિયા જ્ઞાનપૂર્વક કરતા હોત તો પ્રેમની ભાવના અને સ્વચ્છતાની ભાવના આખા જીવનમાં દેખાત.

તે જ રીતે આપણે સમજપૂર્વક કાંતીએ તો ગરીબો પ્રત્યેનો પ્રેમ અને શ્રમનિષ્ઠા આખા જીવનમાં પ્રસરે. આપણે સમજપૂર્વક અહિંસા પાળીએ તો તેનો પડઘો આખાય જીવનવ્યવહારમાં પડે. માટે દરેક ક્રિયા સમજીને કરવી જોઈએ, જેથી તેની સુવાસ આખા જીવનમાં ફેલાય.

વિઠ્ઠલદાસ કોઠારી

પૂરું થતું પખવાડિયું

કૉંગ્રેસ પાર્લમેન્ટરી પક્ષે સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલને સ્થાને પક્ષના નાયબ નેતા તરીકે મૌલાના અબુલ કલામ આઝાદને સર્વાનુમતે ચૂંટી કાઢ્યા છે.

ગૃહપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ મુંબઈ રાજ્યની ધારાસભામાં ન્યાય અને વહીવટી સત્તા જુદી પાડવાને લગતા કાયદાનો ખરડો રજૂ કર્યો છે.

હિંદ સરકારના સંદેશ વહેવારના નાયબ પ્રધાન શ્રી. ખુરશેદલાલનું હૃદય રોગથી ગઈ તા. ૧૮ મીએ નવી દિલ્હી ખાતે અવસાન થયું છે.

નેપાળના રાજા ત્રિભુવને ગઈ તા. ૧૮ મીએ ઢંઢેરો બહાર પાડીને વચગાળાની સરકારની જાહેરાત કરી છે. આ સરકારના પ્રધાનોની સોગનવિધિ પણ થઈ ગઈ છે.

મુંબઈ રાજ્યના નાણાપ્રધાન શ્રી વૈકુંઠલાલ મહેતાએ ધારાસભામાં સમતોલ અંદાજપત્ર રજૂ કર્યું છે. એ અંદાજપત્ર પ્રમાણે સાડા ચાર લાખની નામની પુરાંત રહેશે. આ વરસે કોઈ નવા કરવેરા નહિ પડે.

ભારત સરકારના વાહનવ્યવહાર ખાતાના પ્રધાન શ્રી. ગોપાલસ્વામી આયંગરે વડી ધારાસભામાં રેલવેનું અંદાજપત્ર રજૂ કરતાં ત્રીજા વર્ગના ભાડામાં માઈલે એક પાઈ, ઇન્ટર વર્ગના ભાડામાં માઈલે દોઢ પાઈ, બીજા વર્ગના ભાડામાં માઈલે બે પાઈ અને પહેલા વર્ગના ભાડામાં માઈલે ત્રણ પાઈનો વધારો સૂચવ્યો છે. આવતી પહેલી એપ્રિલથી આ નવા ભાડાના દરો અમલમાં આવશે.

કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસમૂહની સલામતી સમિતિમાં ઇંગ્લંડ અને અમેરિકાએ મળીને એક નવી દરખાસ્ત રજૂ કરી છે. માર્ચની ૧ લી તારીખે એના પર સલામતી સમિતિમાં ચર્ચા ચાલશે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

રજિ૰ નં. બી ૫૯૩૪

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ અંક ૧૫

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૧૫મી માર્ચ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. [illegible]

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

ગોવધ કેમ અટકે

ગોવધ કેવળ શહેરોમાં જ થાય છે અને તે રોકવાનો કેવળ એક જ રસ્તો છે. તે એ કે પશુ ખરીદવામાં કસાઈઓને પહોંચી વળવું. આ તો ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણે પશુ ખરીદીએ તે ઉપર જેટલો ખરચ થાય તે બધો આપણે તેમાંથી જ પાછો પેદા કરી શકીએ. અને એ ત્યારે જ થાય કે જ્યારે આપણે પોતે ડેરીઓ ચલાવીએ અને ધાર્મિક દૃષ્ટિએ, મૂએલાં ઢોરનાં ચામડાં વગેરેનો વેપાર કરીએ. જેમ ગાયનું દૂધ પીવું સ્વીકારીને આપણે ગોમાંસભક્ષણમાંથી બચ્યા અને તે કારણે દૂધને પવિત્ર માન્યું, તે જ રીતે હવે ગાય અને બળદને કતલ થતાં બચાવવાને ખાતર, મૂએલાં ઢોરનાં ચામડાં, હાડકાં ઇત્યાદિનો ઉપયોગ ધાર્મિક અથવા પવિત્ર સમજીને આપણે કરવો જોઈશે. એટલે આપણી આગળ બે વાતો રજૂ થાય છે:

૧. ડેરી અથવા ચામડાં કેળવવાનું શાસ્ત્ર સમજનારાઓની મદદ લેવી; અને

૨. મૂએલાં ઢોરનાં ચામડાં, હાડકાં વગેરેના વેપારને લોકો આજે અજ્ઞાનવશ હોઈ દોષિત સમજે છે તે જ વેપારને જ્ઞાન દ્વારા નિર્દોષ જ નહીં બલકે પુણ્યકાર્ય સમજવો.

જો આ દૃષ્ટિ સાચી હોય તો ગોશાળાઓ તેમ જ પાંજરાપોળોને આપણે એવી રીતે ચલાવવી જોઈએ કે જેથી તે ગોશાળાઓ અને પાંજરાપોળો ડેરીઓ તેમ જ ચર્માલયો બની જાય. ગોરક્ષાનું કામ આજકાલ નીરસ થઈ ગયું છે તેનું કારણ તો એ છે કે, લાખો રૂપિયાનાં ફંડ ગોરક્ષાને નામે એકઠાં થતાં છતાં, સંખ્યાની દૃષ્ટિએ આપણે આજ સુધી એક ટકો પણ ગાય બચાવી શકયા નથી, પણ ગોરક્ષાશાસ્ત્રના જ્ઞાનના અભાવને લીધે ગાય સસ્તી થઈ ગઈ છે, અને તેથી તેનો વધ વધારે થાય છે.

૧૯૨૬ ગાંધીજી

વસ્તુનો સદુપયોગ

એક નગરમાં એક શ્રીમંત રહેતો હતો. તે ખૂબ જ ધનવાન હતો. જ્યારે તે ઘરડો થયો ત્યારે તેને વિચાર આવ્યો: "હવે હું કેટલા દિવસ જીવવાનો છું? આ બધી મિલકત હવે મારા ચાર દીકરાઓના હાથમાં જશે. પણ જો એ લોકો બરાબર ન સાચવી શકે તો. મારી મહેનત નકામી જવાની. છોકરાઓની વહુઓ સારી હોય તો ધન સચવાઈ રહે ખરું."

એમ વિચારી તેણે ચારે વહુઓને બોલાવી અને એમને કહ્યું: "દીકરીઓ, હું તમને ડાંગરના પાંચ પાંચ દાણા આપું છું. તમે તે સાચવી રાખજો. પરદેશથી જ્યારે હું પાછો આવું અને ફરીને માગું ત્યારે મને પાછા આપજો.

શેઠ તો પરદેશ ગયા. મોટા છોકરાની વહુને થયું: "આપણે ત્યાં ડાંગરના કોઠાર ભરેલા છે. આ પાંચ દાણાને સાચવવાની શી જરૂર છે? સસરાજી માગશે તો કોઠારમાંથી લાવી આપીશ." એણે તો દાણા ફેંકી દીધા.

બીજા દીકરાની વહુને થયું: "સસરાજીએ દાણા આપ્યા છે એ ક્યાં સુધી સાચવી રાખવા? પાંચ દાણા તો કોઠારમાંથી પણ આણીને આપી શકાશે." એમ વિચારીને તેણે દાણા મોંમાં મૂકી દીધા.

ત્રીજી વહુએ વિચાર્યું: "સસરાજી હવે ઘરડા થયા એટલે આવી નજીવી વસ્તુ સાચવવા આપવાની ઘેલછા બતાવે છે. ભલે ને તેઓ રાજી રહે! આ દાણા એક બાજુએ રાખી મૂકીશ. માગશે ત્યારે આપીશ."

સૌથી નાની વહુને થયું: "આ દાણા આમ પડી રહે એના કરતાં વાવીએ તો કેવું સારું! એમાંથી કેટલાયે દાણા નીપજે. પછી એ દાણામાંથી પાંચ દાણા કાઢીને સસરાજી માગશે ત્યારે આપીશ."

બે એક વરસ પછી શેઠ પરદેશથી ઘેર આવ્યા. એમણે એક દિવસ દાણાની વાત કાઢી. ચારે વહુઓએ સસરાજીને સાચે-સાચી વાત કહી દીધી. નાની વહુની વાત સાંભળીને શેઠ રાજી થયા. તે બોલ્યા: "મારું ઘર આ નાની વહુ સાચવી શકશે; કારણ કે એણે પાંચ દાણાનો સદુપયોગ કરી એમાં વધારો કર્યો. પહેલી વહુએ દાણાને નકામા ગણી ફેંકી દીધા; તેથી એ ભલે ઘરની સાફસૂફી પર દેખરેખ રાખે. બીજી વહુ એ દાણાને ખાઈ ગઈ; માટે એ ભલે રસોડું સંભાળે અને ત્રીજી વહુએ દાણા સાચવી રાખ્યા; તેથી ભલે એના હાથમાં સાચવણીનું કામ રહે."

મુકુલભાઈ

બકરો અને વેલો

એક જંગલી બકરો હતો. શિકારીઓ ચડી આવ્યા જોઈને તે પાસે દ્રાક્ષના વેલા હતા. તેમાં ભરાઈ ગયો. શિકારી પાસે થઈને ગયા, પણ બકરાને જોયો નહીં ને તે ત્યાંથી પસાર થઈ ગયા. તેઓ ત્યાંથી પસાર થયા કે તરત બકરો તો વેલા ખાવા લાગ્યો. તેથી પાંદડાં હાલ્યાં તેના અવાજથી શિકારીએ તે તરફ પાછું વળીને જોયું. બકરાભાઈ પકડાઈ ગયા. આમ મૂરખો બકરો ફસાઈ ગયો. જેણે તેને બચવા માટે ઓથ આપી તેનું જ તે કાપવા લાગ્યો, એનું ફળ તેને તરત મળી ગયું.

૯-૩-'૫૧ મગનભાઈ દેસાઈ

સ્વાશ્રય

કચ્છના એક હરિજન-ભાઈએ પોતાના જાણીતા એક ગામની વાત કરી. તેમણે જણાવ્યું કે સદરહુ ગામે ખાનગી પ્રયત્નથી ચાલતી શાળામાં હરિજન બાળકો દાખલ થઈ શકયાં નહીં એટલે હરિજનો માસિક રૂપિયા બે આપવાના કરી એક હરિજન શિક્ષકને તેડી લાવ્યા. તેવીસ બાળકો દાખલ થયાં. છોકરાઓની ફીને માટે તેના વાલીઓ રોજ ઘાસના ભારા કે લાકડાંની ભારી નજીકના ગામમાં વેચવા જાય અને જે રકમ આવે તેમાંથી રોજ એક આનો ટોડલા ઉપર જુદો છોકરાની નિશાળની ફીનો મૂકે. આ રીતે મહિનો પૂરો થતાં લગભગ બે રૂપિયા પૂરા કરે છે. અને છોકરાઓને ભણાવે છે.' પોતાનાં બાળકોને ભણાવવા માટેનો આ ઉત્સાહ અને ત્યાગ અભિનંદનને અને ધડો લેવાને પાત્ર છે.

પરીક્ષિતલાલ

ચાલો અને જાઓ

એક ખેડૂત છે. ખૂબ મહેનતુ છે. સવારમાં રોજ અંધારે ઊઠે છે. પોતાના બળદને દાણખાણ ખવરાવે છે. છોકરાઓને વહેલા ઉઠાડે છે અને મોંસૂઝણું થતામાં તો 'ચાલો' કહીને બધાને ખેતરે લઈ જઈ કામે લાગી જાય છે. હંમેશાં આ ખેડૂત કામમાં મોખરે રહી બધાને પોતાની પાછળ દોરે છે. તે કદી બીજાની ઉપર પોતાના કામનો આધાર રાખતો નથી. તેને પોતાનાં ખેતરો પ્રાણથી પણ વહાલાં છે. જ્યારે જુઓ ત્યારે તેનાં ખેતરો આંખ ઠરે તેવા લીલાછમ પાકથી લચી ગયેલાં હોય છે. વર્ષને અંતે તેનું ઘર ધનધાન્યથી ભરાઈ જાય છે.

તેની પાડોશમાં બીજો એક ખેડૂત છે. ખૂબ જ આળસુ. સવારમાં ખૂબ મોડો સૂરજ ઊગ્યે ઊઠે છે. પોતાનાં ઢોરની તેને તમા નથી. તેના છોકરા પણ તેની માફક મોડા ઊઠનારા અને આળસુ છે. તેના ઘરમાં આળસનું રાજ્ય છે. ઊઠીને આ ખેડૂતને ચાપાણી કરતાં અને પરવારતાં નવ વાગે છે. પોતે છોકરાઓને લઈ ખેતરે જવાને બદલે 'જાઓ' કહી છોકરાને મોકલે છે. છોકરા પણ નિસાસા નાખતા જ ખેતરે જાય છે. તેની ખેતીમાં બરકત નથી અને ખેતરોમાં વર્ષને અંતે કંઈ પાકતું નથી.

આમ એક ખેડૂત 'ચાલો' કહી બધાને સાથે લઈ પોતાનાં ખેતરોમાં અંધારામાં પહોંચી જાય છે. બીજો ખેડૂત આળસમાં મોડે સુધી સૂઈ રહી 'જાઓ' કહી બીજા ઉપર પોતાના કામનો આધાર રાખે છે. તેથી તેની ખેતીમાં બરકત આવતી નથી.

સમાજમાં આ બે પ્રકારના ખેડૂતો હોય છે. 'જાઓ' કહેનારા ખેડૂતો પોતે મહેનત કરતા નથી પણ દહાડિયાં પાસે 'જાઓ' કહી કામ કરાવવા ઇચ્છે છે. તેની ખેતીમાં – જીવનમાં બરકત આવતી નથી. તેના જીવનમાં આળસ અને જડતા વ્યાપતી જાય છે. ખેડૂતે તો 'ચાલો' કહી બધાંને દોરીને ખેતરે જવું જોઈએ. ઉદ્યમી બની પરોઢિયે જ ખેતરે પહોંચી જવું જોઈએ. તો જ ધરતી ધન-ધાન્યથી લચી જાય.

રણછોડભાઈ બાવાજી પટેલ

લાયકાતનું માપ

સંસારમાં આપણે કેટલીય જગ્યાએ જોઈએ છીએ કે માણસ પોતે પોતાની ફરજ બજાવતો નથી. પરંતુ બીજા માણસો બરોબર ફરજનું પાલન કરે છે કે નહીં એ જોવા પ્રયત્ન કરે છે. આવો માણસ પોતાના બચાવ માટે ખોટું બોલતાં પણ અચકાતો નથી, અને પોતાની નાલાયકીને ઢાંકવા નકામો ડોળ પણ કરે છે. આવા માણસમાંથી સચ્ચાઈ જતી રહે છે અને તે નકામી આળપંપાળ કરવા મંડે છે. કેટલીક વાર સાચી હકીકતને પણ ઢાંકી દઈને તે ખોટી વસ્તુને સાચી ઠરાવતાં અચકાતો નથી. આમ આવા માણસો અંદરોઅંદર એકબીજાને છેતરતા હોય છે અને બીજાની નજરે પોતે લાયક ઠરે એમાં જ પોતાની લાયકાતનું માપ જુએ છે. પોતે ભલે નાલાયક હોય, પણ બીજાની આગળ પોતાની નાલાયકી ઉઘાડી ન પડે એની જ કાળજી એવા માણસો હંમેશાં લે છે. મને અહીં એક રાજાની વાત યાદ આવે છે.

એક રાજા હતો. તે આખો વખત મોજમજા કરવામાં જ આનંદ માનતો હતો. સારાં સારાં કપડાં પહેરવાં એને ખૂબ ગમે પરંતુ રાજા તરીકેનો ધર્મ એ બરોબર બજાવતો ન હતો. રાજાનું જોઈને બીજા લોકો પણ એ જ રીતે વર્તતા.

એક દિવસે એના રાજ્યમાં ચાર લુચ્ચા માણસો આવ્યા. તેઓ રાજા પાસે જઈને કહેવા લાગ્યા: "રાજાજી, અમે હોશિયાર વણકરો છીએ. અમે

સોનાચાંદીના તારથી એટલું સારું કપડું વણીએ છીએ કે તમે કદી એવું જોયું ન હોય. પણ અમારા કપડાની એક ખૂબી છે: જે માણસ પોતાનું કામ **વફાદારીથી બરાબર ન કરતો હોય તેને એ કાપડ દેખાય નહીં.**"

રાજા એ સાંભળીને વિચારવા લાગ્યો: આ સારી વાત છે. હું જોઉં તો ખરો કે મારા રાજ્યમાં કોણ વફાદારીથી કામ નથી કરતું.

રાજાએ વણકરોને કપડું વણવાની રજા આપી અને એમને જોઈએ એટલા સોનાચાંદીના તાર પૂરા પાડવાનો ખજાનચીને હુકમ કર્યો.

વણકરોએ તો ખાલી સાળ પર કામ કરવા માંડયું. દરરોજ તેઓ સોનાચાંદીના તારો મન ફાવે એટલા લઈ આવવા લાગ્યા.

ચારેક દિવસ પછી રાજાએ પ્રધાનને કહ્યું: "પ્રધાનજી, તમે ત્યાં જઈને જોઈ તો આવો કે કેવુ કપડુ વણાય છે?"

પ્રધાન થોડાક કારભારીઓ સાથે વણકરો કામ કરતા હતા ત્યાં જવા ઊપડ્યો.

પ્રધાન પધારે છે એવી ખબર પડતાં જ પેલા ચાર લુચ્ચા વણકરો ખાલી સાળ પર નકામું નકામું વણવા બેસી ગયા. પ્રધાન અને કારભારીઓ આવીને જુએ તો ખાલી સાળ પર વણકરો કામ કરતા હતા. જાણે વણતા જ હોય એટલી તલ્લીનતાથી એ લોકો વણતા હતા.

પ્રધાન અને કારભારીઓ આંખો ફાડી ફાડીને જુએ પણ કપડું દેખાય જ નહીં! પ્રધાનને થયું: શું હુ મારું કામ વફાદારીથી નથી કરતો? મને કપડું શા માટે દેખાતું નથી?

વણકરો હસીને પ્રધાનને કહે: "પ્રધાનજી, કપડું સુંદર વણાયું છે કે નહીં? સૂચના આપવી હોય તો જરૂર આપજો."

પ્રધાન તો મનમાં મૂંઝાયો પણ બહારથી હસતો હસતો બોલ્યો: "વાહ, શું સુંદર કપડું છે! આવું સુંદર કપડું મેં કદી જોયુ નથી. કેમ કારભારીજી, સાચી વાત છે ને?"

કારભારીઓની પણ એવી જ દશા હતી. તેઓ પણ મનની વાત છુપાવીને બોલ્યા, "પ્રધાનજી, ખરેખર, એની ભાત તો જુઓ, કેટલી સુંદર છે!"

પ્રધાને રાજા પાસે આવીને કપડાનાં ખૂબ વખાણ કર્યાં.

આઠ દિવસ પછી રાજા પ્રધાન સાથે કપડું જોવા ગયો. વણકરો તો

ખાલી સાળ પર સાચેસાચ કપડું વણતા હોય એમ કામ કરતા હતા.

રાજા આવીને જુએ તો સાળ ખાલી હતી. તે આંખો ફાડી ફાડીને જુએ, રૂમાલથી આંખો લૂછીને જુએ પણ તેને કપડું દેખાય જ નહીં. એ તો મનમાં અકળાયો : અરે, શું હું રાજા તરીકે લાયક નથી? શું હું મારું કામ વફાદારીથી કરતો નથી?

રાજા આમ વિચાર કરતો હતો ત્યાં પ્રધાન બોલ્યો, "રાજાજી, કેટલું સુંદર કપડું છે! તમને ગમ્યું કે નહીં?"

પ્રધાનનું સાંભળીને રાજા ચમક્યો. તે ખોટું ખોટું બોલ્યો : "સાચી વાત પ્રધાનજી, આવું કપડું તો મેં જિંદગીમાં કદી જોયું નથી!"

વણકરો હસતા હસતા બોલ્યાં, "રાજાજી, કપડું હવે લગભગ તૈયાર થઈ ગયું છે. તમારે માટે અમે તનતોડ મહેનત કરી છે. હવે તમારું માપ લેવા ા. અમે તમારે માટે સરસ પોશાક ૈયાર કરીશું."

ત્રણ ચાર દિવસ પછી એક ખાલી ાળ લઈને પેલા ચાર લુચ્ચા માણસો ાજા પાસે આવ્યા. રાજા જુએ તો ાળ ખાલી હતી. એ તો મૂંઝાઈ ગયો, પણ પોતાની મૂંઝવણ કોને કહી શકે? જો રાજા એમ કહે કે, કપડું એને દેખાતું નથી, તો એ પોતાની પદવી માટે નાલાયક ઠરે!

વણકરોએ રાજાને નવો પોશાક પહેરાવ્યો. રાજાને તો પોતાના શરીર ઉપર કપડું જ ન દેખાય! તોયે તે અમસ્તો અમસ્તો રાજી દેખાવાનો ડોળ કરવા લાગ્યો. પ્રધાન તેમ જ કારભારીઓની પણ એ જ દશા થઈ! તેઓ બધા ખુશી બતાવતા કહે, "રાજાજી, તમારો પોશાક ખરેખર સુંદર છે!"

આખરે આખા ગામમાં રાજાને એ સ્થિતિમાં ફેરવ્યો. પણ બધા ખોટું જ બોલવા લાગ્યા. કારણ કે જો કોઈ એમ કહે કે, રાજાના શરીર પર કપડું જ નથી, તો એ નાલાયક ઠરે. તેથી બધા જ લોકો રાજાના નવા પોશાકનાં વખાણ કરવા લાગ્યા.

પણ એવામાં એક નાના બાળકે રાજા નવસ્રો છે એવું જોરથી કહી દીધું. એ સાંભળીને બધાનો ભ્રમ ભાગ્યો અને રાજા તો શરમિંદો થઈ ગયો! પેલા લુચ્ચા વણકરોની તપાસ કરી, પણ તે લોકો તો બધી માલમતા લઈને ક્યારનાય પલાયન કરી ગયા હતા.

સુકુલભાઈ

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ

'ભારતની સરકારોને આદેશ'નો આગળનો ઉપતો

ભારતનું બંધારણ તેની કલમ ૪૫મીમાં દેશની બધી સરકારોને નીચે પ્રમાણે આદેશ આપે છે:

"આ બંધારણનો અમલ શરૂ થવા તારીખથી ૧૦ વર્ષની અંદર રાજ્યે બધાં બાળકો ૧૪ વર્ષની ઉંમર પૂરી કરે ત્યા સુધી તેમને મફત અને ફરજિયાત શિક્ષણ મળે એવી જોગવાઈ કરવાનો પ્રયત્ન કરશે."

આજે આપણે ત્યાં દર સો માણસે ૮૦–૯૦ માણસને લખતાં વાંચતાં જ આવડતું નથી. તેથી કરીને જ્ઞાન મેળવવાનું મોટું એક સાધન, તેનો જ તેઓ ઉપયોગ નથી કરી શકતા. દેશમાં ને દુનિયામાં શું રોજ રોજ બને છે તેની પણ તેમને સહેજે ખબર ન પડી શકે, કેમ કે તે છાપું ન વાંચી શકે. સારી ચોપડી પણ ન વાંચી શકે. આ સ્થિતિ ભારે દુઃખદ ગણાય. દેશમાં હવે સ્વરાજ આવ્યું, ત્યાર પછી પણ જો લોકો આવા અભણ રહે તો સ્વરાજ પણ માણી કે ખીલવી ન શકાય. કેમ કે સ્વરાજ એટલે પ્રજાનું રાજ્ય; પ્રજા જેવી હોય તેવું રાજ્ય બને. તેથી પ્રજાની ઉન્નતિ અને વિકાસ સાધવો એ સરકારો માટે ફરજ બને છે. એના વિવિધ માર્ગોમાં મફત ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવી, એ એક મોટો માર્ગ છે. આજે તો લાખો ગામડાં નિશાળ વિનાનાં છે; તો પછી વાંચનાલય પુસ્તકાલયની તો વાત જ ક્યાં રહી! તે દશામાંથી રાજ્યે નીકળી જવું જોઈએ. બંધારણે તેને માટે ૧૦ વરસની અવધિ આંકી છે. દેશનું દરેક બાળક ૭મા વરસથી ૧૪ વરસનું થાય ત્યાં સુધી શિક્ષણ લઈ શકે, એવી જોગવાઈ કરવી જોઈએ. આજે તો હજી ૧૦–૧૧ વરસ સુધીનું તે થાય તેટલી જ ગોઠવણ હાથ ઉપર છે. એમાં કરોડો રૂપિયા ખરચ થાય છે. આ ખર્ચ પણ પૂરો મજરે નથી મળતો, કેમ કે શિક્ષણ પૂરતું જોઈએ તેવું સારું નથી. તેથી ગાંધીજીએ ઉદ્યોગ અને કામકાજ મારફતે જીવનની તાલીમ આપવી અને એ સાચું શિક્ષણ છે, એમ બતાવ્યું. આ કામ ભારે મોટું છે. તે જો સધાય તો દેશની કાયા પલટી શકાય. બંધારણે આ કામને સ્વીકાર્યું છે અને સરકારને તેનો અમલ કરવાનો આદેશ આપ્યો છે.

૬–૩–'૫૧ મગનભાઈ દેસાઈ

અંદાજપત્રોનું અવનવું

સરકારી નાણાકીય વરસ એપ્રિલથી માર્ચ સુધીનું ગણાય છે. એટલે એપ્રિલથી શરૂ થતા વરસના સરકારી આવક-ખર્ચના અંદાજો દર સાલ ફેબ્રુઆરી માસમાં ધારાસભાઓ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવે છે. આથી બધા પ્રાન્તોમાં અને મધ્યસ્થ સરકારમાં ફેબ્રુઆરી–માર્ચમાં અંદાજ-પત્રોનો વિષય મહત્ત્વનો થઈ પડે છે. લોકો અને ખાસ કરીને ધંધાદારીઓ અને વેપારીઓ પણ તે માટે આતુરતાથી રાહ જોતા હોય છે, કારણ કે અંદાજપત્રમાં જે દરખાસ્તો કરવામાં આવે તેની અસર ધધારોજગાર ઉપર અને સામાન્ય લોકોના જીવન ઉપર પડે છે. આપણે અહીં મધ્યસ્થ સરકાર અને મુંબઈ સરકારનાં ૧૯૫૧-૫૨નાં અંદાજ-પત્રોમાંથી મહત્ત્વની બાબતો જોઈશું.

(૧)

મુંબઈ સરકાર

૧. કોઈ પણ નવો વેરો નાખ્યા વગર અંદાજપત્રમાં આવક-ખર્ચ સમતોલ કરવામાં આવ્યું છે. ૧૯૫૧–૫૨ માટે આવકનો અંદાજ રૂ. ૬૦૬૪ લાખનો છે અને ખર્ચનો અંદાજ રૂ. ૬૦૫૯ લાખનો છે.

૨. ૧૯૫૦–૫૧માં ખર્ચ રૂ. ૬૫૬૭ લાખનું થશે એવો અંદાજ કરેલો છે. તે ખર્ચમાં કરકસર કરીને નવા વર્ષમાં હવે ખર્ચ ઘટાડવામાં આવ્યું છે.

૩. ભારત સરકારના બંધારણ મુજબ હવે પ્રાંતપ્રાંત વચ્ચે થતી માલની હેરફેર પર વેચાણવેરો લઈ શકાશે નહીં એટલે વેચાણવેરામાં રૂ. સાડા ચાર કરોડ ઓછા મળશે. તે ઉપરાંત દારૂવેરાની આવક તો ઓછી થઈ જ છે. તે ખાડો ચાલુ આવકમાંથી પૂરવામાં આવ્યો છે અને છતાં કેળવણી જેવાં પ્રજાઘડતરનાં કામોમાં ખર્ચ ખાસ ઘટાડયું નથી.

૪. પ્રજાઘડતરનાં કામોમાં લગભગ રૂ. ૨૪ કરોડ ખરચવાનો અંદાજ છે. તેમાં અડધો ભાગ કેળવણી ખર્ચનો થાય છે. કેળવણી ખર્ચ ૧૯૪૭–૪૮માં રૂ. ૬૨૦ લાખનું હતું તે વધીને રૂ. ૧૧૯૮ લાખ થશે. આનું વિકાસ-ખર્ચ મુંબઈ પ્રાંતમાં માથા દીઠ રૂ. ૮ થાય.

છે ત્યારે માથા દીઠ કરનો બોજો રૂ. ૧૩–૧૨–૯ થાય છે.

૫. હરિજન જેવા પછાત વર્ગોની ઉન્નતિ માટે ૧૯૪૬–૪૭માં રૂ. ૧૧ લાખનું ખર્ચ થતું હતું તે ૧૯૫૧–૫૨ માં રૂ. ૪૬ લાખનું થશે.

૬. નિરાશ્રિતોને ધંધારોજગાર અને ઘરો માટે રૂ. ૧૧૪ લાખની લોન આપવામાં આવી છે. બીજી ૭૦ લાખની લોન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

૭. તળાવો વગેરે બાંધીને ૨૨૫ હજાર એકરને પાણી પૂરું પાડવામાં આવશે.

આ રીતે નાણામંત્રીએ વધુ બોજો નાખ્યા વગર, ખર્ચમાં ફેરફાર કરીને, સમાજસેવાનાં કામો માટે જોગવાઈ કરી છે.

(૨)
મધ્યસ્થ સરકાર

૧. મધ્યસ્થ સરકારના અંદાજપત્રમાં ૧૯૫૧–૫૨ માટે આવકનો અંદાજ રૂ. ૩૭૦ કરોડનો છે અને ખર્ચનો અંદાજ રૂ. ૩૭૫ કરોડનો છે. એટલે સરવાળે આશરે રૂ. ૫ કરોડ ખૂટે. પણ નાણામંત્રીએ વિકાસ ખર્ચ માટે વધુ પૈસા મેળવવા સારુ રૂ. ૩૧ કરોડના નવા વેરા નાખવાનું વિચાર્યું છે એટલે ઉપરની ખોટ પૂરી થતાં રૂ. ૨૬ કરોડ વધશે તે વિકાસખર્ચમાં વપરાશે.

૨. લશ્કર પાછળ રૂ. ૧૮૦ કરોડનું ખર્ચ થશે. તે મધ્યસ્થ સરકારના કુલ ખર્ચના ૪૮ ટકા થશે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સુધરે નહીં અને કાશ્મીરનો ઝઘડો પતે નહીં ત્યાં સુધી આ ખર્ચમાં ઘટાડો થઈ શકે તેમ નથી.

૩ નવા કરવેરામાં નીચેના મુખ્ય છે:

(ક) પરદેશથી આયાત થતી ચીજો પર ૫ ટકા વધુ જકાત પડશે.

(ખ) શીંગદાણા પર ટને રૂ. ૮૦ નિકાસ-જકાત લેવામાં આવશે.

(ગ) વાર્ષિક રૂ. ૫૦૦૦ આવકવાળાને વરસે રૂ. ૬ આવકવેરામાં વધુ આપવા પડશે. તે કરતાં વધુ આવકવાળાને વધુ આપવા પડશે. તેનાથી ઓછી આવકવાળા માટે આવકવેરાનો દર વધાર્યો નથી.

(ઘ) બીડીઓ પીનારા સરકારને વાર્ષિક રૂ. ૬ સરેરાશ તમાકુવેરાના આપે છે. હવે તેમણે રૂ. ૮ આપવાના થશે. દસ સિગારેટનું પેકેટ નવ

પૈસામાં મળતું હશે તેના દસ પૈસા આપવા પડશે. તે પ્રમાણે છીંકણી અને દેશી બીડી પણ થોડી મોંઘી થશે.

આ રીતે તમાકુવેરા, આયાત જકાત અને આવકવેરામાં વધારો કરીને આવક વધારવામાં આવશે અને તેમાંથી રેલવે, તાર ટપાલ, પુનર્વસવાટ, નદીબંધો અને ઔદ્યોગિક વિકાસ માટે ખરચ કરવામાં આવશે. તે માટે જરૂર પ્રમાણે નવી લોન પણ ઉધરાવવામાં આવશે.

આ રીતે, સામાન્ય પ્રજા ઉપર વધારાપડતો બોજો નાખ્યા વગર, વિકાસ કામો કરવાની જોગવાઈ કરવામાં આવી છે. પણ રેલવેના અંદાજપત્રમાં ત્રીજા વર્ગના ભાડામાં માઈલે ૪ પાઈને બદલે ૫ પાઈ કરવાનું વિચારાયું છે તે કેટલાકને અયોગ્ય લાગે છે. પણ મોટરોના ભાડાને હિસાબે અને બીજા દેશોની સરખામણીમાં હિંદમાં રેલવે ભાડું ઓછું છે અને ચીજ વસ્તુઓના ભાવ વધ્યા છે તે હિસાબે પણ ઓછું છે. આમ છતાં એટલું જોવુ જોઈએ કે જેથી, ઉપલા વર્ગ કરતાં નીચલા વર્ગ ઉપર બોજો વધુ ન પડે. હાલની દરખાસ્ત પ્રમાણે તો ત્રીજા વર્ગનું ભાડું પચીસ ટકા વધશે ત્યારે ઉપલા વર્ગોનું એટલું નહીં વધે. તે ધોરણ બદલવું જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

ક્રાંતિનું અનુષ્ઠાન

[પરંધામ, પવનાર ખાતે સર્વોદય મેળાને દિવસે તા. ૧૨–૨–'૫૧ના રોજ શ્રી વિનોબાએ આપેલું ભાષણ નીચે ઉતાર્યું છે.]

ગામડાનાં અને શહેરનાં મારાં ભાઈઓ અને બહેનો,

આપણે સૌ આ ઠેકાણે ખરે બપોરે શા માટે ભેગાં થયાં છીએ? તમારામાંથી કેટલાંક મારી જાણ પ્રમાણે, ઘણે દૂર દૂરથી આવ્યાં છો. કેટલાંક તો પગે ચાલીને આવ્યાં છો. નાગપુરથી આપણા તાત્યાજી વઝલવાર, જેઓ આ કાર્યની જીવતીજાગતી જ્યોત છે,* તેઓ અને તેમની મંડળી પગે ચાલીને આવ્યાં છે, તે જ પ્રમાણે નાગપુરના નિરંતર સેવક પૂનમચંદજી રાંકા સ્ત્રીઓની મંડળીને લઈને પગે ચાલતા ચાલતા આવ્યા છે. મેં જોયું કે તેમની સાથે એક બહેન સાત માસના ધાવણા બાળકને લઈને આવી છે. ચાંદા જિલ્લાથી સો સવાસો માઈલથી એક મંડળી ચાલીને આવી છે. આ સાંભળીને મને ઘણો ઉત્સાહ આવ્યો. અને મારી ખાતરી છે કે તમારા બધાનું ચિત્ત કોઈ

એક ભાવનાથી ભરાઈ ગયું છે, તેથી તમે આમ ઘેલાની જેમ અહીં ભેગા થયા છો.

બપોરની વેળાએ આપણે સૌ કોઈ એક સંકલ્પ લઈને અહીં આવ્યા છીએ. ત્રણ વરસ પહેલાં ગાંધીજી પોતાના નાનાશા દેહમાંથી બહાર ચાલ્યા ગયા અને તેમના અંતરાત્માની શક્તિથી આખા વિશ્વમાં સંચરવા લાગ્યા, ત્યારથી આપણે સૌ તેમના સંકલ્પનાં ઓજાર બન્યા છીએ. તે તેમનો બળવાન સંકલ્પ જે આપણી પાછળ ઊભો છે, તે જ આપણને પ્રેરણા આપે છે, સ્ફૂર્તિ આપે છે. હવે તમને અહીં આવીને બાહ્ય વસ્તુ કંઈ મળવાની છે? અને આ સઘળા આટલા લોકો પોતાનાં ઘર છોડી પગે ચાલીને આવીને અહીંથી શું મેળવનાર છે? કોઈ એક વસ્તુ તેમના મનમાં છે. તમારા સૌના મનમાં તે જ છે. મારે મોઢેથી તમે તે બોલશો, સાંભળશો, તે પ્રમાણે અમલ કરવાનો પ્રયત્ન કરશો.

આપણે અહીં શા માટે ભેગા થયા છીએ, તેનો એક જ જવાબ મારી પાસે છે. આપણે આ દુનિયાનું સ્વરૂપ બદલવાને આજે અહીં આવ્યા છીએ. કેવી મોટી ભાષા તમે મારે મોઢેથી બોલાવી! પરંતુ આવી આ મોટી ભાષા જ આજે ઈશ્વરને પ્રિય છે. અને આપણાં જેવાં પોલાં ઓજારો લઈને તે પોલાં વાદ્ય વગાડનારો, પોલામાંથી ભરેલો અવાજ કાઢનારો ભગવાન શ્રીકૃષ્ણ તો આપણામાંથી પોતાનો અવાજ કાઢી રહ્યો છે. આપણે સૌ તૂટેલા છીએ; અક્ષરશઃ તૂટેલા છીએ; આપણને પૂરું ખાવા હજુ મળતું નથી, પૂરું પીવાનું નથી; પૂરું આપણું કશું જ નથી. પરંતુ આવાં જ તૂટેલાં ઓજારો લઈને ભગવાન કામ કરવા લાગ્યો છે. ભગવાનને એવાં જ ઓજાર પસંદ પડે છે. તેણે એક વખતે વાંદરાઓ પાસેથી કામ લીધું, એક વખતે ગોવાળની પ્રતિષ્ઠા તેણે વધારી. તે જ પરમેશ્વર આ હિંદુસ્તાનની હજારો વર્ષથી દબાયેલી જનતા પાસે કોઈ એક કામ કરાવી લેવા ઇચ્છે છે. નહીંતર તમે વિચાર કરો, ચાર વર્ષ પહેલાં આપણો અવાજ દુનિયામાં કોઈ સાંભળતું નહોતું, કોઈ ને આપણો અવાજ સાંભળવાની ફુરસદ નહોતી; અરે, વધુ શું, આપણા અવાજને માણસનો અવાજ જ કહેતા નહોતા, પશુમાં જ આપણી ગણતરી હતી. તે આપણો અવાજ આજે દુનિયાના કાને જઈને પહોંચ્યો છે. તેથી આપણે સૌ હવે નાનાં નથી; આપણે સૌ મહાન

છીએ આપણું અહંપણું છોડીશું એટલે તે જ ક્ષણે અનુભવ થશે, એક મહાન શક્તિનો સંચાર થશે; અને પછી તુકારામની જેમ અનુભવ થશે કે આ દેહ મારો રહ્યો નથી, તે બીજી શક્તિના હાથમાં ગયો છે, તેની અંદરથી ભગવાન બોલી રહ્યો છે.

તમે જ જુઓ. યાત્રાઓ થાય છે, તેમાં બધી પૈસાની બોલબાલા હોય છે. બધું જગત જોઈ લો. જ્યાં જશો ત્યાં આ પિશાચ પૈસો જ વળગેલો જોશો. પરંતુ તમને હમણાં એ કલ્પના સૂઝી છે કે તે પૈસા અમારે ન જોઈએ; અમારે પરિશ્રમ જોઈએ. કઠણ પરિશ્રમથી રોટલો કમાનાર જે મજૂર છે, જે ખેડૂત છે, જે કામદાર છે, જે મહેનતુ શ્રમિક છે, તેના શ્રમથી પેદા થયેલી પવિત્ર વસ્તુ જ ભગવાનને અર્પણ થઈ શકશે. અને તેથી તમે આ ઠેકાણે સૂતરની આંટી દેવા માટે આવ્યા. જે આવી શક્યા નથી, તેમણે બીજાની સાથે મોકલી છે. આ શી ઘેલછા છે! ભાઈઓ, તુકારામે કહ્યું છે તે પ્રમાણે જ્યારે તમને મને સ્ફુરશે, જ્યારે તમારા મારા મોંમાંથી તેની ભાષા નીકળશે, તે વખતે આ આંટીઓ કેટલું ચેતન પ્રગટ કરશે! તુકારામે શું કહ્યું છે? તેમણે કહ્યું છે: "તુકા મ્હણે ધન આમ્હાં ગોમાંસા સમાન" (તુકો કહે ધન અમારે ગોમાંસ સમાન). આથી વધારે તીવ્ર ભાષા કઈ હોઈ શકે? તે ભાષા તમે બોલ્યા છો, અને તેથી તમારું આ કામ નાનું નથી. તે દુનિયાભરથી નિરાળું છે, દુનિયાભરને ઊલટપાલટ કરનારું છે. આપણું પણ એવું છે કે, "કાં તો આ દુનિયા બદલીશું અથવા આપણું શરીર આ કામ કરતાં કરતાં પડશે." "સદા સર્વદા યોગ તુઝા ઘડાવા તુઝે કારણીં દેહ માઝા પડાવા," (સદા સર્વદા યોગ તારો જ હોજો, તારે જ કામે મુજ દેહ જાજો) આ જ આપણી આકાંક્ષા, આ જ આપણો પ્રયત્ન. તે માટે આપણે સૌ અહીં આવ્યા છીએ.

આ વરસે કોંગ્રેસે અમદાવાદમાં એક સભા કરી અને એક રૂપિયાનું લવાજમ ઠરાવ્યું. પહેલાં ચાર આના હતા. પણ તે ચાર આનાની કિંમત આજના રૂપિયા બરાબર છે. આવો આ પૈસો ક્ષણે ક્ષણે બદલાનારો. જેના મોઢામાં એક ભાષા નથી, તે કેવળ લબાડ છે. પરંતુ તેમ છતાં આપણી ધનાસક્તિ, દ્રવ્યાસક્તિ, કાંઈ છૂટી નથી. અને છેવટે એક રૂપિયો

ઠરાવવામાં આવ્યો છે. હું કહું છું કે, હે ભાઈઓ, ક્યાં સુધી તમે આ પૈસા આગળ નાક ઘસતા રહેશો? જેની પાસે પૈસો છે, તેની પાસે શું છે? દૂધ, દહીં, છાશ, માખણ, શું છે? તે ફક્ત પૈસામાં ભૂલો પડયો છે. તે મૂર્ખ છે.

જ્યારે આપણે તેની આ ભૂલ, તેણે આપણામાં પેદા કરેલો ભ્રમ ફેંકી દઈશું, ત્યારે તે જ ક્ષણે જનશક્તિ, લોકશક્તિ, ગામડાંના લોકોની શક્તિ પ્રગટ થશે. અને હિંદુસ્તાનમાં, આખા જગતમાં, જે ક્રાંતિ ક્રાંતિના નામથી આપણે શોરબકોર કરીએ છીએ, તે જ ક્રાંતિ પ્રત્યક્ષ થશે. તે કરવા માટે આપણે આજે અહીં એકઠા થયા છીએ.

ગયા વરસથી શ્રમસમર્પણનો જે આરંભ થયો, તે આખા દેશમાં ફેલાવા દો. ચાર સાલની ઉંમરના નાના બાળકથી માંડીને ૮૦ વર્ષના ડોસા સુધીનો દરેક માણસ પોતાને હાથે કાંતેલું સૂતર અર્પણ કરે. અને બધાના મુખેથી એ જ અવાજ નીકળવા દો કે, "આ જ પૈસો છે, તે ન જોઈએ. અમારે શ્રમદેવ જોઈએ. શ્રમદેવની ઉપાસના અમે કરીશું." આ જ અવાજ હિંદુસ્તાનભરમાંથી નીકળો. મને કોઈક પૂછ્યું: "તમે કેટલી આંટીની અપેક્ષા કરો છો? સૂતર કેટલું જમા થવું જોઈએ એમ તમારી અપેક્ષા છે?" હું તેમને કહું છું, "ચાર વર્ષથી માંડીને એંસી નેવું વર્ષ સુધીના જે માણસો છે, તે પ્રત્યેકની એક આંટી મારે જોઈએ." આખા વરસમાં એક આંટી કાંઈ વધારે નથી. તે પ્રેમની નિશાની છે. પરંતુ આ પ્રેમ, સત્ય પ્રત્યેનો પ્રેમ, સર્વોદય પ્રત્યેનો પ્રેમ, જનતા વિષેનો પ્રેમ, પરિશ્રમ પ્રત્યે પ્રેમ જેમને હોય તે જ એક આંટી આપે. આ પ્રમાણે આપણા લોકો આખા હિંદુસ્તાનમાં પ્રચાર કરે અને સૌને આ વાત સમજાવે, એવી મારી આકાંક્ષા છે. મારો અવાજ તમારા સુધી જેટલો દૂર પહોંચશે તેટલો દૂર તમે તે તમારા આચરણથી પહોંચાડો એમ મારી તમને પ્રાર્થના છે.

અને તમને પ્રાર્થના કરવાની મારે શી જરૂર છે? હું હમણાં જ બોલ્યો કે આ બધું તમે જ મારી પાસે બોલાવો છો. નહીંતર મારામાં આ શક્તિ આવી જ ક્યાંથી? આ તમારી જ શક્તિ છે. અને તમારી પાસે તે આવી ક્યાંથી? તે તો મહાત્મા ગાંધીજીના

સંકલ્પની શક્તિ છે. અને તેમની પાસે તે કયાંથી આવી? તે તો પરમેશ્વરની શક્તિ છે. મારા મિત્રો, આપણે સૌ તેના શરણે જઈએ, અહંકાર છોડીએ અને પરિશ્રમમાં લાગી જઈએ.

(હિં૦ બં૦માંથી)

પૂરું થતું પખવાડિયું

વાહનવહેવાર ખાતાના પ્રધાન શ્રી ગોપાલસ્વામી આયંગરે વડી ધારાસભામાં રજૂ કરેલા અંદાજપત્રને ધારાસભાએ મંજૂરી આપી છે.

કાશ્મીરના પ્રશ્નનો ઉકેલ લાવવાને માટે ઇંગ્લંડ તથા અમેરિકા એ બંને દેશોએ મળીને સંયુક્ત રાષ્ટ્ર સમૂહની સલામતી સમિતિમાં રજૂ કરેલો ઠરાવ માન્ય ન રાખવાનું હિંદ સરકારના સલામતી સમિતિના પ્રતિનિધિ મંડળના વડાએ સલામતી સમિતિમાં જાહેર કર્યું છે અને એ પ્રશ્નનો ઉકેલ લાવવાનું લાગતાવળગતા પક્ષો પર છોડી દેવાને જણાવ્યું છે.

કૉંગ્રેસના પ્રમુખ બાબુ પુરુષોત્તમદાસ ટંડને સરદારશ્રીની જગ્યાએ કુમારી મણિબહેન પટેલની કારોબારી સમિતિમાં નિમણૂક કરી છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શ્રી લિયાકતઅલીખાનના જણાવ્યા મુજબ તેના લશ્કરના કેટલાક વડા અમલદારોએ પાકિસ્તાન સરકાર સામે બળવો કરી રાજ્યતંત્રને ઉથલાવી નાખવાનું કાવતરું રચ્યું હતું પણ તે વેળાસર પકડાઈ ગયું છે. એ કાવતરામાં સંડોવાયેલા પાકિસ્તાન લશ્કરના જનરલ સ્ટાફના વડા મેજર જનરલ અકબરખાન અને બીજા કેટલાક લશ્કરી અમલદારો તેમ જ બીજાઓને પકડવામાં આવ્યા છે.

ઈરાનના વડા પ્રધાનનું ત્યાંના ધર્મઝનૂની પક્ષના કોઈક સભ્યે ગોળીબાર કરીને ખૂન કર્યું છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

રજિ. નં. બી ૪૯૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૧૬

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૩
છમાસિક " " રૂા. ૨

અમદાવાદ, ૧લી એપ્રિલ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂા. ૫; શિ. ૮

નામજપ

નામજપથી પાપહરણ સારી રીતે થાય છે. શુદ્ધ ભાવનાથી નામ જપનારને શ્રદ્ધા હોય જ. નામજપથી પાપહરણ થાય જ એવા નિશ્ચયથી તે શરૂ કરે છે. પાપહરણ એટલે આત્મશુદ્ધિ. શ્રદ્ધાપૂર્વક નામ જપનાર થાકે તો નહીં જ. એટલે જે જિહ્વાથી થાય છે તે છેવટે હૃદયમાં ઊતરે છે ને તેથી શુદ્ધિ થાય છે. આ અનુભવ તો નિરપવાદ છે: માનસ-શાસ્ત્રીઓ પણ માને છે કે માણસ જેવું વિચારે તેવો થાય છે. રામનામ આને અનુસરે છે. નામજપ ઉપર મારી શ્રદ્ધા અખૂટ છે. નામજપને શોધનાર અનુભવી હતો અને એ શોધ અત્યંત મહત્ત્વની છે એવો મારો દૃઢ અભિપ્રાય છે. નિરક્ષરને સારુ પણ શુદ્ધિદ્વાર ખુલ્લું હોવું જોઈએ. તે નામજપથી થાય છે. (ગીતા, અધ્યાય ૯, શ્લોક ૨૨; અધ્યાય ૧૦, શ્લોક ૧૦). માળા વગેરે એકધ્યાન થવામાં, ગણતરી કરવામાં સાધન છે.

૧૯૩૨ — ગાંધીજી

પાંચા પટેલ

આપણી આઝાદીની લડતમાં હજારો સ્ત્રીપુરુષોએ આત્મભોગ અને બલિદાનો આપ્યાં છે. તેમાંનાં ઘણાંને આપણે ઓળખતા નથી પણ આપણી ભાવી પ્રજાને પ્રેરણા આપે એવા ત્યાગ અને ટેકથી તેમનાં જીવન સમૃદ્ધ હોય છે. એવા આઝાદીની લડતના એક અજ્ઞાત સૈનિક પાંચા પટેલ હતા.

પાંચા પટેલ કરાડીના એક ગરીબ ખેડૂત હતા. ગુજરાતી ચારેક ચોપડીથી ઝાઝું ભણ્યા ન હતા પણ તેમનું હૃદય ભક્તનું હતું. તેથી દર શનિવારે ભજન-કીર્તનનો કાર્યક્રમ પોતાને ઘેર રાખતા. કબીર, નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેવાં ભક્ત કવિઓનાં ભજનો તેમને કંઠસ્થ હતાં. ગુજરાન માટે પૂરતી જમીન ન હોવાથી સાથે દરજીનો ધંધો પણ કરતા. એ સમય દરમ્યાન ડોક કૃત ગાંધીજીનું જીવનચરિત્ર તેમના વાંચવામાં આવ્યું ત્યારથી તેઓ ગાંધીજીના ભક્ત બની ગયા.

આફ્રિકાથી હિંદમાં આવ્યા પછી ગાંધીજીએ જે જે કાર્યક્રમો દેશ સમક્ષ મૂકયા તે બધાને અપનાવવામાં પાંચા પટેલ આગળ પડતો ભાગ લેતા. નાગપુર ઝંડા સત્યાગ્રહથી માંડી '૩૦-'૩૨ સુધીની બધી લડતોમાં તેમણે ફાળો આપ્યો હતો. ધરાસણાના મીઠાના અગરોનો કબજો લેવા કરાડીથી ગાંધીજી નીકળવાના હતા ત્યારે દાંડી કૂચના પ્રસિદ્ધ સૈનિકોની ટુકડીમાં પોતાને દાખલ કરવાનો તેમણે ગાંધીજીને આગ્રહ કર્યો હતો અને ગાંધીજીએ તેમનું નામ દાખલ કરવાની મંજૂરી

આપી હતી. ગાંધીજી પકડાયા પછી અબ્બાસ તૈયબજીએ ટુકડીની નેતાગીરી લીધી અને કરાડીથી ધરાસણા જવા કૂચ કરી ત્યારે આખી ટુકડીને સરકારે ગિરફતાર કરી હતી. તેમાં પાંચા પટેલ પણ હતા. પણ પાંચા પટેલના જીવનની સુવાસ એ તેમની ટેકને લીધે છે.

ઈ. સ. ૧૯૨૧માં સ્વરાજ માટેની લડત ગાંધીજી બારડોલીથી શરૂ કરવાના હતા. તેમાં જમીન-મહેસૂલ ન ભરવાનો પણ એક કાર્યક્રમ હતો. પાંચા પટેલે સ્વરાજ ન મળે ત્યાં સુધી જમીન-મહેસૂલ ન ભરવાની તે વેળા પ્રતિજ્ઞા લીધી હતી. ચૌરીચૌરાના હત્યાકાંડથી ગાંધીજીએ એ લડત મોકૂફ રાખી પણ પાંચા પટેલે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે મહેસૂલ ન ભર્યું. લડત શરૂ થઈ ન હોવાથી કૉંગ્રેસ કાર્યકર્તાઓએ તેમને મહેસૂલ ભરી દેવાની સલાહ આપી. પણ તેમની સલાહથી પાંચા પટેલના મનનું સમાધાન ન થયું તેથી તે સાબરમતી આશ્રમમાં ગાંધીજીની સલાહ લેવા ગયા. વાતચીત દરમિયાન ગાંધીજીએ તેમને પૂછ્યું, "તમે કોની સલાહથી પ્રતિજ્ઞા લીધી?"

પાંચા પટેલ — તમે જ 'નવજીવન'માં લખ્યું હતું કે અન્યાય સામે જે કાયદાનો વ્યક્તિગત સવિનયભંગ કરે છે તેને જગતમાં કોઈ દબાવી શકે નહીં. એ વાંચીને મેં મારી જાતે જ નિર્ણય કરી લીધો.

ગાંધીજી — તમારી સાથે કોઈ ન હોય તોયે તમે લડત ચાલુ રાખશો?

પાંચા પટેલ — હા.

ગાંધીજી — પણ એકલા પડી જશો એવો ડર ન લાગે?

ટાગોરના 'એકલો જાને' ગીતનો ઉલ્લેખ કરી તે બોલ્યા કે, "હું એકલો લડીશ." ગાંધીજીએ હસીને તેમને શાબાશી આપી અને બોલ્યા કે, "મારા તમને આશીર્વાદ છે, તમે મહેસૂલ નહીં ભરતા."

મહેસૂલ ન ભરવાથી તેમની દોઢ બે વીઘાં જેટલી જમીન સરકારે જપ્ત કરી. પાંચા પટેલની મિલકતમાં એટલી જમીન જ હતી, છતાં તે નાસીપાસ ન થયા. સંચો છોડી રેંટિયો અને સાળ હાથમાં લીધાં અને તેમાંથી જે મળે તેનાથી જ આજીવિકા ચલાવવાનો નિર્ણય કર્યો.

ઈ. સ. ૧૯૩૭માં જ્યારે પ્રાંતોમાં કૉંગ્રેસી પ્રધાનો સત્તા પર આવ્યા ત્યારે સરકારે જપ્ત કરેલી બધી જમીનો તેના મૂળ માલિકને પાછી સોંપવાનો હુકમ કર્યો. આ વેળા પાંચા પટેલે જમીનનો કબજો લેવાની ના પાડી, તેથી સરકારી અમલદારો થોડા મૂંઝાયા. એ અંગે હરિપુરા કૉંગ્રેસ વેળા પાંચા પટેલ ગાંધીજીને મળ્યા. ગાંધીજીએ તેમને મહેસૂલ ભરવાની અને જમીનનો કબજો લેવાની સલાહ આપી. આ સલાહથી પાંચા પટેલ ગૂંચવાયા. તેમણે ગાંધીજીને કહ્યું કે, "સ્વરાજ ન મળે ત્યાં સુધી મહેસૂલ ન ભરવાની મારી ટેક છે. એ ટેકનું શું? શું સ્વરાજ આવી ગયું?" ગાંધીજીએ કહ્યું: "ના, સ્વરાજ આવ્યું નથી. તમારી ટેકનો હું ભંગ કરાવવા ઇચ્છતો નથી, પણ આપણા પ્રધાનો સામે હવે સત્યાગ્રહ ન થાય, માટે જમીનનું મહેસૂલ તો ભરાવું જ જોઈએ." કેટલીક ચર્ચા પછી ગાંધીજીએ તોડ કાઢયો કે, "જમીન ખાદી-કાર્ય માટે દીવાનજીને આપી દો, તે મહેસૂલ ભરશે." પાંચા પટેલ સંમત થયા.

ઈ. સ. ૧૯૪૭ના ઑગસ્ટની ૧૫મી તારીખે હિંદને સ્વરાજ મળ્યું. પછી પાંચા પટેલને જમીનનો કબજો લેવાની વિનંતી કરવામાં આવી. જેમ હિંદના રાજકારણમાં સ્વરાજનો અર્થ ક્રમે ક્રમે વિકસતો ગયો તેમ પાંચા પટેલના સ્વરાજની કલ્પના પણ વિકસતી ગઈ. તેમણે જણાવ્યું કે, "જ્યાં સુધી દેશમાં લશ્કરની મદદથી રાજ ચાલે છે ત્યાં સુધી તે સાચું સ્વરાજ નથી. મારું સ્વરાજ હજી આવ્યું નથી, માટે હું મહેસૂલ નહીં ભરું અને એ જમીન પણ મારે ન જોઈએ." ગાંધીજીએ જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે લખ્યું કે, "પાંચા પટેલની ટેક અદ્વિતીય જ રહેશે."

જ્યાં સુધી જાત ચાલે ત્યાં સુધી પોતાના શ્રમથી જ પેદા કરેલા પૈસામાંથી આજીવિકા ચલાવવી એવો તેમનો આગ્રહ હતો. વૃદ્ધાવસ્થાને લીધે શક્તિ ઘટવા આવી તોયે શ્રમ કર્યા જ કરતા. તેમની જરૂરિયાત જેટલી રકમ દર વરસે આપ્યા કરવાની કૉંગ્રેસી મિત્રોની માગણી હતી. પણ શ્રમનું ગૌરવ તેમનામાં એટલું બધું હતું કે વૃદ્ધાવસ્થામાંયે એ મદદનો તેમણે ઇન્કાર કર્યો હતો. છેવટના દિવસોમાં આંખનું તેજ ઓછું થયું અને શરીર કામ આપતું બંધ થયું ત્યારે એક કુટુંબીને ત્યાં તેઓ જમતા. તે કુટુંબીની આર્થિક સ્થિતિ એ ભાર ઉપાડી શકાય એવી ન હતી, તેથી મિત્રોની મદદ લેવા છેવટે તેમને સમજાવી શકાયા.

એ ટેકીલા પાંચા પટેલનું ગયે મહિને અવસાન થયું; પણ તેમની ટેક, શરીરશ્રમ પ્રત્યેનો પ્રેમ અને ત્યાગ આપણે યાદ રાખીશું.

મરવાડ, ૧૨-૩-'૫૧ લલ્લુભાઈ મકનજી

આજનું ભણતર !

થોડા દિવસ પર બનેલો એક પ્રસંગ છે. એક ભાઈ સ્ટેશને ગાડીની રાહ જોતા હતા. ગાડી મોડી આવવાની હતી. તેથી તે બીજા વર્ગના વેઇટિંગ રૂમમાં જઈને બેઠા. થોડી વારમાં ચાર પાંચ વિદ્યાર્થીઓ તે ઓરડામાં દાખલ થયા. તેઓ પાન ચાવતા હતા. એવામાં એક વિદ્યાર્થીને થૂંકવાનું થયું. તેણે ઊઠવાની તસ્દી લીધા વિના ભીંત પર જ પિચકારી મારી. પેલા ભાઈ આ જોઈને અકળાયા, પણ ગમ ખાઈને બેઠા. થોડી વાર પછી તે ભીંત પર પાછો થૂંક્યો!

આ જોઈને પેલા ભાઈએ પૂછ્યું : "તમે ક્યાં ભણો છો?"

પેલા વિદ્યાર્થીએ જવાબ આપ્યો : "આ શહેરમાં જ."

ભાઈએ કહ્યું : "તમને શાળામાં આવું જ શીખવવામાં આવે છે? ક્યાં થૂંકવું જોઈએ એ પણ શીખવ્યું નથી?"

પેલો વિદ્યાર્થી હસતો હસતો કહે : "અમને તો ઘરમાં જ્યાં ત્યાં ન થૂંકવાનું શીખવવામાં આવ્યું છે. બીજે બધે થૂંકવામાં શો વાંધો?"

ભાઈ કહે : "પણ બીજી જગ્યા પણ ચોખ્ખી રહે એમ શા માટે ન વર્તવું જોઈએ? તમે હવે કંઈ નાના નથી. એટલું જ્ઞાન તો સ્વાભાવિક રીતે જ થવું જોઈએ."

પેલો વિદ્યાર્થી નફટાઈથી બોલ્યો: "એવું અમારી ચોપડીમાં આવતું નથી. હું કરું છું એ કંઈ ખોટું નથી."

પેલા ભાઈને થયું, જે સમજવા જ માગતો નથી એની સાથે ચર્ચા કરવી એ ભેંશ આગળ ભાગવત જેવું છે. એ ભાઈ પછી ચૂપ બેઠા.

મુકુલભાઈ

વરુ અને બકરો

એક ઊંચા ડુંગરાની ધાર ઉપર બકરો ચરતો હતો. નીચેથી તેને એક વરુએ જોયો. તેણે બકરાને કહ્યું, "અરે ભાઈ, આ તે કેવું સાહસ કરી રહ્યા છો? આમ ઊંચે ધાર પર ઊભા ઊભા ચરો છો, તે પગ ખસે તો? જુઓ, આ નીચે કેવું મજાનું લીલું લીલું ઘાસ છે? ઉપરનાં સૂકાં તણખલાં કરતાં કેવું મીઠું ને રસદાર છે? તમે નીચે આવો અને આ સાહસ છોડો."

બકરો કહે – વાહ વરુભાઈ, તમે ઠીક કહ્યું. પણ મને નીચે બોલાવો છો તે હું લીલું ભોજન કરું તે માટે, કે તમને મારું તાજું તગડું ભોજન મળે તેને સારુ?

'મોંમાં રામ અને બગલમાં છરી' જેવી વાત કરતા વરુભાઈ દાવ ખાલી ગયો જોઈને ત્યાંથી રવાના થયા.

૨૩-૩-'૫૧ મગનભાઈ દેસાઈ

દેડકાંનો રાજા

રેલગાડી એટલે વાણી-સ્વાતંત્ર્ય. ગાડીના ડબામાં માણસને જે ગમે તે બોલવાની જાણે છૂટ મળી ગઈ હોય છે. કોઈ મારે તો એનો હાથ ઝાલી શકાય, પણ કોઈ બોલે તો એની જીભ ઓછી ઝાલી શકાય છે? તેથી ગાડીમાં બેત્રણ જણ સરખેસરખા ભેગા થાય એટલે ચર્ચા થતી જ હોય. કેટલાક માણસો આજના રાજકારભાર સામે પોતાનો રોષ ઠાલવતા હતા. એક કહે: "આપણને સ્વરાજ મળ્યું છે, પણ હાડમારી ઊલટી વધી છે. અંગ્રેજોનું રાજ આના કરતાં કેટલુંયે સારું હતું. હવે તો

આપણા દેશમાં આપણું રાજ છે એમ કહેવાય છે. પરંતુ કેટલાક લોકો જ સત્તા પચાવી બેઠા છે અને પોતાને ફાવે એવો લાભ ઉઠાવી રહ્યા છે."

બીજાએ એમાં ટાપશી પૂરી. તે કહે: "તમારી વાત સાચી છે. હવે તો આ લોકોના હાથમાં સત્તા રહેવી ન જોઈએ. આ બધા સ્વાર્થી લોકો ભેગા થયા છે. પ્રજાનો તો કંઈ વિચાર જ કરતા નથી."

ત્રીજો કહે: "જુઓને, સ્વરાજ આવ્યું ત્યારથી અનાજની તંગી વધતી જ જાય છે અને નકામા નકામા ખર્ચ સરકાર બીજી બાબતમાં કર્યે જાય છે. ખરેખર અંગ્રેજો ભલે આપણા પર રાજ કરતા હતા, પણ તેઓ પ્રજાના હિત માટે હંમેશાં કાળજી લેતા."

આમ વાત વધવા જ લાગી. એ લોકોની વાત સાંભળી હું તો વિચારમાં પડી ગયો. મને થયું આ લોકોની ગેરસમજૂતી અને એમનો અસંતોષ શી રીતે દૂર કરી શકાય? મને પેલા દેડકાંઓની વાત યાદ આવી.

એક નાનાં તળાવમાં ઘણાં દેડકાં રહેતાં હતાં. તેઓ સુખેથી તળાવમાં હરતાં-ફરતાં હતાં અને આનંદ કરતાં હતાં. એક દિવસે તે દેડકાંઓને વિચાર આવ્યો: આમ મન ફાવે તેમ હરવું ફરવું ઠીક નથી. જો કોઈ આપણા પર દેખરેખ રાખનારું હોય તો કેવું સારું?

એમ વિચાર કરી તેઓ વનદેવતાને પ્રાર્થના કરવા લાગ્યાં: "ભગવાન અમને એકલાં રહેવું ગમતું નથી. અમને એક રાજા આપો."

વનદેવતાએ એમની પ્રાર્થના સાંભળી. તેણે એક લાકડાનું

ઢીમચું તળાવમાં નાખ્યું અને કહ્યું: "આ લો. આજથી આ તમારા રાજા."

લાકડું પાણીમાં પડ્યું એટલે પાણી હાલી ઊઠ્યું અને તળાવમાં ખળભળાટ મચી ગયો. દેડકાં તો ગભરાઈ ગયાં અને સંભાળપૂર્વક રહેવા લાગ્યાં. પણ લાકડાના કકડાને હાલ્યા ચાલ્યા વિના પડી રહેલું જોઈને કેટલાકે એની પાસે જવાની હિંમત કરી. પછી તો એના ઉપર બેસીને દેડકાં 'ડ્રાઉં ડ્રાઉં' કરવા લાગ્યાં.

દેડકાંઓને થયું: આ રાજા તો જડની માફક પડી રહે છે અને આપણને કંઈ જ કરતો નથી. આવો રાજા આપણને ન જોઈએ. ચાલો, વનદેવતાને ફરીથી પ્રાર્થના કરીએ.

દેડકાંની પ્રાર્થના સાંભળીને વનદેવતાને ગુસ્સો ચડ્યો. તેને થયું આ દેડકાંને પાઠ શીખવવો જોઈએ.

તેણે એક બગલાને તળાવ પર મૂક્યો અને દેડકાંને કહ્યું: "આજથી આ તમારો રાજા."

બગલાએ તો દેડકાંને એક પછી એક ચાંચમાં પકડીને ખાવા માંડ્યાં. દેડકાંઓ તો આ જોઈને અકળાઈ ગયાં. તેમને થયું: અરે, આ નવા રાજા કરતાં તો જૂનો રાજા જ સારો છે. તેઓએ વનદેવતાને પ્રાર્થના કરી પણ કશું વળ્યું નહિ.

આપણી સ્થિતિ પણ આ દેડકાં જેવી તો નહીં થાય ને? આપણી પડોશમાં આવેલા ચીન, કોરિયા વગેરે દેશની પરિસ્થિતિનો આપણે વિચાર કરવો જોઈએ. અને મહામહેનતે આપણને મળેલા સ્વરાજને જાળવવા માટે નાની નાની બાબતમાં મન ઊંચાં ન કરીને દેશની આઝાદી બીજાના હાથમાં ન જતી રહે એની સંભાળ લેવી જોઈએ. સ્વતંત્ર પ્રજાએ વાણીનો પણ સંયમ શીખવો રહ્યો.

મુકુલભાઈ

સંસ્કાર-શિક્ષણ

મારા ગામમાં એક ઘરડા કાકા છે. ઉંમર સિત્તેર વરસની આજુબાજુ હશે. સ્વભાવે ઘણા શાંત અને માયાળુ છે. હું જ્યારે મારે ગામ જાઉં છું ત્યારે તેમને મળવા ખાસ જાઉં. મને જોતાંની સાથે કાકા ઘણા ઘેલાગાંડા બની જતા. મને દૂરથી આવતો જોઈ, હાથમાં લાકડી લઈ મને સામા લેવા આવે. પ્રેમપૂર્વક આવકાર આપે, તેમની સાથે બેસાડે અને પોતાના જીવનના અનુભવો મારી આગળ ઠાલવે. તેમની સાથે બેસી તેમના જીવનના અનુભવો સાંભળવા એ પણ જાણે જીવનનો એક લહાવો હોય તેમ હૃદયમાં લાગતું. કલાકો સુધી વાતો કર્યા પછી જ્યારે હું ઘેર જવા ઊઠું ત્યારે તે પણ હાથમાં લાકડી લઈ મારી સાથે ઊઠે, ઝાંપા સુધી મૂકવા આવે.

હું કહું, "કાકા બેસોને! તમે શું કામ દુઃખ વેઠો છો? તમને બહુ તકલીફ પડશે. હું જઈશ."

તે કહે, "ના રે, એમાં શું? તકલીફ શાની? આંગણે આવેલા મહેમાનને ઝાંપા સુધી વળાવવા તો આવવું જ જોઈએ ને?"

"પણ શી જરૂર છે? હું ક્યાં મહેમાન છું?" મેં કહ્યું.

કાકા ગંભીર થઈ કહે, "ભાઈ, હું કંઈ તમારે માટે આવતો નથી પણ મારા હિતને માટે આવું છું. મારે ઘેર આવેલા મહેમાનનું હું સ્વાગત કરું અને જાય ત્યારે લાકડીને ટેકે ઝાંપા સુધી મૂકવા જાઉં. આ મારું આચરણ જોઈ ઘરનાં છોકરાંમાં પણ સંસ્કાર દૃઢ થાય કે બારણે આવેલા મહેમાનનું આદરપૂર્વક સ્વાગત કરવું અને જાય ત્યારે

ઝાંપા સુધી વળાવી આવવું. એટલે મારા ઘરનાં છોકરાંના સંસ્કાર માટે—શિક્ષણ માટે હું આવું છું."

કાકાના શબ્દો સાંભળી હું તો આભો જ બની ગયો. સિત્તેર વરસની ઉંમરે પહોંચેલા ડોસા પોતાના ઘરનાં છોકરાંના સંસ્કાર માટે કેટલા જાગ્રત છે? મને થયું આ ડોસા હંમેશાં રાત, દિવસ, ઊઠતાં, બેસતાં પોતાનું કુટુંબ સંસ્કારી બને તેનો જ વિચાર કરતા હશે.

આજે સમાજમાં હજારો માબાપોને છોકરાંના હિતની, સંસ્કારની કંઈ ખબર જ હોતી નથી. નાનપણથી જ છોકરાંને મોઢે ચડાવી, લાડ લડાવી બગાડી મૂકે છે. પોતાનું બાળક સંસ્કારી,ચારિત્ર્યવાનઅનેઆદર્શ બને એ ઢબે તેને ઉછેરવું તેનો ખ્યાલ પણ હજારો માબાપોને હોતો નથી. નાનું બાળક બીડી કે હોકો પીતું થાય છે તેમાં દોષ માબાપનો જ હોય છે. બાપ પોતે જ પોતાના છોકરાને બીડી પીવા-આપે છે અને જ્યારે છોકરાને મોંમાંથી ધૂણી કાઢતો જુએ છે ત્યારે બાપ મનમાં ખુશ થાય છે. કદાચ બાપ તેમાં જ પોતાના છોકરાના સંસ્કાર દેખતો હશે શું?

આવી જ રીતે ચા, પાન, બીડીનાં વ્યસનો, નિશાળે જવું નહીં, રખડવું, સામું બોલવું વગેરે. કુટેવો બાળકોને માબાપો તરફથી સંસ્કારમાં મળે છે. સંસ્કારનું શિક્ષણ બધાં સમજુ માબાપોએ પોતાનાં બાળકોને જાગ્રત રહી આપવું જોઈએ. જે સંસ્કારો નાનાં બાળકોને વારસામાં મળ્યા તે તેમનું જીવન ઘડવામાં અતિ ઉપયોગી નીવડવાના. સિત્તેર વરસના

કાકાની માફક દરેક માબાપે પોતાનાં બાળકોના રોજિંદા જીવન ઉપર દૃષ્ટિ રાખી સારા સંસ્કારો પાડવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી મોટપણે બાળકો આદર્શ અને સંસ્કારી બને.

રણછોડભાઈ બાવાજી પટેલ

દારૂબંધી સફળ છે

સૌરાષ્ટ્રના એક કસાયેલા સેવકે વાત કરી. કોડીનાર વિભાગમાં એક રાત્રિએ છૂટથી ગરબા (રાસડા) લેતી કોળી બહેનોની વચ્ચે જઈ તેમણે સવાલ કર્યો અને દારૂબંધીથી તેમની સ્થિતિમાં કાંઈ ફેર થયો કે કેમ તે જાણવા માગ્યું. બહેનોએ જવાબ આપ્યો : "દારૂ જવાથી અમે રાજી થયાં છીએ. દારૂ છૂટથી મળતો ત્યારે રોજ અમારી મહેનતની કમાઈમાંથી ચાર–છ આના મરદો પાસે જતા જ જતા અને પછી દારૂની અસર તળે આવતાં ઘરમાં ટંટો થાય અને રડારોળ વગેરે થાય તે જુદું."

આ જ સેવકે બીજી વાત કરી: મુંબઈ જતાં પાલઘડના સ્ટેશનથી આગળ જતાં એક માછી કોમની બહેનનો ભેટો થયો. તેને તેમણે એ જ સવાલ કર્યો. બહેને રાજી થઈને પોતાનો સંતોષ બતાવ્યો. સેવકે કહ્યું, "જો તમે દારૂના જવાથી રાજી થયાં હો તો બહેનોનું સરઘસ કાઢીને તમારો રાજીપો બતાવો." બહેનને એ વિચાર ગમ્યો.

પરીક્ષિતલાલ મજમુદાર

પૂરું કરવું કે પૂરા થવું.

પછાત વર્ગોની રક્ષા

[ભારતની સરકારોને આદેશનો આગળનો હપતો]

આપણા દેશમાં બે ત્રણ કામ ખાસ કરવાનાં આવ્યાં છે. તે આપણા દેશના સામાજિક તથા રાજકીય ઇતિહાસમાંથી નીપજ્યાં છે. તેમને જો ઉવેખવામાં આવે તો પ્રજાનું સામાજિક ને રાજકીય ઘડતર છિન્નભિન્ન થઈ જાય. આ કામો નીચેનાં છે:

૧. અસ્પૃશ્યતાનું નિવારણ;

૨. પછાત ગણાતી નાતજાત અને વર્ગોનો ઉદ્ધાર;

૩. રાની કે આદિવાસી કહેવાતી પરજોનો ઉદ્ધાર.

આમાંનું પહેલું કામ કેવળ સામાજિક જ નહીં, ધાર્મિક અને આધ્યાત્મિક પણ છે. એવું તેનું મહત્ત્વ જોઈ ને, ભારતના બંધારણે અસ્પૃશ્યતાને ગુનો ગણ્યો છે. તેને કેવળ આદેશ આપી દઈ પ્રયત્ન કરતા રહેવાની વાત નથી ગણી.

બાકીનાં બે કામો માટે બંધારણે નીચે પ્રમાણે આદેશ આપ્યો છે:

"૪૬. પ્રજાના નબળા વર્ગો,— ખાસ કરીને યાદી કરીને નિયત કરવામાં આવેલી તે નાતજાતો તથા જાતિઓનાં હિતની રક્ષા રાજ્ય ખાસ કાળજી લઈ ને રાખશે; તે તેમને સામાજિક અન્યાય તથા બધી જાતના શોષણમાંથી બચાવશે.

પ્રજાના નબળા વર્ગ તરફ રાજ્યે પહેલું ધ્યાન આપવું જોઈએ. સર્વોદયનો અર્થ જ એ થાય છે. જેઓ એવા સબળા છે કે પોતે પોતાનું જોઈ લઈ શકે, તેમના તરફ રાજ્ય હળવા કે વડચા કરે એનો શો અર્થ ? એવું રાજ્ય તો કોક જબરા વર્ગનું કહેવાય; પ્રજાકીય રાજ્ય તે ન હોય. પ્રજાકીય રાજ્ય તો નબળા તરફ ધ્યાન આપે, એટલે સૌની સંભાળ એની મેળે થઈ રહી. ઉપરની કલમમાં સરકારોને આવો આદેશ અપાયો છે.

આમ નબળાનો પક્ષ રાજ્ય લે, એ પક્ષપાત ન કહેવાય; એ તો રાજ્યની ફરજ છે.

કૉન્ગ્રેસને ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમ બતાવ્યો હતો, તેમાં પણ

આ વસ્તુ મુખ્ય હતી. કાવ્યની ભાષામાં તેને દરિદ્રનારાયણની સેવા કહેવાતું; તેનો વહીવટી કે વહેવારુ અર્થ સરકારોને માટે શો થાય, તે બંધારણે ૪૬ મી કલમમાં કરી આપ્યો છે.

૨૪-૩-'૫૧ મગનભાઈ દેસાઈ

કોમી માનસ

અમે ગામડાંના પ્રવાસે નીકળ્યા હતા. સુરત જિલ્લાના ભીલો અમારે જોવા હતા, એટલે એવા ગામે અમે ફરવાના હતા. ત્યાં અમે . . . આવી પહોંચ્યા. ત્યાં મિશ્ર વસ્તી છે. મુસલમાન મોટી સંખ્યામાં. ભીલો પણ ઠીક ઠીક સંખ્યામાં. હિંદુ તો છે જ. ગામની વસ્તી પણ સારી છે. અમે ભીલવાસમાં જવાની તૈયારીમાં હતા, ત્યાં અમે ઉઘાડી નિશાળ જોઈ. સાંજનો સમય અને નિશાળ ઉઘાડી. શિક્ષકભાઈ બેઠા બેઠા દફતરનું કામ કરે. અમારી સાથે માર્ગ બતાવનાર સાથી હતા. આમ અમે ત્રણ. તે ભાઈ મુસલમાન. અમે નિશાળમાં ગયા અને સવાલ પૂછયો: 'આ સ્થળ ઐતિહાસિક ભાસે છે. તળાવ સુંદર છે. ઘાટની કોતરણી, શિલ્પ પણ અચ્છું . . . .'

શિક્ષકભાઈ આ જોઈ બોલ્યા : 'આ પહેલાં નગર હતું. પણ મુસલમાનોએ એને જીત્યું, લૂંટયું અને બાળ્યું. અહીં મહાદેવનું શિવાલય હતું તે તેમણે તોડયું અને તેમાંથી મસ્જિદ બંધાવી. મુસલમાનના આવાં કામો!' છેલ્લા વાકયમાં છલોછલ અસહિષ્ણુતા હતી. પણ વચ્ચે જ અમે બોલ્યા, 'મુસલમાન ન કહો, વિજેતા. બધા વિજેતા પુરાણા સમયમાં એવું જ આચરતા.' પણ તે શિક્ષક ભાઈ તે ન સમજી શકયા. તેમનો રોષ અમે જોઈ શકયા હતા. અને એ રોષ મુસલમાન માટેનો હતો. ત્યાર પછી પણ તેમણે અમને એક વાત કહી :

'પેલા દેસાઈ!'

દેસાઈ એ ગામના સજ્જન મુસલમાન ગૃહસ્થ છે. અકબર બાદશાહના સમયથી એ કુટુંબ તે જ ગામમાં છે. અને આજે તેમની એ પેઢીના દસ્તાવેજો અને ખતો તેમની પાસે છે.

અમે કહ્યું : 'હા. તેમને અમે મળવાના છીએ. તમે સાથે આવશો?'

તેમણે સ્પષ્ટ કહ્યું કે, તે 'મુસલમાન છે.'

'હા, હા ! અમે ઊતર્યા છીએ જ એક મુસલમાનને ઘેર . . .' આ સાંભળીને તો તે ભાઈ સાવ ઠંડા થઈ ગયા. અને બોલ્યા, 'તમે જ જાઓ ! ત્યાં અમારાથી ન . . .'

અમારાથી ત્યાં પછી વધારે વાર ન બેસાયું. ઊઠીને અમે ગામમાં ગયા. આવું વલણ આપણા દેશને માટે ઘાતક છે. શિક્ષકોને માટે તે ખાસ ખરાબ છે કારણ કે સમાજે તેમના હાથમાં ભવિષ્યના નાગરિકોનું ઘડતર સોંપ્યું છે. ભાવી ભારતમાં આપણે કોમીવાદી નાગરિકો પેદા કરવા છે કે બિનસાંપ્રદાયિક નાગરિકો ? આપણા બંધારણનો આદેશ તો સ્પષ્ટ છે કે હિંદનું બંધારણ બિનસંપ્રદાયિક રહેશે. બંધારણ કોમી માનસથી મુક્ત રાખવું હોય તો નાગરિકો તેવા હોવા જોઈએ. અને તેમને કેળવણી આપનાર તો ખાસ. શિક્ષક શાળા મહાશાળાનો હોય કે પ્રૌઢ વર્ગનો — બધાને તે લાગુ પડે છે.

પુષ્કર ચંદરવાકર

સમાજ શિક્ષણના આંકડા

ખેડા જિલ્લામાં વાડાસિનોર અને વીરપુર તાલુકાનાં ગામડાં બહુ ઊંડાણમાં છે. ત્યાં વાહનવ્યવહારની ભારે મુશ્કેલી છે. અને પ્રજા એકંદર જોતાં પછાત ગણાય. એ તાલુકાનાં ૧૦૪ ગામોમાં ૭૭૧૧૮ની વસ્તી છે.

આ પ્રદેશમાં હમણાં સમાજ શિક્ષણનું કામ એકધારી રીતે અને સંતોષ થાય એમ ચાલી રહ્યું છે.

ગયા વર્ષમાં એટલે તા. ૩૦–૩–'૫૦ થી તા. ૩૦–૩–'૫૧ સુધીમાં એ પ્રદેશમાં નીચે પ્રમાણે ભાઈબહેનો પાસ થયાં છે:

	પુરુષ		સ્ત્રીઓ		પ્રૌઢો
પહેલી પરીક્ષામાં	૧૮૩૩	+	૨૩૧	=	૨૦૬૪
બીજી પરીક્ષામાં	૧૦૧૦	+	૬૭	=	૧૦૭૭
કુલ	૨૮૪૩	+	૨૯૮	=	૪૧૪૧

હાલમાં નીચે પ્રમાણે વર્ગો ચાલે છે:

	પુરુષોના		બહેનોના		
પહેલી પરીક્ષા	૪૧	+	૪	=	૪૫
બીજી પરીક્ષા	૩૦	+	૨	=	૩૨
	૭૧	+	૬	=	૭૭

કુલ ૬૧ કાર્યકરો એ વિભાગમાં સમાજ શિક્ષણનું કામ કરી રહ્યા છે. ત્યાંના કાર્યકરો તેમજ સમાજ શિક્ષણ અધિકારીનું કામ તથા કામ કરવાની

પદ્ધતિ જોઈને સંતોષ થયો. અક્ષર-જ્ઞાન ઉપરાંત પ્રજાની સમજણ વધે એ માટે પણ ત્યાં સારા સારા કાર્યક્રમો યોજાતા જોયા. આ જ જાતના આંકડા તાલુકા વાર બહાર પડતા રહે તો કામ કેટલું ચાલે છે એનો અંદાજ મળે અને કામ કરનારાઓનો ઉત્સાહ વધે.

૧૯-૩-'૫૧ બબલભાઈ મહેતા

પૂરું થતું પખવાડિયું

તાજેતરમાં થયેલી વસ્તીગણતરી પ્રમાણે મુંબઈ રાજ્યની વસ્તીમાં છેલ્લાં દસ વરસમાં એકવીસ ટકા વધારો થયો છે. મુંબઈ રાજ્યની વસ્તી ત્રણ કરોડ સાઠ લાખ જેટલી થવા જાય છે. રાજ્યમાં સરેરાશ વસ્તીનું પ્રમાણ એક માઈલે ૩૩૨ માણસોનું છે.

થોડા વખત પર ઈરાનના વડા પ્રધાનનું ખૂન થયું હતું ત્યારથી ઈરાનની પરિસ્થિતિ કથળવા પામી છે અને દેશભરનું વાતાવરણ અશાન્ત બની ગયું છે. આથી ઈરાનમાં બે મહિના સુધી લશ્કરી કાયદો જાહેર કરવામાં આવ્યો છે.

ભારતના સ્વિટ્ઝર્લૅન્ડ ખાતેના એલચી શ્રી ધીરુભાઈ દેસાઈનું હૃદય-રોગથી તરુણ વયે એકાએક અવસાન થયું છે. સ્વર્ગસ્થ હિંદના જાણીતા ધારાશાસ્ત્રી અને રાજદ્વારી પુરુષ શ્રી ભૂલાભાઈ દેસાઈના પુત્ર હતા.

કોરિયાના યુદ્ધમાં દક્ષિણ કોરિયાની ફોજોએ ફરી પાછી ૩૮ અક્ષાંશ રેખા અનેક જગ્યાએ ઓળંગી છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧૫મી એપ્રિલ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાલદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

આળસનું ઓસડ—રેંટિયો

સુસ્તી વિનાશનું કારણ છે. લાખો મનુષ્યોમાં ભ્રમણ કરતાં હું જોઉં છું કે, લોકો વાતો કરતાં અથવા ગુમસૂમ બેસી રહેતાં થાકતા જ નથી.

આ આળસ એ આપણો મહા વ્યાધિ છે.. કંગાલિયત તેનું ચિહ્ન છે. હું માનું છું કે, આપણી કંગાલિયતનું કારણ આ દેશમાંથી પૈસો ઘસડાઈ જાય છે એ જ અથવા એ નથી, પણ કંગાલિયત અને ઘસારાનું કારણ આપણું આળસ છે. અને આળસુ માણસ ગુલામ ન બને તો શું બને? આળસુ જગતમાં કોઈ દહાડો સ્વાશ્રયી બન્યા નથી, બનશે નહીં.

એ આળસ કઈ રીતે જાય? કંઈ પણ ઉદ્યમ કર્યાથી. મારી દૃષ્ટિએ તો એક જ એ ઉદ્યમ છે—રેંટિયો. જે રેંટિયા કરતાં વધારે સારો ઉદ્યમ પ્રજાને અર્થે શોધી શકે તે ભલે રેંટિયો ન

ચલાવે. મારું તો પ્રથમથી જ કહેવું છે કે, રેંટિયો નિરુદ્યમીને ઉદ્યમી બનાવવાનું ઉત્તમોત્તમ સાધન છે. પણ જો કોઈ તેથી વધારે ફળદાયી સાર્વજનિક સાધન બતાવે તો તેને મારું મસ્તક સહેજે વંદન કરશે.

૧૯૨૫ ગાંધીજી

વિનય

विद्या ददाति विनयम् એટલે કે વિદ્યા વિનય આપે છે એવી સંસ્કૃતમાં એક કહેવત છે. એને ઉલટાવીને કહીએ તો વિનય આપે એ વિદ્યા. વિનય એ જ વિદ્યાની કસોટી. માણસની વિદ્યા એના વિનય પરથી માપી શકાય. પરંતુ આજની શાળા અને મહાશાળામાં શિક્ષણ લેતા યુવકોમાં આવા વિનયની ભયંકર ખામી જોવામાં આવે છે. મોટાંઓ સાથે, ગુરુજનો સાથે, સરખાં સાથે કેમ વર્તવું – એનું જાણે કે જ્ઞાન જ દેખાતું નથી. તોછડાઈ અને અવિનય બતાવે તો જ પોતે ભણેલા છે, એમ પોતે બીજાને દેખાડી શકે, એમ જાણે કે તેઓ માનતા જણાય છે. માણસનું વ્યક્તિત્વ તોછડાઈ અને અવિનયમાં નહીં પણ સન્માન અને વિનયપૂર્વક નીડરતા અને દબાયા વિના સ્પષ્ટતાથી પોતાની વાત રજૂ કરવી એમાં રહ્યું છે. આવી નીડરતા અને સ્પષ્ટતાને બદલે આજના યુવકો તોછડાઈ અને અવિનય પૂજતા જણાય છે.

આનું એક કારણ કદાચ એમ લાગે છે કે આપણું આજનું શિક્ષણ ગુરુ અને શિષ્ય વચ્ચે નિકટનો સંપર્ક સાધતું નથી એ છે. વળી, નોકરશાહીના અમલદારો જાણે કે આજના શિક્ષણની આદર્શ મૂર્તિ બન્યા છે. ભણેલોગણેલો માણસ

સરકારી તંત્રમાં ક્યાંક સારો અમલદાર બનીને ગોઠવાઈ જવાનાં સ્વપ્નો સેવતો હોય છે. અને અમલદારોનું વર્તન આપખુદ અને તુમાખી હોય છે, એ આજ સુધીનો આપણો સૌનો અનુભવ છે. હવે સ્વતંત્રતા આવવાથી એમાં ફેર પડે તો એ આપણે જોઈશું. સમાજમાં આવા અમલદારો અને નોકરોને સારો દરજ્જો અને સન્માન મળે છે, તેથી સ્વાભાવિકપણે અજાણતાં તેમનું વર્તન અનુકરણીય લાગે છે. એ આદર્શોમાં ફેર કરવાની જરૂર છે. સરકારી અમલદારો નમ્રતા અને વિવેકની મૂર્તિ બને, ગુરુઓ અને શિક્ષકો વિનયને પ્રાધાન્ય આપે, મોટેરાંઓ છોકરાંઓને વિવેકના પાઠ શીખવે તો જ પ્રજામાં, તરુણોમાં અને વિદ્યાર્થીઓમાં નમ્રતા અને વિનય આપણે જોઈ શકીશું.

વિનય એ સાચી કેળવણી સૂચવે છે. તોછડાઈ એ ખોટી કેળવણીની નિશાની છે.

હરિપ્રસાદ વ્યાસ

અપ્રામાણિકતા!

એક દિવસ બે ત્રણ વેપારીઓ વાતો કરતા હતા. આજકાલ બધે અપ્રામાણિકતા ચાલી રહી છે. કોઈ પણ ધંધામાં હવે સચ્ચાઈ નથી રહી એવી મતલબની એ લોકોની વાતો હતી. મારી બાજુમાં બેઠેલા એક વેપારીને મેં પૂછ્યું, 'તમે શાનો વેપાર કરો છો?'

એણે જવાબ આપ્યો, 'દવાનો.'

મેં પૂછ્યું, 'શું એમાં અપ્રામાણિકતા નથી ચાલતી? એમાં પણ ભેળસેળ થાય છે કે નહીં?'

પેલો વેપારી કહે, 'અરે,

દવાની બાબતમાં એવું કંઈ બને? માણસની જિંદગીનો એમાં પ્રશ્ન હોય છે. અમારે તો પ્રામાણિકતા જ જાળવવી રહી.'

એ ભાઈની વાત સાંભળી હું મનમાં હસ્યો. ખરેખર, આ દુનિયામાં ઠીક ઠીક આળપંપાળ ચાલે છે. માણસ પોતે અપ્રામાણિક હોય પણ પ્રામાણિક હોવાનો દાવો કરી બીજાની અપ્રામાણિકતા વખોડે છે અને બીજાની પાસેથી પ્રામાણિકતાની આશા રાખે છે!

એક રાજા હતો. એણે પોતાના પ્રધાનને એક દિવસે કહ્યું, 'મારી પ્રજા પ્રામાણિકતાથી વર્તે છે કે નહીં એ મારે જોવું છે. એ માટે કંઈ ઉપાય છે?'

પ્રધાને કહ્યું: 'રાજાજી, તમે એવી જાહેરાત કરો કે રાજાને આવતી કાલે દૂધથી સ્નાન કરવાનું છે, માટે દરેક જણ સૂર્યોદય પહેલાં એક લોટો દૂધ રાજાના હોજમાં રેડે.'

રાજાએ એ પ્રમાણે ઢંઢેરો પિટાવ્યો.

દરેકને વિચાર આવ્યો: 'હું લોટો ભરીને દૂધ રેડવાને બદલે પાણી રેડી આવું તો આટલા બધા દૂધમાં કોઈને એની ખબર પડશે નહીં. વળી અંધારામાં જવાનું છે એટલે બીજું કોઈ જોઈ શકશે પણ નહીં.'

એટલે દરેક જણ દૂધને બદલે એક લોટો પાણી રેડી આવ્યો!

પછી સવારે રાજા અને પ્રધાન હોજ આગળ આવીને જુએ તો દૂધને બદલે પાણીથી હોજ ભરાયેલો હતો! રાજા અને પ્રધાન એ જોઈને હસી પડયા. પ્રધાને કહ્યું, 'રાજાજી, બધે આવું જ ચાલે છે!'

મુકુલભાઈ

કોણ શીખવે?

૧

રેલવે મેઇલ ટ્રેઈન સડસડાટ પસાર થતી જાય છે. મુસાફરોના એક ટોળાને કોઈ ઓળખીતા ટિકિટ ઇન્સપેક્ટર મળી જાય છે અને તેથી આગ્રહથી તેમને પાસે રાખીને કલાકો સુધી રમતગમત ચાલુ ગાડીમાં રમાય છે. પરિણામે ટિકિટ ઇન્સપેક્ટર પોતાની ફરજ ચૂકે છે. પ્રવાસ પૂરો થવા આવતાં "ખૂબ આનંદ થયો," એમ અરસપરસ વાતો થાય છે. પણ ટિકિટ તપાસનારાની નિષ્ક્રિયતાને કારણે કદાચ રેલવેને આવક મળવાની અટકી ગઈ હોય. વગર ટિકિટના મુસાફર અગર વાજબી રીતે ભાડું આપવા ઈચ્છનાર ટિકિટ વિનાના પ્રવાસી પાસેથી નાણાં વસૂલ ન થતાં રેલવેને આવક ઓછી થાય છે. પરિણામે દેશને અને કર ભરનારાને નુકસાન થાય છે. આ પ્રકારના વ્યવહારમાં પણ અનીતિ છે એ આપણને કોણ શીખવે?

પરીક્ષિતલાલ મજમુદાર

ભણતર અને ગણતર

આપણે ત્યાં પ્રૌઢ ભાઈ બહેનો માટે રાત્રિવર્ગો ચાલે છે. એ ભણતર માટે તો છે પણ ગણતર માટે પણ છે. ભણતર એટલે લખતાં વાંચતાં શીખી લેવું અને ગણતર એટલે આપણી આજુબાજુની દુનિયાને જોઈ જાણીને કેમ જીવવું તે શીખી લેવું.

આજકાલ આપણાં ગામડાંઓએ નીચેનું ગણતર કરી લેવું જોઈએ તો જ આપણે દુનિયાની હરોળમાં ઊભા રહી શકીએ, વિકાસ સાધી શકીએ અને આનંદ અનુભવી શકીએ.

૧. આપણાં શરીર, ઘર તેમ જ ગામની સ્વચ્છતા શી

રીતે રાખવી તે સમજી લેવું. તેનો અમલ કરવો.

૨. આપણી ખેતીવાડીની સુધારણા માટે શું કરવું તે સમજી લઈ તેનો ઉપાય કરવો.

૩. આપણા ગામના હિતમાં શું કરવું તે સમજી લઈ તેમાં પોતાનો હિસ્સો આપવો.

૪. આપણાં બાળકોની કેળવણી અને સુસંસ્કારોનું મહત્ત્વ સમજી લઈ એ માટે કરવું જોઈતું બધું કરી છૂટવું.

૫. વહેમ અને અજ્ઞાનભર્યા રીતરિવાજોથી થતું નુકસાન સમજી લઈ એનાથી બચવું.

૬. આળસ અને એદીપણાથી થતું નુકસાન સમજી લઈ હરહમેશ સારા કામમાં પરોવાયેલા રહેવું.

૭. નિંદા અને નિરાશાના વિષચક્રમાંથી ઊગરીને વાણીથી હંમેશ આશા અને આનંદનું જ વાતાવરણ ફેલાવવું.

બબલભાઈ મહેતા

ધર્મબુદ્ધિ

ઘણું કરીને આપણી ધર્મબુદ્ધિ હંમેશાં સતેજ રહેતી નથી. તેથી આપણે આપણો ધર્મ એટલે કે આપણી ફરજ શી છે તે ભૂલી જઈએ છીએ. અને આપણી સાચી ફરજ ચૂકી જઈને અયોગ્ય વર્તન કરીએ છીએ. આપણે કોઈને ત્યાં નોકરી કરતા હોઈએ તો આપણને શું કામ સોંપવામાં આવ્યું છે એ માટે સભાન રહેતા નથી અને એ નોકરીનો લાભ ઉઠાવી આપણને કંઈક ફાયદો થાય છે કે નહીં એવું વર્તન કરતા થઈ જઈએ છીએ. જેમ કે, ગાડીમાં આપણે કોઈ માલ પારસલથી મોકલીએ તો ઘણી વાર એવો અનુભવ થાય છે કે એ માલ

પહોંચતો જ નથી. કેરી જેવી વસ્તુની તો છૂટથી ચોરી થાય છે. પારસલનું કામ કરનારા પોતાનો ધર્મ ચૂકીને આવું કરવા મંડી જાય છે. ટપાલમાં પણ એવા જ ગોટાળા થાય છે. જાહેર કામોમાં ઘણે ઠેકાણે આવું જ ચાલ્યા કરે છે.

એક વાર હું મુસાફરીએ નીકળ્યો હતો. એક સ્ટેશને ગાડી ઊભી હતી. સ્ટેશન પર શાકભાજીના ટોપલા પડ્યા હતા. બે બકરી આવીને નિરાંતે ટોપલા ફાડીને મોંથી શાકભાજી ખાઈ રહી હતી. પાસે જ બે ત્રણ નોકરો ટોપલા ગોઠવતા હતા. પણ કોઈને બકરીને નસાડવાનું સૂઝતું ન હતું. એવામાં એક રેલવે સિપાઈ આવ્યો. તેના હાથમાં ઝોળી હતી. એક નોકરને તેણે ઝોળી આપી. પેલાએ એમાં શાકભાજી ભરીને પાછી આપી! આવું અંધેર જ્યાં ત્યાં ચાલે છે.

એનું કારણ એક જ છે કે આપણને આપણા ધર્મનું પૂરેપૂરું ભાન નથી.

આ બાબતમાં એક મુસલમાન સંત ઇબ્રાહીમની વાત યાદ રાખવા જેવી છે. ઇબ્રાહીમ એક વાડીમાં કામ કરતો હતો. એક દિવસે એ વાડીનો શેઠ કેટલાક મિત્રો સાથે વાડી જોવા આવ્યો. શેઠે ઇબ્રાહીમને કહ્યું, "ઇબ્રાહીમ, અમારે માટે થોડાં ફળ તોડી લઈ આવ."

ઇબ્રાહીમ થોડી વારમાં કેટલાંક ફળ તોડીને લઈ આવ્યો. શેઠ અને તેના મિત્રોએ ફળ ખાવા માંડ્યાં તો ખાટાં નીકળ્યાં. તેથી શેઠે કહ્યું, "અરે ઇબ્રાહીમ, તું આવાં કેવાં ફળ લઈ આવ્યો? જે ઝાડ પર મીઠાં ફળ હોય તે તોડીને લઈ આવ."

ઇબ્રાહીમ કહે, "શેઠજી, પણ મને શી રીતે ખબર પડે કે કયાં ઝાડનાં ફળ મીઠાં છે?"

શેઠ બોલ્યો, "તું આ વાડીમાં રહે છે કે બહાર? આટલા વખતથી વાડીમાં રહીને એટલુંયે જાણતો નથી?"

ઇબ્રાહીમ કહે, "શેઠજી, મેં કદી ફળ ચાખ્યાં નથી. એટલે મને શી રીતે ખબર પડે?"

શેઠ નવાઈ પામી બોલ્યો, "ખરેખર તેં કદી આ વાડીનાં ફળ ખાધાં જ નથી?"


ઇબ્રાહીમે કહ્યું, "શેઠજી, તમે મને વાડીમાં રખેવાળ તરીકે રાખ્યો છે. કોઈ ફળ ન ખાય એ મારે જોવું જોઈએ. અને ફળની રખેવાળી કરવાને બદલે હું જ ફળ ખાવા લાગું એ કેવું કહેવાય?"

સુકુલભાઈ

જીવાણુ

આપણી આજુબાજુ બધે અનેક પ્રકારના સૂક્ષ્મ જીવો આવેલા છે. આ સૂક્ષ્મ જીવો હવામાં છે, પાણીમાં છે, રસ્તા પરની ધૂળમાં પણ તે હોય છે. તે જીવતાં પ્રાણીઓનાં શરીરમાં પણ જોવા મળે. તે સૂક્ષ્મ છે એટલે કે બહુ જ બારીક છે. તેથી તે નરી આંખે દેખાતાં નથી. એકાદ સાધારણ સીવવાની સોયના નાકામાં પાંચ સાત લાખ સૂક્ષ્મ જીવો સહેલાઈથી રહી શકે. આ સૂક્ષ્મ જીવો બે પ્રકારના હોય છે. તે વનસ્પતિ પ્રકારના પણ હોય છે અને પ્રાણીસૃષ્ટિના પણ હોય છે.

ખૂબ જ સૂક્ષ્મ હોવાથી જીવાણુ નરી આંખે દેખાતાં નથી. તેમને જોવા માટે સૂક્ષ્મદર્શક કાચની જરૂર પડે છે. એવા કાચમાંથી ઝીણી ચીજ મોટી દેખાય છે. વળી એ જીવાણુઓનાં શરીર રંગ વગરનાં હોઈ ઘણી વાર સૂક્ષ્મદર્શકમાં પણ દેખાતાં નથી. તેથી તેમને રંગવાં પડે છે. કેટલાક રંગ એવા હોય છે કે જેનાથી તે જીવાણુઓનાં શરીર રંગતાં તેમને કશું નુકસાન થતું નથી. આવા રંગે રંગવામાં આવે તો તે જીવાણુના શરીરના જુદા જુદા ભાગો જે અતિ સૂક્ષ્મ હોય છે તે ઓછાવત્તા પ્રમાણમાં



લોહીના એક જ રાતા કણમાં રોગ ઉત્પન્ન કરનારાં કેટલાંક જીવાણુઓ

રંગ લઈ લે છે. તેથી તેવા સૂક્ષ્મ જીવાણુના જીવનવ્યાપારો સારી રીતે જોઈ શકાય છે.

વનસ્પતિ જીવાણુઓના મુખ્ય ત્રણ પ્રકાર છે. આ પ્રકાર તેમના શરીરના ઘાટ ઉપરથી નક્કી કરાયા છે. કેટલાંક જીવાણુ લાંબા લાકડી જેવા આકારનાં હોય છે. તેમને 'બેસીલાઈ' કહે છે. કેટલાંક જીવાણુના ઘાટ ગોળ દડા કે મણકા જેવા હોય છે. તેમને 'કોકાઈ' કહેવામાં આવે છે. વળી કેટલાંકનાં શરીરના ઘાટ સ્ક્રૂના આંટા માફક વળદાર હોય છે. તેમને વળદાર જીવાણુ કહેવાય. દાક્તરો તેમને 'સ્પાઈરીલા' કે 'સ્પાઈરોચેટા' કહે છે. આ સિવાયનાં બીજાં અસંખ્ય વનસ્પતિ જીવાણુઓ હોય છે. પણ તેમનો ઘાટ આ ત્રણમાંથી જેને જેને વિશેષ મળતો આવે તે પ્રકારમાં તેમને મુકાય. કેટલાંક બેસીલાઈ પ્રકારમાં આવે, કેટલાંક કોકાઈ વિભાગમાં આવે તો કેટલાંક વળદાર

જીવાણુના વિભાગમાં આવી જાય. બેસીલાઈ પ્રકારનાં કેટલાંક જીવાણુને ઝીણા રૂના રેસા જેવા તાંતણા વળગેલા હોય છે. તે તાંતણા આમ તેમ વીંઝતા વીંઝતાં તે પાણીમાં ઝડપથી તરતા રહે છે. વળી કેટલાંક જીવાણુ બેડાકુ હોય છે. તેમને ખસવું જ ગમતું નથી. તે હોય ત્યાં ને ત્યાં જ પડયાં રહે છે. વળદાર જીવાણુઓ સાપના ફણાની માફક શરીર મરોડતાં મરોડતાં આગળ વધ્યા કરે છે.


ગાયભેંસ ઘાસ ખાય છે અને વાઘવરુ બીજાં પ્રાણીનું માંસ ખાય છે. બકરી, ગધેડા ઊંટ એ બધાંના ખોરાક જોઈએ તો તેઓ કંઈક જુદા પડે. જુદાં જુદાં પ્રાણીઓના ખોરાક જુદા જુદા હોય છે. જીવાણુઓનું પણ તેવું જ છે. બધાં જીવાણુને એક જ પ્રકારનો ખોરાક માફક આવતો નથી. તેમનો ખોરાક જુદો જુદો હોય છે. વનસ્પતિ તેમ જ પ્રાણીમાત્ર જ્યાં જ્યાં ખાવાપીવાની અનુકૂળતા મળે ત્યાં ત્યાં વસવાટ કરે છે. જીવાણુઓનું પણ તેવું જ છે. આ અનુકૂળતાને કારણે જ કેટલાંક જીવાણુ ધૂળ મરોડીમાં રહે છે તો કેટલાંક પાણીમાં રહે છે તો વળી બીજાં કેટલાંક જુદાં જુદાં પ્રાણીના શરીરમાં જુદે જુદે ઠેકાણે અડ્ડા જમાવે છે. વળી કેટલાંક જીવાણુ મરી ગયેલાં પ્રાણી કે શરીરના કોહવાણ ઉપર જ જીવે છે.

પ્રાણીમાત્ર ખોરાક ખાય છે અને ખાધેલા ખોરાકમાંથી ઉપયોગી ભાગ પચી જઈ તેમનું શરીર વધે છે અને નિરુપયોગી મળ તેઓ બહાર કાઢે છે, તેવું જ જીવાણુમાત્રમાં હોય છે. જીવાણુ પણ તેમને નિરુપયોગી મળ બહાર કાઢે છે.

પ્રાણી શરીરમાં રહેતાં જીવાણુમાંનાં કેટલાંક પ્રાણી શરીરને મુદ્દલ નુકસાન ન કરતાં નિરાંતે જીવ્યા કરે છે. વળી બીજાં કેટલાંક જીવાણુ પ્રાણી શરીરના જીવતા ભાગોને ખાઈ અગર બીજી રીતે નુકસાન કરે છે. કેટલાંક જીવાણુ પ્રાણી શરીર ઉપર સીધો હલ્લો કરતાં નથી પણ તે જીવાણુના શરીરમાંથી નીકળતા મળ પ્રાણી શરીર માટે ઝેરી નીવડે છે. આવી રીતે કેટલાક જીવાણુઓ પ્રાણી શરીરમાં રહી તેમને નુકસાન કરે છે. સારું છે કે એવાં નુકસાન કરનારાં જીવાણુઓ પ્રમાણમાં ઓછાં હોય છે.

જીવતાં પ્રાણીમાત્ર તેમ જ વનસ્પતિ પોતાની સંતતિ વધારતાં રહે છે. જીવાણુઓનું પણ તેવું જ છે. તેમને પૂરતો ખોરાક મળે ત્યારે તે પોતાના શરીરના બે વિભાગ કરે છે. તે પ્રત્યેક વિભાગ મોટો થઈ વધે છે અને પાછા તે દરેકના બે વિભાગ થાય છે. આવી રીતે એક જીવાણુ દર અડધા અડધા કલાકે અને કેટલીક વાર તો તેથી પણ ઓછા સમયમાં પોતાના શરીરના વિભાગ કરતું રહે છે. તેથી જીવાણુની વસ્તી ખૂબ વધતી જાય છે. આમ વધતી જતી વસ્તીમાં કેટલીક રુકાવટ પણ થાય છે. ખોરાક ખૂટે ત્યારે વસ્તી વધવાનું મોકૂફ રહે છે. વળી તે જીવાણુના શરીરમાંથી નીકળતા મળનો જથો વધી જાય ત્યારે તે જીવાણુઓ વધી શકતાં નથી અને મરવા માંડે છે. વળી દરેક પ્રકારના જીવાણુને વસ્તી વધારવા ચોક્કસ ઉષ્મામાનની જરૂર પડે છે. એટલે તેના કરતાં ઠંડી મોસમમાં તે જીવે ખરાં પણ વસ્તી વધારી શકે નહીં. વળી બહુ ઊંચા ઉષ્મામાને ઘણાં જીવાણુઓ મરી જાય છે. આમ બદલાતું ઋતુમાન પણ જીવાણુના વસ્તી વધારા ઉપર કાપ મૂકે છે.

પ્રાણી શરીરમાં જીવનારાં જીવાણુ શરીરમાં દાખલ થાય ત્યારે તે પ્રાણીના શરીરમાં પોતાને અનુકૂળ જગા ખોળવા માંડે છે. પ્રથમ રહેવા અનુકૂળ જગા મેળવે પછી ખાવાની સગવડ કરે અને પછી વસ્તી વધારવાની. એ જીવાણુ પ્રાણી શરીરને નુકસાન કરતાં હોય તો પ્રાણી શરીર પણ તેમનો સામનો કરે છે. પ્રાણી શરીરમાં લોહીમાં ફરતા કેટલાક સફેદ કણો હોય છે.



રોગોત્પાદક જીવાણુઓને આંતરી લેતો માણસના લોહીનો સફેદ કણ

તે કણો આવા જીવાણુને આંતરી લે છે અને પચાવી નાખે છે. આમ લોહીમાં ફરતું કેટલાંક જીવાણુને ભારે પડી જાય છે. આમ હોવાથી પ્રાણી શરીરમાં રહેવા માટે જુદાં જુદાં

જીવાણુઓ અનુકૂળતા મુજબ જુદી જુદી રીતો અજમાવે છે. કેટલાંક લોહીના રાતા કણોને વીંધી તેમાં જ પેસી જાય છે. વળી કેટલાંક ફેફસાં, આંતરડાં, બરોળ, કાળજું, મગજ પરનાં આવરણો, ગળાના કાકડા, નાક પાછળની જગા — એમ જુદી જુદી જગા પસંદ કરી ત્યાં જામે છે. સામાન્ય રીતે જીવાણુ તેમને ખૂબ અનુકૂળ આવે તેવી જગા પસંદ કરે છે.

આમ અનેક રીતે પ્રયત્ન કરવા છતાં પણ જીવવું કે વસ્તી વધારવાની પ્રતિકૂળતા જણાય તો કેટલાંક જીવાણુઓ એક નવો જ રસ્તો અપનાવે છે. તે તેમના શરીરમાંથી એક પ્રકારનો રસ કાઢી શરીરની આજુબાજુ લપેટી લે છે. તે રસ સુકાઈને જામી જાય છે અને તે જામેલા પડ નીચે જીવાણુનું શરીર અચેતન અવસ્થામાં પડયું રહે છે. આવી અવસ્થા સ્પોર કે સમાધિ કહેવાય છે. આવી દશામાં ઊકળતું પાણી પણ તેમને નુકસાન કરી શકતું નથી. જ્યારે હવા, ખોરાક, પાણીની અનુકૂળ દશા આવે ત્યારે સમાધિદશા તૂટે છે. સ્પોરનું ઉપલું પડ ફાટી અંદરથી અચેતન જીવાણુ બહાર નીકળે છે અને ચેતનવંતો થઈ જીવન ફરી શરૂ કરે છે.

સ્પોર કે સમાધિ દશામાં રહેનાર જીવાણુ દસપંદર વર્ષ સુધી અચેતન રહી પછીથી ચેતન દશાએ આવી શકે છે. એમ કરવાથી તે પોતાની જીવનદોરી લંબાવી શકે છે.

બંસીલાલ ગાંધી

મદ્યનિષેધ

['ભારતની સરકારોને આદેશ'નો આગળનો હપતો]

આપણા રાષ્ટ્રીય બંધારણની ૪૭મી કલમ મદ્યનિષેધ વિષે છે. અને તે વિષયને પ્રજાના પોષણ અને જીવનના ધોરણની સાથે વણીને મૂકવામાં આવ્યો છે. એટલે કે, પ્રજાનું આમ જીવનધોરણ ઊંચું લાવવા માટે તથા તેના આહાર અને પોષણનું જે ધોરણ છે તે પણ સુધારવાને માટે, એક ખાસ કરવા જેવી બાબત મદ્યનિષેધ છે; અને તે ઉપરાંત પણ મદ્યનિષેધ પોતે થઈને પણ સારી વસ્તુ છે. આ વસ્તુ તે કલમમાં નીચે પ્રમાણે કહી છે:

"લોકોના આહારનું તથા જીવનનું ધોરણ ઊંચું લાવવું અને જનસુખાકારી સુધારવી, એને રાજ્ય પોતાની એક પ્રાથમિક ફરજ ગણશે; તેમાં ખાસ કરીને, તબિયતને નુકસાન કરે એવાં માદક પીણાં અને પદાર્થોના વાપરની—દવા સિવાય—બંધી કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે." (૪૭)

આ કલમમાં ત્રણ બાબતની ફરજ તરફ સરકારોનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે:

૧. લોકોના આહારનું ધોરણ

૨. સામાન્ય જીવનધોરણ

૩. સામાન્ય આરોગ્ય અને સુખાકારી.

અને તે ત્રણે સાથે સંબંધ ધરાવતી ને તેમને માટે ઘાતક એવી એક કુટેવનો નિષેધ કરીને ચોથી બાબત ઉમેરી છે કે,

૪. મદ્યનિષેધ સરકારોની ફરજ છે અને તે અદા કરવાને માટે તેમણે પ્રયત્ન કરવો જોઈશે.

કોઈ કહે કે, પહેલી ત્રણ બાબતો તો સ્વતઃસિદ્ધ છે; દરેક સરકારનું એ તો કામ છે. ચોથી બાબત એવી છે ખરી કે જે વિષે ખાસ નિર્દેશ કરવો જોઈએ.

આ દલીલ સાચી છે. છતાં એક કારણને લઈને પહેલી ત્રણ બાબતો વિષે પણ હિંદમાં તો કહેવા જેવું છે.

આપણા દેશમાં અપાર ભૂખમરો અને બેકારી સેંકડો વરસોથી ચાલે છે. અંગ્રેજ સરકારે એ વિષે ઝાઝી જવાબદારી માની ન હતી. લોકો એમના આ દુઃખને નસીબનું કે દેવનું દીધેલું માનીને ચાલવા લાગી ગયા હતા. આ દશા ભયંકર કહેવાય. અને જે સરકાર પોતાની રૈયતની આ દશા વિષે જાગ્રત ફરજનો ભાવ ન સમજે, તે કેવી કહેવાય! આથી કરીને ભારતના રાજ્યબંધારણમાં આ ભૂખમરાનો ઉકેલ કાઢવાનો આદેશ ઉપયોગી અને જરૂરી છે.

તેવું જ બીજી વસ્તુ માટે છે. જ્યાં બેકારી અને ભૂખમરો હોય ત્યાં ગરીબાઈ છે જ, એ તો ઉઘાડું છે. એવા દેશમાં પછી જીવનના ધોરણનો કશો ધડો જ હોય ખરો? પણ તે હોવો તો જોઈએ. તેથી ખાવાપીવાના, ઓઢવા પહેરવાના, અને રહેવા માટે સાદામાં સાદા અને

સુઘડ મકાનના પણ જે દેશના અનેક લોકોને સાંસા હોય, તે દેશમાં જીવન-ધોરણ ઊંચું લાવવા માટે વિશેષ ધ્યાન આપીને પ્રયત્ન કરવો જોઈએ. આ વિષે પણ અગ્રેજ સરકાર ભાગ્યે ધ્યાન આપતી. આપણી મજૂરી અને બેકારી તથા જીવનધોરણના અભાવ પર અગ્રેજોએ પોતાના સામ્રાજ્યની ઇમારત રચી. સ્વ. દાદાભાઈ વગેરે અનેક દેશ-ભક્તોએ આ બાજુ સરકારનું ધ્યાન દોર્યું અને લોકોને જાગ્રત કર્યા. ગાંધીજીએ તેમાંથી સ્વરાજની ઇમારત ઊભી કરી. હવે સ્વરાજ આવ્યું છે ત્યારે આમપ્રજાના જીવનધોરણ તરફ સરકારે ખ્યાલ દેવો જોઈએ. આપણા દેશની માથાદીઠ સરેરાશ આવકનો આંકડો વધવો જોઈએ. સરકારે પાંચ પાંચ કે દસ દસ વરસે આ આંકડો જોતા રહેવું જોઈએ.

તેવું જ ત્રીજી બાબતમાં છે. આપણા દેશની ત્રીજી પીડા રોગ અને તેની આગળ લાચારીની દશા છે એ છે. રોગો વિષે અજ્ઞાન અને વહેમ, દવાદારૂની વ્યવસ્થાનો અભાવ, સામાન્ય સુખાકારી માટે જરૂરી સવડોનો અને જાહેર સ્વચ્છતાનો અભાવ — આ બધી બાબતોમાં પણ પરદેશી સરકાર જોઈતું ધ્યાન અને મહત્ત્વ આપતી નહોતી. આ બધી બાબતો એવી છે કે જેમાં લોકોનો સહકાર જોઈએ; તે માટે તેમને કેળવવા જોઈએ. અને વિશાળ વ્યાપક પાયા ઉપર તે થાય તો અસરકારક બને. પણ તેવું થતું નહોતું. હવે તે થવું જોઈએ, એમ આ કલમ કહે છે.

મદ્યનિષેધની બાબત આપણા દેશનો એક ખાસ પ્રયોગ છે. આપણા લોકો દારૂ અને નશાને ધર્મથી પાપ ગણે છે; સમાજદૃષ્ટિએ બેઆબરૂ અને દુર્ગુણ માને છે. અને તેથી પ્રજાના જૂજ ટકા જ તેમાં સપડાયા છે. તેઓ પણ એને ખરાબ વ્યસન માને છે. અંગ્રેજી રાજ્યમાં આમાં કાંઈક ફરક થયો. અંગ્રેજ પ્રજા દારૂને સમાજમાં હીન નથી માનતી; તેનો નિષેધ તેને ખપતો નથી. આ માન્યતાને લઈને દારૂની લત તે રાજ્યકાળમાં વધી; સુધરેલા લોક તેમાં પડવા લાગ્યા.

વળી, ગોરી પ્રજાઓ પણ દારૂથી થતાં નુકસાન તપાસવા લાગી. તેમણે

તે વ્યસનને તબિયત માટે ખરાબ ગણ્યું. ઉપરાંત સમાજમાં ગુના થાય તેમાં પણ એનો સંબંધ જોયો. અનેક એવાં એવાં કારણોથી જગતમાં ઘણા લોકો માનવા લાગ્યા કે, મદ્યનિષેધ સારી વાત છે. પણ તે દેશમાં આપણે ત્યાંના જેવી દશા નહોતી. આપણા લોકો દારૂને ધર્મથી ત્યાજ્ય માને છે અને તે પીવો એમાં શરમ સમજે છે. તેથી પીનારાની સંખ્યા પ્રમાણમાં ખૂબ જ ઓછી રહી છે. છતાં તેઓ વરસે જે ખરચ કરે છે, તે અબજો રૂપિયાનો થાય છે. ગરીબ, બેકાર, ભૂખે-મરતી, રોગે સડતી પ્રજા આવો ખોટો ખર્ચ કરે તેનો અર્થ શો? એ ખર્ચ જ તેમને ગરીબ અને બેકાર અને જીવન-ધોરણ વગરના બનાવી દે છે; અને ઉપરાંતમાં મગજ બગાડે ને સગાં-સંબંધીને દુઃખી કરી મૂકે તે ઉપરથી વધુમાં. આથી કરીને વરસોથી પ્રજાએ ઠરાવ કરેલો કે, સ્વરાજ આવે કે દારૂ વગેરેની બંધી તો તરત કરવી.

આથી આ કલમ સ્વરાજબંધારણમાં મૂકી છે. તેમાં સરકારોને દારૂની આવકની ખોટ ખમીને પણ દારૂનિષેધ કરવાની ફરજ બતાવી છે. એટલે હવે પછી દારૂ વાટે પૈસો મેળવવાની બદ-દાનત આપણી કોઈ સરકાર રાખી ન શકે; દારૂ પોતે બનાવીને વેચવાનો ધંધો તે ન કરી શકે; ન કોઈને એ કરવા દઈ શકે. જેમ સોમલ વગેરે ઝેર દવા રૂપે જ વપરાય તેમ જ દારૂ પણ વાપરી શકાય, એટલો અપવાદ રાખી શકાય.

દારૂનિષેધ સાધવાનો આ આદેશ આપણા બંધારણની વિશેષતા છે. એક પ્રયોગ તરીકે દુનિયામાં તે અજોડ ગણાય. આપણી સરકારો આ સિદ્ધ કરી બતાવે તો બીજી પ્રજાઓને માટે પણ એક પાઠ આપી શકે. બંધારણની આ કલમથી આપણા સ્વરાજની કિંમત બહારના લોકોની નજરમાં વધી છે. આ રીતે ૪૭મી કલમ ખૂબ કીમતી છે.

૬-૪-'૫૧ મગનભાઈ દેસાઈ

તન મન ધનની હાણ, વ્યસન છે ખાણ નરકની.

પૂરું થતું પખવાડિયું

નવી દિલ્હી ખાતે તાજેતરમાં મળેલી કૉંગ્રેસ કારોબારી સમિતિએ અખિલ હિંદને ધોરણે સરદારશ્રીનું સ્મારક કરવાનો ઠરાવ કર્યો છે. આ સ્મારક ફંડનો ઉપયોગ સરદારશ્રીને પ્રિય એવા હિંદનાં ગામડાંઓના ઉત્કર્ષના કાર્યમાં કરવામાં આવશે.

કારોબારી સમિતિએ કૉંગ્રેસના ખજાનચી તરીકે કુમારી મણિબહેનની નિમણૂક કરી છે. અગાઉ ખજાનચી તરીકેની જવાબદારી સરદારશ્રી સંભાળતા હતા.

કારોબારી સમિતિએ એક એવો ઠરાવ કર્યો છે કે કૉંગ્રેસની અંદર કોઈ પણ પક્ષો-ઊભા કરી શકાશે નહીં તથા કૉંગ્રેસ અથવા કૉંગ્રેસ સરકારોએ જે નીતિ અખત્યાર કરી હોય તેની કૉંગ્રેસીઓ કોઈ પણ જાતની ટીકા કરી શકશે નહીં કે તેને વખોડી શકશે નહીં. માત્ર પક્ષની કે કમિટીઓની સભાઓમાં જ એવી નીતિને લગતી ટીકા થઈ શકશે.

મુંબઈ રાજ્યનાં ચાર મોટાં શહેરો મુંબઈ, અમદાવાદ, પૂના અને સોલાપુર તથા રાજ્યના રેશનિંગ વ્યવસ્થાવાળા વિસ્તારો તથા ગ્રામવિસ્તારોમાં અપાતા આયાત કરેલા અનાજના વેચાણ ભાવમાં ચાલુ સાલના એપ્રિલ માસની ૮મી તારીખથી વધારો કરવાની મુંબઈ સરકારે જાહેરાત કરી છે.

કૉંગ્રેસની મહાસમિતિની આવતી બેઠક મે માસની તા. ૫મી તથા ૬ઠ્ઠીએ નવી દિલ્હી ખાતે મળશે. મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૧૮

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧લી મે, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાળદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

દારૂબંધીની આવશ્યકતા

મને રજભાર શંકા નથી કે, ગરીબ દારૂ પીનારાઓની નૈતિક તેમ જ ભૌતિક સંપત્તિને ઘસડી જનારી દારૂના વેપારમાંથી થતી સરકારી આવકની ખોટ તેમને દારૂબંધીમાંથી થનારા લાભમાંથી જરૂર પુરાઈ રહેશે, બલ્કે ખોટ પુરાઈને નફો પણ રહેશે. વળી કેફી પદાર્થોના વેચાણને અંગે થતી સરકારી આવક ચાલુ રાખવાની તરફેણમાં એવી દલીલ કરવામાં આવે છે કે, દેશના રક્ષણને માટે રાખવામાં આવતાં સાધનોને સારુ તેની જરૂર છે. પણ નૂતન હિંદુસ્તાનમાં એ દલીલમાં કશું વજૂદ રહેવાનું નથી, કેમ કે તેમાં એ ખરચનો બોજો હિંદને માથે રહેવાનો નથી. તેથી કેફી પદાર્થોના વેચાણમાંથી થતી સરકારી આવક કોઈ પણ જાતના દગદગા કે ઢીલ વગર

તુરતાતુરત જતી કરવી જોઈશે. ઉપરાંત, આ અત્યંત જરૂરી સુધારાની પ્રગતિની આડે આવનારી સરકારી આવકની ખોટનો વિચાર કરવાનો ન હોય.

૧૯૪૬ ગાંધીજી

સામાજિક ફરજ

માણસ સમાજમાં રહે છે અને સમાજ તરફથી મળતી સુખસગવડો ભોગવે છે; પણ સમાજની એક વ્યક્તિ તરીકે સમાજ પ્રત્યેની ઘણી ફરજો તે અદા કરતો નથી. ઘણા લોકો પોતાની સગવડ સિવાય બીજા કશાનો વિચાર જ કરતા નથી. અને બધા તેમ કરે તો સમાજની શી સ્થિતિ થાય તે પ્રત્યે દુર્લક્ષ સેવે છે. તે બધા સમાજ પ્રત્યેની પોતાની ફરજ વિચારીને વર્તે તો સમાજનાં ઘણાં દુ:ખો, દારિદ્રય અને રોગો ઓછાં થાય.

ગામડાંના અવરજવરના રસ્તે એક ભાઈ બાજુના બાવળની સોટી કાપીને તે સોરતા હતા. એકાદ બે સોટી તૈયાર થઈ એટલે તેમણે ચાલવા માંડયું. બાવળના કાંટા જેમ તેમ રસ્તામાં પડયા હતા. તેમને ટકોર કરી કે 'આ કાંટા કોને માટે મૂકયા? કાંટા વાડમાં ઊંચા નાખી દીધા હોય તો રસ્તે આવતાં જતાં કોઈને વાગે નહીં.' તેમણે કહ્યું: 'ઓહો! એમાં શું? એ તો એની મેળે રસ્તો સાફ થઈ જશે.' 'એની મેળે શી રીતે સાફ થશે? કોઈક કરે તો જ થાયને? તમે કાંટા પાડયા તો ખરી રીતે તે તમારે કરવું જોઈએ ને?'

'એવું કરવા જઈએ તો પાર ન આવે.'

આવા તો અનેક દાખલા બને

છે. બીજાનું શું થશે તેની પરવા કર્યા વિના જ્યાં ત્યાં કચરોપૂંજો લોકો ક્યાં ફેંકતા નથી? ગમે ત્યાં શૌચ કરીને ક્યાં ગંદકી ફેલાવતા નથી? ગમે ત્યાં ગળફા કાઢીને કે નાક સાફ કરીને ક્યાં ગંદકી કરતા નથી? રસ્તા ઉપર કેળાની છોલો નાખીને ક્યાં લોકોના પગ ભાગતા નથી? ગમે ત્યાં ક્યાં એઠવાડ ફેંકતા નથી કે પાણી ઢોળતા નથી? પાણી પીવાના કૂવા પર કપડાં ધોઈને ક્યાં પાણી બગાડતા નથી? જે નદીનું પાણી હજારો લોકો પીએ છે તેમાં ગંદકી કરીને ક્યાં પાણી બગાડતા નથી? જાહેર હરવાફરવાની જગ્યાઓએ ક્યાં ગંદકી કરતા નથી? અને નવરા બેઠાં ગપ્પાં મારી અને મહેનત કર્યા વગર બેઠાં બેઠાં ખાઈને સમાજના-દારિદ્રયમાં ક્યાં વધારો કરતા નથી?

આવી બેદરકારી એ સમાજ પ્રત્યેનો ગુનો છે. સમાજમાં આપણે રહીએ છીએ તો સામાજિક આરોગ્ય સચવાય અને સમાજનો વ્યવહાર બરાબર ચાલે એ રીતે વર્તવાની દરેકની નૈતિક ફરજ છે. દરેક પોતપોતાની સગવડનો જ વિચાર કરે તો સમાજની વ્યવસ્થા બરાબર ચાલે નહીં. તેથી દરેકે પોતાના કાર્યની અસર વિચારવી જોઈએ અને હું કરું છું તેમ બધા કરે તો શું થાય તેનો ખ્યાલ કરવો જોઈએ. કાંટા સોરનારને પોતાને એ રસ્તે આવતાં કાંટો વાગ્યો હોય તો તેને કેવું લાગે એનો ખ્યાલ કરીને તે વર્તે તો એ કાંટા રસ્તામાં વેરશે નહીં. તે જ પ્રમાણે આપણા હરેક કાર્યમાં વિચારીને વર્તવું જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

o

મોટા માણસોનાં મન

૧

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે આપણા દેશના એક જાણીતા મોટા માણસ હતા. એક દિવસ તે બહારથી આવ્યા અને પગ ધોવા માટે પાણીની રાહ જોઈને આંગણામાં ઊભા રહ્યા. પણ એમનો નોકર કામમાં હોવાથી તેને એ વાતનો ખ્યાલ ન રહ્યો.

થોડી જ વારમાં એને ખબર પડી કે એના શેઠ બહાર પાણીની રાહ જોઈને ઊભા છે; એટલે એ એકદમ રસોડામાં ગયો અને ગરમ પાણી લઈને ઉતાવળો બહાર દોડી ગયો. ઉતાવળમાં તે ગરમ પાણીમાં ટાઢું પાણી ઉમેરવાનું ભૂલી ગયો હતો.

તેણે બહાર આવીને રાનડેના પગ પર ગરમ પાણી રેડવા માંડયું. આથી રાનડેના પગ દાઝી ગયા અને ચામડી લાલચોળ થઈ ગઈ.

પરંતુ રાનડે જરાયે રોષ કર્યા વિના શાંતિથી બોલ્યા: "અલ્યા, આટલી બધી શી ઉતાવળ? મારા પગ દાઝી જાય એવું ગાંડા જેવું શું કર્યું?"

મુકુલભાઈ

કોણ શીખવે?

૨

એક મોટા સ્ટેશન ઉપર બહાર પ્રવાસે જનાર મિત્રને વળાવવા માટે એક ભાઈ આવ્યા. અને ગાડી ઊપડતાં પહેલાં બધી વિવેકની વિધિઓ પૂરી થઈ. જતાં જતાં બહાર જનાર ભાઈએ પોતાનો રેલવેનો (લોકલ) પાસ પ્લૅટફૉર્મ ઉપર ઊભેલા મિત્રને આપ્યો. અને ઉમેર્યું કે, "એ ભાઈનો પાસ ખલાસ થયો છે.

હું હવે બહાર જાઉં છું માટે મારો પાસ તેમને વાપરવા આપું છું.” રેલવેના આ પાસ બીજાને વાપરવા આપી શકાતા નથી. એટલે એ પાસ આ રીતે આપવો તેમાં રેલવેનો તો ગુનો છે જ, પણ આ રીતે રાષ્ટ્રીય સરકારને છેતરીને તેની વાજબી આવક ઓછી કરવાનો પ્રયત્ન થતાં દેશદ્રોહ થાય છે અને છેવટે અપ્રામાણિકપણું અને અનીતિ અજાણતાં આચરાય છે. આ નીતિનો પાઠ આપણને કોણ શીખવે?

પરીક્ષિતલાલ મજમુદાર

બીબી અને તેની મરઘી

એક બીબી પાસે જાડી ભરાવદાર મરઘી હતી. તે રોજ એક ઈંડું આપતી. ઈંડું જોઈ બીબી રાજી રાજી થતી. એક દિવસ એને વિચાર આવ્યો, ‘મરઘીને હું રોજ ચપટી ચણ નાખું છું તો એક ઈંડું આપે છે. જો ચણ વધારે આપું– મૂઠી મૂઠી નાંખતી જાઉં, તો તે વધારે ઈંડાં આપે.’ આમ વિચારીને તેણે વધારે ચણ નાંખવા માંડી. રોજ બે વાર દાણા નાંખવા શરૂ કર્યા.

મરઘીને લહેર પડી. એ તો ખૂબ ખાવા લાગી. પછી તો એ એટલી જાડી થઈ ગઈ કે ઈંડાં મૂકવાનું જ તેનું બંધ થઈ ગયું! કુદરત તો એની રીતે જ ચાલે ને?

ઘણી વાર લોકો આમ જ કુદરત પાસે વધારે લેવા જાય છે અને પસ્તાય છે. કુદરતમાં મર્યાદા અને નિયમ રહેલાં જ છે; પણ લોકો એ વાત પોતાના લોભ આગળ ભૂલીને વર્તે છે, ત્યારે આ બીબી પેઠે છેવટે બન્ને છે અને હાથ ઘસતા રહે છે.

૨૪-૪-’૫૧ મગનભાઈ દેસાઈ

યથા પ્રજા તથા રાજા

અમેરિકા દેશમાં બીજા દેશોની પેઠે જુગારનો ધંધો પૂર જોસમાં ચાલે છે. બીજા દેશોની પેઠે ત્યાં પણ જુગારની સામાન્ય રીતોની બંધી છે. શૅરબજાર, ઘોડદોડ વગેરે કેટલીક રીતોની છૂટી છે. પરંતુ કાયદાથી અમુક વાતની બંધી કરવાથી તે રોકી શકાતી નથી. તેનો એક મોટો દાખલો અમેરિકામાં હાલમાં જાણવા મળ્યો છે.

અમેરિકા દેશમાં પણ જુગારી લોકો પોતાનો ધંધો સહીસલામતીથી ચાલી શકે તે માટે અનેક ઉપાયો લે છે. ત્યાંની બધી બાબતો મોટા પાયા ઉપર જ હોય છે! એટલે જુગારનો ધંધો ચલાવનારાની પણ મોટી મોટી કંપનીઓ હોય છે. તેઓ દેશમાં ચારે બાજુ પોતાની શાળાઓ ચલાવે છે; અને પકડાઈ ન જવાય તે માટે પોલીસોને અને સરકારી અમલદારોને ખૂબ પૈસા લાંચ તરીકે આપી ચૂપ કરી દે છે. એ જુગારીઓની કંપનીઓ ચૂંટણીનો જંગ ખેલવામાં પણ એક અથવા બીજા પક્ષને પૈસાની તેમ જ પ્રચારની મદદ કરે છે, અને એ રીતે પોતાના 'મિત્રોને' જ રાજસભામાં કે ગવર્નર તરીકે ચૂંટાઈ આવવામાં મદદ કરે છે.

આ બધું લાંબો વખત છેક છાનું તો રહી શકતું જ નથી. હમણાં હમણાં રાજતંત્રમાં સડો પેઠાના કેટલાક દાખલાઓ એવા જાહેર થયા કે, છેવટે અમેરિકાની સરકારે એક તપાસ-સમિતિ નીમી. તે સમિતિએ કેટલાક કિસ્સાઓની તપાસ કરીને કેટલાક માણસોની જાહેર તપાસ કરાવવાનું ઠરાવ્યું.

તેમાં એક તો અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂયૉર્કનો મેયર પણ હતો. એ તપાસના કામકાજને રેડિયો ઉપર તથા ટેલિવિઝન ઉપર બધે સાંભળી શકાય તથા જોઈ શકાય એવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી! કહે છે કે કરોડો લોકોએ એ કામકાજ જોયું તથા સાંભળ્યું! તપાસ-સમિતિના પ્રમુખે અંદાજ આપ્યો કે, અમેરિકામાં દર વર્ષે એક અબજ રૂપિયા જુગાર પાછળ ખર્ચાય છે. અને એક ન્યાયાધીશે જુબાની આપી કે ન્યૂયૉર્ક શહેર એકલામાં જ જુગારીઓ દર વર્ષે દશથી બાર કરોડ રૂપિયા પોલીસોને 'ખવરાવે' છે!

આ બધો તમાશો ચાલ્યો, અને થોડા દિવસ તો ચારે બાજુ હોહા થતી દેખાઈ. પરંતુ એથી શું વળે? જ્યાં સુધી લોકોને જુગાર રમવો જ હોય, ત્યાં સુધી તેઓ સહીસલામતી માટે પોલીસોને લાંચ આપીને ખરીદી લેવા પ્રયત્ન કરવાના જ. જો કાયદા વધુ સખત કરો, તો પોલીસને વધુ જોખમમાં ઊતરવું પડે એટલે વધારે પૈસા ખવરાવવા પડે! અને જુગારની છૂટ જ મૂકી દો, અને તેના ઉપરના 'અંકુશો' ઉઠાવી જ લો, તો ભલે પોલીસોને લાંચ ન આપવી પડે, પણ પ્રજા બરબાદ થઈ જાય.

આ તો જુગારી લોકોની જ વાત થઈ. પરંતુ હમણાં હમણાં અમેરિકામાં આબરૂદાર કહેવાતા વેપારીઓએ પણ અનેક હેતુઓસર સરકારી અમલદારોને લાંચ આપ્યાના કિસ્સા જાહેર થયા છે. અને એ પૈસા પણ બાહોશ વકીલો મારફતે જ ખવરાવવામાં આવે છે, જેથી કાયદાની ચુંગાલમાં ન અવાય. એ વેપારીઓ એમ કરવામાં કશું પાપ પણ માનતા નથી,

તથા કાયદાનો પણ ભંગ થતો નથી એમ માને છે.

સરકારી નાણાંકીય મંડળના કામકાજને તપાસવા નીમવામાં આવેલી સમિતિના એક સભ્યે અમેરિકાની સેનેટમાં આ વિષે બોલતાં જણાવ્યું કે, સારાં કુટુંબોનાં માણસો, આબરૂદાર ગણાતા વેપારીઓ, અને ભણેલા ગણેલા લોકો પણ સીધી સાદી પ્રામાણિકતાથી પોતાનો વ્યવહાર ચલાવતા નથી. કૉલેજમાં કે જ્યાં જુવાન સ્ત્રી-પુરુષોનું ચારિત્ર્ય ઘડાય છે, ત્યાં પણ અનેક બદીઓ પેઠેલી માલૂમ પડે છે. આ બધાનો ઉપાય શો? કાયદાથી તો એવી બાબતોનો ઉપાય થઈ શકતો નથી. કારણ કે કાયદાને તો શી રીતે બાજુએ રાખવો તેના ઉપાય તરત બાહોશ વકીલો શોધી કાઢે છે. આનો ઉપાય એક જ છે, અને તે એ કે પ્રજાના લોકોમાં જ નીતિ અને સદાચારના જે મુખ્ય નિયમો છે તેમનું પાલન કરવાની વૃત્તિ ફરી જાગ્રત કરવી. પણ એ કામ તો સંતોનું અને મહાત્માઓનું ગણાય. કાયદાશાસ્ત્રીઓ કે રાજ-સત્તાવાળા એ ન કરી શકે. જ્યાં સુધી લોકોમાં નીતિનિયમને અનુસરીને ચાલવાની વૃત્તિ ઊભી ન થાય, ત્યાં સુધી બહારથી તેનો કશો ઉપાય ન થઈ શકે.

આપણે પણ આ બધી બાબતો ઉપર વિચાર કરવાની જરૂર છે. જ્યાં સુધી પ્રજાના લોકો જ સીધાસાદા નીતિના નિયમોનું પાલન કરીને જીવવાની ઇચ્છાવાળા ન થાય, ત્યાં સુધી બહારના કાયદાથી કશો સુધારો ન થઈ શકે. કારણ કે ઉપર જોયું તેમ, કાયદો કરનારા તથા કાયદાનું પાલન કરાવનારા પણ પ્રજાની ભ્રષ્ટતામાંથી બચી શકતા નથી. ખરું કહ્યું છે કે યથા પ્રજા તથા રાજા.

ગોપાળદાસ પટેલ

અંતરની તાલાવેલી

ઘણી વાર આપણે વિકટ પરિસ્થિતિમાં આવી પડીએ છીએ. એ પરિસ્થિતિમાંથી નીકળવાની ઇચ્છા થાય છે, પણ એમાંથી નીકળાતું નથી. ધારો કે, કોઈ માણસને દારૂ પીવાનું વ્યસન હોય. એ જાણે છે કે એ વ્યસન ખરાબ છે. પણ એ લાચારીથી કહે છે, "શું કરું ભાઈ, આ બૂરી ટેવ છે. પણ એ છોડી શકાતી નથી." બીડીના વ્યસન વિશે પણ લોકો એમ જ કહે છે.

એ વસ્તુ ખરાબ છે અને એ વિના જીવન સારું અને સુખી બની શકે છે એ જાણ્યા છતાં એમાંથી નીકળી શકાતું નથી એનું કારણ છે. આપણે એ ખરાબ સ્થિતિમાંથી નીકળીને સારી સ્થિતિમાં આવવા માટે અંતરની તાલાવેલી અનુભવતા નથી. જો આપણને એ સ્થિતિમાંથી નીકળવાની સાચી તાલાવેલી થાય તો જરૂર એમાંથી રસ્તો નીકળે જ છે. અને આપણે જે ઇચ્છતા હોઈએ છીએ તે મેળવી શકીએ છીએ.

એક ગુરુ દરરોજ શિષ્યો આગળ ઈશ્વરની વાતો કરે. એ સાંભળીને બધા શિષ્યો ઈશ્વરની અપાર લીલાનાં ગુણગાન કરતા.

એક દિવસે એક શિષ્ય આવીને ગુરુને કહે: "ગુરુજી, તમે ભગવાન વિશે કહો છો, ત્યારે મને આ બધી જંજાળ છોડી દઈને ઈશ્વરને ચરણે બેસી જવાનું મન થાય છે. ગુરુજી, મને ઈશ્વરની ઝાંખી શી રીતે થાય એ કહો."

ગુરુજી કહે, "બેટા, એક દિવસ તને કહીશ."

આમ કરતાં કરતાં ઘણા દિવસ વહી ગયા. એક દિવસ ગુરુ પેલા શિષ્યને કહે: "બેટા, ચાલ આજે આપણે નદીએ નાહવા જઈએ."

શિષ્ય તો તૈયાર થઈ ગયો. અને બંને જણ નદીએ ગયા.

ગુરુ ને શિષ્ય સ્નાન કરતા હતા એવામાં ગુરુએ શિષ્યને પાણીમાં ડૂબકી મારવાનું કહ્યું. શિષ્યે તે પ્રમાણે કર્યું. પણ ગુરુએ તરત જ શિષ્યનું માથું પકડી પાણીમાંથી એને ઉપર આવવા દીધો નહીં. શિષ્ય તો પાણીની બહાર નીકળવા ધમપછાડા મારવા લાગ્યો. એનો શ્વાસ પણ ગૂંગળાવા લાગ્યો. એને થયું કે ગુરુજી તેને ડુબાડી તો નહીં દે ને? એટલે તે જીવ બચાવવા ગુરુજીને હાથ વડે અહાર કરી છૂટવા પ્રયત્ન કરવા લાગ્યો.

ગુરુજીએ થોડી વાર પછી એને બહાર કાઢયો. શિષ્ય તો અધમૂઓ થઈ ગયો હતો. તે તો મન ફાવે તેમ બબડવા લાગ્યો. ગુરુએ એને શાંત પાડયો અને કહ્યું: "બેટા, તું ઈશ્વરની ઝાંખી કેમ કરવી એ વિશે પૂછતો હતો ને? એનો આ જવાબ છે."

શિષ્ય નવાઈ પામી બોલ્યો: "ગુરુજી, આ તે કંઈ રીત છે? મને તમે કેટલો અકળાવી મૂકયો. મારાથી પાણીમાં રહી શકાતું પણ ન હતું!"

ગુરુજી બોલ્યા: "બેટા, જેમ તું પાણીમાંથી બહાર નીકળવા તાલાવેલી અનુભવતો હતો એવી જ તાલાવેલી આ સંસારની બધી જંજાળો છોડી દઈને ઈશ્વરની ઝાંખી કરવાની થવી જોઈએ. બેટા, અંતરની તાલાવેલી વિના આપણે કંઈ પ્રાપ્ત કરી શકીએ નહીં."

મુકુલભાઈ

સુધારો

ગયા અંકમાં 'મદ્યનિષેધ' લેખમાં બંધારણની કલમ ૪૭મી ટાંકી હતી. તેમાં એક ભૂલ છે, એમ એક મિત્રે ધ્યાન ખેંચ્યું. તે કલમ સુધારીને નીચે ફરી આપી છે.

"લોકોના આહારનું તથા જીવનનું ધોરણ ઊંચું લાવવું અને જનસુખાકારી વધારવી, એને રાજ્ય પોતાની એક પ્રાથમિક ફરજ ગણશે; તેમાં ખાસ કરીને, દવા તરીકેના ઉપયોગ સિવાય માદક પીણાંના અને તબિયતને નુકસાન કરે એવી ઔષધિઓના વાપરની બંધી કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે"

૨૪-૪-'૫૧ મ૦

સાધુ અને વીંછી

એક દિવસ એક સાધુ નદીમાં સ્નાન કરતો હતો. તે સમયે એક વીંછી નદીના વહેણમાં તણાતો આવતો હતો. સાધુ હિંસા રહિત હતો; તેથી તેણે વીંછીને બહાર કાઢવા માટે હાથમાં લીધો. આમ છતાં વીંછી નદીમાંથી હથેળીમાં પડી જતો, અને તેના હાથને ડંખ મારતો. છતાં સાધુએ ડંખ સહીને તેને બહાર કાઢ્યો.

એક માણસ નદીના કિનારા ઉપરથી સાધુનું આ સુકાર્ય જોઈ રહ્યો હતો. તેણે આશ્ચર્યથી પૂછ્યું, "હે સાધુ! શું તમને ડંખની પીડા નથી થતી?"

"કેમ નહીં!" સાધુએ જવાબ વાળ્યો.

"તો પછી તેને શા માટે બહાર કાઢવા તમે પ્રયત્ન કર્યો?" માણસે આશ્ચર્યમુગ્ધ થઈ સવાલ કર્યો.

સાધુએ કહ્યું: "તેનો સ્વભાવ કરડવાનો છે. તે અબોલું પ્રાણી છે; છતાં પોતાનો સ્વભાવ છોડતું નથી. તો હું તો મનુષ્ય છું! હું મારો સ્વભાવ કેવી રીતે છોડું! તેને બચાવવાની મારી ફરજ છે. અને આ રીતે હું મારા ધર્મનું પાલન કરું છું. પછી ભલેને તે મને કરડે!"

(હિંદી પરથી) ડાહ્યાભાઈ જી૦ બારોટ

દ્રાવણ, પાસા અને પાસવણી

પાણીમાં અનેક પદાર્થો ઓગળે છે. ખાંડ, મીઠું, ફટકડી, અને અનેક પ્રકારના રંગો પાણીમાં ઓગળે છે. પાણીમાં મીઠું ઓગાળીએ ત્યારે પાણીમાં મીઠાનું દ્રાવણ થયું ગણાય. એ જ પ્રમાણે સાકર કે ફટકડીનું દ્રાવણ પણ બનાવાય.

ફટકડીના થોડા પાસા કે ગાંગડાને પાણીમાં નાખતાં તે ઓગળી જશે. હવે એ ફટકડીના દ્રાવણને ગરમ કરી તેમાં ઓગળે એટલી ફટકડી ઓગાળી દેવી. પછી તે દ્રાવણને ધીમે ધીમે ઠરી જવા દેવું. બે ચાર દિવસ પછી એ દ્રાવણમાં આપણને ફટકડીના પાસા બંધાતા દેખાશે. આવી રીતે ફટકડીને. પાસવી (પાસવવુ = પાસા બાંધવા દેવાની ક્રિયા) શકાય. પાસા પાડવાની ક્રિયાને પાસવણી કહેવાય. ફટકડીમાં ગમે તેટલો મેલ કે માટી હોય પણ તેને પાસવતાં તેમાંથી શુદ્ધ પાસા જ પડવાના. તેથી જ પાસવી શકાય તેવા પદાર્થો પાસવણીથી જ શુદ્ધ કરવામાં આવે છે.[1] બજારમાં વેચાતુ આખું મીઠું એ પણ દરિયાકાંઠે અગરિયાએ પાસવેલા મીઠાના પાસા જ છે. બજારમાં વેચાતી દાણાદાર મોરસ એ પણ પાસા જ છે. અને સાકરના ગાંગડા એ પણ પાસા જ છે.

ફટકડીના થોડા ગાંગડાને આપણે તાવડીમાં ગરમ કરીશું તો તેમાંથી પાણી છૂટશે. પછી એ બધું પાણી ગરમ થઈ ઊડી જશે, અને તાવડીમાં ફટકડીનું પતાસું પડી રહેશે. ફટકડીના પાસામાં પાણી હતું તે આપણે ગરમીથી ઉડાડી મૂક્યું. પાસા આપણને ચળકતા દેખાય છે તે તેની અંદર રહેલા પાણીથી જ. પાસામાં રહેલા પાણીને પાસાજળ કહેવાય. પાણી ઉડાડી મૂક્યા પછી રહેલા પાસા નિર્જળા કહેવાય. ફુલાવેલી ફટકડી એટલે નિર્જળી ફટકડી. મીઠાને ગરમ કરીએ તો તેના પાસાનું પાણી કે પાસાજળ ઊડી જાય છે. પણ તે ફટકડી માફક પહેલાં છૂટું પડીને પછી બળી જતું નથી. તે પાણી ઊડી જતાં જતાં મીઠાના પાસાને તોડી નાખે છે તેથી પાસાની નાની નાની કરચો થઈ તડ

તડ કરતી ચારે બાજુએ ઊડે છે. કેટલાક પદાર્થના પાસા રંગીન હોય છે. વળી પાસાજળ ઉડાડી મૂકયા પછી તે રંગ બદલાઈ જાય છે. મોરથૂથુ (કોપરના સલ્ફેટ)નો પાસો ભૂરો હોય છે પણ તેનું પાસાજળ ઉડાડી દઈએ તો તેનો રંગ ઝાંખો સફેદ થઈ જાય છે. કોબાલ્ટ નામની એક ધાતુ છે અને ક્લોરીન નામનો એક વાયુ છે. તે બેના સંયોજનથી કોબાલ્ટનો ક્લોરાઈડ બને છે. આ કોબાલ્ટના ક્લોરાઈડનો રંગ ઝાંખો કેસરી હોય છે. પણ તેને ગરમ કરી તેમાંથી પાસાજળ ઉડાવી દઈએ તો તે એકદમ ભૂરો બની જાય છે.

આપણે જોયું કે પાણી ઘણા પદાર્થો ઓગાળે છે અને પાસવણીની મદદથી કેટલાક પદાર્થો શુદ્ધ સ્વરૂપમાં મેળવવા પાણીમાં તેમનું દ્રાવણ કરવું પડે છે. વળી પાસવણીમાં દરેક પાસો પોતાની પાસે અમુક પાણી સંઘરી રાખે છે અને એ પાણીને જોરે ચળકતો દેખાય છે. એ પાસામાં રહેલું પાણી તે પાસાજળ કહેવાય.

હવે આપણે પાણીના દ્રાવણની વાત કરીએ. પાણીમાં જ્યારે કોઈ પદાર્થ ઓગળે ત્યારે તેનું દ્રાવણ થયું કહેવાય. કેટલાક પદાર્થો એવા છે કે તે પાણીમાં ઓગળેલા ન હોવા છતાં ઓગળેલા દેખાય. સૂક્ષ્મદર્શકથી જોઈએ તો તે પદાર્થના નાના નાના રજકણો પાણીમાં તરતા જ દેખાય. તેમ છતાં ગમે તેવા બારીક ગળણાથી ગાળી લઈએ તો પણ તે રજકણો ગળાવાના નહીં. આવી રીતે પાણીમાં ઓગળેલા ન હોવા છતાં પાણી સાથે એકરસ થઈ જતા પદાર્થના દ્રાવણને રસરૂપી દ્રાવણ કહેવાય. તે ખરેખરું દ્રાવણ કહેવાય નહીં. પાણીમાં આવાં દ્રાવણો બનાવનાર પદાર્થો તેમાં રસરૂપ જ બની રહે છે. (રસરૂપ એટલે પ્રવાહી નહીં પણ એક રૂપ અગર તન્મય.) ચોમાસામાં નદીનું પાણી ડહોળું લાગે છે. આ ડહોળા પાણીને ગાળી લઈએ તો પણ તે ડહોળું જ રહેશે. બહુ લાંબો વખત તેને ઠરવા દઈએ તો તેમાંનાં માટીનાં રજકણો નીચે ઠરશે. આ માટી પાણીમાં રસરૂપ બનીને રહી છે એમ કહી શકાય. પાણીમાં આવી રીતે બનેલા માટીના રસરૂપ દ્રાવણમાં ફટકડી

નાખવામાં આવે તો માટીનાં રજકણો જલદી તળીએ ઠરી જશે.

વનસ્પતિ તેમ જ પ્રાણી શરીરમાં પચનારા પદાર્થો રસરૂપ દ્રાવણમાં હોય ત્યારે સહેલાઈથી પચે છે. તેથી જ રસરૂપી સોનું અને રસરૂપી કેલ્શ્યમની દવાઓ વધારે પ્રચારમાં આવી છે. વૈદ્યોએ બનાવેલી ભસ્મોમાં પણ જે પાણીમાં મેળવતાં રસરૂપ દ્રાવણ બનાવે તે શરીરમાં સહેલાઈથી પચવાની.

બંસીલાલ ગાંધી

ખેતી અને ગોપાલન

['ભારત સરકારોને આદેશ'નો આગળનો હપતો]

આપણો દેશ ખેતીપ્રધાન છે. તેની મોટા ભાગની વસ્તી ગામડાંમાં વસે છે. અને તેનો મુખ્ય રોજગાર ખેતી અને ઢોર-ઉછેર છે ખરું જોતાં, દેશનો મોટામા મોટો ઉદ્યોગ હોય તો ખેતી અને ઢોર-ઉછેર અથવા ગોપાલન છે. ખેતીમાંથી અનાજ, તેલી બી, ઇ૦ મળે છે. ઢોર-ઉછેરમાંથી દૂધ, બળદ, ચામડું ઇ૦ મળે છે. આ ઉદ્યોગને બરોબર પગભર કરવો અને સારી પાયરી પર મૂકવો, એ પહેલું કામ છે. પણ એ અધરું પણ છે, છતાં તેની પાછળ લાગ્યા જ રહેવું જોઈએ. મદ્ય-નિષેધ વિષેની ૪૭મી કલમ પછી, બંધારણની ૪૮મી કલમ આ વિષે છે. તેમાં કહ્યું છે — "ખેતી અને ઢોર ઉછેર અર્વાચીન અને વિજ્ઞાની રસ્તે સંગઠિત કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે; અને ગાય, વાછડાં, તથા બીજાં દૂઝણાં તથા ભાર ખેંચનારાં ઢોરની ઓલાદોને સાચવવી અને સુધારવી તથા તેમની કતલ થતી બંધ કરવી એને માટે રાજ્ય ખાસ કરીને પ્રયત્ન કરશે."

આ કલમમાં ત્રણ વસ્તુની દરકાર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છેઃ

૧. ખેતી-સુધાર

૨. ઢોર-ઉછેર અને તેની ઓલાદ-સુધાર

૩. ઢોરની કતલની બંધી.

આ કલમની ભાષા બહુ બહોળા

અર્થવાળી છે. તેમાં શું શું આવે કે ન આવે, એ કહી ન શકાય. એનો અર્થ એ કે, આ કલમ ખેતી અને ઢોર-ઉછેર વિષે સામાન્ય નીતિ આંકી આપે છે. તે અંગે ક્યાં પગલાં કેમનાં લેવાં, એ સરકાર વખતોવખત વિચારશે. ખેતીમાં ટ્રેક્ટર વગેરે યંત્રો વાપરવાં? વિલાયતી કે રાસાયણી ખાતરનો ઉપયોગ કરવો? મોટી લાટબંધ ખેતી કરાવવા માટે પગલાં લેવાં?— આવા આવા અનેક સવાલો અર્વાચીન અને વિજ્ઞાની ગણાતા રસ્તામાં આવે છે. આ બધું આપણી પરંપરાથી ચાલતી આવેલી ખેતીની પ્રણાલીમાં બંધ બેસે કે નહીં, બેસે તો કઈ ઢબે વગેરે જોવું જોઈએ.

તેમા ઢોરોની કતલની પણ વાત કરી છે. એનો અર્થ કોઈ ઢોરને મરાય જ નહી, એવો કરવો? જેમ કે, કેટલાક લોકો આ કલમ ટાંકીને સદંતર ગોવધ બંધ કરવા સરકારને આગ્રહ કરે છે. કલમનો આ અર્થ હોય તો ગાય, બકરી, ભેસ, બળદ, ઇ૦ મરાય જ નહી. આપણે જાણીએ છીએ કે, બકરાં ઘેટાં ઇ૦ કપાય છે; અમુક ગાયો, બળદો, ભેંસો પણ કપાય છે. ઢોર ઉછેર વિદ્યાના જાણકારો કહે છે કે, આપણા દેશમાં નબળાં ઢોર કરોડો છે, જે ચારો વગેરે ખાય છે, પણ આપણને આર્થિક રીતે ભારે પડે છે. આ નબળાં ઢોરો પાછળ દેશના કરોડો રૂપિયા દર વરસે બરબાદ થાય છે. વળી દેશને જોઈએ તેટલું દૂધ મળતું નથી, કેમ કે ઢોર દૂધ બહુ ઓછું આપે છે. તેમની ઓલાદ સુધરે તો એમાં સુધારો થઈ શકે.

આ કલમ સરકારોને ફરમાવે છે કે, તેમણે આપણાં ઢોર-ઉછેર તથા ખેતીને આબાદ કરવા માટે આ બધા પ્રશ્નોનો વિચાર કરી આગળ વધવું જોઈએ. એમાં લોકોને માટે પણ માર્ગદર્શન રહેલું છે. તેમણે પોતાના સહકારથી સરકાર પાસેથી આ કામો લેતા થવાનુ છે.

૨૪-૪-'૫૧ મગનભાઈ દેસાઈ

પૂરું થતું પખવાડિયું

ભારતમાં તાજેતરમાં થયેલી વસ્તીગણતરી મુજબ ભારતની હાલની વસ્તી ૩૫,૬૮,૯૧,૬૨૪ માણસોની છે. એમાં ૧૮,૩૩,૮૪,૮૦૭ પુરુષો અને ૧૭,૩૫,૦૬,૮૧૭ સ્ત્રીઓ છે.

વડોદરાના રાજવી શ્રી પ્રતાપસિંહરાવ ગાયકવાડને તેમની બંધારણ-વિરોધી પ્રવૃત્તિને કારણે ભારત સરકારે પદભ્રષ્ટ કર્યા છે અને તેમને સ્થાને તેમના પાટવી કુંવરની નિમણૂક કરી છે.

નેપાળની સરકાર સામે ગુરખાદળ નામની એક લશ્કરી સંસ્થાએ બંડ કરીને હાલના રાજ્યતંત્રને ઊથલાવી નાખવાનો પ્રયત્ન કર્યો હતો પણ એમાં તેને સફળતા મળી નથી. આ બંડ પાછળ હાલના પ્રધાન મંડળના એક બે પ્રધાનોનો પણ હાથ હતો એવી વાત ચાલે છે.

ઇંગ્લંડના માજી વિદેશ પ્રધાન અને ત્યાંની મજૂર ચળવળના એક આગળપડતા આગેવાન શ્રી અર્નેસ્ટ બેવિનનું અવસાન થયું છે. તેઓ એક અતિ ગરીબ કુટુંબમાં જન્મ્યા હતા અને બહુ જ થોડી કેળવણી પામ્યા હતા. આમ છતાં ખંત અને સમાજ-સેવાની ધગશથી તેઓ ત્યાંની મજૂર ચળવળના આગેવાન બન્યા હતા અને છેવટે મજૂર સરકારના વિદેશ પ્રધાન બન્યા હતા.

પ્રોફેસર રંગાએ કારોબારી સમિતિના સભ્ય તરીકેનું રાજીનામું આપ્યું છે અને આંધ્ર પ્રાંતિક સમિતિમાંથી પણ રાજીનામું આપ્યું છે.

મ૦

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

રજિ. નં. બી ૫૨૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક „ „ રૂ. ૨

અમદાવાદ, ૧૫મી મે, ૧૯૫૧

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

સંપાદકમંડળ

મગનભાઈ દેસાઈ — ગોપાલદાસ પટેલ
વિઠ્ઠલદાસ કોઠારી — મણિભાઈ દેસાઈ (તંત્રી)
બબલભાઈ મહેતા — જીવણજી દેસાઈ (વ્યવસ્થાપક)

સર્વોદય સમાજનો સંદેશ

આ ટૂંકી જિંદગીમાં આપણે કસોટી પર છીએ. આ સંસારમાં આપણે જે થોડાઘણા દિવસ રહેવાનું છે તેમાં બધાની સેવા કરી સૌનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

જેણે આ દુનિયામાં આવી પૈસો પેદા કર્યો પણ પ્રેમ ખોયો તેણે કંઈ પણ પેદા કર્યું નથી; જેણે જ્ઞાન મેળવ્યું પણ બધાનો પ્રેમ ન મેળવ્યો તેણે કંઈ જ મેળવ્યું નથી; જેણે શક્તિ પ્રાપ્ત કરી પણ બધાંનો પ્રેમ સંપાદન ન કર્યો તેણે કંઈ જ સંપાદન નથી કર્યું.

આથી, ભાઈઓ, બધાં સાથે પ્રેમ કરો અને બધાંનો પ્રેમ પ્રાપ્ત કરો એ જ સર્વોદય સમાજનો સંદેશ છે.

('હરિજનબંધુ'માંથી) — વિનોબા

શકતી હોય એ રીતે તેને મદદ કરવા અને ગુજરાન માટેની વ્યવસ્થા કરી આપવા તે ખુશીથી તૈયાર થશે.'

એ વાતને થોડા દિવસ વહી ગયા. એક દિવસે રાતે નવેક વાગ્યે એ માલિકનું બારણું કોઈએ ધીમેથી ઠોક્યું. માલિકે બારણું ઉઘાડ્યું ને જોયું. ખભા ઉપર ચામડાંનો ભારો લઈને એક માણસ ઊભો હતો. પેલા માણસે શરમથી નીચી નજર રાખીને કહ્યું: "હું આ ચામડાં પાછાં લાવ્યો છું. એને ક્યાં મૂકવાં છે એ મને કહો."

માલિક બોલ્યો, "ભાઈ, ઊભો રહે. હું દીવો સળગાવીને લઈ આવું છું. પછી આપણે મારી વખારે આ ભારો મૂકવા જઈએ. પછી ઘેર આવીને નિરાંતે વાતો કરીશું."

જ્યારે તેઓ ભારો મૂકીને પાછા ઘેર આવ્યા, ત્યારે એ માલિકની પત્નીએ મેજ ઉપર ગરમાગરમ કૉફી અને ખાવાનું મૂક્યું.

પેલો માણસ તો ખૂબ વ્યથા પામવા લાગ્યો. તે નીચી નજર રાખી બોલ્યો, "મેં પહેલી જ વાર આ ચામડાંની ચોરી કરી છે. તેથી મને ખૂબ શરમ આવે છે અને પસ્તાવો થાય છે. મને ચોરી કરવાની કુબુદ્ધિ શી રીતે સૂઝી એ જ સમજાતું નથી. ખરેખર, દારૂ એ બહુ જ બૂરી ચીજ છે. માણસને એ સેતાન બનાવી મૂકે છે. મને કેટલા વખતથી દારૂ પીવાની ટેવ પડી છે. પછી તો હું જેની તેની સાથે મારામારી કરવા લાગ્યો. ત્યાર પછી ખોટે માર્ગે પણ વળ્યો. હું ખૂબ પતિત થઈ

ગયો છું. બધા જ મને હડધૂત કરે છે. ભાઈ, તમે જ એક એવા મળ્યા જે મને સહાય આપવા તૈયાર થયા છો. ભગવાન તમારું ભલું કરો! દારૂને ખાતર મારે ચોરી કરવી પડી. હું તમને સાચું કહું છું કે, જિંદગીમાં પહેલી જ વાર મેં ચોરી કરી છે.”

પેલો ભલો માલિક બોલ્યો, “મિત્ર, આને હવે છેલ્લી જ ચોરી ગણજે. આ વાત હું કોઈને કહીશ નહીં. તું મને હવે વચન આપ કે આજ પછી કદી પણ દારૂ નહિ પીઉં. હું તને કાલે સારા-પગારે નોકરીમાં રાખીશ. હવે બધું ભૂલી જા અને હમણાં થોડુંક ભોજન કર ને ગરમગરમ કૉફી પી. તારી પત્ની અને છોકરાંને ખાતર પણ હવે તું સુધર.”

અને ખરેખર, થોડા દિવસમાં પેલો માણસ સદાચારને માર્ગે વળ્યો અને પોતાના કુટુંબને ઉપકારક બન્યો.

મુકુલભાઈ

ગુલામ માનસ

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સાથે હું શામળાજીના પ્રવાસે જઈ રહ્યો હતો. હિંમતનગરથી અમે મોટરમાં શામળાજી જવા ઊપડ્યા. રસ્તામાં અનેક ગામ વટાવ્યાં, ત્યારે કોઈ પ્રવાસી જતાં આગલા ખાનામાં—મોટર હાંકનારની બાજુમાં મને જગા મળી અને હું ત્યાં બેઠો. હિંમતનગર અને શામળાજીની વચ્ચે ભિલોડા આવે છે, ત્યાં પોલીસથાણું છે. ત્યાં અમારી મોટર ઘણી વાર થંભી.

ભિલોડા ગામે અમારી

મોટરના ટિકિટ ફાડનાર ભાઈને પોલીસના માણસો આવી કહી ગયા, 'વાંકાનેરથી સાહેબ બેસવાના છે. જગા કરી આપજે.'

મેં આ વાત સાંભળી. મારા મનમાં તરત જ થયું કે આમાં વારો મારો આવશે. પણ આપણે જગા આપવી નથી.

વખત થયો ત્યારે ભિલોડાથી અમારી મોટર ઊપડી અને વાંકાનેર આવી. વાંકાનેર ઈડર તરફથી બીજી મોટર આવી. તેનો ટિકિટ ફાડનાર ભાઈ આવીને મને ઉઠાડવા લાગ્યો, 'મિસ્ટર, જગા ખાલી કરો. આ રિઝવડ સીટ છે.'

મેં કહ્યું, 'મેંય તેના પૈસા આપ્યા છે, ને બેસાડનાર તમારો માણસ છે. ખાલી તો નહીં થાય.'

'કેમ નહીં થાય? કાયદો છે કે પોલીસ ખાતાના માણસોને આ જગા આપવી.'

'કઈ સરકારે આ કાયદો કર્યો છે?' મેં સવાલ કર્યો, ત્યાં ખાખી કપડાંમાં સજ્જ એવો સાહેબનો ઓડલી ખભા પર બંદૂક લટકાવતો આવ્યો. 'હા, સાહેબની આ જગા છે.'

'નામ લખ્યું છે?' મેં તેને સવાલ પૂછ્યો. તે તો જરા નરમ બની પાસે ઊભો. પેલા નવા ટિકિટ ફાડનાર ભાઈના ડોળા જોવા જેવા ધૂંવાંપૂવાં. પણ ક્રોધ કાઢે કોના પર? ત્યાં તેમની નજર અમારા ટિકિટ ફાડનાર પર ગઈ. 'તને ખબર નથી કે રિઝવડમાં આલતુફાલતુ મુસાફરોને ન લેવા?'

અમારો ટિકિટ ફાડનાર ગભરાઈ ગયા જેવો લાગ્યો. તે મારી પાસે આવ્યો અને મને કહ્યું, 'સાહેબ તમને બીજે જગા કરી

આપું. તમે મારી ખાતર બહાર આવો.'

મેં કહ્યું, 'કેમ?'

'સાહેબ, ડી. એસ. પી. સાહેબ છે.'

ઓડલી બોલ્યો, 'આસી. સાહેબ છે.'

મને થયું કે આના બિચારાનાં હાંડલાં અભડાઈ જશે. આથી હું નીચે ઊતર્યો. ત્યારે નવા ટિકિટ ફાડનાર ભાઈએ જરા રોફથી કહ્યું, 'સરકારી અમલદારની પહેલી સગવડ . . . ઉતારુ આવશે ને જશે. . . અને તેણે ઓડલીના હાથમાંથી થેલી લઈ 'સીટ'માં મૂકવા માંડી.

મારાથી આ સહન ન થયું. મેં કહ્યું, 'ભાઈ, જગા ખાલી કરી આપું છું આ ભાઈના હિસાબે, બાકી ન કરી આપત.'

'કેમ ન કરી આપત?' તે ત્રાડુક્યો. હું સામો થયો. અને મોટરમાં બેસવા ગયો, 'નથી ઊતરતો. પછી ભલે તારા ડી. એસ. પી. હોય કે લાટ સાહેબ!'

પેલા ભાઈનો મિજાજ ગયો. અમારી આ હોહાહોહા—સાંભળી પોલીસ ખાતાના અફસર આવ્યા, ને વિનયથી બોલ્યા, 'સાહેબ, તમે આગળ બેસો. હું પાછળ જાઉં છું. એમાં રકઝક શી!' પેલા ટિકિટ ફાડનાર ભાઈ આથી જરા ડઘાયા. અને છેવટે અમે બંને આગળ બેઠા.

બેઠા પછી મને વિચાર આવ્યો, આ મોટરના ટિકિટ ફાડનાર આવું ગુલામી માનસ રાખી ક્યાં સુધી ફરશે? સામાન્ય મુસાફરને જગા મળે તેમ પોલીસ અમલદારને તેઓ જગા આપવાનો શિરસ્તો સ્વીકારે તો શું ખોટું? અને આગલા પોલીસ સ્ટેશનથી

મોટરવાળાને આવી ગર્ભિત સૂચના શું કામ આપવી પડે? પોલીસ-ખાતા જેવા ખડતલ ખાતાના અફસરને હજુય ફૂલશય્યામાં પોઢવું જોઈતું હશે? પણ તેમાં વાંક તો આપણો જ છે ને!

પુષ્કર ચંદરવાકર

સાર્વજનિક ચોરી

અમદાવાદ શહેરમાં ફરતી મ્યુનિસિપાલિટીની જાહેર બસો પૈકી એકમાં ત્રણ શિક્ષિત જેવા દેખાતા યુવાનો બેઠા. ઓછામાં ઓછો દર આપીને લાંબામાં લાંબા અંતરે ક્યાં સુધી જઈ શકાય તેની પૂછતાછ કરીને તેઓએ ત્રણ ટિકિટના પૈસા આપ્યા. ટિકિટ કાપતા કંડકટરને ટિકિટ આપતાં રોકયો અને ટિકિટ તેની પાસે રાખવા સૂચના કરી. આ સાંભળી મેં તેમને સૂચવ્યું કે આ રીતે તેઓ કંડકટરને ચોરી કરતાં શીખવતા હતા, જ્યારે મ્યુનિસિપાલિટીની વાજબી આવકમાં અજાણતાં કાપ મૂકતા હતા. આટલું થતાં કંડકટરે ટિકિટો આપી દીધી અને થોડી વારે ત્રણ પૈકીના એક ભાઈએ ભૂલ સ્વીકારી.

આ જ પ્રમાણે એક બીજા રસ્તા ઉપર એક યુવાન યુગલ આ જાતની મોટરમાં બેઠું અને ઓછામાં ઓછો દર આપી લાંબામાં લાંબા અંતરે જ્યાં સુધી કાયદેસર જઈ શકાય તેની ટિકિટ લીધી. નક્કી કરેલે અંતરે યુગલ મોટરમાંથી ન ઊતરતાં, અને મોટર પોતાના આખરી સ્થળે (ટર્મિનસ) પહોંચવાની નજીક આવતાં કંડકટરે વધારાના પૈસા

માગ્યા. પ્રવાસીએ તે આપ્યા અને ટિકિટ વિના ઊતરી પડ્યાં. કંડક્ટરે ટિકિટ ન આપી તેથી તેને ખાનગી અને ગેરવાજબી આવક થઈ. પ્રવાસીએ કદાચ ઓછામાં પત્યું એમ માનીને ઓછી રકમમાં વધારે પ્રવાસ કર્યાનો ગર્વ માન્યો હશે. "આ રીતે મ્યુનિસિપાલિટીની વાજબી આવકમાં ગાબડું પાડી તમે કર ભરનારા ઉપર વધારાનો બોજો લાદો છો અને અપ્રામાણિકપણાને ટેકો આપો છો," એમ મેં તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ આ વાત તેમના ધ્યાનમાં આવી નહીં, અને પ્રવાસીઓએ હસીને ચાલવા માંડ્યું.

આ જાતના બનાવો અસામાન્ય નથી. તેમ જ માત્ર અમદાવાદ શહેરને જ લાગુ પડે છે તેમ નથી. બસના સંચાલકો આ બાબતમાં ઘટતી કાળજી રાખે જ છે એમાં શક નથી. પણ પ્રત્યેક પ્રવાસી પોતાની પ્રવાસનીતિનું ધોરણ વ્યવસ્થિત ન રાખે તો ગમે તેવી પાકી વ્યવસ્થાને ઢીલી પાડી શકે. આ બાબતમાં જાહેર વાહનોમાં પ્રવાસ કરતા પ્રવાસીઓ, અને ખાસ કરીને શિક્ષિત પ્રવાસીઓ એકબીજાની નીતિના સાચા ચોકીદાર બને એ આવશ્યક છે.

પરીક્ષિતલાલ મજમુદાર

બુદ્ધિની શક્તિ કોઈ અમુક કોમ કે નાતની એકની જ નથી. તક અને તાલીમ આપવામાં આવે તો દરેક નાત કે કોમ મહાન શક્તિશાળી અને બુદ્ધિમાન માણસો પેદા કરી શકે.

ગાંધીજી

કેટલીક ઉપયોગી સૂચનાઓ

રોજના જીવનને અંગે કેટલાક લોકો એવા બેધ્યાન રીતે વર્તે છે કે, તેને લીધે સમાજમાં અસ્વચ્છતા વધે છે અને રોગો ફેલાય છે. ઊજળાં કપડાં પહેરીને ફરનાર લોકો પણ એવી ટેવોથી મુક્ત હોતા નથી. પહેલાંથી એમ ચાલ્યું આવે છે માટે ઘણા તેનો વિચાર કરતા નથી અને તેમાં કંઈ સુધારો કરવાની જરૂર તેમને લાગતી નથી. પણ એવી કેટલીક ટેવો ખરેખર કુટેવો હોય છે ને તે સુધારવાની જરૂર છે. તે અંગે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક સૂચનાઓ એક પત્રિકામાંથી નીચે ઉતારી છે. તેનો સેવા મંડળો અને પ્રૌઢ વર્ગોએ પ્રચાર કરવા જેવો છે:

૧. ઘરનો કચરો વાળીને ગમે ત્યાં છૂટો ફેંકવો નહીં પણ નક્કી કરેલી જગ્યાએ નાખવો.

૨. કાંટા, કાચના કકડા કે કેળાંની છાલ કદી રસ્તામાં નાખવાં નહીં.

૩. ઘરના આંગણામાં કે ગમે ત્યાં થૂંકવું નહીં કે નાક સાફ કરવું નહીં પણ કોઈનો પગ ન પડે તેવી જગ્યાએ તેમ કરવું.

૪. કોઈનો પગ પડે એવી જગ્યાએ પેશાબ કરવો નહીં કે ઢોળવો નહીં.

૫. આંગણામાં કે રસ્તામાં વાસણ સાફ કરવાં નહીં.

૬. એઠવાડનું પાણી કે મેલું પાણી આંગણામાં કે રસ્તામાં ઢોળવું નહીં.

૭. છોકરાંને આંગણામાં કે રસ્તામાં શૌચ માટે બેસાડવાં નહીં. પણ મળનો ખાતર તરીકે ઉપયોગ થાય એવી જગ્યાએ મળત્યાગ કરવો, કરાવવો.

૮. નાહવાનું કે ધોવાનું પાણી વહી જાય કે સુકાઈ જાય તેમ કરવું.

૯. બજારની કોઈ પણ ચીજ સાફ કર્યા વગર કે ધોયા વગર ખાવી નહીં. આઇસક્રૂટ જેવી ચીજો હોજરી, દાંત અને ગળું ત્રણેને બગાડનારી છે અને તેમાંથી પોષણ તો કંઈ મળતું નથી. એવી નુકસાનકારક ચીજોનો ઉપયોગ સદંતર બંધ કરવો જોઈએ.

વિઠ્ઠલદાસ કોઠારી

ખોદ્યો ડુંગર, કાઢ્યો ઉંદર

એક વાર એક પર્વતમાં ખૂબ બૂમબરાડા અને ઘોંઘાટગર્જના થતાં હતાં. આ સાંભળીને લોકો ચારે બાજુથી તેની પાસે દોડી આવ્યા. તેમને થયું, "આ શું થતું હશે? આવું તો કદી જાણ્યું નહોતું."

એક જણ કહે, "પર્વત જણવાનો થયો છે, તેથી આમ કરે છે."

લોક હસવા લાગ્યા, પર્વત વળી શું જણે?

એક કહે, 'એમાંથી નાનો ડુંગર નીકળશે.'

બીજો કહે, "અરે ના, એમાંથી તો દરિયો નીકળી આવશે."

તો કોકે વળી કહ્યું, "અરે, એમાંથી તો વિકરાળ કોઈક પશુ જનમશે."

આમ લોકો ભાત ભાતની વાતો કરતા હતા. તેવામાં પર્વતની બખોલમાંથી એક ઉંદર બહાર આવ્યો! બધા લોકો ખડખડ હસી પડયા ને કહેવા લાગ્યા — 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર!' હોહા ને ઘોંઘાટ તો એવાં થયાં

, જાણે શું નું શું થઈ જશે. પણ ઘણી વાર પેલી કહેવતમાં કહ્યા પ્રમાણે, "ગાજ્યા મેહ વરસે નહીં ને ભસ્યો કૂતરો કાટે નહીં." કહેવામાં અને કરવામાં બહુ અંતર હોય છે.

૯-૫-'૫૧ મગનભાઈ દેસાઈ

દુધાળાં ઢોર માટે લીંબુના કૂચાનું ખાણ

ફળરસના ડબા તૈયાર કરતાં કારખાનાંમાં લીંબુનો રસ કાઢી લીધા પછી બાકી રહેતા નકામા ભાગમાંથી પશુઓ માટે ઊંચી જાતનું ખાણ અને બીજી ઉપયોગી વસ્તુઓ બનાવાઈ રહી છે, એમ અમેરિકન સરકારના ખેતી ખાતાનો અહેવાલ જણાવે છે. છાલ, કૂચા અને બી જેવા લીંબુના ન વપરાતા ભાગ અમુક અંશે પશુઓના ખોરાકમાં ઘણા સમયથી ઉપયોગમાં આવે છે, પણ પ્રયોગ પરથી જણાયું છે કે તેના બીજા પણ ઘણા ઉપયોગો થઈ શકે છે.

ખેતર પર કામ કરતાં ઢોરને લીંબુનો સૂકવેલો કૂચો ખાણમાં આપવાના પ્રયોગને પરિણામે ઢોર દરેક રીતે વધુ તંદુરસ્ત અને ચળકતી ચામડીવાળાં થાય છે. એ રીતે આ ખોરાક વધુ કાર્યસાધક છે એમ વૈજ્ઞાનિકોનો અહેવાલ જણાવે છે. દુધાળાં ઢોર માટે પણ લીંબુના કૂચા ખાણ તરીકે અનુકૂળ છે કારણ કે તેમને આ જાતનું ખાણ આપ્યા પછી એમનાં દૂધનું અને એ દૂધમાં રહેલી માખણની ચરબીનું પ્રમાણ વધે છે. ગાયને દોહ્યા પછી તરત જ આ કૂચા એને ખવરાવાય તો દૂધમાં વાસ પણ નથી આવતી.

'અમેરિકન સંદેશ', ૨૮-૪-'૫૧

સેવાના સન્માર્ગો

નીચેની સેવાઓ તો જે ચાહે તે કરી શકે:

૧. આપણે જે રસ્તે થઈને જતા હોઈએ ત્યાં કાચ, કાંકરા, કાંટા, કચરો કે ગંદકી વગેરે દેખીએ તો તે દૂર કરવાં જોઈએ.

૨. આપણી દૃષ્ટિમાં બીજા માણસને દુ:ખી જોઈએ અને તેનું દુ:ખ પૂછતાં તે જો આપણાથી દૂર થાય તેમ હોય તો દૂર કરવાની કોશિશ કરીએ; અને આપણાથી થાય તેમ ન હોય તો બીજો કોઈ શક્તિશાળી માણસ શોધીને તેનું દુ:ખ દૂર કરાવવું.

૩. તાવ, ઉધરસ, મરડો વગેરે રોગોથી પીડાતા દરદીને આપણે જો એના ઉપાયો જાણતા હોઈએ તો બતાવવા, નહીંતર યોગ્ય ઉપચારક આગળ તેને લઈ જવાની વ્યવસ્થા કરવી. જો તે દવાની ફી આપી શકે તેમ ન હોય અને દાક્તર મફત દવા આપી શકે તેમ ન હોય તો કોઈ શ્રીમંત પાસેથી બની શકે તો મદદ અપાવવી.

૪. માનસિક ચિંતાથી પીડાતા માણસને આશ્વાસન આપવું, તેને મીઠાં વચનો કહેવાં અને તે દૂર થઈ શકે તેમ હોય તો તેમ કરવું.

૫. ભૂખ્યાંને રોટલો, તરસ્યાંને પાણી અને ગરીબ વિદ્યાર્થીને વિદ્યાદાનની મદદ કરવી.'

સમાજસેવકે ઉપરની સેવાને મુખ્ય સમજીને આગળ વધવું જોઈએ. સેવકમાં નમ્રતા, સહનશીલતા, સમદૃષ્ટિ, સૌ પ્રત્યે પ્રેમભાવ હોવાં જોઈએ. કોઈ કટુ વચન કહે તો ક્રોધને પીતાં આવડવું જોઈએ. નીડરતા અને ખંતથી સેવા કરવી પણ તેમાં કદી પાખંડ કે અસત્યને પોષવાં નહીં કે સત્તા કે શ્રીમંતાઈમાં ખેંચાઈ જવું નહીં. માનની ભૂખ ત્યજવી. સત્ય અને નીતિને માર્ગે નિઃસ્વાર્થ વૃત્તિથી તન, મન, ધનથી . મન, વાણી અને કર્મની

એકવાકયતા જાળવી સેવક દેવ બનીને સમાજરૂપી દેવની આરાધના કરીને પોતે પાવન થઈને હરિદ્રનારાયણની સેવા શોભાવવી.

૨-૧-'૫૧ શાહ મોહનલાલ મૂળજીભાઈ

પૂરું થતું પખવાડિયું

લોકશાહી મોરચાના નેતાઓ તથા કાર્યકર્તાઓની દિલ્હી ખાતે મળેલી પરિષદે પં. જવાહરલાલ નેહરુ તથા મૌલાના અબુલ કલામ આઝાદની વિનંતીને માન આપીને લોકશાહી મોરચો સમેટી લેવાનો નિર્ણય કર્યો છે.

તાજેતરમાં નવી દિલ્હી ખાતે મળેલી મહાસમિતિની બેઠકમાં મધ્યસ્થ ચૂંટણી સમિતિમાં નીચેના પાંચ સભ્યોને મહાસમિતિ તરફથી ચૂંટવામાં આવ્યા છે:

૧. શ્રી ગોવિન્દવલ્લભ પંત
૨. શ્રી વિધાનચંદ્ર રાય
૩. શ્રી મોરારજી દેસાઈ
૪. શ્રી કામરાજ નાદર
૫. શ્રી એસ. નિજલિંગપ્પા

કાર્યવાહક સમિતિના છ અને આ પાંચ મળી કુલ અગિયાર સભ્યોની મધ્યસ્થ ચૂંટણી સમિતિ બનશે.

ઝાલાવાડના અગ્રગણ્ય લોકસેવક અને જિલ્લા સમિતિના પ્રમુખ શ્રી શિવાનંદજી પોતાના મુંજપર આશ્રમમાં રાત્રે ઊંઘતા હતા તે વખતે કોઈએ ગોળીબાર કરીને તેમનું ખૂન કર્યું છે. શ્રી શિવાનંદજીના અવસાનથી કાઠિયાવાડે એક સમર્થ લોકસેવક ગુમાવ્યો છે.

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદે તેલંગણના બાર સામ્યવાદીઓને થયેલી મોતની સજા ઘટાડીને જન્મટીપની સજા કરી છે.

ગઈ તા. ૧૧મીએ ભારે દબદબાથી સોમનાથના જ્યોતિર્લિંગની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એ સમારંભમાં ભાગ લેવા માટે રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ, કોંગ્રેસના પ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ ટંડન અને બીજા અગ્રગણ્ય નેતાઓ ત્યાં હાજર રહ્યા હતા.

મ૦

આઇસક્રૂટ અને કુલફી

દસેક વર્ષની ઉંમરના બે છોકરા હાથમાં બબ્બે બરણીઓ લઈ મારા ગામમાં આવ્યા. ઢીંચણ સુધીની ચડ્ડી, અધીં બાંયનું મેલું ખમીસ અને માથે લાંબા વાળ એ તેમનો વેશ હતો. ગામમાં પેસતાં જ ભાગોળે અમારી નિશાળ આવે છે. નિશાળ છૂટવાને હજી અર્ધા કલાકની વાર હતી. બન્ને છોકરા નિશાળના ઝાંપાની બન્ને બાજુ ચોકીદારોની માફક બેસી ગયા. મને આ નાટક જોઈ ઘડીભર અજાયબી થઈ. હું નજીક ગયો, પૂછ્યું, 'તમે કોણ છો ભાઈ? ક્યાંથી આવ્યા? અહીં કેમ બેઠા?' મારા પ્રશ્નોના જવાબ આપવાને બદલે એક છોકરે બરણી ઉઘાડી અને આઇસક્રૂટ કાઢ્યું. મારી સામે હાથ લંબાવી બોલ્યો, 'એક આનો છે સાહેબ.' હું તો તેની સામે તાકી જ રહ્યો. મેં કહ્યું, 'ભાઈ! આટલી નાની ઉંમરમાં આ શો ધંધો લઈ બેઠા છો? તમે કદીય એમ વિચાર કર્યો છે કે આ આઇસક્રૂટ લોકોને કેટલું નુકસાન કરે છે? એ તો લોકોના દાંત લઈ જનારાં છે.' છોકરા મારી સામું તાકી જ રહ્યા. મને તો તેમણે ઘરાક ધારેલો તેને બદલે આવું ભાષણ સાંભળી નવાઈ પામ્યા. વળી મારા જેવડી ઉંમરનો માણસ આઇસક્રૂટથી અજાણ હશે તે તો તેમણે કલ્પેલું જ નહીં. મેં કહ્યું, 'જાઓ, આ ગામમાં આવી નુકસાનકારક ચીજો વેચવાની મનાઈ છે. આટલી નાની ઉંમરે તમે ભણવાગણવાનું મૂકી આવો વિનાશકારી ધંધો ક્યાંથી માંડ્યો છે?

બન્ને છોકરા ઊઠીને ગયા. ત્યારથી મારા ગામમાં ફરી આવ્યા નથી.

હિંદુસ્તાનીના કામ માટે હું એક દિવસ બીજે એક ગામ ગયો હતો. મોટરમાંથી ઊતરતાં જ છોકરાંના ટોળાને મોંમાં આઇસક્રૂટ ચૂસતું જોયું. બાજુમાં આઠદસ છોકરીઓ પણ આઇસક્રૂટ ચૂસતી હતી. તેમાં બે ત્રણ છોકરીઓ વચ્ચે એક આઇસક્રૂટ હતું. એક ચૂસે. પછી બીજીને આપે, બીજી ચૂસી ત્રીજીને આપે. મારી અજાયબીનો પાર રહ્યો નહીં. મને થયું, "આ છોકરીઓને અંદર અંદર એકતા સાધવાનો આ

ઉત્તમ માર્ગ લાગ્યો હશે. પણ તેની પાછળ રહેલા પારાવાર નુકસાનની તેમને ક્યાંથી ખબર હોય ?"

આજ સુધી આ આઇસક્રૂટ અને કુલફી મોટાં શહેરો સુધી જ મર્યાદિત હતાં. પણ હવે તો ચોમેર તેનો ફેલાવો થયો છે. નાનામાં નાનું ગામડું પણ હવે તેનાથી બચ્યું નથી. ગામડાના અભણ લોકો પણ આઇસક્રૂટ અને કુલફીનું નામ સાંભળી મોં મલકાવે છે.

આજની નિશાળો — વિદ્યાર્થીઓ આઇસક્રૂટનું સૌથી મોટું ઘરાક છે. કિલકારીઓ કરતાં છોકરાં છુટ્ટી મળતાંની સાથે જ આઇસક્રૂટની શોધમાં ધસારો કરે છે. અરે! કેટલીય નિશાળોમાં એક બાજુ શિક્ષક ભણાવતા હોય છે અને બીજી બાજુ તેમના દેખતાં જ છોકરાં આઇસક્રૂટ ચૂસતાં હોય છે. ત્યારે સહેજે પ્રશ્ન થાય છે કે, આજનું આ શિક્ષણ સમાજને ક્યાં લઈ જશે ?

આપણો ધંધાદારી વર્ગ પણ સમાજને પોષક — જરૂરી એવી ચીજોનું વેચાણ કરતો નથી પણ સમાજને ચાહે તેટલી વિનાશકારી વસ્તુ હોય છતાં પૈસા વધારે પેદા શામાંથી થઈ શકે છે તેને જ યાદ રાખે છે. અને નવી નવી આકર્ષક, મોહ પમાડનારી વસ્તુઓની શોધ થાય છે. આનાથી સમાજનું તન અને મન બન્ને નાશ પામે છે.

શિક્ષણકારો અને માબાપોએ જાગ્રત રહેવું કે છોકરાં આ આઇસક્રૂટની બદીથી બચે. તેના પ્રત્યે બેદરકાર રહીશું તો અકાળે દાંત ગુમાવી બેસીશું અને આરોગ્ય પણ ખોઈશું.

રણછોડભાઈ બાવાજી પટેલ

પ્રાચીન વસ્તુઓની રક્ષા

['ભારતની સરકારોને આદેશ'નો આગળનો હપતો]

ભારતના રાજબંધારણના ૪થા ખંડમાં સરકારોને માટેની રાજ્યનીતિ અંગે વિધવિધ આદેશો કે આજ્ઞાઓ આપવામાં આવી છે. આ લેખમાળામાં આપણે એ આજ્ઞાઓ એક એક જોતા હતા તેમાં કલમ ૪૯માં કહ્યું છે કે, "પાર્લમેન્ટ કાયદો કરીને જેને રાષ્ટ્રીય મહત્ત્વનું જાહેર કરે એવું દરેક સ્મારક કે સ્થાન અથવા કલાકીય કે ઐતિહાસિક રસની વસ્તુ — તેને બગાડવાં, કદરૂપાં કે ભ્રષ્ટ કરવાં, નાશ કરવાં, ખસેડવાં, વેચી કાઢવાં કે દેશમાંથી નિકાસ કરવાં — (જ્યાં જેવું લાગુ પડતું હોય તે મુજબ) — એમાંથી તેમનું રક્ષણ કરવું એ રાજ્યની ફરજ રહેશે."

આપણો દેશ બહુ પ્રાચીન છે. અનેક જાતની જૂના કાળની સમૃદ્ધિ તેમાં છે. આ સાચવવી જોઈએ. તે તરફ અંગ્રેજોએ ઠીક ધ્યાન આપ્યું હતું. સ્વરાજ સરકારે પણ એ ઉપયોગી કામ છોડવું ન જોઈએ. દેશમાં અનેક પ્રાચીન અવશેષો આજે પડેલા છે, તેને સરકાર એક ખાસ ખાતા મારફત સાચવે છે. આ કલમ તે કામને આગળ ચલાવવા આદેશ આપે છે. આની રૂએ, જેમ કે, ગાંધીજીની રાજઘાટની સમાધિ એક રાષ્ટ્રીય સ્મારક તરીકે સરકાર સંભાળશે.

૯-૫-'૫૧ મગનભાઈ દેસાઈ

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૧૪

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ અંક ૨૦

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા. ૩ છમાસિક ,, ,, રૂા. ૨	અમદાવાદ, ૧લી જૂન, ૧૯૫૨	વાર્ષિક લવાજમ: પરદેશમાં રૂા. ૫; શિ. ૮

વેપારીઓ તથા અમલદારોને

આટલું તો હું કહી જ શકું છું કે જો આપણો વ્યાપારી સમુદાય અને સરકારી અમલદારો પ્રામાણિક થઈ જાય તો નિ:સંદેહ આ વિશાળ દેશમાં આપણે આપણી મુસીબતો ઉપર કાબૂ મેળવી શકીશું, પછી ભલે વિદેશથી સહાયતા ન આવે. તેઓ નાણાં અને કાપડ કદી સંઘરે નહીં ને સટ્ટાખોરી ન કરે. ખેતીને યોગ્ય બધી જમીન ઉપર જ્યાં પાણી હોય અથવા તો પાણી પહોંચાડી શકાય તેમ હોય ત્યાં અનાજ પકવવામાં આવે. ફૂલોના બગીચાઓમાં પણ અનાજ ઉગાડવામાં આવે. નકામાં ખરચ થાય એવા તમામ રિવાજોનો અંત લાવે. ઘરખર્ચમાં ઘટાડો કરીને સ્ત્રીઓ આ સંકટનો સામનો કરવામાં સાથ આપે. સરકાર ગમે તેવી હોય તોપણ આપણે આપણાં ૯/૧૦ કાર્યો સરકારની સહાય વિના કરી-

શકીએ. કોઈ પણ સ્થિતિમાં આપણે ગભરાઈએ નહીં. મૃત્યુ આવે તે પૂર્વે મરવું શાને?

ગાંધીજી

'જાહેર મિલકત'

સને ૧૯૩૨માં પ. ગાંધીજીના અનશનને કારણે પૂનાકરારો થયા, અને તે પછી હરિજનોના પ્રશ્નોને અંગે પૂ. ગાંધીજીને જેલમાં મળવા જવાની છૂટ મળી. એક વાર ગુજરાતના હરિજન કામને અંગે યરવડા જેલમાં પૂ. ગાંધીજીને મળવાની મને રજા મળી. મારી મુલાકાત થઈ તે વખતે એક યુરોપિયન જેલર બેઠા હતા. પાસે એક નાનકડી સગડી ઉપર પ. ગાંધીજી માટે એક બરદાસી પાણી ગરમ કરતો હતો. પાણી ગરમ થતાં સગડીમાંના બાકી રહેલા કોલસા ઓલવી નાખવા ગાંધીજીએ બરદાસીને સૂચના આપી અને ચાલુ વાતો અટકાવીને, એ કોલસા ઓલવાય છે કે કેમ તેની ચીવટ બતાવી. યુરોપિયન જેલર હસી પડ્યો અને પ. ગાંધીજીને ઉદ્દેશીને કહે, "આ તો સરકારી કોલસા છે. તેની તમે આટલી ચિંતા કરી શું કામ તેને મહત્ત્વ આપો છો?" પૂ. ગાંધીજીએ ગંભીરતાથી કહ્યું, "ના, એ તો જાહેર મિલકત છે." આ પરમ સત્ય આપણને સમજાઈ જાય તો આપણા દેશનું કેટલું બધું કામ સરળ થઈ જાય?

પરીક્ષિતલાલ મજમુદાર

સામો થાય આગ, ત્યારે આપણે થઈએ પાણી.

સર્વે ધર્મો માટે સમાન આદર

[સોમનાથની પ્રાણપ્રતિષ્ઠાના પ્રસંગે રાષ્ટ્રપતિએ પ્રાણપ્રતિષ્ઠા પછી જે ભાષણ આપ્યું હતું તેમાંથી નીચેનો ભાગ ઉતાર્યો છે.]

ખાસ કરીને આપણા દેશમાં દરેકે એમ સમજવાની વિશેષ જરૂર છે કે દરેક કોમ અને ધર્મ પ્રત્યે આદર અને સમાનતાની લાગણીથી વર્તવું એ જ તેને માટે સર્વોત્તમ માર્ગ છે. કારણ કે એમાં જ આપણી સમગ્ર પ્રજા અને દેશનું તથા આપણું દરેકનું હિત રહ્યું છે. આ શ્રદ્ધા અને પ્રતીતિને કારણે જ આપણી સરકારે ધર્મનિરપેક્ષતાની નીતિ અપનાવી છે અને ખાતરી આપી છે કે આ દેશના કોઈ સંપ્રદાય અને વ્યક્તિ પ્રત્યે ધર્મને કારણે ભેદભાવ બતાવવામાં નહીં આવે અને તેમને પણ બીજાઓના જેટલી જ તકો આપવામાં આવશે. આ આદર્શ અનુસાર મને બધા સંપ્રદાયો પ્રત્યે આદર અને પ્રેમ છે.

જોકે ધર્મે હું સનાતની હિંદુ છું અને રોજનાં પૂજાપાઠ, ઈશ્વરની અર્ચના વગેરે પણ સનાતન ધર્મની વિધિ પ્રમાણે કરું છું. પણ હું માનું છું કે દરેક ધર્મનિષ્ઠ માણસ પોતાના ધર્મની આજ્ઞા પ્રમાણે ઈશ્વરની અર્ચના કરીને તેને પામી શકે છે. તેથી મને બધા ધર્મો પ્રત્યે આદર છે એટલું જ નહીં પણ જ્યારે તક મળે છે ત્યારે હું તેમને મારી વંદના કરવા તેમનાં દેવસ્થાનોમાં જાઉં છું. જ્યારે જ્યારે મારે દરગાહ અને મસ્જિદ, દેવળ અને ગુરુદ્વારા જવાનો પ્રસંગ આવે છે ત્યારે મારા ધર્મના મંદિરમાં જેટલા આદરની ભાવનાથી જાઉં છું એટલી જ આદરની ભાવનાથી હું ત્યાં જાઉં છું.

('હરિજનબંધુ'માંથી) રાજેન્દ્રપ્રસાદ

ગધેડા-સિંહ

એક ગધેડો હતો. એક દહાડો સિંહનું ચામડું તેના હાથમાં આવ્યું. કોઈ શિકારીએ તે સૂકવવા મૂકયું હતું. ગધેડાએ તે જોઈને વિચાર કર્યો, " બધા મને ગધેડો ગણી કશામાં ગણુતા નથી. આજે ખરો લાગ છેઃ આ સિંહનું ચામડું પહેરી લઉં, પછી જોઈ લો મારો રોફ!" એમ વિચારી તેણે પેલું ચામડું ઓઢીને ઘર ભણી ચાલવા માંડયું. થયું પણ એના ધાર્યા મુજબ જ: જે જુએ તે 'સિંહ આવ્યો' જાણીને ભડકે અને ભાગવા માંડે. ગધેડાના આનંદનો પાર ન રહ્યો.

ધીમે ધીમે ગધેડા-સિંહ પોતાના માલિકના ઘર આગળ આવ્યો. જેમણે જોયો તે બધા 'સિંહ આવ્યો રે સિંહ' એમ ચીસ પાડી નાસવા લાગ્યા.

હવે બન્યું એમ કે, એક શિયાળ પાસેના ખેતરમાં ઘાસની ગંજી પાછળ લપાઈને બેઠું હતું, તે આ ગધેડા-સિંહને જતો જોતું હતું, પણ તે ખસ્યું નહિ;—એમ જાણીને કે સિંહ તેને જોતો નથી. પણ ગધેડા-સિંહે તેને જોયું હતું. તે બીજે નાઠું નહીં તેથી ગધેડો ચિડાયો અને જોરથી ભૂંકીને કહેવા લાગ્યો, એ શિયાળવા, જરા ભાન રાખ, નહીં તો મર્યું જાણ. હું કોણ છું તે દેખાય છે કે નહીં? ભાગ નહીં તો કોળિયો જ કરી જઈશ."

લુચ્ચા શિયાળે ગધેડા-સિંહને ઓળખી કાઢયા. હવે શું કામ ડરે? તેણે તો ઊંકો ઊંકો કરીને હસવા માંડયું. એ સાંભળીને દોડી ગયેલા લોકો પણ પાછા આવ્યા અને ગધેડા-સિંહને પકડયા. એકે

એનું ચામડું ઉતારી લીધું. પછી તેમણે એને એવું તો ડફણાવ્યું! કપડાંનો ડોળડમાક ગધેડા જેવા માણસને ક્યાં સુધી ઢાંકે? મોઢું ઊઘડે નહીં ત્યાં સુધી. વાણી નીકળી કે માણસ મૂરખ છે કે પંડિત એ તરત પરખાય છે. તેથી એમ પણ કહેવાય છે કે, પંડિતોની સભામાં મૂર્ખાએ મૌન રાખીને બેસવું સારું. નહિ તો ગધેડાસિંહ જેવા હાલ થાય.

૧૮-૫-'૫૧ મગનભાઈ દેસાઈ

સાચાં ઘરેણાં

શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર બંગાળના એક પ્રખ્યાત મહાપુરુષ હતા: નાનપણથી જ તે ખૂબ દયાળુ હતા. બારણે આવેલા અતિથિને તે કદી ખાલી હાથે પાછા જવા દેતા ન હતા. એક દિવસે એક અતિથિ બારણે આવીને કરગરી પૈસા માગવા લાગ્યો. વિદ્યાસાગર ઘરમાં જઈ બાને કહેવા લાગ્યા, "બા, બા, બારણે અતિથિ આવ્યો છે. તારી પાસે કંઈ હોય તો એને આપ."

બા કહે, "ઘરમાં એકેય પૈસો નથી. તું તો જે આવે તેને આપતો જ બેસે છે. ઘરમાં હવે શું બાકી રહ્યું છે?"

એટલામાં વિદ્યાસાગરની નજર બાના હાથમાંની સોનાની બંગડી પર પડી. તે બોલ્યા, "તારી પાસે આ બંગડીઓ છે એમાંની એક વેચીને પૈસા લઈ આવું, એટલે આ અતિથિને કંઈક આપી શકું. બા, તું ચિંતા કરતી નહીં. હું મોટો થઈશ પછી તને જેટલાં ઘરેણાં જોઈએ એટલાં આપીશ."

બા વિદ્યાસાગરની હઠ જાણતી હતી. એણે તરત જ બંગડી કાઢી આપી.

એ વાતને ઘણાં વર્ષો વહી ગયાં. એક દિવસ વિદ્યાસાગર બાને કહે, "બા, મેં તને મોટો થઈને ઘરેણાં બનાવી આપવા કહ્યું હતું. બોલ, તારે કેટલાં ઘરેણાં જોઈએ છે?"

બા કહે, "બેટા, હું પણ કેટલા વખતથી એનો જ વિચાર કરતી હતી. ઠીક થયું તેં જાતે જ મને કહ્યું. પણ બેટા, એ ઘરેણાંની કિંમત બહુ ભારે છે."

વિદ્યાસાગર બોલ્યા, "બા, તું પૈસા સામું જોતી નહીં. ભલે મારી બધી મિલકત ખતમ થઈ જાય તોયે મને એની પરવા નથી."

બા શાંત અવાજે બોલી, "બેટા, સાંભળ. મારાં ઘરેણાં કંઈ સોનાચાંદીનાં નથી. ઘરેણાં તો માણસ માણસ વચ્ચે ઝઘડો કરાવનારાં છે. મારે એ ન જોઈએ. મને એ શોભે પણ નહીં. પણ બેટા, મારું ઘરેણું તે 'જ્ઞાન'. આપણા દેશમાં કેટલાંય બાળકો અક્ષરજ્ઞાન ન મળવાથી અજ્ઞાન રહે છે. માટે તેમને માટે તું મફત શાળા કાઢ. બીજું ઘરેણું તે 'સેવા'. આપણા દેશનાં અસંખ્ય ગરીબ સ્ત્રીપુરુષો દવા વિના તરફડી મરે છે. તેથી તેમને મફત દવા મળી શકે એ સારુ તું ધર્માદા દવાખાનું ખોલ. અને મારું છેલ્લું ઘરેણું તે 'જીવન'. આપણા દેશમાં કેટલાંય કંગાલ સ્ત્રી, પુરુષો અને બાળકો અન્ન વિના ટળવળે છે. તેથી એવાં ભૂખ્યાં લોકોનાં જીવન ટકાવવા તું અન્નક્ષેત્ર ખોલ; જેથી એ બાપડાં ભૂખે મરતાં બચે."

અને શ્રી ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરે બાની ઇચ્છા પૂરી કરવા જીવનભર જેટલું થઈ શક્યું એટલું કર્યું અને બાના આત્માને શાંતિ આપી.

મુકુલભાઈ

મોટા માણસોનાં મન

૨

શિવાજીના સૈનિકોએ કલ્યાણ પર ચઢાઈ કરી. ત્યાંનો સૂબો જીવ બચાવવા નાસી છૂટયો. સૈનિકોએ કલ્યાણને લૂંટયું. વળી તે લોકોએ સૂબાની યુવાન અને રૂપવતી પત્નીને પણ સાથે લઈ લીધી. સૈનિકો ખુશ થતા વિચારતા હતા કે, શિવાજી આવી ખૂબસૂરત યુવાન સ્ત્રીને જોઈને આપણને શાબાશી આપશે.

શિવાજી પાસે આવીને સેનાપતિએ કહ્યું, "મહારાજ, અમે આપને માટે આપે કદી ન જોયેલો એવો 'કલ્યાણનો ખજાનો' લઈ આવ્યા છીએ. માટે આપ પધારો."

શિવાજી જઈને જુએ છે તો એક રૂપવાન સ્ત્રી નીચું મોં રાખી ઊભી છે. શિવાજી તરત એની પાસે ગયા અને પગે પડી બોલ્યા: "માતા, હું જો તારો પુત્ર હોત તો તારા જેટલો જ રૂપવાન હોત. માતા, મારા સૈનિકોનો અપરાધ માફ કરજે."

પછી શિવાજીએ સૈનિકોને ઠપકો આપી કહ્યું, "મને લજવનારું આવું કામ તમે શી રીતે કર્યું? જ્યાં સુધી આપણે પરસ્ત્રીને માબહેન ન ગણીએ અને તેમને આદર ન આપીએ, ત્યાં સુધી આપણને ભગવાનની મદદ મળશે નહીં. આપણી જીતનો આધાર આવી મા-બહેનોના આશીર્વાદ પર જ છે."

પછી શિવાજીએ કલ્યાણના સૂબાની પત્નીને માનભેર સૂબા પાસે મોકલી દીધી.

મુકુલભાઈ.

કરવા ગયા કંસાર અને થઈ ગઈ થૂલી.

કોણ શીખવે?

૩

“આ ગાડીમાં . . . ટી. ટી. સાથે આવે છે તે તમને આણંદના સ્ટેશને જવા દેશે.” અમદાવાદથી ખંભાત જતા પાંચ માણસોના એક કુટુંબને અમદાવાદ સ્ટેશનેથી ગાડી ઊપડતાં પહેલાં એક ગૃહસ્થ ભરોસો આપીને ગયા. ભલામણ કરનાર રેલવેના નોકર હોવા જોઈએ, એ દેખીતી વાત છે. આ રીતે પોતાના વસીલાવાળાઓને વગર ટિકિટે એટલે ગેરકાયદેસર રીતે પ્રવાસ કરાવીને દેશની આવક ઓછી કરનાર નૈતિક અને રાજકીય ગુનેગાર ઠરે છે. કેટલાક દેશોમાં આવા ગુનેગાર સામે મુકદ્દમો પણ ચાલી શકે. આ રીતે પ્રજાકીય નીતિને હલકી પાડવી એ પ્રજાની મોટી કુસેવા છે એ આપણી પ્રજાને કોણ શીખવે? હિંદભરમાં આ રીતે વગવસીલાથી વગર ટિકિટે પ્રવાસ કરનાર સજ્જનો અને તેમને અંગે થતી ખોટનો આંકડો કેટલો મોટો થતો હશે? અને આ ખાડો પૂરો કરવા માટે પ્રામાણિક મુસાફરોને વધારાનો કર આપવો પડે એને માટેની જોખમદારી આ વગવસીલાવાળાઓની છે એ સત્ય કોણ સમજાવે?

પરીક્ષિતલાલ મજમુદાર

અતિથિસત્કારમાં વિવેક

અતિથિસત્કાર માટે દુનિયાભરમાં ભારતની ખ્યાતિ છે. આવેલા અતિથિની યોગ્ય સેવાબરદાસ્ત કરવી એ દરેક ગૃહસ્થનું કર્તવ્ય છે. એ ભાવનાના મૂળમાં પ્રેમ રહ્યો છે. પરંતુ આજકાલ શહેરો વગેરેમાં આ અતિથિસત્કારની ભાવનાએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું છે. પોતાની મોટાઈ બતાવવા માટે ગામમાંથી બેસવા આવનારા સગાસંબંધીને પણ ટાણે-કટાણે ચા-નાસ્તા કરાવીને અતિથિ-સત્કાર કર્યાનો સંતોષ માણસો લે છે. (મોટાઈ બતાવ્યાનો સંતોષ હશે!) આવો અતિથિસત્કાર એ ખરેખર અતિથિસત્કાર છે! એની પાછળ પ્રેમ અને વિવેક છે!

ઘણી વાર આવો અતિથિસત્કાર દેખાદેખીથી અને પોતાની ગરીબી ઢાંકવા કરાતો હોય છે. ઘણી વાર માણસની પોતાની શક્તિ નથી હોતી, પણ પોતાનો મોભો જાળવવા અને વધારવા આવનાર મહેમાનોને ચા નાસ્તા વગેરે અપાય છે. અલબત્ત, બહાર ગામથી આવનારો મહેમાન ભોજનટાણે આવ્યો હોય તો જરૂર એને જમાડવો જોઈએ, એમાં એની સેવા છે. પણ ગમે ત્યારે આવનાર મહેમાનને ચાનાસ્તો આપવો એમાં તો વિવેકનો અભાવ દેખાય છે. જાણે કે મહેમાનનું પેટ કોઈ કચરાપેટી હોય. ગમે ત્યાં ને ગમે ત્યારે ખાવાની આવી ટેવ એ આરોગ્યનાશક છે. આપણામાં જેમ સ્વચ્છતાનું અજ્ઞાન છે તેમ આમ ગમે ત્યારે ગમે તે પેટમાં નાખવાની પણ બૂરી આદત છે. આ આદતથી નાણાંનો દુર્વ્યય થાય છે, ઘરનાં માણસોને તકલીફ પડે છે અને આરોગ્યને હાનિ પહોંચે છે.

સ્વામી આનંદે સ્વર્ગસ્થ નંદુલાલ મહેતા વિષે લખ્યું છે, તેમાં અમૂલ્ય પાઠ રહ્યો છે:

"અંગત જીવનમાં અતિસંયમી, મિતાહારી ને નિર્વ્યસની. શરીરને દેવઘર કે મંદિર ગણતા. ખાનપાન આહાર વિહારમાં માણસોને અતિચાર કરતા જોઈ એમને દુઃખ થતું. જીભના સ્વાદ

ખાતર ગમે ત્યારે ને ગમે તે ખવાય એવી દલીલ કે હકીકત સામે માત્ર કરુણ સ્મિત કરતા ને કહેતા, 'માણસ પોતાના પેટ કે શરીરને સરિયામ રસ્તા પરની કચરાપેટી ગણે, જેમાં હાલતાં ચાલતાં ગમે ત્યારે ગમે તે ચીજ નાખી શકાય, એથી વધુ કરુણ બીના એના તનમનના આરોગ્ય અંગે બીજી નથી.'

('હરિજનબંધુ', ૨૪-૩-'૫૧)

મહેમાનોએ પણ સામાના ઘરની સ્થિતિ, પોતાના આરોગ્ય અને બીજા માણસોને પડતી હાડમારીનો ખ્યાલ કરવો જોઈએ. એમાં સાચો પ્રેમ રહ્યો છે. સામાના પ્રેમની કદર કરવા જેમ તેણે આપેલી ચીજ લેવી તે ધર્મ છે, તેમ સામો માણસ પૂરા વિવેક વિના પ્રેમ બતાવવા ઇચ્છે અને એ પ્રેમ એને ભારે પડી જાય એમ હોય તો પ્રેમપૂર્વક તેની પ્રેમની ચીજ પાછી આપવી એમાં શુદ્ધ પ્રેમ રહ્યો છે.

આપણે આ ખોટી અતિથિસત્કારની ભાવના ટાળવી જોઈશે. મિત્રો એકબીજાને ઘેર જાય ત્યારે પ્રેમથી હળેમળે, પાણી પીને એકબીજા હૈયું ખોલીને વાત કરે અને કોઈને બોજારૂપ ન થાય એવી રીતે વહેવાર કરવાની આદત પાડવાની જરૂર છે. આપણે સમજવું જોઈએ કે આપણો દેશ ગરીબ છે, અને આપણને આવો મોંઘો અતિથિસત્કાર પરવડે નહીં, અને જેઓ શ્રીમંત છે, તેમણે પણ આવો નાણાનો દુર્વ્યય ન કરવો જોઈએ, તેમણે તે ધન ગરીબની સેવામાં વાપરવું જોઈએ; કારણ કે તેમની લક્ષ્મી પણ છેવટે ગરીબોના ગજવામાંથી કરેલી ચોરીનો માલ છે. એટલે ગરીબ કે તવંગર કોઈ પોતાની મોટાઈ બતાવવા આવો ખોટો અતિથિસત્કાર ન કરી શકે.

આમ આપણી જૂની બૂરી આદતો છોડીશું અને વિવેકપૂર્વક વર્તતાં શીખીશું તો આપણી પ્રજાનો અભ્યુદય થશે.

વર્ધા, ૧૨-૫-'૫૧ હરિપ્રસાદ વ્યાસ

દોરડી બળે પણ વળ ન મૂકે.

કેડમાં છોકરું ને ગામમાં ઢંઢેરો.

સ્વરાજ્યનો અર્થ

[શ્રી વિનોબાએ આરમૂર મુકામે આપેલા ભાષણમાંથી નીચેનો ભાગ ઉતાર્યો છે.]

તમારા આ ગામમાં બાર હજાર માણસો રહે છે. પણ પરસ્પર સહકારથી કયું કામ ચાલે છે? શું આ ગામનું રક્ષણ તમારા લોકોના બળથી ચાલે છે? શું ગામને શિક્ષણ તમે આપો છો? તમે કહેશો અમારું રક્ષણ સરકાર કરે છે અને શિક્ષણ સરકાર આપે છે. આ રીતે જો ગામનું બધું કામકાજ સરકાર જ કરે તો પછી ગામનું સ્વરાજ ક્યાં રહ્યું? અહીં કાપડ બહારથી આવે છે, તેલ બહારથી આવે છે; તો ગામમાં તમે શું કરો છો? અહીંથી બીડીઓ બનાવીને તમે મુંબઈ મોકલો છો અને ત્યાંથી પૈસા લાવો છો. તેનાથી શું થયું? કદાચ પહેલાં કરતાં તમે વધારે બીડીઓ પીવા લાગ્યા હશો. સ્વરાજ્યનો અર્થ તો એ છે કે દરેક ગામ પોતપોતાની ધણીખરી જરૂરિયાતો ગામમાં જ પૂરી કરી લે. અને એ રીતે જે ગામો સ્વાવલંબી હોય તે એકબીજાની પૂર્તિ કરી શકે તે માટે સરકાર સાધનરૂપ હોય. સરકારનું કામ ગામને દરેક ચીજ બહારથી લાવી આપવાનું નથી. બધાં ગામોનો સંબંધ જાળવી રાખવા માટે સરકાર છે. સરકારનું કામ દરેક ગામને સ્વાવલંબી બનવામાં મદદ કરવાનું છે. હું તો માનું છું કે, જ્યાં સ્વરાજ્ય હોય છે ત્યાં લોકોમાં સદ્‌ગુણ હોય છે અને જ્યાં સ્વરાજ્ય નથી હોતું ત્યાં દુર્ગુણ હોય છે. ગોરી ચામડીવાળા લોકો ગયા અને કાળી ચામડીવાળા આવ્યા તેથી સ્વરાજ્ય બનતું નથી. મને જ્યારે લોકો કહે છે કે સ્વરાજ્ય આવ્યા પછીયે આપણી સ્થિતિ સુધરી નથી, ત્યારે હું પૂછું છું કે શું તમારા દુર્ગુણો ઓછા થયા છે? જો આપણને એ અનુભવ થતો હોય કે પહેલાં કરતાં આપણા દુર્ગુણ ઓછા થયા છે તો સ્વરાજ્ય આવ્યું એમ સમજી શકીએ છીએ. જો એમ ન લાગતું હોય અને ચાર વર્ષ પહેલાં જે દુર્ગુણો આપણામાં હતા તે આજે પણ છે તો સ્વરાજ્ય આપણને મળ્યું નથી એમ સમજવું જોઈએ. તેથી મારે તમને એ કહેવાનું કે હજુ સ્વરાજ્ય મેળવવાનું બાકી છે, એમ સમજીને તમે જોરથી કામમાં લાગી જાઓ.

રેલવેની હાડમારી

કોઈ પણ દેશના લોકો કેટલા સુધરેલા છે તે જાણવું હોય તો આગગાડી જેવાં જાહેર સાધનોનો ઉપયોગ તેઓ કેવી રીતે કરે છે, તે ઉપરથી જાણી શકાય. ટિકિટ લેવા જઈએ ત્યારથી માંડીને આપણી પરીક્ષા શરૂ થાય છે. ટિકિટ લેવા જતી વખતે આપણે ધક્કામુક્કી કરીએ છીએ, આપણી પહેલાં આવનારને પણ હડસેલી કાઢવા પ્રયત્ન કરીએ છીએ, તેમ જ ઘરડાં, નબળાં કે સ્ત્રીઓને સગવડ આપવાનો વિચાર કરતા નથી.

વળી, આગગાડી આવ્યા પછી બેસવા જતી વખતે પણ આપણે ધક્કામુક્કી કરીએ છીએ. ઘરડાં વગેરેને બેસવામાં મદદ કરતા નથી; તેમ જ ડબામાં બેઠેલા હોઈએ, તો નવા આવનારને અંદર પેસવા દેતા નથી.

ડબામાં બેઠા પછી પાસે બેઠેલાનો વિચાર કર્યા વિના ગમે તેમ બોલીએ છીએ અથવા બૂમો પાડીએ છીએ; ગમે તેમ બીડી પીને ધુમાડાના ગોટા કાઢીએ છીએ; બેઠા બેઠા જ ફળનાં છોડાં કે કૂચા, પડીકાંના કાગળ, કે થૂંક અને લીંટ પણ પગ આગળ નાખીએ છીએ; જાજરૂમાં પણ ગમે તેમ ગંદકી કરીએ છીએ.

ટિકિટ કઢાવતી વખતે પોલીસને કે રેલવેવાળાને લાંચ આપીને વહેલી ટિકિટ કઢાવવા જઈએ છીએ, અથવા ટિકિટ ખરીદ્યા વિના જ મુસાફરી કરવાની ઇચ્છા રાખીએ છીએ.

ગાંધીજીને આ બધું જોઈ ઘણું દુઃખ થતું. તે ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરતા; જેથી આ બધી હાડમારી તથા બદીનો ખ્યાલ આવે, અને ઉપાય થઈ શકે. તેમણે આ બાબતમાં કેટલીક સૂચનાઓ રેલવેવાળાઓ અને મુસાફરો બંનેને કરેલી છે.

પણ મુસાફરો પોતે જ જો અમુક રીતે વર્તે તો મોટા ભાગની હાડમારીઓ દૂર થઈ જાય તેમ છે. તેથી તે સૂચનાઓ મુસાફરોએ ધ્યાનમાં લેવી જોઈએ :—

૧. સ્ટેશનમાં જતાં કે આગગાડીમાં બેસતી વેળા તમે બળ કરીને પહેલા પેસી જવાને બદલે પાછળ રહેશો

તોપણ કાંઈ હરકત નથી એમ સમજીને વર્તજો. તેથી તમને ખાસ નુકસાન નહીં થાય, ઉપરાંત બીજાઓને તેથી લાભ થશે.

૨. ગાડીમાં બેઠા પછી તમારે યાદ રાખવું કે, લખેલી સંખ્યા સુધી બીજાઓને ડબામાં બેસવાનો હક તમારા જેટલો જ છે. એટલે જો તમે જગા હોવા છતાં બીજાને આવતાં અટકાવો, તો તમે જૂઠું બોલીને નીતિના કાયદાનો તેમ જ રેલવેના કાયદાનો ભંગ કરો છો.

૩. ત્રીજા વર્ગના ઉતારુને જેટલો સામાન રાખવાનો અધિકાર છે તેટલો જ સામાન તમે સાથે રાખશો, તો બીજાઓ સુખેથી બેસી શકશે. એથી વધારે સામાન તમારે લઈ જવો હોય તો તમારે તે સામાનને માલ મૂકવાના ડબામાં મુકાવવો, અને વધારાનું ભાડું આપવું.

૪. તમારો સામાન એવા પ્રકારનો હોવો જોઈએ કે તે બાંકડાની નીચે અથવા તો સામાન રાખવાની પેઢલી ઉપર સહેલાઈથી સમાઈ શકે.

૫. તમે પૈસેટકે સુખી હો તો તમારે ઉપલા વર્ગની ટિકિટ લેવી જોઈએ. કેવળ કંજૂસાઈથી તમે ત્રીજા વર્ગની ટિકિટ લો, તેથી તમે ગરીબ ઉતારુઓ ઉપર બોજારૂપ જ થાઓ છો.

૬. તમારે યાદ રાખવું જોઈએ કે લાંબી મુસાફરીએ જતા બધા ઉતારુઓને સૂવાની કાંઈક સગવડ મળવાનો અધિકાર છે; એટલે તમારાથી ભાગે પડતી નિદ્રા જ લઈ શકાય.

૭. ગાડીમાં બેઠા પછી તમારે વિચારવું જોઈએ કે તમે બીડી પીનારા હો તો બીજાને અગવડ ન પડે તેમ તેઓની રજા લઈને જ તમે પી શકો છો.

૮. તમારે થૂંકવું હોય ત્યારે તમે જો ગાડીની અંદર જ પગ મેલવાની જગા ઉપર થૂંકશો તો એથી ઘણી ગંદકી થશે. તેથી દરદો થવાનો પણ સંભવ છે. અને કેટલાક ચોખ્ખાઈના નિયમો જાળવનાર ઉતારુઓને એ કુટેવ અસહ્ય વેદના આપનારી થઈ પડશે.

૯. રેલવેનાં પાયખાનાં સંભાળથી વાપરશો તો બધાની સુખાકારીમાં વધારો થશે. જેમ તેમ વાપરીને

ચાલ્યા જવામાં તમારી પાછળ જનારા ઉતારુઓનો તમે જરા પણ વિચાર નથી કરતા.

૧૦. મુસાફરી કરતી વખતે તમે બ્રાહ્મણ, વૈશ્ય કે શૂદ્ર છો, અને બીજા તેથી અલગ વર્ણના છે; અથવા તમે હિંદુ છો અને બીજા મુસલમાન છે, અથવા તમે મુંબઈ ઇલાકાના છો અને બીજા મદ્રાસના છે, એવો ભેદભાવ લાવી દ્વેષ ઉત્પન્ન ન કરતા. પણ તમે બધાં હિંદુસ્તાનનાં સંતાનો છો, અને અત્યારે મુસાફરીના પ્રસંગને લઈને એક છાપરી નીચે ભેગા થયા છો એમ જાણો અને ભ્રાતૃભાવ રાખો, તો તે જ ઘડીએ સુખી થશો અને હિંદુસ્તાનને શોભાવશો.

બનાસકાંઠા જિલ્લા સમાજશિક્ષણ સમિતિ

[ગુજરાત સમાજશિક્ષણ સમિતિના મંત્રી તરફથી નીચેની ખબર મળી છે તે પ્રૌઢશિક્ષણમાં રસ લેનારાઓને ઉપયોગી થશે.]

મુંબઈ સરકારે કેળવણી ખાતાના તા. ૨૩-૪-'૫૧ના રોજ કરેલા ઠરાવને એસ. ઈ. સી. ૧૨૫૧થી બનાસકાંઠા જિલ્લા માટે નીચેના સભ્યોની બનાસકાંઠા જિલ્લા સમાજશિક્ષણ સમિતિની નિમણૂક કરી છે:

૧. શ્રી સૂરજમલ માનજીભાઈ શાહ, ધનેરા. ચૅરમૅન, ડિ. સ્કૂલ બોર્ડ, બનાસકાંઠા. ૨. શ્રી અકબરભાઈ ચાવડા, સભ્ય, ડિ. સ્કૂલ બોર્ડ, બનાસકાંઠા. ૩. શ્રી મફતલાલ પુરુષોત્તમ વિદાણી, વાઇસ-ચૅરમૅન, ડિ. સ્કૂલ બોર્ડ, બનાસકાંઠા. ૪. શ્રી સરદારસિંહ, સભ્ય, ગુજરાત સમાજશિક્ષણ સમિતિ. ૫. શ્રી વક્તાજી સુઆજી ઠાકોર, ડીસા. ૬. શ્રી જેસિંગલાલ ત્રિભોવન ઝવેરી, પાલનપુર. ૭ શ્રી શંકરભાઈ સોલંકી, જૂના ડીસા. ૮. શ્રી ગુલાબચંદ નાનજીભાઈ પટેલ, નરસણ. ૯. શ્રી મણિલાલ ભાઈચંદ શાહ, પાલણપુર. ૧૦. શ્રી જેસિંગલાલ ભીખાભાઈ જોષી, સભ્ય, ડિ. સ્કૂલ બોર્ડ, બનાસકાંઠા. ૧૧. ડૉ. હીરુભાઈ પુરોહિત, કાણોદર, પાલણપુર. ૧૨. ડે. એજ્યુ. ઇન્સ્પેક્ટર કમ-ઍડમિનિસ્ટ્રેટિવ ઑફિસર, બનાસકાંઠા.

અલગ અદાલતી ખાતું

['ભારતની સરકારોને આદેશ'નો આગળનો હપતો]

રાજ્યનીતિના આદેશોમાં પચાસમી કલમમાં નીચેની આજ્ઞા સરકારોને આપવામાં આવી છે:

૫૦. રાજ્યની નોકરીમાં મુલકી અને અદાલતી ખાતાં અલગ કરવા માટે રાજ્ય પગલાં લેશે.

આ આજ્ઞાની પાછળ લાંબો ઇતિહાસ છે. અંગ્રેજી રાજ્યમાં મુલકી અને અદાલતી ખાતાં અમુક અંશે ભેગા રખાતાં હતાં. જેમ કે, જિલ્લાનો કલેક્ટર મહેસૂલ, પોલીસ, ઇ. ખાતાંનો વડો હોવા ઉપરાંત જિલ્લા મૅજિસ્ટ્રેટ પણ હતો. એટલે કે, તે જ પોલીસ અને તે જ ન્યાયાધીશ, એમ ચાલતું. આ સ્થિતિ સારી નથી તેનાં શુદ્ધ ન્યાય મેળવવો અઘરો બને. ન્યાયનો મૂળ સિદ્ધાંત જ તેમાં સચવાતો નથી. આથી કરીને, કૉંગ્રેસ તેની શરૂઆતથી આની સામે લડતી આવી છે. વરસોવરસ તે સામે તે ઠરાવો કરતી. સ્વરાજ આવ્યું એટલે આ વસ્તુ આપોઆપ સુધરવી જોઈએ. પણ જૂનેથી ચાલી આવેલો વહીવટ ઝટ સુધારવા જતાં મુશ્કેલી નડે. તેને વશ થઈ સરકાર કદાચ આ જરૂરી સુધારો કરવામાં ઢીલાં ઢાળે તો! આથી કરીને બંધારણસભાએ તેને સિદ્ધ રાજ્યનીતિના આદેશ તરીકે મૂકી છે. ભારતનાં બધાં રાજ્યો તે મુજબ સુધારો કરવા લાગ્યાં છે. દારૂબંધીની અંદર દાનત ચોરે છે એમ આમાં તે ન કરે, એ પ્રજાએ જોવું જોઈએ. કેમ કે જેમ દારૂમાં આવકનો લોભ ભ્રષ્ટ કરે, તેમ આ બાબતમાં સત્તાનો લોભ ભુલાવી શકે. તો પ્રજાના લોકશાહી વિકાસ ઉપર કાપ આવે. ૫૦મી કલમમાં આપેલો આદેશ આમ ન બને તે સામે ઢાલરૂપ છે.

૨૨-૫-'૫૧ મગનભાઈ દેસાઈ

બિલાડીને ખેલ થાય ને ઉંદરનો જીવ જાય.

પૂરું થતું પખવાડિયું

ભારતની પાર્લમેન્ટની ચાલુ બેઠકમાં વડાપ્રધાન પંડિત જવાહરલાલે બંધારણમાં સુધારા કરતું બિલ રજૂ કર્યું છે. તેમણે તે બિલ સિલેક્ટ કમિટીને સોંપવાની ભલામણ કરી છે. એ બિલ વ્યક્તિસ્વાતંત્ર્ય અને અખબારીસ્વાતંત્ર્ય પર અંકુશ મૂકે છે.

ભારત સરકારે ડાંગને ચૂંટણી પૂરતું સુરત સાથે જોડવાનું જાહેર કર્યું છે.

લોકશાહી પક્ષનું વિસર્જન કર્યા પછી તેના નેતા આચાર્ય કૃપાલાનીએ કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. તેમનાં પત્ની શ્રીમતી સુચેતા કૃપાલાનીએ પણ રાજીનામું આપ્યું છે. ભારત સરકારના એક પ્રધાન શ્રી કીડવાઈ પણ પાર્લમેન્ટની બેઠક પૂરી થયા પછી પોતાના હોદ્દાનું તથા કૉંગ્રેસમાંથી રાજીનામું આપશે એમ લાગે છે.

આચાર્ય કૃપાલાનીએ પટણા ખાતે કાર્યકર્તાઓનું એક સંમેલન યોજ્યું છે. તે સંમેલનમાં કૃપાલાનીએ નવો પક્ષ સ્થાપવો કે કેમ તેનો નિર્ણય થશે અને ભાવિના કામકાજનો વિચાર થશે.

વડોદરાના માજી મહારાજા શ્રી પ્રતાપસિંહરાવે પોતાને પદભ્રષ્ટ કરવાના હુકમની ફેર-વિચારણા કરવાની અરજી કરેલી તેના પર વિચાર કરવાનો રાષ્ટ્રપતિએ ઇન્કાર કર્યો છે. તેમની મિલકતનું ટ્રસ્ટ કરવામાં આવશે. સહાનુભૂતિ લેખે તેમને 'હિઝ હાઈનેસ'નો ઇલકાબ વાપરવાની છૂટ આપવામાં આવી છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૧૪

રજિસ્ટર્ડ નં. બી ૫૪૩૩

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૨૧

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧૫મી જૂન, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

પાપપુણ્યનો હિસાબ

જેમ આ ભૂમિનાં કેટલાંક પુણ્ય છે, તેમ કેટલાંક પાપ પણ છે. અને પુણ્યની સાથે પાપ પણ ભોગવવાં પડે છે. એમ નથી હોતું કે પાંચ રૂપિયાનું પુણ્ય કર્યું અને ત્રણ રૂપિયાનું પાપ કર્યું તો છેવટે બે રૂપિયાનું પુણ્ય બચ્યું. પાપપુણ્યનો હિસાબ પૈસાની જેમ થતો નથી. જો પાંચ રૂપિયાનું પુણ્ય કર્યું છે તો તે પણ અલગ ભોગવવાનું છે અને ત્રણ રૂપિયાનું પાપ કર્યું છે તો તે પણ અલગ ભોગવવાનું છે. બંને ભોગવવાં પડે છે. એકમાંથી બીજાની બાદબાકી થતી નથી. ઘણા લોકોને આ વાતનો ખ્યાલ નથી હોતો. તે ઘણું પાપ કરીને પૈસા કમાય છે અને પછી વિચારે છે કે કાંઈક દાન કરીએ, ધર્મશાળા બંધાવીએ તો

એ પુણ્યથી પાપ કપાઈ જશે. પણ પાપ અને પુણ્ય બંને અલગ અલગ ભોગવવાં પડે છે.

('હરિજનબંધુ'માંથી) વિનોબા

જીવનની ધન્ય ઘડી

કેટલીક વાર આપણે એકલા પડી જતાં નિરાશ બની જઈએ છીએ. કોઈ વાર જીવન એકધારું પસાર થતું હોય ત્યારે જીવન નીરસ લાગે છે. જાણે આપણે નકામું જીવન જીવતા હોઈએ એવું આપણને થઈ આવે છે. પરંતુ આપણે જીવનની ખરી મહત્તા ભૂલી જતા હોઈએ છીએ. ભલે આપણું જીવન એકલુંઅટૂલું બની ગયું હોય, દુઃખથી ભરેલું હોય, સફળતાનું નામનિશાન પણ દેખાતું ન હોય; પરંતુ આપણા અંતરમાં એક જ ઝંખના થવી જોઈએ કે, બીજાના ભલાને ખાતર આ જીવનને હોમી દેવાની ધન્ય ઘડી જ્યારે જીવનમાં એકાએક આવીને આપણી સામે ઊભી રહે, ત્યારે જરાયે ખમચાયા વિના તૈયાર થવાની શક્તિ પ્રભુ આપણને આપે. આવા કેટલાયે કિસ્સાઓ માનવ-ઇતિહાસમાંથી મળી આવે છે. એમાંની એક વાત અહીં આપી છે:

ઘણાં વર્ષો ઉપર મિસર દેશમાં એક ધાર્મિક સ્થાનને આગ લાગી. ત્યાંના રાજાને થયું કે, આસપાસ રહેતા માણસોનું એ કાવતરું છે. તેથી તેણે શક લાવીને ઘણા માણસોને પકડ્યા. પછી તેણે બધાને જુદી જુદી સજા કરવા ચિઠ્ઠીઓ લખાવી. અને જે ચિઠ્ઠી જે ઉપાડે તે માણસને એમાં લખેલી સજા કરવાનો વિચાર કર્યો. એમ કર્યા પછી તેણે દરેક કેદીને એક એક ચિઠ્ઠી ઉપાડવાનું કહ્યું.

ચિઠ્ઠી લઈને બધા કેદી પોતાને સ્થાને જઈને ઊભા. એવામાં એક કેદીએ પોતાની બાજુના કેદીને ચોધાર આંસુએ રડતો દીઠો. તેણે તે કેદીને પૂછ્યું, "ભાઈ, તું આટલો બધો શા માટે રડે છે? શું તને ભારે સજા થવાની છે?"

પેલો કેદી રડતો રડતો બોલ્યો, "મારી ચિઠ્ઠીમાં મોતની સજાનું લખ્યું છે. મને ફાંસીની સજા થાય તેથી હું રડતો નથી. પરંતુ મારે ઘેર મારી વૃદ્ધ મા એકલી જ છે. તે કેટલાય દિવસથી માંદી છે. જો હું મરી જઈશ તો એની સેવાચાકરી કોણ કરશે?"

પેલો બીજો કેદી આ સાંભળી વિચારમાં પડી ગયો. તેની ચિઠ્ઠીમાં ફટકાની સજા લખી હતી. તે વિલંબ કર્યા વિના તરત જ બોલ્યો, "અરે ભાઈ, તું શા માટે ગભરાય છે? લાવ, તારી ચિઠ્ઠી મને આપ; અને મારી આ ચિઠ્ઠી તું લે. આ દુનિયામાં મારું કોઈ નથી. હું એકલો જ છું. મારી પાછળ કોઈ રડનારું કે દુ:ખી થનારું નથી. તું જીવતો રહેશે તો તારી માની સેવા કરી શકશે અને તારી માને પણ આશરો રહેશે. ચાલ, જલદી કર. પેલો સિપાઈ આવે છે, તારી ચિઠ્ઠી મને આપી દે."

પેલો કેદી પોતાના એ પડોશી કેદીને જોઈ જ રહ્યો. પોતાને ખાતર બીજાને મરવા દેવાનું કોને ગમે? પરંતુ એટલામાં પેલા બીજા કેદીએ એના હાથમાંથી મોતવાળી ચિઠ્ઠી ઝૂંટવી લીધી અને પોતાની ફટકાવાળી ચિઠ્ઠી એના હાથમાં મૂકી દીધી. પછી તે હસતો હસતો ફાંસીને માંચડે ચડવા સિપાઈ સાથે ચાલતો થયો.

મુકુલભાઈ

સંગઠનની શક્તિ

લોકો એમ ન કહી શકે કે અમારે ત્યાં સેવકો નથી. જંગલનાં જાનવર પણ સિંહ વગેરે હિંસક પશુઓથી બચવા માટે જૂથમાં રહે છે અને એકબીજાને મદદ કરે છે. ત્યારે આપણે તો મનુષ્ય છીએ, તેથી જો તમે પ્રેમથી રહેશો અને એકબીજાની મદદ કરશો તો ગામની રક્ષા સહેજે કરી શકશો. જેમ આપણે આપણા પોતાના કુટુંબનો વિચાર કરીએ છીએ તેમ આખા ગામનો પણ વિચાર કરવાની ટેવ પાડવી જોઈએ. આપણે આપણા કુટુંબની બહાર વિચારતા જ નથી. વરસોથી આ ટેવ પડી છે, તેથી તમારે ગામમાં સજ્જનોનો એક સમાજ બનાવવો જોઈએ. સમજી વિચારીને મેં આને સજ્જનસમાજ નામ આપ્યું છે. આ જે સમાજ બનશે તે કોઈ જાતનો અધિકાર નહીં ઇચ્છે. તે ફક્ત સેવા કરવા ઇચ્છશે.

ગામમાં દુર્જન પણ હોય છે, અને તેઓ આપસઆપસમાં સંગઠન કરે છે. પરંતુ સજ્જન લોકો સંગઠન કરતા નથી. દરેક સજ્જન એકલવાયો જ કામ કરે છે, તેથી સજ્જનોની શક્તિ પ્રગટ થતી નથી. તેથી અમે સર્વોદય સમાજની સ્થાપના કરી છે. એવો સજ્જનોનો સમાજ દરેક ગામમાં બનવો જોઈએ. પછી એ સમાજ ગામની બૂરાઈઓનો મુકાબલો કેમ કરવો એ વિચારશે. આ સમાજે ગામની બધી સમસ્યાઓ પર વિચાર કરવો જોઈએ. આ સજ્જન સંઘનું કામ હશે. આવો સંઘ તમે તમારા ગામમાં સ્થાપશો અને ગામની સેવા કરશો એવી હું આશા રાખું છું.

('હરિજનબંધુ'માંથી) વિનોબા

કોણ શીખવે ?

૪

સને ૧૯૩૪ની સાલમાં પૂ. ગાંધીજી જોડે રેલવેમાં ત્રીજા વર્ગમાં પ્રવાસ કરતાં એક વાર એક લગભગ બાર વરસની બાળાની અરધી ટિકિટ મેં લીધેલી. પૂ. ગાંધીજીનું ધ્યાન આ બાબત ઉપર જતાં તુરત જ તેમણે નજીકનું મોટું સ્ટેશન આવતાં બાકીનું વધારાનું ભાડું ભરી દેવા મને સૂચના કરી હતી. કંપની હસ્તક ચાલતી ખાનગી રેલવેનેય અજાણતાં પણ ન છેતરાય, એ તેમની શિખામણનો અર્થ હતો. આજે હવે પ્રજાકીય સરકાર છે. એટલે તેને હસ્તક ચાલતાં તમામ આવાં વ્યવહારનાં સાધનો એ પ્રજાની મિલકત છે. તેને દગો દઈને અગર ઓછી રકમ આપીને પ્રવાસ કરવો એ પરમેશ્વરનો અને પ્રજાનો દ્રોહ છે. આપણાથી આ ન થાય એમ આપણને કોણ શીખવે ?

પરીક્ષિતલાલ મજમુદાર

હિંદુ-મુસલમાન એકતા માટે શહીદ

જેલમ નદીના કિનારા પર બારામુલ્લાનું નાનકડું શહેર આવેલું છે. શેરવાની નાનકડી દુકાન ચલાવતો હતો. શેખ અબ્દુલ્લાની સાથે રહીને પ્રજાની સ્વતંત્રતા માટે એણે ઘણું કામ સંભાળેલું. હિંદુ-મુસલમાન-શીખ એકતાનો એ એટલો જ આગ્રહી હતો. ગરીબોને તે હંમેશાં મદદ કરતો. જ્યાં અન્યાય થતો હોય ત્યાં એ તરત પહોંચી જતો અને જુલમગારનો સામનો કરતો.

પાકિસ્તાની સૈનિકોએ કાશ્મીર પર ચઢાઈ કરી ત્યારે

શેરવાનીએ ગામડાંઓમાં ઘૂમવા માંડયું. ગામડાંઓમાં રહેલી પ્રજા હુમલાખોરોની વચમાં ઘેરાઈ ગઈ હતી. શેરવાની એમને હિંમત આપતો. હિંદુ, મુસલમાન, શીખ —બધાંએ સાથે રહીને હિંમત રાખવાની હતી. ભારતની સરકારની મદદ આવી રહી છે એ આશામાં શેરવાનીનું કાર્ય ઉત્સાહપ્રેરક નીવડતું. હુમલાખોરોને પાછા હઠાવી દેવામાં શેરવાનીએ આવી પહોંચેલા ભારતના સૈનિકોને ત્રણ વખત તો સફળતા અપાવેલી. પરંતુ ચોથી વખત જ્યારે હુમલો થયો ત્યારે શેરવાની શત્રુના હાથમાં કેદી બની ગયો.

હુમલાખોરોએ શેરવાનીને એક દુકાન પાસે બાંધી રાખ્યો. શેરવાની તો તે સ્થળમાં લોકપ્રિય થઈ પડયો હતો. બંદૂકના ગોદાના જુલમ હેઠળ એવા જ લોકોના ટોળાને હુમલાખોરો શેરવાની પાસે ઘસડી લાવ્યા. પછી જે પ્રજાને શેરવાની હિંદુ–મુસલમાન–શીખ એકતાનો ઉપદેશ કરતો તે જ પ્રજાને 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના પોકારનો ઉપદેશ કરવા માટે *શેરવાનીને હુકમ કરવામાં આવ્યો.* શેરવાની કેદી હતો છતાં આવો ખોટો ઉપદેશ પ્રજાને આપવાની એણે સાફ ના પાડી. તરત જ હુમલાખોરોએ એને થાંભલા સાથે ખૂબ જ સખત રીતે દોરડાથી બાંધી દીધો. બંધાયેલા શેરવાનીના હાથો ઈશુ ખ્રિસ્તના હાથો માફક થાંભલા પર બંધાયેલા હતા. ફરીથી એને હુકમ થયો — બોલ, "પાકિસ્તાન ઝિંદાબાદ" "શેરે-કાશ્મીર મુર્દાબાદ" શેરવાનીએ ફરીથી સાફ ના પાડી.

હુમલાખોરોએ પછી ભયંકર કૃત્ય શરૂ કર્યું. શેરવાનીના હાથમાં ખીલા ઠોકી બેસાડયા. એના કપાળમાં એક પતરાનો કકડો

ઠોકી દીધો. એ પતરાના કકડા પર લખ્યું હતું — "દ્રોહીને મૃત્યુની શિક્ષા."

તરત જ શેરવાની, પોકારી ઊઠયો : "હિંદુ-મુસલમાનની જય".

હુમલાખોરોમાંથી ૧૪ માણસોએ ગોળીથી એને વીંધી નાખ્યો. શેરવાની શહીદ થઈ ગયો.

('ઇન્ટરવ્યુ વિથ ઇન્ડિયા' પરથી) સંપાદક દિલખુશ બ૦ દીવાનજી

છોકરી ને દૂધનો દેગડો

એક છોકરી દૂધનો દેગડો લઈ રોજ પાસેના ગામમાં દૂધ વેચવા જતી હતી. એક દહાડો તે વિચારે ચડી. આજે દૂધ વેચું તેના પૈસામાંથી મરઘીનાં ઈંડાં લાવીશ. મજાનાં ચાર પાંચ ગોળ ગોળ ઈંડાં લાવીશ. એમાંથી બચ્ચાં થશે. તેમને મોટાં કરીશ. મોટાં થઈ મરઘી થશે. એમાંથી વળી બચ્ચાં થશે. એટલે થોડીક મરઘીઓને બજારમાં વેચીશ. તેમાંથી પાછા પૈસા આવશે એટલે એક સરસ લીલી ઓઢણી ને રૂપાળો ચણિયો લાવીશ. એ પહેરીશ ત્યારે એવી રૂપાળી દેખાઈશ કે જે તે મને જોઈને રાજી થશે. અને તેઓ મારું માગું કરશે. પણ હું તો બરોબર ડોકું ધુણાવીને ના કહીશ.

આમ વિચારે ચડેલી છોકરીએ ખરેખર ડોકું ધુણાવ્યું ને દૂધનો દેગડો માથેથી ધબાક દેતાને નીચે પડયો!

આ ઉપરથી અંગ્રેજી ભાષામાં એક કહેવત છે કે, ઈંડાં સેવાઈ ન રહે ત્યાં સુધી તેને ગણવાં નહીં. હવામાં કિલ્લા બાંધવા સહેલા, પણ તેમાં રહેવાનું ન મળે.

૧૦-૬-'૫૧ મગનભાઈ દેસાઈ

મોટા માણસોનાં મન

૩

અબ્રાહમ લિંકન અમેરિકા દેશના જાણીતા પ્રમુખ હતા. તે ખૂબ જ ગરીબાઈમાં અને કોઈની પણ મદદ ન મળે એવી સ્થિતિમાં જન્મ્યા હતા. પરંતુ તેમણે જાતમહેનત કરીને પોતાની મેળે આટલી લાયકાત મેળવી હતી. તે દેશની ખરા દિલથી સેવા કરતા હતા. અને છેવટે એક કાવતરાખોરની બંદૂકની ગોળીના ભોગ બની દેશને ખાતર તેમણે પોતાનો જીવ આપ્યો હતો.

આવા મહાન અબ્રાહમ લિંકન બહારથી જોનારને ખૂબ આનંદી લાગતા. ગમે તેવા કામમાં હોય તોયે મળવા આવનાર સાથે પ્રેમથી હસતે મુખે વાતો કરતા. પરંતુ તેમની પત્ની કડક સ્વભાવની અને વઢકણી બાઈ હતી. આથી લિંકનનો ઘરસંસાર દુ:ખી બન્યો હતો. કોઈ કોઈ વાર મોડી રાતે જ્યારે બધાં ભરનીંદરમાં સૂતાં હોય, ત્યારે પાછલે બારણેથી જઈને તે સૂઈ જતા; અને સવાર થાય એ પહેલાં ઑફિસમાં ચાલ્યા જતા.

એક વખતે એક નોકરના કાકાને લિંકનની પત્ની ખૂબ વઢી. તેથી તેને ખોટું લાગ્યું. તે લિંકન પાસે આવી ફરિયાદ કરવા લાગ્યો. લિંકન હસતા હસતા બોલ્યા: "અરે ભલા માણસ, હું પંદર વર્ષથી આવી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું અને બધું શાંતિથી સહન કરું છું; તો પછી તારાથી એક વાર આટલુંયે સહન ન થઈ શક્યું ?"

મુકુલભાઈ

ચોર અને કૂતરો

એક ખેડૂતને ઘેર રાતે ચોર આવ્યો. ખેડૂતના કૂતરાએ તેને જોયો; તેણે ભસવા માંડ્યું. ચોરને થયું, 'આ કૂતરાએ તાલ બગાડ્યો. લાવ એને પટાવું!' એમ વિચારી ચોરે કૂતરા ભણી રોટલો નાખ્યો. કૂતરો વફાદાર હતો. તેને થયું, "આ માણસ મારો શેઠ નથી કે તેનો કોઈ મિત્ર નથી. તે મને રોટલો શું કામ નાખે? અને તે અત્યારે શું કામ નાખવા આવે? નક્કી આ તો મને ચૂપ કરવા લલચાવે છે."

આમ વિચારી કૂતરો તો વળી જોરથી ભસવા લાગ્યો. ચોરે ધીમેથી એને બુચકાર્યો. કૂતરો કહે, "એમ હું નહીં છેતરાઉં. તું આવ્યો ત્યારે મને શંકા હતી કે, કોણ જાણે કોઈ ઘરનું કે ઓળખીતું તો નહીં હોય? પણ મને રોટલો નાખ્યો તેથી મારી ખાતરી થઈ કે, આ તો કોઈ છેતરે છે. મને ચૂપ કરીને ચોરી કરી જવા આવ્યો છે."

ચોર સમજી ગયો ને ચૂપચાપ ચાલતી પકડી ગયો.

૧૦-૬-'૫૧ મગનભાઈ દેસાઈ

સમાજનિષ્ઠા

એમ કહેવાય છે કે ઇંગ્લંડ વગેરે યુરોપના દેશ ભૌતિકવાદી છે, અને ભારતવર્ષ અધ્યાત્મવાદી છે. તેમ છતાં બહેર કારભાર, વેપાર વગેરેમાં તે દેશોમાં વધારે પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા વગેરે છે. આપણે ત્યાં ભલે મોટા મોટા સંતો, મહાત્માઓ થઈ ગયા છે, પણ આપણામાં આવી પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠાનો અભાવ છે. આના વિરોધાભાસનું કારણ શું?

પશ્ચિમના દેશો ભલે ભૌતિકવાદી હોય પણ તેમનામાં રાષ્ટ્રવાદ, સમાજનિષ્ઠાની ભાવના વિશેષ પ્રમાણમાં ખીલેલી છે. ચર્ચિલ જેવો કૉન્ઝરવેટિવ

યુદ્ધને વખતે એટલી સાથે હળીમળીને કામ કરી શકે, પણ આપણે ત્યાં એક જ વિચારસરણીને વરેલા કોંગ્રેસીઓ અને લોકશાહી મોરચાના નેતાઓ સાથે કામ ન કરી શકે. આપણામાં એક અદ્વિતીય બ્રહ્મનિષ્ઠાની સાથે તદ્દન વ્યક્તિનિષ્ઠા છે. વિશેષે કરીને આપણામાં પોતાની જાતની કે વિશેષ કુટુંબની દૃષ્ટિએ વિચારવાની જૂની ટેવ છે. એથી વિસ્તૃત દૃષ્ટિ હજુ આપણામાં ખીલી નથી.

શ્રી નાથજી અને શ્રી કિશોરલાલભાઈનો સમાજનિષ્ઠા પર સદા આગ્રહ રહ્યો છે. તેઓ સદા કહેતા રહ્યા છે કે આપણી ભક્તિ, પૂજા, વગેરે બિલકુલ વ્યક્તિનિષ્ઠ છે, અને આપણામાં સમાજનિષ્ઠાની ભયંકર ખામી છે. અને આ ખામી દૂર કર્યે જ છૂટકો છે. આ સમાજ નિષ્ઠાની ઊણપ સમાજની પ્રગતિ રૂંધે છે, અને વ્યક્તિનો અપૂર્ણ વિકાસ સૂચવે છે. જો આપણામાં પૂરતી સમાજનિષ્ઠા હોય તો આજે જ મોટા પાયા પર જાહેર વહીવટોમાં અપ્રામાણિકતા, લાંચરુશવત, કાકા-માસીપણું વગેરે થાય છે, તે ન હોઈ શકે. રેલવેમાં મુસાફરી કરીએ ત્યારે આપણે એ વિચારવું જોઈએ કે આપણે રેલવેની જાહેર મિલકતને નુકસાન કરતા નથી ને! તેથી વગર ટિકિટે બેસાય નહીં, જ્યાં પ્લેટફૉર્મ-પાસ લેવો જરૂરી હોય ત્યાં અવશ્ય લેવો જ જોઈએ, રેલગાડીના ડબ્બા બગાડાય નહીં, પ્લેટફૉર્મ પર જ્યાં ત્યાં થૂંકાય નહીં વગેરે બધી ફરજો પ્રત્યે આપણે જાગ્રત રહેવું જોઈએ.

સરકારના કરવેરા આપણે ભરવા જ જોઈએ. એમાં ચોરી કરાય જ નહીં. સરકારના કાયદાનું યોગ્ય પાલન કરવું જ જોઈએ. કાયદાનો ભંગ કરનારને ટેકો અપાય જ નહીં.

દેવસ્થાનો, મંદિરો કે થિયેટર જેવાં જાહેર સ્થળો આપણાથી બગડાય નહીં. આજે સમાચારપત્રોમાં વાંચીએ છીએ કે લોકોએ થિયેટરમાં તોફાન કર્યું, ખુરશી વગેરે ભાંગી નાખ્યાં, આવું વર્તન કોઈ સમાજનિષ્ઠ માણસ ન કરે.

સરકારી નોકરો, વેપારીઓ, શિક્ષકો સૌમાં જો સમાજનિષ્ઠા હોય તો રામરાજ્ય આવતાં વાર ન લાગે.

સૌ સમાજનિષ્ઠા માટે આગ્રહી બનીએ.

વર્ધા, ૨-૬-'૫૧ હરિપ્રસાદ વ્યાસ

મીઠાની ખેતી

મીઠાનો સ્વાદ ખારો હોય છે, છતાં તેનું નામ મીઠું શાથી પડયું હશે? કારણ કે તેના વિના બધી રસોઈ મોળી લાગે છે. ઢોરને પણ મીઠાની જરૂર પડે છે. એવી મીઠાશ વેરતી એ ચીજ ગરીબ તવંગર બધાં માટે જીવનની જરૂરિયાતની વસ્તુ છે. આપણે બધા તેનો રોજ ઉપયોગ કરીએ છીએ છતાં તે ક્યાં પાકે છે, કેવી રીતે પાકે છે વગેરે આપણામાંના કેટલા જાણીએ છીએ?

મીઠું ત્રણ રીતે બને છે. એક તો, તે દરિયાના પાણીમાંથી કુદરતી રીતે પાકે છે. ભરતી આવે ત્યારે દરિયાનું પાણી ખાડીમાં ભરાઈ જાય છે. ભરતી આવી ગયા પછી સૂર્યના તાપથી ખાડીનું પાણી સુકાવા માંડે છે અને તેમાંનો ક્ષાર નીચે જામે છે. આ ક્ષાર એ કુદરતી મીઠું છે. બીજું, ખારી જમીનમાં ખોદતાં ખારા પાણીના કૂવા નીકળે છે. એ પાણીમાંથી મીઠું બનાવવામાં આવે છે. ત્રીજું મીઠાના કુદરતી ખડકો પણ હોય છે.

આ રીતે હવા ને પાણીની જેમ મીઠું પણ કુદરતમાંથી લગભગ મફત મળે છે; છતાં અંગ્રેજ સરકારે મીઠા પર જકાત નાખેલી. એમાંથી સરકારને દર વરસે નવ કરોડ રૂપિયાની આવક થતી. આ મીઠાવેરાનો બોજો ગરીબમાં ગરીબ માણસ પર પણ પડતો. આથી ૧૯૩૦માં ગાંધીજીએ સરકાર સામે કાયદાભંગની લડત ઉપાડી ત્યારે સૌથી પહેલાં મીઠાનો કાયદો તોડયો હતો.

ગુજરાતમાં ધરાસણા અને ખારાઘોડામાં મીઠું પકવવામાં આવે છે. ગુજરાતમાં સુરતની ઉત્તર બાજુના વિભાગમાં જે મીઠું વપરાય છે તે ખારાઘોડાથી આવે છે. ત્યાંની જમીન ખારી છે અને તેમાં ખોદતાં ખારું પાણી નીકળે છે. આ પાણીને લગભગ એક એક વીઘાના કયારાઓમાં ભરીને ઠારવામાં આવે છે. એ કયારાને પાટ કહે છે. પાટમાં પાણી ભર્યા પછી તેની જમીન પગથી દાબીને સરખી કરવામાં આવે છે, જેથી પાટનું તળિયું બંધાય અને પાણીમાંનો ક્ષાર નીચે ન ઊતરી જાય.

આ ક્રિયાને પગલી પાડવી કહે છે. ત્યાર પછી પાણી સુકાવા માંડે અને પાટને તળિયે ક્ષાર જામવા માંડે. એટલે તેમાં દંતાળો અને પાવડી ફેરવે છે. એથી તળિયે બેઠેલો ક્ષાર છૂટો પડી તેનાં બીજ પડે છે. તે બીજ ઉપર ક્ષાર બાઝી તેના મોટા પાસા થાય છે. આ પાસાઓના ગાંગડા તે જ વરાગડું મીઠું.

પાટમાં પાણી ભર્યા પછી મીઠું તૈયાર થતાં લગભગ છ મહિના લાગે છે. ચોમાસાનાં પાણી સુકાયા પછી ઓક્ટોબર મહિનામાં પાટમાં પાણી ભરવામાં આવે છે અને માર્ચ મહિના સુધીમાં મીઠું તૈયાર થઈ જાય છે. તેમાં માણસની તંદુરસ્તીને નુકસાન કરે એવા ક્ષાર ન આવે તે માટે સરકાર તરફથી ખાસ કાળજી રાખવામાં આવે છે.

આ રીતે બીજા પાકોની જેમ મીઠું પકવવા માટે પણ રીતસર બધી ક્રિયાઓ કરવી પડે છે.

કરીમભાઈ વોરા

દેશપ્રેમ

યુરોપમાં હોલંડ નામનો એક નાનોસરખો દેશ છે. આખો દેશ દરિયાની સપાટીથી નીચાણના ભાગમાં આવેલો છે. દરિયાનું પાણી મોટા પાળા બાંધી રોકવામાં આવ્યું છે. એક બાજુથી જો સહેજ પાળો તૂટે તો આખો દેશ પાણીની નીચે ડૂબી જાય. છતાં ત્યાંના લોકો ખૂબ જ સાહસિક છે, અને હિંમતપૂર્વક દરિયાથી પોતાનું રક્ષણ કરી રહ્યા છે.

એક વખત એક નાનો છોકરો સાંજના સમયે દરિયાકિનારે ફરવા ગયો હતો. તે સાગરને કિનારે બેસી ઊછળતાં મોજાં જોવા લાગ્યો, અને ઘૂઘવતા સાગરના સંગીતમાં લીન થઈ ગયો. સંધ્યાકાળ થઈ ગયો. ફરવા આવનાર બધા લોકો ચાલ્યા ગયા ત્યાં સુધી આ બાલવીરને સમયનું ભાન રહ્યું નહીં. એકાએક વિચારધારાના પ્રવાહમાંથી જાગતાં જ ઘણું મોડું થઈ ગયું હોવાથી ઊભો થયો. પાળા ઉપરથી એક ડગ નીચે મૂકે છે ત્યાં તો તેણે પાળામાં એક કાણું પરેલું જોયું અને તેમાંથી ધીમું ધીમું પાણી વહી રહ્યું હતું.

બાલવીરને એકાદ મિનિટમાં તો હજારો વિચાર આવી ગયા. તેણે વિચાર કર્યો કે, "આ વહેતું પાણી નહીં અટકે તો મારો આખો દેશ પાણીમાં ડૂબી જશે." પણ તે લાચાર હતો. તે કાણું પૂરવા તેની પાસે કંઈ સાધન નહોતું. અને રાત પડી ગઈ હોવાથી કોઈ ને બોલાવાય તેવી સ્થિતિ પણ રહી નહોતી. એકાએક તેને એક રસ્તો સૂઝ્યો. જો પોતે પોતાની જાતને વહેતા પાણીના કાણામાં ગોઠવે તો વહેતું પાણી અટકી જાય. એક સેકન્ડનો પણ વિચાર કર્યા વગર પોતાની જાતને તેણે પેલા કાણામાં ગોઠવી દીધી અને તરત જ પાણી વહેતું અટકી ગયું.

મોડી રાત સુધી છોકરો ઘેર આવ્યો નહીં તેથી તેનાં માબાપ ચિંતા કરવા લાગ્યાં, અને શોધખોળે નીકળ્યાં. ઘણી શોધાશોધ પછી પોતાના છોકરાને દરિયાકિનારે પાળામાં બેઠેલો જોયો. માબાપને જોતાં જ છોકરાએ સૌથી પહેલાં તૂટેલા પાળાનું કાણું પૂરવા કહ્યું. બધાંએ મળી તૂટેલો પાળો બાંધી દીધો અને છોકરાને બહાર કાઢ્યો. બીજે દિવસે દેશને મૃત્યુના મોંમાંથી બચાવનાર બાલવીરની વાત દેશને ખૂણે ખૂણે ફેલાઈ ગઈ. અને બાલવીરને દેશે ફૂલે વધાવ્યો.

પોતાના દેશને માટે જે પ્રજા કુરબાની કરવા હંમેશાં તત્પર રહે તે પ્રજા પોતાની આઝાદીને સાચવી શકે. કોઈ પણ સ્વતંત્ર દેશની પ્રજા પણ જ્યાં સુધી દેશનું મૂલ્ય સમજે નહીં, ત્યાં સુધી તે દેશ શારીરિક અને માનસિક રીતે ગુલામ જ ગણાય.

ભારત સ્વતંત્ર થયું હોવા છતાં પ્રજા દેશનું અને સ્વતંત્રતાનું મૂલ્ય સમજી નથી. મોટા ભાગના લોકો પોતાના સ્વાર્થમાં જ રચ્યાપચ્યા છે. દેશનો મોટો વર્ગ સ્વાર્થને માટે નીતિ અને દેશને વેચવા તૈયાર છે. પોતાના દેશને પ્રાણથી પણ પ્યારો ગણી તેને માટે ગમે તે પળે દરેક માણસ કુરબાની કરવા તૈયાર થાય ત્યારે જ દેશની કીર્તિ ઝળહળી ઊઠે. ભારત સ્વતંત્રતાની ખુમારીમાં આજે રોગિષ્ઠ છે. દેશને માટે પ્રજામાં ખુમારી રહી જ નથી. અંગત સ્વાર્થી, લાંચરુશવત, કાળાં બજાર, ઈર્ષા વગેરેનો નાશ થશે ત્યારે જ ભારતની સ્વતંત્રતા પ્રકાશશે.

રમણીકલાલ

સમાજશિક્ષણ

અમદાવાદ શહેર સમાજશિક્ષણ સમિતિ તરફથી અમદાવાદમાં ચાલતા સમાજશિક્ષણના કાર્યનો ત્રિમાસિક અહેવાલ નીચે મુજબ છે:

(૧૯૫૧ના માર્ચથી મે)

	વર્ગોની સંખ્યા	પ્રૌઢાની સંખ્યા	પરીક્ષામાં પાસ થયા	મે આખરે સંખ્યા
પુરુષો	૫૨	૧,૨૫૩	૧૨૮	૧,૦૯૧
સ્ત્રીઓ	૨૬	૫૫૬	૫૬	૨૧૧
કુલ	૭૮	૧,૮૦૯	૧૮૪	૧૩૦૨

આ સમય દરમિયાન તા. ૨૨મી એપ્રિલથી એક અઠવાડિયા સુધી જુદા જુદા લત્તાઓમાં પ્રચારસપ્તાહની ઉજવણી રાખવામાં આવી હતી. તેમાં વિદ્યાર્થીઓના રાસ, ગરબા, વાર્તાલાપ અને વ્યાખ્યાનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મુંબઈ સરકારના પ્રકાશન ખાતા તરફથી આવેલી ફિલમો પણ બતાવવામાં આવી હતી.

અગ્નિ અને પાચન

સાપ દિવસોના દિવસો સુધી ભૂખ્યો રહી શકે છે. તેથી જ તેને સંસ્કૃતમાં 'વાયુભક્ષી' કહ્યો છે. પણ માત્ર વાયુ ઉપર તે કાયમ જીવવા જાય તો તો મરી જ જાય. શિયાળાની ઠંડીથી બચવા તે શીતનિદ્રામાં નિશ્ચેષ્ટ પડયો રહે એ વાત ખરી પણ વસંતના વાયરા સાથે તેની શીતનિદ્રા ઊડી જાય અને તે ખોરાક શોધવા તેના દરની બહાર નીકળે. પણ એકાદ દેડકું ગળ્યા બાદ સાપની શી સ્થિતિ થાય છે તેની બહુ થોડાને ખબર હોય છે. દેડકાને ગળ્યા બાદ સાપ નિષ્ક્રિય થઈને બે ત્રણ દિવસ પડયો રહે છે. એકાદ કબૂતરું ગળવામાં આવે તો સાત સાત દિવસ સુધી સાપ પડયો જ રહે. પક્ષીઓની ચાંચોથી બચવાને કોઈ આશરો શોધે ખરો, પણ એકંદરે તે તેની તમામ શક્તિ શિકારને પચવવામાં વાપરી નાખે છે. જંગલી જમાનાના માણસની પણ એ જ દશા હતી. તે પશુપક્ષી મારીને કાચું માંસ ખાતો. પણ તે કાચું માંસ પચવવામાં તેને તેની બધી શક્તિ વાપરવી પડતી. ખોરાક ખાધા બાદ તે સાપની દશા જ અનુભવતો. શિકાર માટે માણસને દિવસો સુધી ઉપવાસ પણ કરવા પડતા.

પરંતુ માણસે ફળફૂલનો ખોરાકમાં ઉપયોગ કરવાનું શરૂ કર્યું. કંદમૂળનો પણ તે ઉપયોગ કરવા લાગ્યો. વળી તેણે પ્રાથમિક ખેતીની પણ શરૂઆત

કરી. પરંતુ માણસ દેવતા ઉપર પકવીને ખાતાં શીખ્યો ત્યાર બાદ તેની દુનિયા જુદી જ બની ગઈ. પકવેલી ચીજને પચાવવામાં શરીરની બહુ શક્તિ ખરચાઈ જતી નથી. તેથી માણસને સરવાળે શક્તિનો લાભ થયો. બચેલી શક્તિ તેણે પોતાનું માનસ વિકસાવવામાં તેમ જ સંસ્કૃતિને વધારવામાં વાપરી. રાંધેલો ખોરાક લીધા બાદ તેને અર્ધબેભાન દશામાં બેચાર દિવસ પડી રહેવાની જરૂર ન રહી. આજ કોઈક જંગલી જાતમાં કાચું માંસ ખાવાનો રિવાજ છે ખરો. પણ જે જે જંગલી જાતો અનાજ કે માંસ પકવીને ખાય છે તે કાચું માંસ ખાનારાનો તિરસ્કાર કરે છે. વળી કાચું માંસ ખાનાર જાતિઓ સંસ્કૃતિની દૃષ્ટિએ સૌથી પછાત છે. શરીરમાં અનાજનું પચવું અને શરીર બહાર ખોરાકને રાંધીને પચવા યોગ્ય બનાવવો એ બે ક્રિયાઓ જાણે એક જ હોય તેમ ભાષાના શબ્દો યોજાયા. સંસ્કૃતમાં પચ્ એટલે પકવવું કે રાંધવું થાય છે, વળી જેમ રાંધવામાં અગ્નિની જરૂર પડે તેમ પચવવામાં પડે છે, તેથી જ જઠરાગ્નિ, મંદાગ્નિ ઇ૦ શબ્દો વપરાતા થયા.

અગ્નિથી ખોરાકમાં કયા કયા ફેરફાર થાય છે તે પણ જાણવું જરૂરી છે. અનાજ, બટાકા, સકરિયાં ઇ૦માં સ્ટાર્ચનો ભાગ છે. આ સ્ટાર્ચના ફરતું એક પડ હોય છે. તે પડ શરીરના પાચક રસમાં ઓગળતું નથી. તેથી સ્ટાર્ચવાળી વસ્તુઓ કાચી પચતી નથી. પણ શેકીને કે બાફીને ખાવામાં આવે તો સ્ટાર્ચના રજકણો ઉપરનું પડ ફાટી અંદરથી સ્ટાર્ચ છૂટો થાય છે. વળી તે પોચો અને પચવા યોગ્ય બને છે. જેમાં સ્ટાર્ચ હોય એવાં અનાજ આપણે રાંધીને જ ખાઈએ છીએ.

વળી શરીરને નુકસાન કરે એવાં કેટલાંય જીવાણુઓનો પણ રાંધવાથી નાશ થાય છે. આમ રાંધેલો ખોરાક રોગોત્પાદક જીવાણુથી બચાવે છે. કઠોળના દાણાઓમાં રહેલું પ્રોટીન જામી જઈને ન પચે એવું બને છે. રાંધવાથી કઠોળ સુપાચ્ય થાય છે. આમ રાંધેલા ખોરાકનું મહત્ત્વ કાચા ખોરાક કરતાં ઘણું વધારે છે. આ જ કારણે રાંધવાની ક્રિયા બાદ કેટલીય વનસ્પતિ જે પહેલાં ખાવા યોગ્ય નહોતી તે ખાવા યોગ્ય બની અને માણસને શિકારમાંથી તેટલી રાહત મળી. આ રાહતનો માણસે બીજા કામમાં ઉપયોગ કર્યો. આ બધું જોતાં અગ્નિ ઉપર ખોરાક પકવવાની શોધ એ માનવ પ્રગતિનું એક મોટું સીમાચિહ્ન ગણી શકાય.

બંસીલાલ ગાંધી

પૂરું થતું પખવાડિયું

ભારતની પાર્લમેન્ટમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને અખબારી સ્વાતંત્ર્ય પર અંકુશ મૂકતું પંડિત જવાહરલાલે રજૂ કરેલું બિલ પસાર થયું છે.

ભારત સરકારે ડાંગને ચૂંટણી પૂરતું સુરત સાથે જોડવાનું જાહેર કરેલું, પણ મહારાષ્ટ્ર તરફથી તેનો વિરોધ થતાં કૉંગ્રેસ પાર્લમેન્ટરી બોર્ડે એ બાબતનો નિર્ણય કરવા એક પેટા સમિતિ નીમી હતી. એ સમિતિએ ડાંગને ચૂંટણી પૂરતું નાસિક સાથે જોડવાની ભલામણ કરી છે.

કાશ્મીરની રાષ્ટ્રીય સભાએ કાશ્મીરનું રાજબંધારણ ઘડવા લોક-પ્રતિનિધિ સભા બોલાવવાનો ઠરાવ પસાર કર્યો છે. અને લોકસભાની ચૂંટણી આવતા સપ્ટેમ્બર માસમાં કરવાનું નક્કી થયું છે.

સરદાર સ્મારક ફાળામાં અમદાવાદના મિલમાલિકોએ સવા છ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે.

અમદાવાદના મિલમજૂરો તરફથી પણ સરદાર સ્મારક ફાળામાં સારી રકમ ભરવામાં આવશે એવી માહિતી મળી છે.

વડા પ્રધાન પંડિત નેહરુએ જાહેર કર્યું છે કે દેશની આગામી ચૂંટણીઓ ચાલુ વર્ષના અંતે થવાની જ છે.

મહાત્મા ગાંધી સ્મારક ફાળાની પ્રકાશન સમિતિએ મહાત્માજીની વાણીનો પ્રચાર થાય એ હેતુથી તેમનાં તમામ પુસ્તકો દેશની સઘળી ભાષાઓમાં પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. એને માટે બધા પ્રાંતોમાં ભાષાવાર કેન્દ્રો સારી સંખ્યામાં ખોલવામાં આવશે.

મ०

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ—૯

લોકજીવન

બે આના

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ — અંક ૨૨

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક ,, ,, રૂ. ૨

અમદાવાદ, ૧લી જુલાઈ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ પરદેશમાં
રૂ. ૫; શિ. ૮

સત્પુરુષોનો ધર્મ

આપણા આ મહાન દેશમાં ઘણા પ્રાચીન કાળથી અનેક સત્પુરુષો પેદા થયા છે. ખ્રિસ્તી લોકોના ગુરુ ઈશુ પણ મોટા સત્પુરુષ હતા. એવા જ મુસલમાન ધર્મના મોટા સ્થાપક થઈ ગયા મહમદ પેગમ્બર. તેઓ પણ એક મોટા સત્પુરુષ હતા. આ પ્રકારના સત્પુરુષો દરેક જાતિ, દરેક કોમ અને દરેક ભાષામાં પેદા થયા છે. પરમેશ્વરની માણસો પર એ કૃપા છે કે વચમાં વચમાં માણસોને માર્ગ બતાવવા માટે સારા માણસોને તે મોકલે છે. આ જમાનામાં આપણા દેશમાં મહાત્મા ગાંધી આ પ્રકારના સત્પુરુષ થઈ ગયા. આ બધા જે સત્પુરુષો થયા તેમનામાં કશો ફરક નહોતો. સૌનાં દિલ એક હતાં, તે સૌની એક જ જાતિ હતી, તે સૌનો એક જ ધર્મ હતો. પરમેશ્વરની ભક્તિ કરવી, માણસો પર પ્રેમ કરવો એ જ તેમનો ધર્મ હતો.

('હરિજનબંધુ'માંથી) — વિનોબા

સાચી નીતિ

" હાલ તો બધા જ ખાય છે. અને આપણે જો બાકી રહીએ તો ખોટા દેખાઈએ." હાથમાં સિગારેટ લઈને એક સરકારી નોકર રેલવેના ડબ્બામાં પોતાના સાથી જોડે વાતો કરતા ચડ્યા. "મને સરકારી ડાયરી નહોતા આપતા પણ મેં લડીને તે લીધી. બીજા ગમે તેમ વાપરે તો આપણે શા માટે જવા દઈએ?" પ્રજાકીય સરકારના એક નોકરના ઉપરના ઉદ્‌ગારો સાંભળીને આપણને દિલગીરી થાય. સરકારી નોકરો એ સરકારના હાથપગ ગણાય; અને જેના વડે સરકાર નીતિનું રાજ ફેલાવવાનો પ્રયત્ન કરે તેનામાં જો નીતિનો અભાવ હોય તો સરકાર નિષ્ફળ જાય. ઉપરના સંજોગોમાં પ્રજાની ફરજ છે કે સરકારી નોકરો આગળ નીતિનું વધારે ઊંચું ધોરણ મૂકીને તેમને નીતિના પ્રશ્નમાં સાચે રસ્તે રાખવાનો પ્રયત્ન કરે.

પરીક્ષિતલાલ મજમુદાર

ક્રોધ

આપણા જીવનને દુ:ખરૂપ બનાવનારાં કારણોમાં ક્રોધ પણ એક કારણ છે. આપણું કોઈ માને નહીં અથવા આપણું કોઈ અપમાન કરે કે આપણા તરફ બેદરકારી બતાવે તો તરત જ આપણને ગુસ્સો આવી જાય છે. પછી આપણે મન પરનો કાબૂ ગુમાવી બેસી જેવું તેવું બોલવા મંડી પડીએ છીએ.

ક્રોધ આવવાનું મુખ્ય કારણ આપણો અહમ્ છે. જ્યારે આપણો એ અહમ્ ઘવાય છે ત્યારે તરત જ આપણે ગુસ્સે

થઈ જઈએ છીએ. હું કહું છું તે કેમ કોઈ સાંભળતું નથી, હું જે કંઈ કરું છું તેને કેમ કોઈ અનુસરતું નથી, મને જે સારું લાગે છે તે કેમ કોઈ સ્વીકારતું નથી, એવા એવા કેટલાયે વિચારો આપણો અહંકાર મનમાં પેદા કરે છે અને પછી આપણે બીજા ઉપર ગુસ્સો કરીએ છીએ.

કામ, લોભ વગેરે દુર્ગુણોની પેઠે ક્રોધને જીતવો એ સહેલી વસ્તુ નથી. એને જીતવા માટે સતત જાગ્રત રહેવું જોઈએ અને આપણા અહંકારનો નાશ કરતા રહેવું જોઈએ. કામ, ક્રોધ, લોભ વગેરે એવા દુર્ગુણો છે જે માણસને ભુલાવામાં નાખી દે છે. જ્યાં સુધી કોઈ સંજોગ ઊભો ન થાય ત્યાં સુધી આપણને થાય કે હું એ વસ્તુ ઉપર જીત મેળવી શકયો છું. પણ એવા સંજોગો ઊભા થાય કે તરત જ તે પોતાનું પોત પ્રકાશ્યા વિના રહેતા નથી.

એક સાધુ હતો. તે એક દિવસ ક્રોધ કેવી બૂરી વસ્તુ છે તે લોકોને સમજાવતો હતો : 'ક્રોધ એ અગ્નિ જેવો છે. જેમ આગ એને આશ્રય આપનારને બાળે છે અને આસપાસ હોય તેને પણ તપાવે છે, તેમ ક્રોધને આશ્રય આપનાર માણસને તે બાળે છે અને એના સંબંધમાં આવનાર બીજા માણસોને પણ તે બાળે છે. માટે સૌ માણસોએ ખૂબ સાવધાન રહી ક્રોધને જીતવા પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે,

ક્રોધરિપુ આંખ છતાં અંતરે અંધાપો આપે,
ક્રોધરિપુ કાન છતાં બધિર બનાવે છે;
ક્રોધરિપુ વિનય વિવેક વિસરાવી દીએ,
ક્રોધરિપુ ભારે ભારે લાલને ભુલાવે છે.

તેથી કોઈએ ક્રોધરૂપી દુશ્મનને વશ ન થવું જોઈએ. હું પણ હંમેશાં ક્રોધને દૂર રાખવા જાગ્રત રહું છું.'

થોડી વાર પછી બધા લોકો

પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. સાધુ એકલો જ બેઠો હતો. એવામાં ત્યાં એક માણસ આવ્યો. તેણે કહ્યું, "બાવાજી, થોડો દેવતા છે?"

સાધુની ઝૂંપડીમાં અંગાર ન હતો. તેથી સાધુએ કહ્યું, "ના ભાઈ, દેવતા તો બુઝાઈ ગયો છે. મારી પાસે નથી."

પણ પેલા માણસે ફરી પૂછ્યું, "મહારાજ, હશે. જરા જુઓ તો ખરા. થોડો પણ હોય તો મને આપો."

એ સાંભળીને સાધુએ ભવાં ચડાવી તાણીને કહ્યું, "અરે, સાંભળતો નથી? આગ નથી અને શા માટે જીદ કરે છે?"

એટલે પેલો માણસ બોલ્યો, "અરે, મહારાજ, દબાયેલી ધૂણીમાં આગ દેખાઈ તો છે, અને તમે કહો છો કે નથી. ધૂણીમાંથી થોડી આગ આપો ને!"

આથી સાધુ એકદમ ગુસ્સે થઈ ગયો અને બોલ્યો, "કેવો લબાડ માણસ છે! હું કહું છું કે, આગ નથી, તોયે માગ્યે જાય છે. ચાલ્યો જા અહીંથી."

એ સાંભળી પેલો માણસ ફરી બોલ્યો, "અરે મહારાજ, ધુમાડો તો નીકળી રહ્યો છે. થોડી તો આગ આપો!"

હવે સાધુનો મિજાજ ખસી ગયો. તે ચીપિયો લઈને ઊઠયો અને બોલ્યો, "અરે મૂર્ખ, જાય છે કે નહીં? નહીં તો હમણાં સીધોદોર કરી મૂકીશ."

એટલે પેલો માણસ બોલ્યો, "મહારાજ, હવે તો આગ સળગવા લાગી અને એના તણખા પણ ઊડી રહ્યા છે. જો આગ ન હોત તો શી રીતે આમ થાત?"

થોડી વાર પછી પેલા સાધુને સમજાયું કે પોતાનામાં રહેલા ક્રોધને જ પેલો માણસ આગ કહેતો હતો.

મુકુલભાઈ

મોટા માણસોનાં મન

(૪)

સર આઇઝેક ન્યૂટન નામે એક બહુ મોટા વિજ્ઞાનશાસ્ત્રી થઈ ગયા. તે બહુ જ નમ્ર સ્વભાવના હતા. તેમણે મહાન શોધખોળો કરી છે. પણ તે પોતાની શોધખોળો માટે અભિમાન ધરાવતા ન હતા. તેમણે પોતાને વિશે એક ઠેકાણે લખ્યું છે: "દુનિયા મારાં કામો માટે શું ધારે છે તે હું જાણતો નથી. પરંતુ મારા મનમાં થાય છે કે જાણે હું સમુદ્ર તીરે રમતાં રમતાં ત્યાંના કાંકરા વીણું છું. હજી મારી સામે સત્યનો અપાર સમુદ્ર અણશોધાયેલો જ રહ્યો છે!"

સર આઇઝેક ન્યૂટને એક કૂતરો પાળ્યો હતો. તેનું નામ 'ડાયમંડ'. એક રાતે ન્યૂટન પોતાના મેજ પર કંઈક લખતા બેઠા હતા. બાજુમાં મીણબત્તી બળતી હતી. એવામાં ડાયમંડ વહાલમાં આવી જઈને મેજ તરફ ધસ્યો. તેથી મીણબત્તી કાગળો પર પડી ગઈ. એ કાગળો ખબ અગત્યના હતા. કેટલાંય વર્ષોની તનતોડ મહેનતને અંતે મેળવેલી માહિતીઓ તેમાં લખેલી હતી. પરંતુ કૂતરાને એની શી ખબર? કૂતરાએ કેટલું બધું નુકસાન કર્યું છે એનો ખ્યાલ ન્યૂટનને હતો. પરંતુ તે જરા પણ ગુસ્સે થયા નહીં. તેમણે કૂતરાને પોતાની પાસે લઈ શાંત અવાજે કહ્યું: "ડાયમંડ, ડાયમંડ, તને કયાંથી ખ્યાલ હોય કે આજે તેં કેટલું ભારે નુકસાન કર્યું છે!"

મુકુલભાઈ

સડો શી રીતે દૂર થાય?

સરકારી તંત્રમાં જ્યારે કંઈ શિથિલતા અને અવ્યવસ્થા દેખાય છે ત્યારે તેનો દોષ કેટલાક પ્રધાનોને દે છે, કેટલાક અમલદારોને દે છે તો કેટલાક કૉંગ્રેસવાળાને દે છે અને કેટલાક વેપારીઓને દે છે. આમ કોઈ પોતાને જવાબદાર ગણતું નથી પણ બીજાના ઉપર જવાબદારી ઢોળે છે. ત્યારે ખરી રીતે દરેક વ્યક્તિ તેને માટે જવાબદાર ગણાય. વ્યક્તિઓ જો પોતાનો વહેવાર શુદ્ધ રીતે ચલાવે તો વ્યવસ્થા એની મેળે જળવાય. તેને બદલે દરેક પોતપોતાની સગવડ અને સ્વાર્થ જુએ અને સામાજિક હિતની દૃષ્ટિએ વર્તન ન કરે તો વ્યવસ્થા કેમની રહે? પ્રસંગ આવ્યે દરેકને એમ થાય છે કે હું સારામાં સારી લાગવગ ચલાવી મારું કામ કરાવી લઉં અથવા કોથળી છૂટી મૂકી મારું કામ કરાવી લઉં. તેમાં કોઈ સિદ્ધાંત આડે આવતો નથી. એ રીતે કોઈને લાગવગ ચલાવવામાં અને પૈસા ખવડાવવામાં તથા ગમે તે રીતે પૈસા કમાવામાં નીતિ-નિયમનો બાધ આવતો નથી, તો કોઈને લાગવગથી કામ કરી આપવામાં અને પૈસા ખાવામાં બાધ આવતો નથી. એમાં કોણ કોને દોષ દે? એટલે સડો સુધારવાનો રસ્તો બીજાને દોષ દેવામાં નથી પણ પોતાનું વર્તન સાફ રાખવામાં છે. તે માટે જે કંઈ સહન કરવું પડે તે સામાજિક ફરજ — ધર્મ સમજીને કરવું જોઈએ.

પ્રજાનો મોટો ભાગ અપ્રામાણિકપણે વર્તે અને કેવળ અમલદારો પ્રામાણિકપણે વર્તે એવું બની શકતું નથી. સમાજના

એવા બે વર્ગો પડી શકતા નથી. અમલદારો પણ પ્રજામાંથી આવે છે. તેમની અને પ્રધાનોની જવાબદારી વિશેષ છે એ ખરું પણ તેથી પ્રજા ગમેતેમ વર્તે અને બીજા પક્ષે બધું બરાબર ચાલે એવી આશા રાખવી વ્યર્થ છે. 'યથા પ્રજા તથા રાજા' એ બધાએ ખ્યાલમાં રાખવું જોઈએ. એ સૂત્ર પ્રજાતંત્રને વિશેષ લાગુ પડે છે.

વિઠ્ઠલદાસ કોઠારી

કૂતરો અને તેનો પડછાયો

એક કૂતરાને ક્યાંકથી હાડકાનો ટુકડો જડ્યો. તે લઈને એ જતું હતું. રસ્તામાં એક નાળું આવ્યું. તે પરથી તે જવા લાગ્યું. જતાં જતાં તેણે નીચે પાણીમાં જોયું, તો ત્યાં પણ એક કૂતરો હાડકું મોંમાં લઈને જતો જોયો. તેને લોભ થઇ આવ્યો—'લાવ ને આ કૂતરાને ભસીને ડરાવી કાઢું, એટલે મને બીજો ટુકડો મળે.' એમ વિચારી તે પેલા પાણીમાંના કૂતરા ભણી ભસવા લાગ્યું. આથી તરત મોંમાંનું હાડકું પાણીમાં પડી ગયું. ત્યારે એને ભાન આવ્યું કે, હતું તે ગયું. ને જુએ તો પાણીમાં કૂતરા પાસેનું હાડકું પણ ન મળે!

આથી જ સંસ્કૃતમાં કહેવત છે કે,

"યો ધ્રુવાણિ પરિત્યજ્ય
અધ્રુવં પરિષેવતે,
ધ્રુવાણિ તસ્ય નશ્યન્તિ,
અધ્રુવં નષ્ટમેવ ચ."

જે હાથમાં આવેલી વાતને છોડી હાથ બહારની વાત હાંસલ કરવા તરફ જાય છે, તેની હાથની વાત તો ગઈ, અને હાથ બહારની વાત તો ગયેલી જ છે!

૨૬-૬-'૫૧ મગનભાઈ દેસાઈ

ગરુડ અને તીર

એક ગરુડ પક્ષી આકાશમાં જતું હતું. જમીન પરથી એક પારધીએ તેને જોયું. લાગલું જ બાણ પર તીર સાંધી તેના તરફ તાકયું. તીર બરાબર ગરુડની છાતીમાં વાગ્યું. ઘાથી વીંધાઈને ગરુડ તીરની સાથે જમીન પર પડવા લાગ્યું.

હજી ગરુડનો જીવ ગયો નહોતો. નીચે પડતાં પડતાં તેની નજર તીરના છેડા પરનાં પીંછાં ભણી ગઈ. જુએ તો ત્યાં પોતાની જ જાતના પક્ષીનાં પીંછાં હતાં! મરતાં મરતાં તેને વિચાર આવ્યો, 'હે રામ! આ કેવો કરુણ અને કારમો ઘા કહેવાય? જાતનાં જ પીંછાંએ આ તીરને જોર આપ્યું ને તેણે મને જ વીંધ્યો!'

ઘર ફૂટ્યે ઘર જાય.

૨૬-૬-'૫૧   મગનભાઈ દેસાઈ

સ્વાવલંબન

[તા. ૫મી મે, ૧૯૫૧ના 'હરિજનબંધુ'માં પ્રકટ થયેલા શ્રી વિનોબાના એક પ્રવચનમાંથી નીચેનો ભાગ આપ્યો છે.]

આપણને ગાંધીજીએ રેંટિયો ચલાવવાનું કહ્યું. અને એમ કહેતાં કહેતાં તે ડોસો મરી ગયો. તેમનો આ સંદેશ આજે પણ સાંભળવા લાયક છે. લોકો કહે છે કે હવે તો સ્વરાજ્ય થઈ ગયું છે, હવે કાંતવાની શી જરૂર છે! અમને કાપડ આપવાનું સરકારનું કામ છે. હું કહું છું કે તમે કાલે કહેશો કે સ્વરાજ્ય આવ્યું છે, તો હવે અમે હળ નહીં ચલાવીએ, સરકારે અમને અનાજ આપવું જોઈએ. પણ સ્વરાજ્યનો એ અર્થ નથી કે આપણે બધું કામ છોડી દેવું. દિલ્હીના લોકો મોટા છે અને બુદ્ધિમાન છે એમાં શક નથી, પણ તેમનાથી પરમેશ્વર વધારે મોટો અને બુદ્ધિમાન છે. તે કેવી રીતે આપણું

પાલન કરે છે, તે જુઓ. તેણે આપણને હાથ આપ્યા, પગ આપ્યા, નાક દીધું, કાન દીધા, અને બુદ્ધિ દીધી. અને કહ્યું કે, પોતાના હાથથી કામ કરો, તમારું પેટ ભરાશે. તેણે થોડી થોડી બુદ્ધિ દરેકને આપી. એમ ન કરતાં જો તેણે બુદ્ધિનો બધો ખજાનો વૈકુંઠમાં જ રાખ્યો હોત તો આપણું પાલન તે કેવી રીતે કરી શકત? એ સ્થિતિમાં ભગવાનને શાંતિથી ઊંઘ પણ ન આવત. પણ કહે છે કે ભગવાન તો શેષશાયી છે અને યોગનિદ્રામાં સૂતા છે. તે એટલા માટે સૂઈ શકે છે કે તેણે સૌને અક્કલ આપી અને કામ કરવાની જવાબદારીનો રસ્તો બતાવ્યો. આપણે હાથેથી કામ કરીએ છીએ અને તોપણ જો કામ થતું નથી તો પરમેશ્વરની પ્રાર્થના કરીએ છીએ, અને તે આપણને મદદ દે છે. આપણે જો હાથથી કામ ન કરીએ તો ભગવાન પણ મદદ ન કરે. એ પ્રમાણે આપણે જો હાથથી કામ નહીં કરીએ તો દિલ્હીની સરકાર પણ આપણને મદદ નહીં આપી શકે.

તમે કહો છો કે હવે સ્વરાજ્ય આવ્યું છે તો આપણે માટે કશું કર્તવ્ય જ બાકી રહ્યું નથી. બધું સરકાર કરશે. દરેક કામ માટે જો આપણે સરકાર પર અવલંબિત રહીશું તો તે સ્વરાજ્ય હશે કે ગુલામી? પોતાના ગામમાં આપણે શાંતિ રાખીએ નહીં અને દરેક વખતે પોલીસની મદદ માગીશું તો તે વાત બને એવી નથી. ખાસ પ્રસંગ પર પોલીસની મદદ માગીએ તો સરકાર તે આપી શકે છે. બાકી આપણી રોજની શાંતિ, આપણું અનાજ, આપણું કાપડ, આપણી સફાઈ, આપણું પૂરું શિક્ષણ ગામમાં જ કરવાં જોઈએ.

લોકો કહે છે કે સરકાર દરેક ગામમાં નિશાળ ખોલે. પણ સરકારની પાસે એટલા પૈસા નથી, વધારે કર દેવા માટે તમે તૈયાર નથી. હું કહું છું કે તમે એકબીજાને કેમ શીખવતા નથી? જે થોડુંઘણું ભણેલા છે, તે જો રોજ એક કલાક ભણાવે તો આખું ગામ શિક્ષિત થઈ શકે. માનો કે હજારની વસતીવાળા ગામમાં દસ માણસો ભણેલા છે. તેઓ જો હર સાલ દસ માણસોને ભણાવે તો એક સાલમાં સો માણસોને લખતાં વાંચતાં

આવડી જાય. અને આ રીતે દસ સાલમાં આખું ગામ શિક્ષિત થઈ જાય. એટલી આ સહેલી વાત છે. આ જ વસ્તુ બીજાં કામોની બાબતમાં પણ છે. તમારા ગામમાં જે સ્વરાજ્ય બનશે, તે જ તમને કામ આપશે. જુઓને, બહારથી માણસના શરીરને વૈદ્ય ત્યાં સુધી જ મદદ કરી શકે છે, જ્યાં સુધી શરીરમાં તાકાત રહી હોય છે. જો શરીરની તાકાત ખલાસ થઈ જાય છે તો વૈદ્ય કશું કરી શકતો નથી. તેથી આપણું કામ એ છે કે શરીરનું આરોગ્ય આપણે સારું રાખીએ. તે માટે આપણને ગાંધીજીએ બતાવ્યું છે કે કુદરતી ઇલાજ પર આધાર રાખો. સૂર્યપ્રકાશ, પાણી, માટી વગેરેથી રોગ મટાડતાં શીખી લેવું જોઈએ. આજકાલ તો લોકો કહે છે કે દરેક ગામમાં એક દવાખાનું હોવું જોઈએ. આજ સુધી એ થયું નથી એ ઈશ્વરની કૃપા છે. જો તે લોકો દરેક ગામમાં દવાખાનું ખોલી શકે તો ગામના પૈસા દવાખાનાને કારણે બહાર જશે અને રોગ દસગણા વધશે. જરા ક્યાંક કશું થશે તો આપણે દવાખાનામાં દોડીશું. અને એ સમજી લો કે એક વાર વૈદ્ય ઘરમાં આવે છે, પછી તે ઘર છોડતો નથી. કેટલાક લોકો કહે છે કે ફલાણો દાક્તર અમારો 'ફૅમિલી ડૉક્ટર' છે. અથવા ઘરમાં જેમ માતાપિતા હોય છે, તેમ તે દાક્તર પણ ઘરનો જ એક ભાગ બની ગયો! એ રીતે દરેક વાતમાં જો આપણે ગુલામ બનતા જઈશું, તો પછી સ્વરાજ્ય શેનું? સરકારનું કામ તમને બહારથી કાપડ લાવી દેવાનું નથી. તે તમને કાંતતાં-વણતાં વગેરે શીખવે. એમ તો સરકાર તમારી સેવા કરવા માટે જ છે. તમે જેમ ઇચ્છશો તેમ તે કરશે. પણ તમારે તે માટે પૈસા ખર્ચવાની તૈયારી રાખવી જોઈશે. તમે કહેશો અમે ખેતી નહીં કરીએ, અમને બહારથી અનાજ આપો. તો સરકાર અમેરિકાથી અનાજ લાવી દેશે. તે માટે તમારે પૈસા આપવા પડશે. સરકાર તો સેવક છે. સેવક પાસેથી કેવી સેવા લેવી જોઈએ તે હું તમને સમજાવી રહ્યો છું. તમે તેને કહો કે અમને તાલીમ આપો, અમે સ્વાવલંબી થવા ઇચ્છીએ છીએ.

ખારાઘોડા

ખારાઘોડા એ અમદાવાદ જિલ્લામાં વીરમગામથી ૨૧ માઈલ પર આવેલું છે. ત્યાંની જમીન પાટડી, ઝીંઝુવાડા અને બજાણા રાજ્યોની હદમાં હતી તે અંગ્રેજ સરકારે મીઠાના અગરો માટે લીધી હતી. ત્યાં ચૌદ ચો. માઈલના વિસ્તારમાં મીઠાના અગરો છે. તેમાં લગભગ ૯૦૦ પાટ (મીઠાના ક્યારા) છે.

દરેક પાટમાં લગભગ ૧૦ થી ૧૨ હજાર મણ (પાકા) મીઠું પાકે છે. અને નાનામોટા પાટોમાં બધું મળીને વરસે લગભગ ૫૫ થી ૬૦ લાખ પાકા મણ મીઠું પાકે છે. તૈયાર થયેલું મીઠું અગરોમાંથી ખેંચી લાવી એક ઠેકાણે એકઠું કરવા માટે દૂર દૂર અગરો સુધી રેલવેની સગવડ કરવામાં આવી છે. પીવા માટે મીઠું પાણી જોઈએ. એને માટે ખાસ બોરિંગો કરી મીઠા પાણીના નળ ઠેઠ સુધી નાખવામાં આવ્યા છે.

દાક્તરી મત મુજબ દરેક માણસને દર વરસે સરેરાશ ૦ા મણ (પાકા) મીઠું જોઈએ. એ હિસાબે આટલું મીઠું બે કરોડ વીસ લાખ માણસને પૂરું પડે. પણ હાલ વપરાશ ઓછો છે એટલે એથી લગભગ બમણા માણસોને પૂરું પડે છે.

હવે આપણો દેશ આઝાદ થયા પછી મીઠાવેરો નીકળી ગયો છે. વેરો હોત તો મીઠાનો ભાવ પણ બીજી બધી વસ્તુઓની જેમ ઘણો વધી ગયો હોત. પણ વેરો નીકળી ગયો છે એટલે મીઠું પહેલાંના ભાવે જ મળે છે. તેનો ખારાઘોડાનો ભાવ પાકા મણનો રૂ. ૦–૧૪–૭ા છે. તે ઉપર લાવવાની ખરાજાત અને વેપારીઓનો નફો ચડીને બે રૂપિયે પાકો મણ બજારમાં વેચાય છે.

મીઠું પકવવાનું કામ સરકારી દેખરેખ નીચે અગરિયા કરે છે. તેમની સંખ્યા ૭થી ૮ હજારની છે. તેઓ મોટે ભાગે ઝાલાવાડ તરફના કોળી રજપૂતો હોય છે. તેઓ જેટલું મીઠું પકવે તેમાંથી તેમને દર પાકા મણે સાત આના મળે છે. તેમની એક સહકારી મંડળી છે. એ દ્વારા તેમને આર્થિક લાભ થયો છે અને તેઓ

બચત કરતા થયા છે. દારૂબંધી થવાથી પણ તેમને ઘણો લાભ થયો છે. રહેઠાણોની સ્થિતિ હજી સારી નથી. પણ ખારાપાટમાં પીવાના મીઠા પાણીની સગવડ બધાને મળે છે. નવ માસ તેઓ અગર ઉપર રહે છે અને ત્રણ માસ પોતાના વતનમાં ચાલ્યા જાય છે.

હવે મીઠું પકવવાનો સરકારી ઇજારો બંધ થવાથી કાયદાની હદમાં રહીને ખાનગી માણસો પણ અગરિયા રાખીને મીઠું પકવી શકે છે. એટલે ત્યાંની જમીનોવાળા સ્વતંત્ર રીતે પણ મીઠું પકવે છે. તે શુદ્ધ રૂપમાં લોકોને મળે તેટલા પૂરતો સરકારી અંકુશ તેના ઉપર હોય છે.

આ વિભાગનું મીઠું પાસાદાર ગાંગડાના રૂપમાં હોય છે અને તે વરાગડું મીઠું કહેવાય છે જ્યારે દરિયાકાંઠા પરનું મીઠું ભૂકાના રૂપમાં હોય છે. તે 'ઘસિયું' કહેવાય છે.

અહીંના અગરોના વધેલા પાણીનો ઉપયોગ કરવા એક ખાનગી કારખાનું પણ ત્યાં ચાલે છે. તે વધારાનું પાણી ખેંચી લાવીને તેમાંથી કેટલાંક રાસાયણિક દ્રવ્યો તૈયાર કરે છે.

આ મીઠાની દુનિયા જોવા જેવી છે. પહેલાં તો સત્યાગ્રહના જમાનામાં ત્યાં પેસવાની પણ મુશ્કેલી હતી. હવે ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટની રજા લઈને સહેજે જઈ શકાય છે.

કરીમભાઈ વોરા

અગ્નિ

સિંહ બધાં જ પ્રાણીને એકસામટાં મારી ખાય નહીં માટે તેને રોજ એકેક પ્રાણી ખાવા મોકલવાની એક જૂની વાત છે. દરરોજ એક એક પ્રાણી સિંહ પાસે જાય અને તેથી બીજાં બધાં પ્રાણી નિર્ભય રહીને હરેફરે. વળી કેટલાક દૈત્યોની પણ એવા જ પ્રકારની વાત સાંભળવા મળે છે. દૈત્યને રીઝવવા રોજ ગામમાંથી એક એક માણસ જાય. છેવટે ભીમ જેવો કોઈ માણસ જાય ત્યારે દૈત્યને મારી નાખે ને આખા ગામને સુખ થઈ જાય.


અગ્નિનું પણ એવું જ છે. જંગલમાં દવ લાગે ત્યારે જંગલ આખું સાફ થઈ

જાય. જૂના જંગલી જમાનાનો માણસ અગ્નિનું આ તાંડવ જોયા કરે. તે ભય પામે, દૂર દૂર નાસે અને બચવા પ્રયત્ન કરે. છેવટે તે કૃત્રિમ રીતે અગ્નિ પાડતાં શીખ્યો અને તેને રીઝવવા કંઈક કંઈક તેમાં હોમવા લાગ્યો. અગ્નિને હોમ મળે નહિ તો વળી સિંહ કે દૈત્યની માફક તે બધા પર કેર વર્તાવે એના કરતાં એને રોજ ભોગ આપવો સારો. આમ અગ્નિને હોમ આપવાની શરૂઆત થઈ અગ્નિની દેવ તરીકે પૂજા થવા લાગી.

જૂના સમયમાં દેવતા પાડવાનું કામ બહુ અઘરું હતું. એક લાકડા ઉપર તે સળગી ઊઠે ત્યાં સુધી બીજું લાકડું ઘસવામાં આવતું. આ કામ મુશ્કેલ હતું. તે સમયના લોકોએ અનુભવથી કયા કયા વૃક્ષનાં લાકડાં જલદી સળગી ઊઠે છે તે શોધી કાઢેલું. એક



લાકડા ઉપર પાડેલા ઘીસામાં છરી જેવા ઘાટનું બીજું લાકડું ઘસવામાં આવતું. વળી એક લાકડા ઉપર પાડેલા ખાડામાં સારડી માફક બીજા લાકડાને ફેરવીને પણ અગ્નિ પડાતો. દીવાસળી



તો કોઈ સમજતું જ નહિ. ચકમકનું તો કોઈ નામે ન જાણે. પોલાદ તો લાવે જ કયાંથી ? લોકોને ધાતુની ખબર જ નહોતી.

એ જમાનામાં આવી રીતે દેવતા પાડવાનું કામ પવિત્ર ગણાતું. તેમાં વીસ મિનિટથી માંડી ત્રણચાર કલાક પણ થઈ જતા. એટલે તે સમયના રિવાજ મુજબ ખૂબ વિધિપૂર્વક નવો દેવતા પાડવાની ક્રિયા થતી. ચોમાસામાં તો આવી રીતે દેવતા પાડવો બહુ જ મુશ્કેલ. તેથી લોકો અગ્નિને સાચવી રાખતા. કેટલાંક ગામોમાં ગામની મધ્ય જગાએ અગ્નિ બળ્યા જ કરતો હોય. તેમાં નક્કી કરેલ માણુસ ઇંધણું

પૂરી તેને સળગતો જ રાખે. અગ્નિ વગર જીવવું લોકોને મુશ્કેલ લાગેલું. સૌ પોતપોતાના ચૂલા સળગાવવા ઊંબાડિયું ત્યાંથી લઈ જાય. કોઈ વાર ગામમાં રોગચાળો ચાલે તો લોકો કહે કે અગ્નિદાદા બહુ ઘરડા થયા છે, તેમને ઠારવા જોઈએ. તે દિવસે વિધિપૂર્વક આખા ગામના ચૂલા ઠારી નાખવા પડે. ગામની મધ્યમાં બળતો અગ્નિ ત્યારે ઠારી દેવાય પછી તે સમયનો જોષી મહુરત અને વિધિ બતાવે તે મુજબ ગામના આગેવાન માણસની દીકરી અગ્નિ સળગાવે. તે સમયના પુરોહિત મંત્રોચ્ચાર કરે અને જમીનમાં આડી ઊભી લીટીઓ દોરે. અને નવો અગ્નિ પ્રગટ થાય ત્યારે પ્રદક્ષિણા ફરી પગે લાગે.

બબીલાલ ગાંધી

ગામનું સ્વરાજ

[તા.૨૩-૬-'૫૧ના 'હરિજનબંધુ'માં પ્રગટ થયેલા શ્રી વિનોબાના ભાષણમાંથી નીચેનો ઉતારો આપ્યો છે.]

એક વાત હું તમને કહેવા ઇચ્છું છું. તમારા ગામની બાબતમાં જો તમે નહીં વિચારો તો બહારથી કોઈ આવીને તમારે માટે વિચારશે અને તમારું ભલું કરશે એ વિચાર ખોટો છે. તેથી તમારે તમારા કુટુંબની બહાર દૃષ્ટિ લઈ જઈને ગામની બાબતમાં વિચારવાનો અભ્યાસ કરવો જોઈએ. એ પ્રકારના અભ્યાસથી આખું ગામ જ એક દિવસ એક કુટુંબ બની જશે. પછી જે રીતે મા ઘરનાં બધાં માણસોને ખવાડયા વિના ખાતી નથી તેમ આ કમિટી પણ જોશે કે ગામમાં કોઈ ભૂખ્યું રહ્યું નથી. સૌને ખાવાનું મળી ગયું છે એમ જોઈને તે ખાશે. એ રીતે ગામની જવાબદારી ઉઠાવનારી આ કમિટી ગામમાં ગામનું રાજ્ય સ્થાપી શકે છે.

સ્વરાજ્યનો સાચો અર્થ એ છે કે દરેક ગામ પોતાના પગ પર ઊભું રહે અને બળવાન બને. જે રાજ્યમાં અને દેશમાં બળવાન ગામડાં હશે તે રાજ્ય અને તે દેશ બળવાન હશે. પણ જેનાં ગામડાં નિર્બળ હશે, તે દેશ અને તે રાજ્ય પણ નિર્બળ હશે. આપણા લોકોના હાથમાં સ્વરાજ્ય આવ્યું તેનો મતલબ એ સમજો કે દરેક ગામનું ફરીથી સંગઠન કરવાની તક આપણને મળી છે. હમણાં તો

એટલું જ સમજે કે આખા દેશને સ્વરાજ્ય મળી ગયું છે. પણ તેની અંદરનાં ગામોએ હજુ સ્વરાજ્ય મેળવવાનું બાકી છે. સ્વરાજ્ય પણ એક એવી અદ્ભુત ચીજ છે કે મારું સ્વરાજ્ય તમે ન આપી શકો. મારું સ્વરાજ્ય મારે જ મેળવવું જોઈએ. પ્રસંગ પડયે એમ બની શકે કે બીજો માણસ મારે માટે ભોજન લાવીને મને ખવડાવે. પણ એ કદી ન બની શકે કે બીજો માણસ મને સ્વરાજ્ય આપે. જેમ દરેક માણસ સ્વર્ગ અને નરક પામે છે, તો તે પોતાના જ પુણ્ય અને પાપથી પામે છે, તેમ ગામનાં પુણ્ય અને ગામનાં પાપ ગામને પોતાને ભોગવવાં પડશે અને તેનાથી ગામની ઉન્નતિ કે અવનતિ થશે.

આજે ચર્ચા થઈ રહી હતી ત્યારે લોકો આખા જિલ્લાની વાત કરવા લાગ્યા. મેં કહ્યું, જિલ્લાની વાત ન કરો, આ ગામની વાત કરો. તે લોકો કહેતા હતા કે આ જિલ્લામાં એક દવાખાનું ખોલવાનો વિચાર ચાલી રહ્યો છે અને તે માટે પૈસા પણ એકઠા થઈ રહ્યા છે. મેં કહ્યું, એવું થઈ રહ્યું હોય તો તે સારી વાત છે. પણ એટલાથી આ ગામની બીમારી દૂર થવાની નથી, કારણ કે જિલ્લાના કોઈ મોટા શહેરમાં તે દવાખાનું ખોલવામાં આવશે અને જે લોકો ત્યાં સુધી પહોંચી શકશે તેમની સેવા તે દવાખાનું કરશે, પણ જો આપણે ગામની બાબતમાં વિચારવું હોય તો એમ કરવું પડશે કે ગામની જ કાંઈ વનસ્પતિઓ અને ઔષધો ઉગાડવાં જોઈશે, અને તાજી વનસ્પતિઓ લઈને ગામના દરદીઓને આપવી જોઈશે. જો કોઈ એમ કહે કે અમે દરેક ગામમાં દવાખાનું ખોલીશું અને ત્યાં બહારથી દાક્તર લાવીશું. તે ગામની સેવા કરશે, તો હું કહીશ કે ભાઈ, આ નવો રોગ ગામમાં લાવશો મા. હું તો કહીશ કે ગામના રોગનો ઇલાજ ગામની વનસ્પતિથી જ થવો જોઈએ. પરમેશ્વરની એ કૃપા છે કે તેણે માણસને જ્યાં પેદા કર્યો છે ત્યાં જ તેને બધી સગવડો આપી છે. માણસને ભૂખ છે તો તેને રોટલો મેળવવાની યોજના ભગવાને કરી છે.

જ્યાં માણસને તેણે ભૂખ આપી ત્યાં ભૂખનિવારણની અક્કલ પણ તેને આપી. તે જ પ્રમાણે જ્યાં દરદો છે, ત્યાં જ તે દૂર કરવાનો ઇલાજ પણ જરૂર હોવો જોઈએ. જો એમ આશા રાખશો કે ગામના રોગોનો ઇલાજ હૈદરાબાદ કે મેદકનો દાક્તર કરશે તો તે દાક્તરોનો બોજો આ ગામ પર પડશે. તે સિવાય બીજું કાંઈ થવાનું નથી.

પૂરું થતું પખવાડિયું

કોંગ્રેસમાંથી છૂટા થનાર આગેવાનોનું પટણા ખાતે આચાર્ય કૃપાલાનીના પ્રમુખપદ નીચે અધિવેશન મળ્યું હતું. આ અધિવેશનમાં એક નવા રાજકીય પક્ષની સ્થાપના કરવામાં આવી હતી અને તેનું નામ 'કિસાન-મજૂર પ્રજાપક્ષ' રાખવામાં આવ્યું હતું.

પૂર્વ પંજાબમાં સ્થાયી અને કાર્યદક્ષ પ્રધાનમંડળ સ્થાપી શકાય એમ નથી એવી ત્યાંના ગવર્નરે રાષ્ટ્રપતિને કરેલી જાણ પછી રાષ્ટ્રપતિએ જાહેરનામું બહાર પાડીને પૂર્વ પંજાબનો રાજવહીવટ પોતાના હાથમાં લીધો છે. અને તેમના વતી ત્યાંનો રાજવહીવટ સંભાળવાનું ત્યાંના ગવર્નર સર ચંદુલાલ ત્રિવેદીને સૂચવ્યું છે.

મુંબઈ રાજ્યમાં લોકોને અપાતા રેશનમાં મૂકવામાં આવેલો ૨૫ ટકાનો કાપ તા. ૧ લી જુલાઈથી રદ કરવામાં આવશે એમ મુંબઈ રાજ્યના પુરવઠા ખાતાના પ્રધાન શ્રી. દિનકરરાવ દેસાઈ જણાવ્યું છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ | અંક ૨૩

વાર્ષિક લવાજમ: દેશમાં રૂ. ૩
છમાસિક " " રૂ. ૨

અમદાવાદ, ૨૫મી જુલાઈ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂા. ૫; શિ. ૮

હિંદુઓને

તમે વૈષ્ણવો, શૈવો, ગમે તે હિંદુ હો તે સમજી લેજો. તમારો ધર્મ ત્રાજવામાં તોળાઈ રહ્યો છે. તમને ખબર નથી કે જગતને ખૂણેખૂણે પારસી, ખ્રિસ્તી, મુસલમાન જાણવા ઇચ્છે છે કે કયો ધર્મ સાચો છે; કયામાં વધારે દયા છે, પ્રેમ છે, કયામાં એક ઈશ્વરની પૂજા છે. એવા કાળમાં તમે સમજો કે હિંદુ ધર્મનો મેલ દાબડામાં રાખીને તમે તેની રક્ષા કરશો તો તે ફોકટ છે. તમારાં ટીલાંટપકાં, તમારાં દેરાં વગેરે બધું નકામું છે, જ્યાં સુધી તમારાં હૃદય પ્રેમથી — માનવમાત્ર માટેના, પ્રાણીમાત્ર માટેના પ્રેમથી ભીંજાયેલાં નથી.

પૂર્ણની પરીક્ષા

પૂર્ણ નામે ભગવાન બુદ્ધનો એક શિષ્ય હતો. ભગવાન પાસે રહી ધર્મ શીખ્યા પછી તેણે જવાની આજ્ઞા માગી.

બુદ્ધે તેને પૂછ્યું: 'પૂર્ણ, તું કયા દેશમાં જવા ધારે છે?'

પૂર્ણ — ભગવાન હું સુનાપરન્ત નામના પ્રદેશમાં જવા ધારું છું.

બુદ્ધ — પૂર્ણ, તે પ્રાંતના લોકો ઘણા કઠોર અને ક્રૂર છે. તેઓ તને ગાળો દેશે અને તારી નિંદા કરશે, ત્યારે તને કેવું લાગશે?

પૂર્ણ—હે ભગવન્, તે વખતે હું એમ વિચારીશ કે, એ લોકો મને ગાળો દે છે તથા મારી નિંદા કરે છે; પણ તેઓ મને હાથ વડે મારતા નથી, માટે તેઓ બહુ સારા છે.

બુદ્ધ—અને જો તેઓ તને હાથ વડે મારશે, તો તું શું માનીશ?

પૂર્ણ — તો હું સમજીશ કે, તેઓએ મને હાથ વડે માર્યો, પણ પથ્થરથી માર્યો નહીં, તેથી તે લોકો સારા છે.

બુદ્ધ— જો તેઓ તને પથ્થરથી મારશે તો?

પૂર્ણ—તેઓએ મને પથ્થરથી માર્યો, પણ દંડાથી માર્યો નહીં, માટે તે લોકો બહુ સારા છે, એમ હું સમજીશ.

બુદ્ધ—અને તેઓ તને દંડાથી મારશે તો?

પૂર્ણ— તેઓએ મને દંડાથી માર્યો, પણ શસ્ત્રોથી ઘાયલ કર્યો નહીં, એ તેમનું ભલપણુ છે, એમ હું સમજીશ.

બુદ્ધ—અને તેઓ તને શસ્ત્રોથી ઘાયલ કરશે તો?

પૂર્ણ—તો તેઓએ મને ઠાર માર્યો નહીં, એ તેમની ભલાઈ છે, એમ માનીશ.

બુદ્ધ—અને તેઓ તને ઠાર મારવા તૈયાર થશે તો?

પૂર્ણ—ભગવન્, ઘણા સાધુઓ શરીરથી કંટાળી આપઘાત કરે છે. હું પણ શરીરથી કંટાળું તે પહેલાં જ એ લોકો મને શરીરથી મુક્ત કરે છે, એમ સમજી હું તેમનો બહુ જ ઉપકાર માનીશ.

ભગવાન બુદ્ધ પૂર્ણના વિચારોથી પ્રસન્ન થઈ બોલ્યા: 'શાબાશ! પૂર્ણ, શાબાશ! તું સુનાપરન્ત દેશમાં જઈ ઉપદેશ કરવાને પૂરો લાયક છે.'

પારકું અને પોતાનું

ઘણું કરીને આપણે આપણને શામાં લાભ છે, એનો જ વિચાર કરતા હોઈએ છીએ. બીજાની વાત હોય તો આપણે ખૂબ જ પ્રામાણિક અને સત્યપ્રિય હોઈએ એમ આપણો અભિપ્રાય આપીએ છીએ. પરંતુ એ જ વસ્તુ પોતાની જ બાબતમાં બને ત્યારે આપણે સ્વાર્થને વશ થઈ આપણી બાજુ સુરક્ષિત રાખીને વાતો કરવા લાગીએ છીએ.

એક ન્યાયાધીશ હતા. તે હંમેશાં સાચો ઇન્સાફ આપતા એમ કહેવાતું હતું. તે કદી લેશ માત્ર પણ કચાશ બતાવતા નહીં. કોઈને ફાંસીની સજા કરવી પડે તો ખમચાયા વિના સાચો ન્યાય આપતા.

એક વખતે એવું બન્યું કે એ ન્યાયાધીશના છોકરાએ જ કોઈનું ખૂન કર્યું. પોલીસો તેને પકડી લઈ આવ્યા. અને

તે જ ન્યાયાધીશની સામે તેને ઊભો કરવામાં આવ્યો. પોતાના જ છોકરાને ફાંસી આપવાનું તેને ક્યાંથી ગમે? એટલે તે તો કચેરીમાં કહેવા લાગ્યો, "ફાંસીની સજા એ જંગલી રિવાજ છે. જે દેશો સુધરેલા ગણાય છે ત્યાં એ રિવાજ નાબૂદ કરવામાં આવ્યો છે. આપણે પણ જો સુધરેલા ગણાવું હોય તો ફાંસીની સજા કાઢી નાખવી જોઈએ. માણસમાત્ર ભૂલને પાત્ર છે. ગુસ્સામાં કે આવેશમાં આવી જઈને તે ખૂન કરી બેસે છે. પરંતુ આવેશ શમી જતાં એને પસ્તાવો થાય જ છે. માટે એને પસ્તાવો કરીને સુધરવાની તક આપવી જોઈએ."

ન્યાયાધીશ સામે પોતાનો છોકરો હોવાથી તે આવી મોટી મોટી વાતો કરવા લાગ્યો. જો એની સામે બીજો કોઈ માણસ હોત, તો ન્યાયાધીશે તેને ખમચાયા વિના ફાંસીની સજા કરી હોત. આપણે પણ જ્યાં આપણું હોય ત્યાં આ ન્યાયાધીશની માફક જ વર્તીએ છીએ.

પરંતુ કેટલાક માણસો એવા પણ હોય છે જે બીજાને માટે પોતાનું જતું કરે છે. એકવખતે બાજીરાવ પેશવાએ માળવા પર ચડાઈ કરી. થોડા વખત પછી પાછા ફરતાં એ લોકો પાસે અનાજ ખૂટી ગયું. બાજીરાવે પોતાના નાયકને થોડા માણસો સાથે આસપાસના પ્રદેશમાંથી અનાજ લઈ આવવા મોકલ્યો.

નાયક અને તેના માણસો ડુંગરાળ અને ઉજ્જડ પ્રદેશમાં કેટલાય ગાઉ સુધી ભટક્યા. પણ ક્યાંય અનાજ કે માણસ દેખાય નહીં.

છેવટે તેઓએ એક ઘરડા માણસને આવતો જોયો. તરત

એની પાસે ગયા અને બોલ્યા, "અરે ડોસા, અમે બાજીરાવના માણસો છીએ. આટલામાં કોઈ અનાજવાળું ખેતર છે? એ અમને બતાવ તો જ તને જીવતો જવા દઈશું."

પેલા વૃદ્ધ માણસે ધીરેથી કહ્યું, "મારી પાછળ પાછળ આવો. હું તમને અનાજવાળું ખેતર બતાવું."

થોડે દૂર ગયા એટલે એક ખેતર આવ્યું. તે જોઈને નાયક અને તેના સાથીદારો ખુશ ખુશ થઈ ગયા. પણ પેલા માણસે કહ્યું, "ભાઈઓ, આ ખેતર કરતાં પણ વધારે અનાજવાળું ખેતર આગળ છે. ત્યાંથી તમને જેટલું અનાજ જોઈએ તેટલું લેજો."

એકાદ ગાઉ ચાલ્યા પછી બીજું ખેતર આવ્યું. એ ખેતર પેલા ખેતર કરતાં મોટું ન હતું અને તેમાં પાક પણ સારો ન હતો. તેથી નાયક પેલા ડોસા પર ગુસ્સે થઈને બોલ્યો, "હરામખોર, અમને આટલું બધું રખડાવી આવા નકામા ખેતર પાસે શા માટે લઈ આવ્યો?" પેલો વૃદ્ધ માણસ શાંતિથી બોલ્યો, "નાયકસાહેબ, પેલું ખેતર પારકાનું હતું. પારકાના માલને આમ લૂંટાવી દેવાનો મને શો અધિકાર છે? આ ખેતર મારું જ છે. તમને જેટલું અનાજ જોઈએ તેટલું ખુશીથી લઈ જાઓ."

આ સાંભળીને નાયક અને તેના સાથીદારો નવાઈ પામી પેલા પરોપકારી વૃદ્ધ માણસને જોઈ જ રહ્યા.

સુકુલભાઈ

આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.

વધુ સારી સાવરણીઓ

[આપણા દેશમાં હજારો વર્ષથી સાવરણીઓ બને છે. તેમાં સુધારાને કંઈ અવકાશ છે, એમ આપણા નિષ્ણાતોને કદી લાગ્યું છે? આપણી સુંવાળી સાવરણીના ઘાસની અમેરિકામાં કેવી પ્રગતિ થઈ છે, તથા ઉદ્યોગી પુરુષ લક્ષ્મીને પામે છે, અને લક્ષ્મીનો સાવરણીમાં વાસ છે એમ પણ આપણામાં માન્યું છે; એ શી રીતે તે નીચે બતાવ્યું છે.]

યુનાઈટેડ સ્ટેટ્સમાં સાવરણી બનાવવા માટેના ઘાસની જાતમાં સુધારો થશે એવી આશા રખાય છે. આ સુધારો થતાં ઘાસ ઉગાડનારાઓને સારું વળતર મળશે અને દેશની ગૃહિણીઓને સારી જાતની સાવરણીઓ વાપરવાનો લાભ મળશે.

આ ઘાસની ટોચે લાંબાં ફૂલોનું ઝૂમખું શોભતું હોય છે. મૂળ આ ઘાસ ભારતમાં ઊગતું હતું. યુરોપ અમેરિકામાં પણ લાંબા કાળથી આ ઘાસ ઉગાડવામાં આવે છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં ખેતી-વૈજ્ઞાનિકો માને છે કે તેમણે કરેલા અભ્યાસના આધારે એ ઘાસના રેસામાં સુધારો થશે અને તેનો દરેકેદરેક ભાગ ઉપયોગમાં લઈ શકાશે. તેમના અહેવાલ પ્રમાણે નીચેની શકયતાઓ જણાય છે :

૧. એનો રંગ પાકો રહેશે અને એમાં જીવાત પડી શકશે નહીં.

૨. ઘાસના સાંઠા રસાળ હશે, તેનો ઉપયોગ પશુઓના ચારા માટે થઈ શકશે. ઉપરનો ભાગ સાવરણી બનાવવામાં ખપ લાગશે.

૩. અત્યાર સુધી એનાં બીજ નકામાં ગણી ફેંકી દેવાતાં

આપણા શરીરમાં આંખ આંખનું કામ કરે છે, કાન કાનનું કામ કરે છે. આંખ એમ નથી વિચારતી કે કાન શું કરે છે, તે તો પોતાનું કર્તવ્ય જ વિચારે છે. એ પ્રમાણે દરેક અવયવ પોતપોતાના કાર્યમાં જાગ્રત છે તેથી પોતાના શરીરમાં પોતાનું રાજ્ય ચાલે છે. માનો કે કોઈના કાન બહેરા છે અને તેની આંખ સારી છે, પણ આંખ એમ વિચારે કે કાન પોતાનું કામ કરતા નથી તો હું પોતાનું કામ શા માટે કરું? તો શરીરની શી હાલત થાય? પણ એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિયોની તરફ જોતી નથી પણ પોતાની જવાબદારી સમજીને તેને પાર પાડે છે, તેથી આ શરીર સારી રીતે ચાલે છે. પણ આ દેશમાં લોકોની જીભેથી ઘણે ભાગે હું એમ સાંભળું છું કે ફલાણો કામ કરતો નથી, અમુક કામ કરતો નથી. પણ તે પોતે કયું કામ કરે છે તે વિષે તે બોલતો જ નથી. આ જોઈને મને લાગે છે કે સ્વરાજ્ય હજુ ઘણું દૂર છે.

એક પ્રકારનું સ્વરાજ્ય તો મળી ગયું, પણ તે સાચું સ્વરાજ્ય નથી. એ તો એટલું જ થયું કે બીજા દેશના પંજામાંથી આપણો દેશ છૂટી ગયો. આપણા ઘરમાં વાઘ ઘૂસી ગયો હતો તેને બહાર કાઢ્યો એટલાથી આપણું કામ થાય નહીં. એમ કોઈ નહીં કહે કે ભાઈ, વાઘ તો ચાલ્યો ગયો, હવે રસોઈ કરવાની શી જરૂર છે? પણ એમ કહેશે કે હવે વાઘ જતો રહ્યો છે તો પોતાના ઘરનું કામ શરૂ કરો. તો દરેક ગામ, દરેક ઘર અને દરેક માણસે એ વિચારવું જોઈએ કે સ્વરાજ્ય આવ્યું છે તેનો અર્થ મારા પર જવાબદારી આવી છે. ગામમાં સેંકડો કામ એવાં હોય છે કે ગામવાળા જો એકબીજાને મદદ કરે તો ખુશીથી થઈ શકે. જો દરેક ગામ એ જ વિચારશે કે અમને બહારથી મદદ મળવી જોઈએ તો દરેક ગામને ક્યાંથી મદદ આવશે? આપણે સમજવું જોઈએ કે આપણે લોકો ગરીબ છીએ તો આપણી સરકાર શ્રીમંત કેવી રીતે હોઈ શકે? તે પણ ગરીબ જ હશે.

જુઓ, માણસોના હિસાબથી આપણા દેશની સરકારની સંપત્તિ કેટલી છે? અને અમેરિકાની સરકારની સંપત્તિ કેટલી છે? આપણી સરકારને

આપણે બળવાન બનાવવાની છે. આ દૃષ્ટિ આપણી પ્રજામાં જ્યારે આવશે ત્યારે તે પોતે જ પોતાનું કામ કરવા લાગશે અને સ્વરાજ્યનો અનુભવ આપણા લોકોને થશે. હા, એમ હોઈ શકે કે તમારા ગામમાં તમે કોઈ ઉદ્યોગ ઊભો કરવા ઇચ્છો અને કોઈ તરુણો તે માટે તૈયાર થાય અને તેમને ક્યાંકથી તાલીમ આપીને લાવવા હોય તો તે કામ માટે સરકાર પાસેથી તમે મદદ માગી શકો છો. મતલબ કે સરકાર તરફથી તાલીમની એક નાનીશી મદદ આપણને મળી શકે છે, અને તે માગવી જોઈએ. પરંતુ તાલીમ, એટલે ઉદ્યોગની તાલીમ, વાંચવાલખવાનું તો ગામવાળાઓ પોતાના ગામમાં પોતે જ કરી લે. જે ધંધા અથવા ઉદ્યોગ ગામમાં ચાલુ નથી તે માટે સરકાર થોડી સ્કોલરશિપ આપી શકે, અને વ્યવસ્થા કરી શકે છે. દરેક ગામમાં જે ખેતી થશે તેમાં પરિશ્રમ કરવાનું ગામવાળાનું જ કામ રહેશે. પણ ખેતીમાં જો કોઈ જંતુ વધી જાય અને તેથી ખેતી બગડે તો તે માટે શો ઉપાય કરવો તે સરકારને પૂછી શકો છો અને સરકાર પાસેથી એવી સલાહ મળી શકે છે. એમ સમજો કે જેમ પોતાના કુટુંબનો બધો કારભાર આપણે પોતે કરીએ છીએ પણ પોતાના પાડોશીઓ પાસેથી ક્યારેક થોડી મદદ ઇચ્છીએ છીએ તો મળી જાય છે એ પ્રમાણે એક ગામને બીજા ગામની થોડીઘણી મદદ મળી શકે. પરંતુ મુખ્ય જે કામ કરવાનું હશે તે તો ગામવાળાઓએ પોતાના પગ પર ઊભા રહીને જ કરવું જોઈશે. એમ સમજો કે હું પોતાના જ પગ પર ઊભો રહું છું, પોતાની આંખથી જ જોઉં છું. પોતાના કાનથી સાંભળું છું. એમ બીજાઓ પણ પોતાની ઇન્દ્રિયોથી કામ લે છે. તોપણ આપણે એકબીજાને કાંઈક મદદ કરીએ છીએ. એટલે કે આપણે પંગુ બનીને એકબીજાને મદદ ન કરીએ એમ કરતા નથી. પણ આપણે પોતપોતાના શરીરનો પૂરો ઉપયોગ કરીને બળવાન બનીએ છીએ અને બળવાન બનીને બીજાની મદદ લઈએ છીએ, બીજાને મદદ આપીએ છીએ. હું એમ નથી કહેતો કે 'તમારી આંખે મારે જોવું છે, તમારા કાનથી મારે સાંભળવું છે.' હું તો

પોતાની આંખેથી જોવાની જવાબદારી માનું છું. અને તમારી મદદ લઉં છું. એ પ્રમાણે એકબીજાનો એકબીજા પર થોડો થોડો ઉપકાર થઈ શકે છે.

આ પ્રમાણે સ્વાવલંબન અને પરસ્પર સહકાર, આ બંને ચીજો સ્વરાજ્યમાં દરેકે શીખવી જોઈશે. આ બંનેની પોતપોતાની મર્યાદા શી છે તે દરેક જાણવું જોઈએ, એક માણસને પણ આ ચીજ લાગુ પડે છે, ગામને પણ લાગુ પડે છે.

ગૃહઉદ્યોગના ચમત્કાર

અન્નઅને વસ્ત્ર માણસના જીવનની પ્રથમ જરૂરિયાતની ચીજો છે. માણસ તેમાં સ્વાવલંબી બને તો જીવનની ઘણી મુશ્કેલીઓ ઓછી થઈ જાય. હજારો વર્ષ પહેલાં હિંદુસ્તાનમાં અન્ન અને વસ્ત્રનું સ્વાવલંબન હતું. પણ દેશમાં અંગ્રેજોનાં પગરણ થયાં ત્યારથી હિંદુસ્તાન ગુલામ બન્યું. પોતાની સ્વતંત્રતા સાથે સ્વાવલંબન ગુમાવી પરાવલંબી બની બેઠું. પૂ. બાપુજીએ આવીને સ્વાવલંબનનો મંત્ર ફરી દેશને આપ્યો. અને વસ્ત્રસ્વાવલંબન માટે રેંટિયો આપી ખાદીનો યુગ શરૂ કર્યો. અને હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં ખાદીના કામનો ભારે વિકાસ થયો.

રાષ્ટ્રીય સરકારો સત્તા ઉપર આવી એટલે કેટલાક પ્રાંતોમાં તેમણે ગ્રામ-ઉદ્યોગનું કામ હાથ ધર્યું. મુંબઈ રાજ્ય-માં ગ્રામઉદ્યોગના વિકાસ માટે સરકારે ગ્રામ ઉદ્યોગ સમિતિ સ્થાપી. આ સમિતિ નાનામોટા ઘણા ઉદ્યોગ ચલાવે છે. તેમાં ખાદીનો ઉદ્યોગ સૌથી મહત્ત્વનો અને મુખ્ય છે.

ગુજરાતમાં ગ્રામઉદ્યોગ સમિતિ ઘણાં ખાદીનાં કેન્દ્રો ચલાવે છે. તેમાં અમદાવાદનો મહીપતરામ રૂપરામ અનાથઆશ્રમ એક મહત્ત્વનું કેન્દ્ર છે. ત્યાંની બહેનો રસપૂર્વક સૂતર કાંતવાનું અને ખાદી વણવાનું કામ કરે છે. આશ્રમની પચાસ જેટલી બહેનો આ ઉદ્યોગ પાછળ મંડી પડી છે. દિવસનું

પોતાનું નિશાળે જવાનું, નાનાં બાળકોની દેખરેખ રાખવાનું, પોતાને ભાગે આવતી આશ્રમની ફરજોનું વગેરે કામકાજ કરતાં જે સમય ફાજલ પડે છે તેનો ઉપયોગ ખાદી ઉત્પન્ન કરવામાં કરે છે. આશ્રમની આ પચાસ બહેનોએ ગઈ ગાંધી જયંતી ઉપર ૮૧ દિવસના સંકલ્પમાં ૧૧ મણ જેટલું સૂતર કાંત્યું. જેમાંથી લગભગ અગિયારસો ચો. વાર ખાદી થઈ ગણાય. એટલે સંકલ્પના દિવસોમાં દરેક બહેને લગભગ ૨૪ ચો. વાર ખાદી પેદા કરી લીધી. ત્યાર પછી સપ્ટેમ્બરથી મે સુધીના આંકડા જોતાં આ પચાસ બહેનોએ ફરી ૧૧ મણ અને ૭ શેર સૂતર કાંત્યું છે. તેની આંટી ૭૨૫૦ થઈ. ૧૬ આંકનું સૂતર ગણીએ તો તેમાંથી ૧૧૮૨ ચો. વાર. ખાદી થઈ અને સરેરાશ કાઢતાં દરેક બહેનને ભાગ ૨૪ ચો. વાર ખાદી આવે. અનાથઆશ્રમની બહેનોનો આ દાખલો અનુકરણીય અને પ્રસંશનીય છે. તેમના હાથમાં આવો પવિત્ર અને જીવનની મહત્ત્વની જરૂરિયાતનો ઉદ્યોગ આવ્યો છે, તેને પ્રેમપૂર્વક અપનાવી જે ચમત્કાર કરી બતાવ્યો છે તે બદલ તે બહેનો ધન્યવાદને લાયક છે.

આપણા દેશનાં હજારો ભાઈ-બહેનો પોતાનો મહા કીમતી સમય આળસમાં, ગપ્પાંબાજીમાં, તડાકા હાંકવામાં અને બેકાર ગુમાવે છે. તેને બદલે તે જનશક્તિ જો આવી જીવનની જરૂરિયાતની ચીજ પેદા કરવા પાછળ વળે તો દેશમાં મોટો ચમત્કાર થાય. દેશની લાખો રૂપિયાની મૂડી દેશમાં જ રહે, સ્વાવલંબન વધે અને પરાવલંબી જીવન પૂરું થાય, તથા દેશના હજારો કારીગરોને ધંધો મળે. પણ જ્યાં સુધી પ્રજા આ ગૃહઉદ્યોગનું મહત્ત્વ સમજે નહીં ત્યાં સુધી શું થાય !

એ જ રીતે ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં મિલોને બદલે હાથછડના કારીગરો — રાણાઓ પાસે ડાંગર ભરડાવવાનો અખતરો ગ્રામઉદ્યોગ સમિતિએ કર્યો. ડાંગર મિલોમાં ભરડાવવાથી ઘણું નુકસાન છે. ચોખાની ઉપર જે વિટામિન બીનાં તત્ત્વો છે તે ઘોવાઈ જાય છે, હજારો કારીગરોને બદલે મૂડીદારો પોષાય છે, પૉલિશ થવાથી લાંબે ગાળે બેરીબેરીનો રોગ થાય છે. હાથછડના ઉદ્યોગમાં તે બધા ફાયદા છે.

ગ્રામઉદ્યોગ સમિતિની માગણીથી સરકારે ચાલુ સાલે ઉત્પાદનના ૫૦ ટકા ડાંગર હાથછડ માટે રાણાઓને ઘંટીઓથી ભરડવા આપવાનું સ્વીકાર્યું. એ રીતે ગુજરાતના ખેડા, અમદાવાદ, પંચમહાલ તથા સુરત એમ ચાર જિલ્લાઓમાં ડાંગર ભરડવાનું કામ ચાલ્યું. ૧૨ કેન્દ્રોમાં ૧૮૩૩ કારીગરોએ ડાંગર ભરડવાનું કામ કર્યું. ૫૬૦ ઘંટીઓ ડાંગર ભરડવા માટે ફરવા લાગી ગઈ હતી. ચારેક મહિનાના ગાળામાં ૧,૬૫,૦૬૫ બં. મણ ડાંગર ભરડાઈ તેમાંથી ૧,૧૨ હજાર બં. મણ ચોખા તૈયાર થયા ગણાય. મિલોમાં પૉલિશ કરવાથી દશ ટકા ઉતાર ઓછો આવે છે. તે એક મોટો ફાયદો ગૃહ ઉદ્યોગમાં છે.

આખા દેશની ડાંગર આ રીતે ગૃહઉદ્યોગ મારફતે ઘંટીઓથી કારીગરો મારફતે ભરડાવાય તો દેશને કેટલો મોટો ફાયદો થાય! જ્યારે દેશ ગૃહઉદ્યોગ તરફ વળશે ત્યારે સાચું સ્વરાજ અને સુખ સ્થપાશે.

રણછોડભાઈ ખા૦ પટેલ

પ્રજાનું આરોગ્ય

'સરકારની સામે એ આદર્શ છે કે, રાજ્યના દરેક નાગરિકને રોગમુક્ત થવાની તક આપવી જોઈએ, એટલું જ નહીં, પણ દરેક નાગરિક તંદુરસ્ત રહેવો જોઈએ; એટલે કે, તેને કુદરતે જે શારીરિક, માનસિક, આધ્યાત્મિક શક્તિ આપી છે તેનો વિકાસ થવો જોઈએ.'

—ડૉ. ગિલ્ડર

પહેલાંના વખતમાં રાજ્યની ફરજ સામાન્ય રીતે લોકોનું રક્ષણ કરવા પૂરતી ગણાતી હતી; પરંતુ આજના જમાનામાં રાજ્યની ફરજોનો વિકાસ થયો છે; અને પ્રગતિશીલ રાજ્યો પ્રજાની કેળવણી, આરોગ્ય વગેરે માટે વધારે ખર્ચ કરે છે. આ દૃષ્ટિએ હાલમાં મુંબઈ સરકાર તેના આરોગ્ય ખાતા મારફત શું શું કરે છે તે ટૂંકામાં જોઈએ:

૧. મુંબઈ સરકારના આરોગ્ય ખાતાનું ખર્ચ ૧૯૩૫–૩૬ની સાલમાં રૂ. ૨૨ લાખ હતું તે ૧૯૪૯–૫૦માં વધીને રૂ. ૨૧૮ લાખ થયું છે એટલે

ચૌદ વરસમાં લગભગ દસ ગણું થયું છે.

૨. મુંબઈ પ્રાંતમાં દર હજારની વસ્તીએ મરણપ્રમાણ સને ૧૯૩૨–૩૫ ના ગાળામાં ૨૫.૧૧ હતું. તે ૧૯૪૯ માં ઘટીને ૧૯.૨૫ થયું હતું.

૩. આ રાજ્યમાં ૬૦૦૦ ગામડાં એવાં હતાં, જ્યાં નજીકમાં પીવાના પાણીની સગવડ નહોતી અને ૨૦૦૦ ગામડાં એવાં હતાં, જ્યાં ચોમાસા પહેલાં પીવાનું પાણી મેળવવાની મુશ્કેલી પડતી હતી. આમાંથી સરકારે ૩૦૦૦ ગામોમાં કાયમી પાણી મળે તેવી વ્યવસ્થા કરી છે અને બીજા ૨,૧૫૨ કૂવા-તળાવનું કામ ચાલુ છે. તે ઉપરાંત ૧૫૦૦ કૂવા કરવા માટે મંજૂરી અપાઈ છે. આ બધા કામ પાછળ લગભગ ૩ કરોડ રૂપિયા ખરચાશે.

મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડોને આવાં કામ કરવા માટે રૂ. ૧૭ કરોડની મદદ મળશે.

૪. દરેક જિલ્લાના આરોગ્ય અધિકારી કૂવાનાં પાણી ચોખ્ખાં રાખવાની વ્યવસ્થા કરે છે. બળિયા જેવા ચેપી રોગો અટકાવવા પગલાં લે છે. અને મોટા મેળાઓ અને ઉત્સવો વખતે સ્વચ્છતા જાળવવાની કાળજી રાખે છે.

ચેપી રોગો ફાટી નીકળે ત્યાં મદદ કરવા માટે ખાસ આરોગ્ય ટુકડીઓ મોકલવામાં આવે છે. તેમની સાથે મોટર, ખાટલાઓ અને જરૂરી સાધનો હોય છે.

૫. મલેરિયા અટકાવવા માટે ખાસ વિભાગો પસંદ કરીને ત્યાં પ્રયોગ કરવામાં આવે છે. આ રીતે દક્ષિણમાં કન્નડ વિભાગમાં પ્રયોગ કરીને ત્યાં દર હજારની વસ્તીએ મલેરિયાથી થતાં મરણનું પ્રમાણ ૨.૧ થી ઘટાડીને ૦.૮ સુધી લાવવામાં આવ્યું છે. આથી ત્યાંના લોકો વધારે કામ કરી શક્યા અને તેમને મજૂરીમાં વાર્ષિક લગભગ સાડાપાંચ લાખનો ફાયદો થયો.

આ કામ માટે ૯૦ લાખની વસ્તીમાં પ્રયોગ કરવા સારુ રૂ. ૨૭ લાખ મંજૂર થયા છે.

આમાં પોણા ભાગનું ખર્ચ ડી. ડી. ટી. નામની જંતુનાશક દવા છાંટવામાં થાય છે. તે પરદેશથી લાવવી પડે છે અને દિવસે દિવસે મોંઘી થતી જાય છે. તેથી તે દેશમાં જ બનાવવાનો પ્રયત્ન થાય છે.

(આરોગ્ય પ્રધાનના એક ભાષણ ઉપરથી) વિ૦

પૂરું થતું પખવાડિયું

હિંદ સરકારના ખોરાક ખાતાના પ્રધાન શ્રી. કનૈયાલાલ મુનશીએ મુંબઈ ખાતે જણાવ્યું છે કે દેશ ઈશ્વરકૃપાએ અત્યારની ખોરાકની કટોકટી વટાવી ગયો છે.

મુંબઈ ધારાસભાની આવતી બેઠક ૧૭મી ઑગસ્ટે પૂના ખાતે મળશે.

હિંદ અને બ્રહ્મદેશ વચ્ચે સુલેહ અને મિત્રાચારીના કરારો થયા છે. કરારની મુદત પાંચ વરસની છે.

મહાસમિતિની બેઠક તા. ૧૪ તથા ૧૫ જુલાઈએ બૅંગલોર ખાતે મળશે.

મુંબઈ રાજ્યના ન્યાયતથા વહીવટી ખાતું જુદું પાડવાને લગતા કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી મળી છે.

મ૦

અમદાવાદ શહેર સમાજ-શિક્ષણ સમિતિ

[ગયા જૂન માસનો હેવાલ]

	પરીક્ષામાં બેઠા	પાસ થયા	માસ આખરે સં.
૧લી શ્રેણી પુરુષ	૧૫૬	૧૪૦	૩૦૦
સ્ત્રી	૭૬	૭૦	૩૨૬
૨જી શ્રેણી પુરુષ	૨૨	૨૨	૨૧૨
સ્ત્રી			૧૧૬
	૨૫૪	૨૩૨	૯૫૪

વિષયસૂચિ પૃષ્ઠ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

લોકજીવન

યથા પ્રજા તથા રાજા

વર્ષ ૩ અંક ૨૪

વાર્ષિક લવાજમ: દેશમાં રૂા ૩
છમાસિક „ „ રૂા. ૨

અમદાવાદ, ૧લી ઑગસ્ટ, ૧૯૫૨

વાર્ષિક લવાજમ: પરદેશમાં
રૂા. ૫; શિ. ૮

રચનાત્મક કાર્ય

રચનાત્મક કાર્યને દઢતા ને ધીરજપૂર્વક વળગી રહેવાથી તેમાંથી જે શક્તિ પેદા થઈ શકે છે તેને બીજી કોઈ પ્રવૃત્તિ ન અડકી શકે એવો મારો અભિપ્રાય છે. હું જાણું છું કે આ રચનાત્મક કાર્યોમાં સામાન્યપણે કોઈને રસ નથી હોતો. તેનાં બે કારણો મને ભાસ્યાં છે. એક તો એ કે એ કામો ગામડાંને સ્પર્શ કરે છે. આપણા કાર્ય કરનારા શહેરોમાં ઊછરેલા હોય છે, અંગ્રેજી નિશાળો-કૉલેજોમાં કેળવણી પામેલા હોય છે, એટલે તેઓને ગામડિયાઓના [illegible]માં રસ ઓછો હોય છે, તેઓ પોતાને ગામડાંમાં રહેવા લાયક નથી ગણતા, ને ગામડિયાઓના સંગમાં આવવાની કળા તેઓ જાણતા નથી. બીજું કારણ આપણું આળસ ને તેમાંથી નીપજેલું અજ્ઞાન છે. ખાદી ઇત્યાદિ રચનાત્મક કાર્ય સતત જાગૃતિ, મહેનત,

અભ્યાસ અને ઉદ્યમ માગે છે, તે આપવાની આપણી તૈયારી નથી હોતી; અને પછી તે મહાકાર્યોમાં રસ ઉત્પન્ન નથી થતો તેથી પોતાનો દોષ કાઢવાને બદલે આપણે તે કામો જ નીરસ છે એમ માની બેસીએ છીએ.

૧૯૩૭ ગાંધીજી

ઘરકામ

દરેક ઘેર સવારથી સાંજ સુધી થતું કામકાજ જો જુઓ, તો શું જોવા મળશે? નાનાં-મોટાં અને ભાત ભાતનાં કામો ઘેરેઘેર કરવાનાં હોય છે. પાણી ભરવું, ઢોર હોય તો તેનું વાસીદું વાળવું, તેને દાણોપાણી નીરવાં, ઘરનો કચરોપૂંજો વાળવો, કપડાં ધોવાં, દળવું, ખાંડવું, રાંધવું, વાસણ માંજવાં, કાંતવું, સીવવું, મોરી પાયખાનું સાફ રાખવાં—વગેરે કેટલાં બધાં કામો કરવાનાં હોય છે? તે ન કરીએ તો આપણું ઘર ઘડીભર ના ચાલે. એ કર્યા વગર જીવન નભી ન શકે.

આ બધાં કામ કોણ કરે છે? મોટે ભાગે દરેક ઘરનાં માણસો જ તે કરે છે. થોડાક પૈસાદાર લોકો તેને માટે નોકરો રાખે છે.

વળી ઘરમાં ઘણું કરીને સ્ત્રીઓ આ બધાં કામ કરે છે; પુરુષો ભાગ્યે તેમાં હોય છે.

આ બધાં કામ જાત-મહેનતનાં છે. લોકોમાં તે હલકાં કામ મનાય છે. તેથી તે જાતે ન કરવાં પડે તો સારું, એમ લોકોને લાગે છે. તે કરવા માટે નોકરો હોય તો તેમને નીચા માની તેમની જોડે તે પ્રમાણે વર્તવામાં આવે છે.

આપણા સમાજમાં આ એક બહુ ખોટો વિચાર પેસી ગયો છે. તેથી કરીને લોકો જાત-મહેનતને હલકી ગણી કાઢે છે. આ એક ભારે ભૂલ છે. કોઈ પણ જરૂરનું કામ કરવામાં શરમ શી? તેને શું કામ હલકું ગણવું જોઈએ? આપણું કામ બધાં મળીને ન કરી લઈએ તો કોણ કરે?

અને એ કામ સ્ત્રીઓ કરે અને પુરુષો ન કરે, એવું શું કામ મનાય? છોકરાઓ બેઠા રહે કે રમેકૂદે ને ભણે; અને છોકરીઓ જ ઘરકામ તો કરે, એવું શું કામ?

આ ખોટો ખ્યાલ સુધારવાને માટે ગાંધીજીએ જીવનભર મહેનત કરી હતી. તે કોઈને ઊંચો કે નીચો ગણતા નહિ. તેમને મન કોઈ કામ હલકું નહોતું. અને આ વસ્તુ તેમણે પોતાના જીવનમાં પાળીને બતાવી છે.

તેમના પિતા શ્રી કબા ગાંધી રાજકોટના દીવાન હતા. ઘરમાં નોકરચાકર હમેશ રહેતા. ગાંધીજી બહુ નાના હતા ત્યારે તેમના ઘરમાં રંભા નામે એક કામવાળી હતી. એ બાઈ ઉપર ગાંધીજી સગી માની જેમ વહાલ રાખતા અને માન આપતા.

મોટપણમાં તે બારિસ્ટર થઈ મુંબઈમાં વકીલાત કરતા



બારિસ્ટર ગાંધી

હતા. તે વખતે તેમણે રસોઈ માટે મહારાજ રાખ્યો હતો. વિલાયત જઈ આવેલા એટલે તે અંગ્રેજી ઠાઠમાં રહેતા. છતાં મહારાજને તે નોકર તરીકે ન ગણતા. તેને રાંધવામાં મદદ કરતા: અરધું મહારાજ રાંધે, અરધું પોતે રાંધે; અને મહારાજને ચોખ્ખાઈ શીખવતા જાય. ઘરના એક માણસ તરીકે તે એને ગણતા.

મુંબઈથી તે દક્ષિણ આફ્રિકામાં બારિસ્ટરી કરવા ગયા હતા. ત્યાં તેમની કમાણી મોટી હતી અને ઘરખટલો ભારે હતો. છતાં પાયખાનું સાફ કરવું, કપડાં ધોવાં, એવાં બધાં કામો ગાંધીજી અને કસ્તૂરબા હાથે કરતાં. ઘરમાં નોકરો અને મહેતાઓ રાખતા હતા. પણ તે સૌને ઘરનાં માણસો તરીકે તેઓ પોતાની સાથે રાખતાં. અને તેમનું કામ પણ કેટલુંક પોતે કરતાં.

દક્ષિણ આફ્રિકાથી હિંદમાં આવ્યા અને સત્યાગ્રહાશ્રમ સ્થાપ્યો. આશ્રમમાં બધાં કામો હાથે કરવાં, નોકર ન રાખવા, એવો નિયમ જ કર્યો હતો. આશ્રમમાં સ્ત્રી પુરુષો સૌ મળીને ઘરકામ કરતાં. જેને સેવા અર્થે જીવવું છે તેને વળી નોકર શું ને શેઠ શું?

પાયખાનું સાફ કરવું એને તો સમાજમાં હલકામાં હલકું કામ ગણી કાઢવામાં આવે છે. તે કામ કરનારને અસ્પૃશ્ય ગણી તરછોડાય છે. એટલે આ કામને ગાંધીજીએ ખૂબ મહત્ત્વ આપ્યું છે. એટલે સુધી કે પોતે ધંધે ભંગી છે એમ તે પોતાને માટે કહેતા.

ગાંધીજી પોતાના જીવનના છેલ્લા દિવસ સુધી રોજ અમુક

તાર કાંતતા. તે શું કામ? કેમ કે તે આવાં નાનાંમોટાં જાતમહેનતનાં કામો કરવાં તેને યજ્ઞ માનતા હતા. તે ન કરીએ તો આપણું ઘર ન ચાલી શકે.

નાનાંમોટાં, છોકરાછોકરી, સૌએ ઘરકામમાં બને તે કામ કરવું જોઈએ.

લાગવગ!

આજકાલ બધે એક જ વાત ઘણી વાર સંભળાતી હોય છે: 'ભાઈ, એ વાતમાં કંઈ માલ નથી. એ તો લાગવગ હોય તો હમણાં તમને જે જોઈએ તે મળી રહે. આજકાલ જનતાનું રાજ નથી, લાગવગનું રાજ છે. કોઈ સરકારી અધિકારી ઓળખીતો હોય એટલે કોઈ જાતની તંગી વેઠવી જ ન પડે. નોકરી જોઈએ તો લાયકાત હોય કે ન હોય તોયે મળી રહે; સિમેંટ જોઈએ કે પતરાં જોઈએ, અનાજ જોઈએ કે વૅગન જોઈએ; બધું જ મળી રહે.'

આ વસ્તુ ખરેખર આપણને શરમાવે એવી છે! પ્રજાનો વિશ્વાસ આમ મોળો પડે એ દેશના હિતને હાનિરૂપ છે. આવી વાત જ્યારે જ્યારે સાંભળવી પડે છે ત્યારે દુઃખ થયા વિના રહેતું નથી. તે વખતે નિઃસ્વાર્થી મહાપુરુષોના જીવનપ્રસંગો યાદ આવે છે:

અમેરિકા દેશ આઝાદ બન્યો ત્યારે તેના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટન થયા. તે ખૂબ જ પ્રખ્યાત થયા હતા.

એક વાર તેમને સારા પગારથી એક માણસને રોકવાની

જરૂર પડી. તે જગ્યા બહુ મોટા દરજ્જાની હતી અને પગાર પણ વધારે હતો એટલે ઘણા માણસો-એ ઉમેદવાર તરીકે અરજી કરી. તે અરજીમાં વૉશિંગ્ટનના એક ખાસ મિત્રની પણ અરજી હતી.

ઘણાને એવી ખાતરી હતી કે તે જગ્યા પેલા મિત્રને મળશે. તે મિત્ર પણ એ બાબતમાં નિશ્ચિંત હતો.

પરંતુ જ્યૉર્જ વૉશિંગ્ટનને પોતાના દેશ માટે સાચી લાગણી હતી. તે તો આવા કામમાં પ્રામાણિકપણે જ વિચાર કરે ને? મિત્ર હોય કે સગો હોય, કે કોઈ અજાણ્યો માણસ હોય, એ બધા જ તેમને મન સરખા હતા; અને તેમાંથી લાયકને જ ચૂંટવાનો તેમણે નિશ્ચય કર્યો હતો.

થોડા વખતમાં પરિણામ જાહેર થયું. પેલા મિત્રને તે જગ્યા ન મળી. પરંતુ આશ્ચર્યની વાત તો એ હતી કે વૉશિંગ્ટને પોતાના પક્ષથી વિરુદ્ધ પક્ષના એક માણસને ચૂંટ્યો હતો.

તેથી એમના સાથીઓ વૉશિંગ્ટનને પૂછવા લાગ્યા : 'આપે આપના ખાસ મિત્રને એ જગ્યા આપવાને બદલે વિરુદ્ધ પક્ષના માણસને શા માટે એ જગ્યા માટે લાયક ગણ્યો?'

વૉશિંગ્ટને કહ્યું : 'મારો મિત્ર સારા મિત્ર તરીકે યોગ્ય છે. પરંતુ એ જગ્યા માટે તેમની પાસે પૂરતી તૈયારી નથી એમ હું માનું છું. પેલો માણસ ભલે વિરુદ્ધ પક્ષનો છે, પરંતુ તે એ જગ્યા માટે પૂરતો લાયક છે.'

મુકુલભાઈ

લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે.

મોટા માણસોનાં મન

(૬)

શ્રી. કર્વે સ્ત્રીઓના હિતની પ્રવૃત્તિઓ માટે દેશમાં જાણીતા છે. તેમણે પૂનામાં મહિલા વિદ્યાપીઠ પણ સ્થાપી છે.

એક વખતે એક માણસે તેમની પાસેથી થોડા રૂપિયા ઉછીના લીધા. પરંતુ તે માણસની સ્થિતિ સારી ન હોવાથી રૂપિયા આપવાની મુદત પૂરી થઈ, તોયે ઘણા વખત સુધી તે પૈસા પાછા આપી શક્યો નહીં.

એક વાર તે અચાનક માંદો પડયો અને ખૂબ જ ભીડમાં આવી પડયો. ખર્ચ વધતો જ જતો હતો. તેથી તેની મૂંઝવણ પણ વધતી જતી હતી.

એક દિવસ શ્રી. કર્વે તેને ત્યાં આવી ચડયા. પેલો માણસ તો અંકળાઈ ગયો. તેને થયું કે શ્રી. કર્વે તેની પાસે પૈસાની ઉઘરાણી કરવા આવ્યા છે! તે બિચારો અકળાઈને કહેવા લાગ્યો: 'આપના રૂપિયા....'

શ્રી. કર્વેએ તેને તરત જ અટકાવીને પ્રેમાળ અવાજે કહ્યું: 'ભાઈ, હું કંઈ રૂપિયા લેવા આવ્યો નથી. પરંતુ તમારી માંદગીના સમાચાર સાંભળી તમને આવા મુશ્કેલીના વખતે મદદરૂપ થાય, એટલા માટે રૂપિયા આપવા આવ્યો છું. તમે મૂંઝાશો નહીં, અને પૈસાની વધારે જરૂર પડે તો સંકોચ વિના મને જણાવજો.'

પછી શ્રી. કર્વે તેને રૂપિયા આપીને તેની રજા લઈ પોતાને ઘેર ગયા.

મુકુલભાઈ

આંતરરાષ્ટ્રીય વ્યવહાર

['ભારતની સરકારોને આદેશ'નો છેલ્લો હપતો]

ભારતના રાજ્યબંધારણમાં ૪મું પ્રકરણ ભારતની બધી સરકારોને તેમની રાજનીતિ વિષે આદેશોનું છે. તેમાં ૩૬ થી ૫૧ સુધીની કલમો આવે છે. અત્યાર સુધી આપણે ૫૦ કલમ સુધી જોઈ ગયા. છેલ્લી ૫૧મી કલમ રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચે વહેવાર રાખવામાં આપણી ભારત-સરકાર કઈ નીતિ રાખીને વર્તે, એ બાબતમાં આજ્ઞા આપી છે.

તે આજ્ઞા નીચે પ્રમાણે છે—

૫૨. રાજ્ય નીચેની બાબતોને માટે પ્રયત્ન કરશે—

(ક) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને આગળ વધારવી;

(ખ) રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને સ્વમાનભર્યો સંબંધ રાખવા;

(ગ) સંગઠિત પ્રજાઓના આપસના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદાને માટે અને કરાયેલા કોલકરારોની જવાબદારીને સારુ આદરમાન પેદા કરવું;

(ઘ) લવાદીથી આંતરરાષ્ટ્રીય ઝઘડાઓની પતાવટને ઉત્તેજન આપવું.

આપણો દેશ સ્વતંત્ર નહોતો ત્યારે બીજા દેશો જોડે વ્યવહાર બાંધવા તોડવાનું બધું કામ પરદેશી સરકાર કરતી હતી. સ્વતંત્ર થવાની સાથે એ કામ હવે આપણે માથે આવી ગયું. આ બહુ મોટી જવાબદારીનું કામ છે. આપણા દેશને અડીને આવેલા દેશો આપણા પાડોશીઓ ગણાય. તેઓની જોડે સારો મીઠો સંબંધ હોય, તો આપણા દેશની સલામતી રાખવી સુગમ પડે; બે વચ્ચે લડાઈ ઝઘડો પડે નહીં; બલ્કે વેપારરોજગાર, લેવડદેવડ, બન્ને દેશના લોકોની છૂટથી અવરજવર, વગેરે નિરાંતે ચાલી શકે. પરિણામે બેઉ દેશ અરસપરસ સુખી થાય, સમૃદ્ધ બને, અને લોકો શાંતિથી જીવન ગુજારી શકે. જેમ પડોશીઓ જો માંહેમાંહે ન લડે, પડોશી સારા હોય, તો આપણને સુખચેન રહે છે, તેમ જ રાષ્ટ્રો રાષ્ટ્રો માટે પણ સાચું છે. પરંતુ, દુનિયામાં જો ઇતિહાસ

જોઈએ તો દેશો આવો પડોશધર્મનો ભાવ રાખીને વર્તતા નથી દેખાતા. રાજ્ય મોટું કરવાના લોભે, કાંઈ ને કાંઈ વાત વિચાર કે વસ્તુને લઈ ને ઝઘડો પડવાને લઈને, પડોશી-રાજ્યો ઘણી વાર લડાલડ કરતાં રહેતાં જોવા મળે છે. આ સ્થિતિ કોઈને માટે સારી નથી. તેમાં કોઈનું ભલું પણ, ખરું જોતાં, નથી. છતાં યુદ્ધો થાય છે અને એવાં મોટાં કે તે જોઈને માનવજાતને તમરી આવી જાય. આથી જગતના શાણા પુરુષોએ હંમેશાં રાષ્ટ્રો રાષ્ટ્રોનો વ્યવહાર શાંતિના પાયા પર રચવાની શીખ આપી છે અને તેને માટે પ્રયત્ન કર્યા છે.

ગાંધીજીને પ્રતાપે આપણા દેશમાં આ નીતિ વિષે આપણને સારી કેળવણી મળી છે. કોઈ બીજા દેશ પર એઠી નજર કે બદદાનત ન કરવી, પણ એની સાથે ન્યાયસર સલૂકાઈનો વર્તાવ રાખવો, એ એમણે આપણને શીખવ્યું છે. આમ કરવાથી લડવાનો પ્રસંગ નહીં આવે. છતાં કોઈ વાતનો ઝઘડો પડે તો પંચ મારફત તેનો ઉકલ લાવવો, પણ લડવા સુધી ન જવું. છતાં ન કરે નારાયણ ને ન્યાયથી જોતાં લડવું જ પડે, તોપણ અહિંસક યુદ્ધની રીતે લડવાની કેળવણી આપણે લેવી જોઈએ, એ એમની શિખામણ હતી. મતલબ કે, આપણા દેશને શાંતિનો પાઠ ગાંધીજીએ આપ્યો છે. સદ્ભાગ્યે દુનિયાના દેશો પણ વિજ્ઞાન દ્વારા લડવાનાં યુદ્ધોનો અનુભવ લઈ લઈ ને, આ પાઠ શીખ્યા છે અને તેઓ પણ શાંતિ સાચવવી, એ વસ્તુને આંતરરાષ્ટ્રીય રાજ્યનીતિનું મુખ્ય સૂત્ર માને છે. હિંદના બંધારણમાં જ આ વસ્તુ મૂકવામાં આવી છે, એટલે કોઈ પણ સરકાર એ નીતિને ઉવેખીને નહીં ચાલી શકે. યુદ્ધખોર સરકાર બંધારણથી ગેરકાનૂની બની રહે છે, એમ મનાય.

ભારત સરકારને આપેલા આદેશો પરથી, હિંદ-સ્વરાજ આપણે કેવું ઇચ્છીએ એનો નકશો મળી રહે છે. ગાંધીજીએ બતાવેલાં રચનાકામો તથા શાંતિપાઠ એમાં આવી જાય છે. તે મુજબ ભારતની સરકારોએ ચાલવાનું છે, એ બંધારણનો તેમને આદેશ છે. પ્રજા તેની સરકારોને આ આદેશના ગજે માપી શકે; સરકારો આ ગજે પોતાની સફળતાની આંકણી કરી શકે.

આ ધોરણે પ્રજામત કેળવવો જોઈએ અને લોકો તથા તેની સરકારે ચાલવું જોઈએ. તો રામરાજ્યની કે સુરાજ્યની કલ્પના આપણા સ્વરાજમાં ઉતારી શકાશે.

૨૫-૭-'૫૧ મગનભાઈ દેસાઈ

સત્યનારાયણની પૂજા

એક ભાઈને ત્યાં સત્યનારાયણની કથા હતી એટલે તેમણે એક પાડોશી મિત્રને કથામાં આવવાનું આમંત્રણ આપ્યુ ત્યારે પેલા મિત્રે પૂછ્યું, 'કેમ શા ખાતે આજ કથા રાખી છે? કંઈ ધંધામાં લાભ થયો કે શું?'

જ૦ — હા! હમણાં ભગવાનની મહેરબાની છે તો થયુ કે ચાલો કથા કરાવીએ ને પાપ ધોઈ નાખીએ.

સ૦ — પણ એમ એક તરફથી પાપ કરીને પૈસા કમાઓ ને બીજી તરફથી કથા કરાવો તેથી પેલું પાપ શી રીતે ધોવાય?

જ૦ — દુનિયામાં એમ જ ચાલે છે ને? ધરમદાન થાય તે કરીએ બાકી વેપારમાં બીજું ન થાય.

સ૦ — કેમ વેપારમાં નીતિથી કામ ન થાય?

જ૦ — નીતિથી કામ કરવા જઈએ તો વેપાર બંધ કરવો પડે. ઘરાક પણ સસ્તું જ માગે છે તેને ખરો માલ આપીએ તો નુકસાન થાય અને ખોટો માલ ન આપીને જવા દઈએ તો ધંધો ન ચાલે.

સ૦ — એટલે ધંધો ચલાવવા ગમે તેમ હલકો માલ આપીને ઘરાકને છેતરો છો ને તેમાંથી પૈસા કમાઈને આ ભગવાનની કથા કરાવો છો એટલે ધરમ થશે અને પેલા કર્મનું ફળ ભોગવવું નહીં પડે એમ તમે માનો છો?

જ૦ — હા! એટલા માટે તો કથા કરાવીએ છીએ. કથામાં પણ આવે છે કે ભૂલ કરી હોય તો ભગવાન પ્રસન્ન થઈને ભૂલની માફી આપે છે.

સ૦ — માફી કદાચ મળે પણ એ તો તમે ભૂલ સ્વીકારો અને પછી ખોટો વેપાર કરીને બીજાને છેતરવાનું બંધ કરો તો ને?

જ૦ — એ વાત સાચી. પણ એવી રીતે વેપાર કરવા જેટલી ધીરજ નથી. બાકી કેટલાય વેપારી એવા છે જેમણે ધીરજપૂર્વક સહન કરીને પોતાનો

ધંધો જમાવ્યો છે અને છેતરપિંડી નથી કરતા.

સ૦ — તો તમારે પણ એમ જ કરવું જોઈએ. નહીં તો આ સત્ય-નારાયણનું નામ છોડવું જોઈએ અને કોઈ જૂઠાનારાયણની પૂજા કરવી જોઈએ.

જ૦ — તમારું કહેવું સાચું પણ એટલી ધીરજ અને હિંમત નથી એનું શું? અને આજની કેળવણીનું ચણતર જ જૂઠ ઉપર થાય છે પછી મોટપણે સાચું કરવાની ભાવના શી રીતે આવે?

સ૦ — કેળવણીનું ચણતર જૂઠું કેવી રીતે?

જ૦ — એ વળી કંઈ કહેવાની જરૂર છે? આજે શાળા-મહાશાળામાં શું ચાલે છે? શિક્ષકો કેટલા પ્રામાણિકપણે કામ કરે છે? કેટલા ખોટી હાજરી પૂરે છે? પરીક્ષાઓમાં કેટલી ગોલમાલ થાય છે? અને કૉલેજોમાં કેટલી હાજરી ખરી પુરાય છે? આ બધું જૂઠ જ છે ને?

સ૦ — એ બધું ખોટું છે એવું તમે માનો છો? તો એનો ઉપાય એ કે તમારે પોતાના વહેવારમાં એવું જૂઠ ન કરવું. અને એમ કરતાં સહન કરવું પડે તો કરવું. સત્યની ખાતર સહન કરવાની તૈયારી ન હોય તો સત્યનું નામ લેવાથી કે કોઈ દેવની પૂજા કરવાથી કંઈ ન વળે.

જ૦ — એ બધું સમજાય છે. પણ દુકાને ચડીએ છીએ અને બીજાને ગમે તેમ ધંધો કરીને માલદાર થતા જોઈએ છીએ ત્યારે મન ડગી જાય છે. પણ આજ મને થાય છે કે, કથા કરાવ્યા પછી જૂઠો વેપાર ન કરવાનું વ્રત લઉં અને ભગવાનને પ્રાર્થના કરું કે ઘેર અને બહાર બધા વહેવારમાં સાચા સત્યદેવને અનુસરવાની બુદ્ધિ અને શક્તિ આપે.

સ૦ — તો તો તમે કથા કરી સાર્થક થશે. જો જો બરાબર હૃદયપૂર્વક બોલો છો ને?

જ૦ — એની કસોટી તો વર્તનથી થશે.

સ૦ — ત્યારે તમે કથાનું રહસ્ય સમજો છો ખરા! તેમાંથી જેટલે અંશે સત્ય આચરણની પ્રેરણા મળે તેટલે અંશે જ તે ઉપયોગી છે ને!

જ૦ — હા! ખરી કથા કે પૂજા તો સદ્વર્તન જ છે. પણ ઘણુ તો દેખા-દેખી કરવું પડે છે. છતાં આજની કથા પછી કંઈક સુધરવાનું વ્રત લઈશું.

વિઠ્ઠલદાસ કોઠારી

સૂરજમુખીનાં તેલ-ખોળ

સૂરજમુખીનાં બિયાંમાંથી રસોઈમાં વાપરવાનું તેલ તેમ જ પ્રોટીન-તત્ત્વોથી ભરપૂર ખોરાક બની શકે છે એવી શોધ થયા પછી, અમેરિકન ખેડૂતો સૂરજમુખીને નિયમિત પાક તરીકે ઉગાડે તે જાતનું ઉત્તેજન અપાઈ રહ્યું છે, એમ ઉત્તર ડાકોડા રાજ્યની ખેતીવાડી-કૉલેજના વૈજ્ઞાનિકોનો અહેવાલ જણાવે છે. યુરોપીય રાષ્ટ્રો એક વેપારી દૃષ્ટિએ છેલ્લાં સો વરસથી સૂરજમુખીનાં બી પેદા કરી રહ્યાં છે, છતાં દુનિયાના બીજા વિસ્તારોમાં એની વાવણી મોટા પ્રમાણમાં થતી નથી.

સૂરજમુખી એ એક મજબૂત છોડ છે. નબળાં વરસમાં પણ તે ટકી શકે છે. અમેરિકાના કેટલાક ભાગમાં બીજું નકામું ઘાસ ઊગતું અટકાવવા માટે ખેડૂતો એનું વાવેતર કરે છે. ૧૯૪૭ પહેલાં, અમેરિકામાં ઉગાડવામાં આવતો સૂરજમુખીનાં બીનો મોટો ભાગ મરઘાં-બતકાંને ખવડાવી દેવામાં આવતો. પણ નવાં બજારોનો વિકાસ થતાં અમેરિકન ખેડૂતો સૂરજમુખીને એક નિયમિત પાક તરીકે ઉગાડવાની શક્યતા પર વિચાર કરી રહ્યા છે.

સૂરજમુખીનાં બીમાંથી તેલ કાઢતાં પહેલાં એ બીની આસપાસનાં કઠણ ફોચલાં કાઢી નાખવાં પડે છે. સૂરજમુખીના તેલનો રંગ આછો પીળો હોય છે. તેની સુગંધ મીઠી હોય છે અને કોઈ ખાસ ઉગ્ર તા સ્વાદમાં નથી હોતી. ઉત્તમ પ્રકારનું કચુંબર બનાવવામાં અથવા રસોઈ કરવામાં તેને વાપરી શકાય છે કારણ કે બીજા મસાલાઓ સાથે ભેળવાયા પછી પણ તે પોતાની સુવાસ જાળવી રાખી શકે છે. મકાન રંગવાના રંગ તથા વાર્નિશ બનાવવામાં પણ તેનો ઉપયોગ થઈ શકે છે.

બિયાંમાંથી તેલ કાઢી લીધા પછી જે ખોળ રહે છે તેમાં પુષ્કળ પ્રોટીન-તત્ત્વો હોય છે, તેથી એ પશુઓના ખોરાકમાં પ્રોટીનની પુરવણી કરે છે. અને તેને લોટને બદલે પણ વાપરી શકાય છે. આ બિયાંના ખોળમાં ૫૨.૫ ટકા પ્રોટીન હોય છે — જે બીજા કોઈ પણ શાકભાજીના કરતાં વધારે છે.

તેલ કાઢતાં પહેલાં બિયાં પરથી કાઢી નાખવામાં આવેલા કઠણ કોચલાનો ફૂરફૂરલ નામના એક દ્રાવણમાં ઉપયોગ થાય છે. આ દ્રાવણ પેટ્રોલિયમ અને કૃત્રિમ રબર બનાવવામાં વપરાય છે. બિયાંના વજનનું ૩૬ થી ૪૬ ટકા વજન તો આ કોચલાનું જ હોય છે.

('અમેરિકન જીવન'માંથી)

સર્વોદયનો રસ્તો

અમારા ગામમાં (ભલાડામાં) પશ્ચિમ દિશાએ રબારીવાસ આવેલો છે. આ વાસની વચ્ચે થઈને ઉત્તર-દક્ષિણ બન્ને બાજુ થોરની વાડવાળો એક રસ્તો છે. અને રસ્તાની બન્ને બાજુ ઘેટાં, બકરાં અને ગાયોના વાડા આવેલા છે. વાડાઓને અડીને ઊંચા ઓટલા-વાળાં રબારીઓનાં બન્ને બાજુ ઘરો આવેલાં છે. લગભગ બસો ફૂટનો આ રસ્તો ચોમાસામાં કાદવ કીચડથી ભરાઈ જતો. ચોમાસામાં વરસાદ પડે તેનું પાણી આ રસ્તો ઊંડાણમાં હોવાથી તેમાં ભરાતું. પછી તેમાં માણસો ચાલે, ગાયો, ઘેટાં, બકરાં અને બીજાં ઢોર ચાલે એટલે કાદવ કીચડથી જોવા જેવો બની જતો. ઢીંચણ સુધી કાદવ થતો જેમાંથી ખાલી પગે પણ માણસને પસાર થવું મુશ્કેલ બની જતું. આ કીચડવાળો રસ્તો અર્ધા ગામને અને ઢોરને ત્રાસરૂપ હતો.

ગામના લોકોએ અને પંચાયતે મળીને આ રસ્તો ઠીક કરવાની યોજના વિચારી કાઢી. સામુદાયિક કામ કરવાનો દિવસ ગોઠવાયો. તા. ૭મી જુલાઈ અને શનિવારે ગ્રામ પંચાયતના પ્રમુખ તથા લોકોએ રસ્તો પૂરવાનું કામ શરૂ કર્યું. રસ્તાની બન્ને બાજુએ મોટી નીકો પાણી વહી જવા માટે બનાવી અને રસ્તાની વચ્ચે ત્રણ ચાર ફૂટ પૂરણ કર્યું. આ રીતે અઢી દિવસમાં ૨૦૦ થી ૨૫૦ ફૂટ લાંબો અને આઠ ફૂટ પહોળો રસ્તો તૈયાર થઈ ગયો. અઢી દિવસમાં અઢીસો જેટલા માણસોએ આ રસ્તો પૂરવામાં પોતાનો હિસ્સો આપ્યો.

ગામથી દૂર સીમમાં જવાનો એક રસ્તો હતો. આ રસ્તામાં આઠ ફૂટનો મોટો ખાડો હતો. દર ચોમાસે આ રસ્તો પણ ખૂબ ત્રાસરૂપ બની જતો હતો. વરસાદ પડતાંની સાથે ખાડો

પાણીથી ભરાઈ જતો. તેમાં પડીને ઢોર વગેરે જતાં, આથી કાદવ કીચડ થતો. પાણી નીકળવાનો કોઈ આરો જ નહોતો. આ ભયંકર ખાડાને ઓળંગવો મુશ્કેલ બની જતો. ઢોર તેમાં પડતાં તો ખૂંપી જ જતાં. અને નીકળતાં નીકળતાં સાત પાંચ થઈ જતી. દર ચોમાસે તે ખાડામાં બે ત્રણ ઢોર મરતાં. આથી તે સીમના લોકોએ મળી તે રસ્તો સુધારવા વિચાર્યું. પંચાયતે પણ તેમાં મદદ કરી. માણસો, સ્ત્રીઓ, બાળકો કામે લાગી ગયાં. ગાડાંમાં માટી ભરી ભરી પેલા જીવલેણ ખાડાને પૂરવા માંડયો. સાઠ માણસોએ તે ઘાતક ખાડાને બે દિવસમાં પૂરી બસો ફૂટનો રસ્તો તૈયાર કર્યો. આ ખાડો પુરાઈ જવાથી અને રસ્તો બંધાઈ જવાથી ઢોર અને માણસોને ભારે સુખ થયું.

ભલાડાના લોકો જો સરકાર ઉપર આધાર રાખી હાથપગ હલાવ્યા સિવાય બેસી રહ્યા હોત તો તે રસ્તા બનવાના નહોતા. અને દર ચોમાસે તેમના માટે તે કાદવ ખૂંદવાનું દુઃખ અને ત્રાસ ઊભો જ રહેત પણ લોકોને સમજાયું કે આ તો આપણું કામ છે અને આપણે જ કરવું જોઈએ, ત્યારે વર્ષોથી ત્રાસ દેતા રસ્તા પુરાઈ ને નવા બની ગયા. આ રીતે સામુદાયિક જનશક્તિથી ન ધારેલી નવરચના થઈ.

ગામેગામ જો લોકો આવાં લોકહિતનાં સામુદાયિક કામો ઉપાડે, ગામની પંચાયત અને આગેવાનો લોકોને મદદ કરી લોકોના ઉત્સાહને વધારે તો ગામડાંનાં ઘણાં રચનાત્મક કામો આપમેળે જનશક્તિથી ઊકલે. ગામડાં આજે ઉકરડા જેવાં કચરા, કીચડનાં ધામો છે તે સ્વચ્છ થવા લાગે અને બોલી ઊઠે તેવાં બને.

આવાં સાર્વજનિક લોકહિતનાં કામોમાં દૃષ્ટિવાળા આગેવાનની પણ ખાસ જરૂર હોય છે. તે લોકોને પ્રેરણા આપે અને આવાં કામોની યોજના બનાવી ઉત્સાહ વધારે, તો લોકો તરત જ આવાં કામો ઉપાડી લેશે. ગામડાંના આ પ્રશ્નોના ઉકેલનો આ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. સરકાર આપણી છે અને તેણે બધા સુધારા કરવા જ જોઈએ એ આશા જ ખોટી છે. સરકાર બધે પહોંચી નહીં વળે. ગામનાં લોકહિતનાં કામો

લોકોએ જ ઉપાડવાં પડશે. ગામડાંની સુધારણાનો,–સર્વોદયનો આ જ એક સાચો માર્ગ છે. ગામેગામ લોકો આવાં કામો કરતા થઈ જાય તો આપસ આપસમાં પ્રેમ, બંધુત્વ વધે, અને સાર્વજનિક કામોમાં સ્વાવલંબન આવે. ગામેગામ જ્યારે લોકો આવાં કામો કરતા થઈ જશે ત્યારે સાચો સર્વોદય –સાચું સ્વરાજ આવશે. આ જ સાચો સર્વોદયનો — સ્વરાજનો રસ્તો છે.

ભલાડા, રણછોડભાઈ ખા૰ પટેલ
૨૦–૭–'૫૧

લોકશિક્ષકો જોઈએ

અમારા હરિજન આશ્રમ, સાબરમતી, કન્યા છાત્રાલયની એક ભંગી બહેનનું લગ્ન હતું. એટલે મારે કન્યાને માંડવે (પંચમહાલમાં) જવાનું થયું. મેં ત્યાં ઘણા ભંગી યુવાન ભાઈઓને કોઈ પણ જાતના ધંધા રોજગાર વિના બેકાર જોયા. પટિયાં પાડી, હાથમાં બીડી લઈને તેમને ટોળાબંધ ફરતા જોયા. એમાંના કેટલાક ભાઈઓની પત્નીઓ સાથે મારે વાતો થઈ. પતિ ધંધોરોજગાર કરે નહીં. ઘરમાં વૃદ્ધજન કામ કરે. જુવાનજોધ દીકરો છેલછબીલો થઈને ફરે એ દુઃખ તે બહેનોને સ્પષ્ટ થતું હતું. એવી એ બહેનોમાંથી એકાદ બહેન તો પોતાનો આ સંસાર છોડીને મારી સાથે ચાલી નીકળવાની વાતો કરવા લાગી એમને આશ્વાસન આપી નજીકના મુરબ્બીજન જેવા કે પૂ. મામા સાહેબની દોરવણી નીચે જવાની સલાહ આપી.

ત્યાર પછી તો, પેલા ભંગી ભાઈઓ સાથે પણ વાતો થઈ. એમણે ખૂબ પ્રેમથી પોતાનાં દિલ ખોલ્યાં. છેવટે એટલે સુધી કે જ્યારે મેં વિદાય લીધી ત્યારે તેઓ એમ પણ બોલવા લાગ્યા કે: "બહેન તમે અહીં રોકાઈ જાઓ. કહેશો તો તમને રોટલા આપીશું. રહેવા માટે ઘર આપીશું. પણ તમે અહીં જ રહી પડો, અમારાં જીવન સુધારો. . . ."

ખરેખર ગામડાંના અંતરભાગે સાચા સહૃદયી અને ભાવનાશાળી કાર્યકર્તાઓની જરૂર છે એ આ હકીકતથી પુરવાર થાય છે.

૨૬–૫–'૫૧ વિમળા પટેલ

પૂરું થતું પખવાડિયું

સંદેશવહેવાર ખાતના પ્રધાન શ્રી રફી અહમદ કિડવાઈ તથા પુનર્વસવાટ ખાતાના પ્રધાન શ્રી જૈને કૉંગ્રેસમાંથી રાજીનામું આપ્યું છે. આમ કૉંગ્રેસમાંથી રાજીનામું આપવાને કારણે તેમણે ભારત સરકારમાંથી પ્રધાન તરીકેના પોતાના હોદ્દાનું પણ રાજીનામું આપ્યું હતું. પણ આજની દેશની કટોકટીના સમયમાં વડા પ્રધાન પંડિત નેહરુએ તેમને પ્રધાનમંડળમાં ચાલુ રહેવાની કરેલી વિનંતિને માન આપીને પ્રધાનપદે ચાલુ રહેવાનો તેમણે નિર્ણય કર્યો છે.

ગયા જુલાઈ માસના પહેલા અઠવાડિયામાં સૌરાષ્ટ્ર ધારાસભાએ પસાર કરેલા ઘરખેડ ધારા પર રાષ્ટ્રપતિએ સહી કરી છે. અને આમ તેને કાયદાનું સ્વરૂપ મળ્યું છે.

મ૦

વિષયસૂચિ

મુદ્રક અને પ્રકાશક : જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯